૯. ભકિતવર્ધિની ગ્રંથ પર ટીકા

ષોડશ ગ્રંથ પૈકી ભકિતવર્ધિની ગ્રંથનો ક્રમાંક : અગિયારમો આવે છે. તેમાં શ્લોક સંખ્યા અગિયારની છે અને તેમાં ભકિતની કેવી રીતે વૃદ્ધિ કરવી અને તેને દઢ બનાવવી એ દર્શાવ્યું છે.

આ ગ્રંથ પર બાર ટીકાઓ ઉપલબ્ધ છે.[૧૮૧] તે સર્વના લેખક છે બાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી, રઘુનાથજી, કલ્યાણરાયજી, વલ્લભજી, હરિરાયજી, ગોપેશ્વરજી, પુરુષોત્તમજી, જયગોપાલ ભટ્ટ, લાલુભટ્ટ, બાલકૃષ્ણજી અને એક લેખક અનામી છે.

આ ગ્રંથના હેતુને એક પ્રાથમિક પ્રશ્ન ઉપસ્થિત કરતાં શ્રીગોકુલનાથજી સમજાવે છે. પુરાણોમાં એ કહેવાયેલું છે કે ભકિત કઇ રીતે ઉત્પન્ન થાય છે અને તેની વૃદ્ધિ થાય છે ત્યારે શ્રીમદ્દ વલ્લભાચાર્ય શા માટે આ વિષયનો અત્રે પુનરોચ્ચાર કર્યો છે ? તો શ્રીગોકુલનાથજી કહે છે કે, પુરાણોમાં જે ભકિત વિશે નિરૂપણ થયું છે તે મર્યાદાભકિત વિશે છે અને તેનાં સાધનો વિશે કહયું છે. શ્રીમદ્દ વલ્લભાચાર્યે ભકિતનો એક નવો જ પ્રકાર પ્રવર્તાવ્યો છે અને આ ગ્રંથમાં આપશ્રીએ તેની વૃદ્ધિ કરવાનો એટલે કે નવા -કારની પુષ્ટિભકિત વિશે અને તેનું વર્ધન કરવાનો માર્ગ બતાવ્યો છે. આપશ્રી બીજભાવ, ત્યાગ, સ્વધર્મત:, વ્યાવૃત્તિ ઈત્યાદિ શબ્દો જે મહત્ત્વના છે અને જે ગ્રંથના હાર્દને સ્પષ્ટ કરે છે તેને સમજાવે છે. આપશ્રી બીજભાવને સ્પષ્ટ કરતાં કહે છે કે, પુષ્ટિમાર્ગની પરંપરા અનુસાર જીવ જયારે સમર્પિત થાય છે ત્યાર પછી ભગવાન તેનો અંગીકાર કરે છે[૧૮૨]. આ પ્રશ્નની ચર્ચા આપશ્રીએ "ગદ્યમંત્ર" પરની ટીકામાં પણ કરી છે[૧૮૩]. જે ઉપરોકત ટીકાથી ભિન્ન પ્રકારની છે. શ્રીગોકુલનાથજી અનુસાર બ્રહ્મસંબંધ દ્વારા ભકિતનું બીજ ઉત્પન્ન થાય છે. ત્યારબાદ આપશ્રી કહે છે કે, શ્રીમદ્દ વલ્લભાચાર્ય અત્રે તે બીજની વૃદ્ધિનો ઉપાય-સાધન કેવી રીતે થાય તે દર્શાવે છે. આ સાધનોપાય છે ત્યાગવૃત્તિને ધારણ કરવી, ભગવાનની લીલાનું શ્રવણ કરવું અને ભગવાનનું સ્તુતિ-ગાન-કીર્તન કરવું. તે પછી આપશ્રી ત્યાગવૃત્તિ વગેરેની વ્યાખ્યા આપે છે.

અન્ય ટીકાકારો શ્રીગોકુલનાથજીએ કરેલા અર્થઘટનથી કેટલાક શબ્દોની બાબતમાં ભિન્ન મત ધરાવે છે. શ્રીગોકુલનાથજી શ્લોક ૨ માંના શબ્દ[૧૮૪] "સ્વધર્મ" નો અર્થ સમજાવતાં કહે છે કે, તેનો અર્થ "સ્વમાર્ગીય ભગવદ્દ ધર્મ:" થાય અને નહિ કે "વર્ણાશ્રમધર્મ".

આપશ્રી એમ કહે છે કે, વર્ણાશ્રમ ધર્મને ભૌતિક શરીર અને તેના પરિણામ સ્વરૂપ ભૌતિક સુખ-આનંદ સાથે સંબંધ છે. જયારે "સ્વધર્મ" શબ્દ "આત્મપર્યવસાયિધર્મ"ના ખાસ સંદર્ભમાં વિનિયોગ - પ્રયોજાયેલો છે. "સ્વધર્મત:" શબ્દમાં "તસ્" એ પ્રત્યય ક્રિયા વિશેષણરૂપે પ્રયોજાયો છે અને અપરિવર્તનશીલતા દર્શાવે છે અને તેથી "સ્વધર્મત:" એટલે અપરિવર્તનશીલ "ભગવદ્દ્ધર્મા:" એવો તેનો અર્થ થાય છે. ત્યારબાદ આપશ્રી આગ્રહપૂર્વક કહે છે કે, શુદ્ધાદ્વૈત ધર્મ-સિદ્ધાંત અનુસાર "સાધન" અને "સાધ્ય" બન્ને એક જ છે અને શ્લોક ક્રમાંક ૭ ની ટીકામાં આપશ્રી કહે છે કે, તદીય એટલે કે દઢતાપૂર્વક ભક્તિભાવ ધરાવતો ભક્ત દઢ ભકિતને પામે છે, જે ચાર પ્રકારના મોક્ષ કરતાં

સંદર્ભ નોંધ: ૧૮૧ ઉપલબ્ધ ૧૨ ટીકાઓ સહિતની આ ટીકાનું સંપાદન સર્વશ્રી એમ. ટી. તેલીવાળા અને ડી. વી. સાંકળિયાએ વિક્રમ સંવત ૧૯૭૭ માં કર્યું છે.

સંદર્ભ નોંધ: ૧૮૨ સરખાવો-"શુદ્ધપુષ્ટિમાર્ગીયાચાર્યાનુગ્રહપૂર્વકં સ્વમાર્ગપ્રકારકભગવન્નિવેદનાનંતરમ્ ભગવદંગીકાર એવ બીજભાવ: ।" -એજન-પૃ. ૭

સંદર્ભ નોંધ: ૧૮૩ સરખાવો-"અત: પુષ્ટિમાર્ગીયાનુગ્રહેણ સમર્પણસંસ્કારજનિતબીજભૂતસૂક્ષ્મફલરૂપભકિતરેવ બીજશબ્દાર્થ ઈતિ મન્તવ્યમ્ ।" - ગોકુલેશજી વાક્સુધા - પૃ. ૧૦૯

સંદર્ભ નોંધ: ૧૮૪ સરખાવો - "અત્ર સ્વધર્મપદેન વર્ણાશ્રમધર્મા ન વિવક્ષિતા:
કિંતુ સ્વમાર્ગીયભગવદ્દ્ધર્મા વિવક્ષિતા-" કુત: વર્ણાશ્રમધર્માણાં સ્વધર્મત્વાભાવાત્ । - ગોકુલેશવાક્સુધા પૃ-૨૦૧

પણ શ્રેષ્ઠ છે.[૧૮૫].

શ્લોક ૨માં આવતો "પૂજા" શબ્દનો અર્થ અત્રે "પુષ્ટિમાર્ગીય સેવા" એવો થાય છે અને તેનું ઉદાહરણ "વેણુગીત"માંથી આપવામાં આવ્યું છે. શ્રીગોકુલનાથજી દ્વારા આ અંગે કરાયેલુ વિધાન પ્રતીતિજનક જણાતું નથી. આપશ્રી કહે છે કે ભગવાનની પૂજા પ્રેમભાવે કે પ્રેમ વિના થઇ શકે, કારણ કે પુષ્ટિમાર્ગમાં ભગવાનની પૂજા આચાર્યની કૃપા - અનુગ્રહ પ્રાપ્તિ દ્વારા થાય છે[૧૮૬]

આસકિત (ભગવાન પરનો ઉત્કટ પ્રેમ) ની ચર્ચા કરતાં આપશ્રી કહે છે કે, ભગવદાસકત થયેલા ભકતને ગૃહ પ્રત્યે વૈરાગ્ય-ઉદાસીનતા થાય છે, તેનાં બે કારણો હોય છે. તે છે "યાચકત્વ" અને "અનાત્મત્વ" અહીં આપશ્રી એક મુખ્ય મુદ્દો ઉઠાવે છે. શ્રુતિ કહે છે કે, "ન વા અરે પુત્રાણાં કામાર્થ પુત્રાઃ પ્રિયા ભવન્તિ કિન્ત્વાત્મનઃ કામાય પુત્રાઃ પ્રિયા ભવન્તિ" તો પછી અન્ય સંબંધીઓ અનાત્મીય કેમ લાગે છે ? શ્રીગોકુલનાથજી માને છે કે, તેમનાં કિસ્સામાં, આત્મસંબંધિત્વ એટલે કે આત્મીયતાનો અનુભવ થતો નથી - પોતાપણાનો અનુભવ જીવને થતો નથી કારણ કે તેને ભગવાનમાં જ "આત્મત્વ" જોવા મળે છે અને પોતાનામાં પણ નહીં.[૧૮૭]

શ્લોક ૯માં આવતા "વા" શબ્દને આપશ્રી બે પ્રકારે સમજાવે છે. આપશ્રી "સેવા" અને "કથા" બન્ને પર ભારપૂર્વક કહે છે અને એકાંતમાં નિવાસ કરવા અને ગૃહનો ત્યાગ કરવાની બાબતો અંગે સંમત થતા નથી. ૧૧મા શ્લોકનો અર્થ કરતાં આપશ્રી ઉચિત ચિંતન-મનન તથા તેને કાર્યાન્વિત કરવા પરત્વે ખાસ ભાર મૂકે છે એવું આપણને જોવા મળે છે. આપશ્રી યંત્રવત્ રૂઢિગત ઉચ્ચારણોને ઉપયોગી માનતા નથી[૧૮૮].

આ ટીકાના અંતે શ્રીગોકુલનાથજી અત્યંત વિનમ્રભાવે શ્રીમદ આચાર્યચરણની આ ગ્રંથની સમજૂતી લખવા સંબંધમાં પોતે કરેલી ધૃષ્ટતા બદલ ક્ષમા-યાચના કરે છે.

આ ટીકા સાદી-સરલ અને પ્રવાહી ગદ્યશૈલીમાં લખાયેલી છે. ઉત્થાનિકા એટલે કે સર્વ અવતરણિકા ઉચિત-પણે ટાંકવામાં આવી છે અને એક શ્લોકનો અન્ય સાથેનો સંબંધ સુપેરે કહેવાયો છે. તે દર્શાવે છે કે શ્રીગોકુલનાથજી શ્રીમદ્ વલ્લભાચાર્ય દ્વારા પ્રવર્તાવેલા માર્ગ અન્ય પુસ્તક - ગ્રંથોમાં કહેલા માર્ગથી તદ્દન ભિન્ન છે અને આપશ્રી વર્ણાશ્રમ ધર્મને સર્વોપરી ગણતા નથી.

ભકિતવર્ધિની ગ્રંથના કેટલાક શ્લોકોના જુદા જુદા પાઠ વાંચવા મળે છે. બાલકૃષ્ણજી અને ગોપેશ્વરજી શ્લોક ૩માં આવતા "યસેત્" શબ્દને "યતત્" એમ વાંચે છે અને જયગોપાલ અને લાલુભટ્ટ તથા એક અનામી ટીકાના લેખક "ન્યસેત્" વાંચે છે જેનો અર્થ સારો થાય છે, પરંતુ તેનુ કોઇ પ્રમાણ જોવા મળતુ નથી. શ્લોક ૮માં આવતા "અદુરદિપ્રકર્ષો" શબ્દને કેટલાક "અદુરેવિપ્રકર્ષો" તરીકે વાંચે છે અને શ્લોક ૬ માં આવતા "સર્વતોભ્યધિકાં" શબ્દને "સર્વતોપ્યધિકાં" વાંચે છે. વલ્લભજી "વિનાશકં" ના બદલે શ્લોક ૬માં "વિનાશકૃત્" વાંચે છે. આ પાઠ

સંદર્ભ નોંધઃ ૧૮૫ સરખાવો - "સર્વતશ્યતુર્વિધમુકત્યપેક્ષાયાપિ અપિકામ્ ।" ગોકુલેશ વાક્સુધા - પૃ. ૨૧૧.

સંદર્ભ નોંધઃ ૧૮૬ "તદીયશાસ્ત્રે તદંગીકૃતા એવ અધિકરિણઃ ન ત્વન્યે । તેષામાચાર્યાનુગ્રહેણ શુદ્ધપુષ્ટિમાર્ગીયત્વાત્ તત્પ્રદર્શિત સેવાકરણં સસ્નેહં સ્નેહરહિતં વા ભવતુ, પરંતુ પુરુષોત્તમ પર્યવસાયિત્વાદ્ ભકિતમાર્ગીયમેવ ભવતિ । ...ગોકુલેશ વાક્સુધા-પૃ.૨૦૨"

સંદર્ભ નોંધઃ ૧૮૭ સરખાવો- "સ્વસ્ય ભગવદાસક્ત્યા નિરુપધિસ્નેહાસ્પદત્વેન ભગવત્યેવાત્મત્યં સ્ફૂરતિ, ન તુ સ્વાત્મનિ ।" - ગોકુલેશ વાક્સુધા - પૃ. ૨૦૨

સંદર્ભ નોંધઃ ૧૮૮ સરખાવો - "અધ્યયને સભ્યક્ત્વોક્ત્યા ન કેવલં પાઠમાત્રકરણં કિંતુ પ્રતિપદમર્થાભિપ્રાયમવિચારપૂર્વકં ધ્યયનમુકતમ્ । " -ગોકુલેશ વાક્સુધા-પૃ.૨૧૯

મહત્વના નથી, કારણ કે તેઓના કારણે સંબંધિત શ્લોકોના અર્થમાં કોઇ તફાવત પડતો નથી.

બાલકૃષ્ણજી "બીજભાવ" ને "ભકિતકલ્પતરુપ્રવૃદ્ધિકારણ ભાવઃ અનુગ્રહોતરકાલિનભાવ ઈતિ યાવત્" કહે છે અને ત્યારબાદ કહે છે કે "બીજપદં સત્યપુરુષપદમ્".[૧૮૯]

શ્લોક ૪ અને ૫ ને સમજાવતી વખતે તેઓ કહે છે કે, પ્રેમ દ્વારા રાગવિનાશ થાય છે, આસકિત દ્વારા ગૃહારુચિ અને વ્યસન દ્વારા બાધકત્વ અને અનાત્મત્વનો નાશ થાય છેઃ આ તર્કબદ્ધ લાગે છે. "વા" શબ્દ જે શ્લોક ૯માં છે તે તેમના કહેવા અનુસાર સેવાનું દુર્લભત્વ દર્શાવે છે. જે ઘણું દૂરવર્તી જણાય છે. રઘુનાથજી બીજભાવનો અર્થ બાલકૃષ્ણજી જેમ જ કરે છે. તેઓ કહે છે કે, બીજદાઢર્ય પ્રકાર એવો શબ્દ પ્રયોજાયો છે તે પરંપરાગત રીતિને અનુસરતા ગૃહસ્થાશ્રમીનો સંદર્ભ દર્શાવે છે [૧૯૦] જે યોગ્ય જણાતો નથી. કલ્યાણરાયજી કહે છે કે, આ ગ્રંથના ૧૧ શ્લોક જે છે તે એવો નિર્દેશ કરે છે કે ભકિત એકાદશ ઈન્દ્રિયોને શુદ્ધ કરે છે અને પ્રથમ દશ શ્લોક (અગિયાર-ફલશ્રુતિ) નવધા ભકિતને જીવના ચિત્તમાં દૃઢપણે સ્થાપિત કરવા માટે લખાયા છે. તેમની ટીકા રઘુનાથજી લિખિત ટીકાના પ્રભાવ હેઠળની જણાય છે અને તેમાં ખાસ કંઇ મહત્ત્વનું હોવાનું જણાતું નથી હરિરાયજીની લખેલી ટીકા પદ્યમાં છે અને તેમાં જે નવીન છે તે આ છે :- તેઓ કહે છે કે શ્રીમદ્ વલ્લભાચાર્યે ભકિતવર્ધિની ગ્રંથમાં ત્યાગ અને અત્યાગ દ્વારા ભકિતની કેવી રીતે વૃદ્ધિ થઇ શકે તે દર્શાવે છે પણ તે બધું તાણી-ખેંચીને કરેલું જણાય છે. ગોપેશ્વરજીની ટીકા કંઇ નવું કહેતી નથી. તેમાં પ્રચુરમાત્રામાં અવતરણો ટાંકેલાં છે અને તે શ્રીગોકુલનાથજી લિખિત ટીકાથી પ્રભાવિત જણાય છે. પુરુષોત્તમજી શ્રીગોકુલનાથજીનો ઉલ્લેખ "પાશ્ચ" એમ કહી કરે છે, તેમાં પણ અનેક અવતરણો ટાંકયાં છે, અને તે કયાંથી લઈને ટાંકયાં છે તે સ્રોત દર્શાવે છે, પરંતુ શ્રીગોકુલનાથજીએ વ્યકત કરેલા દૃષ્ટિબિંદુ-અભિપ્રાયોનું ખંડન કરતા નથી. તેમના કહેવા પ્રમાણે શ્લોક ૧ દ્વારા મધ્યમ અધિકારી જીવની ભકિતમાં થતી વૃદ્ધિને દર્શાવે છે અને શ્લોક ૨૨ માં હીન અધિકારીનો સંદર્ભ છે. શબ્દના વ્યુત્પત્તિશાસ્ત્રની રીતે તેઓ "ભકિત" શબ્દનો અર્થ સમજાવે છે અને કહે છે કે, ભકિતવર્ધિની ગ્રંથમાં "નારદ પંચરાત્ર" ની ભકિતની વ્યાખ્યાની ચર્ચા -વિચારણા કરવામાં આવી છે વળી, વ્યાવૃતઃ શબ્દનો અર્થ "વર્ણાશ્રમધર્માન્નિવૃત્તઃ" એવો કહે છે જે યોગ્ય જણાતો નથી. વલ્લભજીની ટીકામાં કંઈ જ નવું કહેલું નથી. જય ગોપાલ લિખિત ટીકા સૌથી લાંબી છે અને વિદ્વત્તાપૂર્ણ છે. શ્રીગોકુલનાથજીના મતની ટીકા, તેઓ "કેચિત્" એવો ઉલ્લેખ કરીને કરે છે. "બીજ-ભાવ" અંગેના શ્રીગોકુલનાથજીના કરેલા અર્થના સંદર્ભમાં તેઓ કહે છે કે, "બીજ" એ "રતિ" છે જયારે અન્યો એટલે કે "કેચિત્" "બીજભાવ" ને ભગવદ્ધરણ કહે છે [૧૯૧] તેઓ શ્લોક ૨માંના સ્વધર્મતઃ માં રહેલા "ધર્મ" શબ્દને "વર્ણાશ્રમધર્મ", "લૌકિકવૈદિક ધર્મ" અને "દાસધર્મ" તરીકે કરીને સમજાવે છે અનામી લેખકની ટીકા પણ "ધર્મ" નો અર્થ "દાસધર્મ" કહે છે.

સંદર્ભ નોંધઃ ૧૮૯ જુઓ ભકિત વર્ધિની (તેલીવાળા સંપાદિત) પૃ. ૧

સંદર્ભ નોંધઃ ૧૯૦ સરખાવો -"મર્યાદામાર્ગીણાં ગૃહસ્થાનાં બીદદાઢ્ર્યપ્રકારમાહુઃ ।"એજન-પૃ.૧૫

સંદર્ભ નોંધઃ ૧૯૧ સરખાવો -"કેચિતુ બીજં નામ. . . . પુષ્ટિમાર્ગીયં ભગવદ્ધરણં, અન્યથા તત્ર પ્રવતિરેવ ન સ્યાદિત્યાદિપ્રકારેણ વ્યાચક્ષતે । તચ્ચિન્ત્યમ્ ।" -એજન-પૃ. ૫૨.

લાલુભટ પોતાની ટીકામાં હરિરાયજીને જ બહુધા અનુસરે છે. વલ્લભજીના પુત્ર બાલકૃષ્ણજી, ગિરિધરજી અને દ્વારકેશજી તેમની લખેલી ટીકાઓમાં કેટલાક શબ્દોનું વિવિધ પ્રકારનું અર્થઘટન કરે છે, પરંતુ તેમાં કંઇ મહત્ત્વનું નથી જણાતું. આ સર્વ ટીકાઓ પૈકી શ્રીગોકુલનાથજી, પુરુષોત્તમજી અને જયગોપાલજીની લખેલી ટીકા મહત્ત્વની જણાય છે. અત્રે નોંધવું રહયું કે, જયગોપાલજી તેમની બે ટીકાનો ઉલ્લેખ કરે છે તે પ્રથમ સ્કંધ "સુબોધિની ટિપ્પણી" અને "શુદ્ધપુષ્ટિસેવાસરણિ" જે ભાગ્યેજ જાણીતી છે.[૧૯૨]

૧૦. જલભેદગ્રંથ પર ટીકા

ષોડશ ગ્રંથ પૈકી જલભેદ ગ્રંથનો ક્રમાંક ૧૨મો આવે છે. તેમાં ૨૧ શ્લોકો છે અને તૈત્તિરીય સંહિતાના પ્રકરણ ૭માં જલના ૨૦ પ્રકાર કહયા છે તેની સાથે ૨૦ પ્રકારના ભકતોની તુલના આ જલભેદ ગ્રંથના શ્લોકોમાં કરવામાં આવી છે.

આ ગ્રંથ પર ૪ ટીકાઓ ઉપલબ્ધ છે[૧૯૩] તે કલ્યાણરાયજી, પુરુષોત્તમજી, શ્રીગોકુલનાથજી અને બાલકૃષ્ણજી લિખિત છે. નાથદ્વારાની હસ્તપ્રતના જલ. ટી.ગો.ના લખેલા શબ્દોને આધારે અને શ્રીગોકુલનાથજી દ્વારા લિખિત અન્ય ટીકાની ભાષામાં જણાયેલી સમાનતાના આધારે આ ટીકાના સંપાદકોએ પાંચ ઉપલબ્ધ ટીકા પૈકીની ત્રીજી ટીકાને શ્રીગોકુલનાથજીની લખેલી કહી છે. વધારામાં આપણે પણ કહી શકીએ કે, ગ્રંથના ૧૪ મા શ્લોકમાં આવતો "મધ્યપાતિ" શબ્દ શ્રીગોકુલનાથજી દ્વારા તેમના લખેલ અન્ય ગ્રંથોમાં બહુધા વપરાયેલો જોવા મળે છે, અને વેણુગીતના "અક્ષણવતાં" શબ્દવાળા શ્લોકનો થયેલો ઉલ્લેખ જે રીતે શ્રીગોકુલનાથજી કરતા તે પ્રકારનો છે. આથી આ ટીકા શ્રીગોકુલનાથજી લિખિત છે એમ કહેવામાં કશું જ ખોટું જણાતું નથી.

શ્રીગોકુલનાથજી કહે છે કે, વિવિધ પ્રકારના ભાવ હોવાનું જોવા મળે છે અને પરિણામે ભકતો પણ વિવિધ પ્રકારના હોય છે. આપશ્રીએ પુરાણો અને અન્ય ગ્રંથોમાંથી વિવધ પ્રમાણો ટાંકીને ૨૦ પ્રકારના ભકતોની બાબત સુપેરે સમજાવી છે.

પુરુષોત્તમજીની ટીકા તૈત્તિરીય સંહિતાના સંબંધિત શ્લોકને પૂર્ણતયા ટાંકે છે અને વિવિધ ધર્મગ્રંથોમાંથી ઘણા બધાં પ્રમાણો ટાંકે છે. કલ્યાણરાયજી પણ વિવિધ પ્રકારના ભકતો અંગે પ્રમાણો ટાંકે છે અને ઘણા બધા શબ્દોની વ્યુત્પત્તિને સમજાવે છે. બાલકૃષ્ણજીની ટીકા, પ્રમાણમાં વધારે સાદી અને સંક્ષિપ્ત અન્ય ત્રણ ટીકાની તુલનામાં જણાય છે.

આ ગ્રંથના શ્લોક ૧૩ અને ૧૪ પર એક સ્વતંત્ર પુસ્તિકા હરિરાયજી દ્વારા લખાયેલી છે અને તે મહત્ત્વની છે. તે સર્વથા સાચી રીતે નિર્દેશ કરી કહે છે કે, પુષ્ટિમાર્ગીય ભકતો ધર્મિપરા એટલે કે તેઓ સ્વયં ભગવાનને પૂજે છે જયારે પરંપરાગત મર્યાદામાર્ગી ભકતો ધર્માપરા એટલે કે ભગવાનના ગુણોને પૂજે છે. ત્યારબાદ તે પુસ્તિકા તે ભકતોના છ પ્રકાર પાડે છે. તે પુસ્તિકા કહે છે કે, શેષ અને ગરુડ એ પુષ્ટિમાર્ગીય ભકતો છે અને બીજા સર્વ મર્યાદામાર્ગીય છે. શ્રીગોકુલનાથજી તે બધાને બીજા પ્રકારમાં સમાવે છે. ઉપરોકત શ્લોકોના અર્થઘટનમાં ટીકાકારો અલગ અલગ મંતવ્યો દર્શાવે છે, પરંતુ એ નોંધવું ઘટે કે, શ્રીગોકુલનાથજી અને કલ્યાણરાયજી શબ્દોની વ્યુત્પત્તિને ચુસ્તપણે વળગીને રહયા છે અને કોઇ સૂચન કે નિર્દેશનો આધાર લેતા નથી જણાયા.

સંદર્ભ નોંધ: ૧૯૨ જુઓ - પૃ. ૫૩ અને ૫૪ - એજન

સંદર્ભ નોંધ: ૧૯૩ સર્વશ્રી એમ. ટી. તેલીવાળા અને ડી.વી. સાંકળિયા દ્વારા આનું સંપાદન થયું છે અને પ્રકાશિત વ્રિકમ સંવત ૧૯૭૫માં થયું છે.

૧૧. સંન્યાસનિર્ણય ગ્રંથ પર ટીકા

ષોડશ ગ્રંથ પૈકી સંન્યાસ-નિર્ણય ગ્રંથનો ક્રમાંક ૧૪મો છે. તેમાં ૨૨ શ્લોક છે અને જીવનના ચતુર્થ આશ્રમ એટલે કે સંન્યાસના વિષય વસ્તુને લગતો છે.[૧૯૪]

આ ગ્રંથ પર આઠ ટીકાઓ ઉપલબ્ધ છે. તે ટીકાઓ શ્રીગોકુલનાથજી, રઘુનાથજી, શ્રીગોકુલોત્સવજી, ચાચા ગોપેશજી, ગોપેશ્વરજી, પુરુષોત્તમજી, વલ્લભજી વગેરે દ્વારા (સંપાદકોનાં મંતવ્ય મુજબ) લિખિત છે. આ ટીકાઓમાં ચાચા ગોપેશજી (ઘનશ્યામજીના પુત્ર) શ્રીગોકુલનાથજી અને પુરુષોત્તમજી લિખિત ટીકાઓ મહત્ત્વની છે અન્ય ટીકાઓ તુલનામાં સંક્ષિપ્ત અને ગ્રંથનો અર્થબોધ કહે છે. વલ્લભજીની ટીકા "કૌડિન્ય" શબ્દ[૧૯૫] જે શ્લોક ૮માં આવેલો છે તેનો અર્થ "મહારાણીઓ" એવો કહે છે જયારે અન્ય ટીકાકારો તેને ભવિષ્યોત્તર પુરાણમાં[૧૯૬] જેનો ઉલ્લેખ થયો છે તે ઋષિના નામનો નિર્દેશ કરે છે એમ કહે છે.

ગોપેશજીની ટીકા (એટલે કે સર્વશ્રી તેલીવાળા અને સાંકળિયા દ્વારા પ્રકાશિત) છે તેની શૈલી અત્યંત સરલ અને સ્પષ્ટ છે અને મારા માનવા મુજબ સર્વમાં તે શ્રેષ્ઠ છે. શ્રીગોકુલનાથજી લિખિત ટીકા પરના વિવરણ પ્રકારની પુરુષોત્તમજીની ટીકા સર્વથી લંબાણપૂર્વક લખાયેલી છે અને વિવિધ શાસ્ત્રોમાંથી ઉચિત અવતરણો ટાંકી વિવિધ મુદ્દાઓને પ્રમાણસહ સ્પષ્ટ સમજાવે છે. તેઓ અન્ય ટીકાકારોથી એક મહત્ત્વના મુદ્દા પર અલગ એવું મંતવ્ય ધરાવે છે. તેઓ આ ગ્રંથને અંતઃકરણ પ્રબોધ સાથે સાંકળે છે અને કહે છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્યે બે દૈવી આજ્ઞાનું પાલન કર્યું નહિ અને ત્રીજી આજ્ઞા થતાં શ્રીમદ્ વલ્લભે સંન્યાસ ગ્રહણ કરવા વિચાર કર્યો હતો અને તેથી સંન્યાસ-નિર્ણય ગ્રંથમાં શ્રીમદ્ વલલભાચાર્યે સંન્યાસ માર્ગને વિશે વિચાર કર્યો હતો.[૧૯૭]

શ્રીગોકુલનાથજીની ટીકા બધા જ મુદ્દાઓનો ગ્રંથમાં ઉલ્લેખ છે તેની સ્પષ્ટતા કરે છે. તેમની લેખનશૈલી, સિદ્ધાંત રહસ્ય ગ્રંથની શૈલીની તુલનામાં આ ગ્રંથમાં વિગતપૂર્ણ અને સ્પષ્ટ છે. આપશ્રી કહે છે કે, આ ગ્રંથનો હેતુ ભકિતમાર્ગીય સંન્યાસ મર્યાદામાર્ગીય સંન્યાસથી કેવી રીતે અલગ પ્રકારનો છે તેને સમજાવવાનો છે. આ ટીકામાં આ પ્રકારના ભેદોને દર્શાવવા શ્રીમદ્ ભાગવતમાંથી આપશ્રીએ પ્રમાણો ટાંક્યાં છે. કૌડિન્ય મર્યાદામાર્ગીય ભકત છે. તેનો ઉલ્લેખ ગુરુ તરીકે શા માટે થયો છે તેની આપશ્રી સ્પષ્ટતા કરે છે. શ્લોક ૧૯ પરની ટીકામાં આપ કહે છે કે ખાસ સંદર્ભમાં શ્લોક ૧૯ માં "હરિ" શબ્દનો વિનિયોગ શા માટે થયો છે[૧૯૮] અને શ્લોક ૨૦ ની ટીકામાં આપશ્રી ભકિતમાર્ગ જ્ઞાનમાર્ગ કરતાં કેવીરીતે શ્રેષ્ઠ છે તેની સ્પષ્ટતા કરે છે. આપશ્રી ભારપૂર્વક કહે છે કે, જયાં સુધી માનસિક વિકલત્વ અને અસ્વાસ્થ્યનો અનુભવ થાય નહિ ત્યાં સુધી ભગવાનના સાચા ભકતે સંન્યાસ લેવો જોઇએ નહિ, અન્યથા તે દંભ અને સર્વનાશને માર્ગે લઇ જનાર બને અને એવો એ સંન્યાસ સર્વોત્તમ ફલની પ્રાપ્તિમાં અગ્રેસર નહિ કરે, પરંતુ પરિતાપ અને પશ્ચાત્તાપનો જનક બને છે.[૧૯૯]

શ્રીગોકુલનાથજી આ ગ્રંથનો ઉલ્લેખ આપશ્રી લિખિત સર્વોત્તમસ્તોત્ર[૨૦૦] ની બડી ટીકામાં કરે છે અને

સંદર્ભ નોંધઃ ૧૯૪ આ ગ્રંથ ટીકાનું ૮ ટીકાઓ સહિતનું સર્વશ્રી એમ. ટી. તેલીવાળા અને ડી.વી. સાંકળિયા દ્વારા સંપાદન થયું છે અને વિક્રમ સંવત ૧૯૭૪ માં પ્રકાશિત થયું છે.

સંદર્ભ નોંધઃ ૧૯૫ સરખાવો - "કુંડિને ભવા કૌડિનો આદ્યમહિષિ ।. . .સર્વા એવં મહિષ્યઃ કૌડિન્યઃ। " - એજન - પૃ. ૭૫

સંદર્ભ નોંધઃ ૧૯૬ જુઓ - પૃ. ૧૭ - એજન

સંદર્ભ નોંધઃ ૧૯૭ જુઓ - પૃ. ૭૧ - એજન

સંદર્ભ નોંધઃ ૧૯૮ સરખાવો - "સ્વયમેવ ચેત્સ્વાસ્થ્યં કુર્યાતદા સ્વસ્યૈવ ફલપ્રતિબંધકત્વં ભવેદ્ ઇત્યેદભિપ્રાયજ્ઞાપનાર્થમાપ્યુકતં હરિરત્ર ન શકનોતિ કર્તુ બાધાં કુતો પરે ઇતિ" - એજન -પૃ. ૧૧

સંદર્ભ નોંધઃ ૧૯૯ સરખાવો - "અતઃ કલૌ તાવત્પ્રયત્નસિદ્ધેર સંભાવિતત્વાત્ તદ્ વ્યતિરેકેણ સંન્યાસસ્ય ફલસાધકત્વાભાવાત્ પશ્ચાતોપહેતુત્વમેવ. . .। " - એજન-પૃ. ૧૦

સંદર્ભ નોંધઃ ૨૦૦ સરખાવો - "ઇત્યાદિભિઃ મહાપ્રભુરપિ ત્યાગાત્યાગ - વિચાર પરામર્શાનુમિતઃ પ્રદર્શિતોસ્તિ ।" . . . પોરબંદર હસ્તપ્રત - પૃ. ૨૨૨

સંન્યાસ-નિર્ણય ગ્રંથના શ્લોક ૧૨ની આપશ્રીએ લખેલી ટીકાનો તેમાં પુનરોચ્ચાર પણ કરે છે.[૨૦૧]

કેટલાક શ્લોકોમાં પાઠભેદ શબ્દો પરત્વેનો થયેલો જોવા મળે છે. રઘુનાથજી શ્લોક ૯માં "પ્રકૃતે:" એવો પાઠ કહે છે અને શ્લોક ૧૧ માંનો "તાદશા:" ને બદલે "તાદશ:" નો પાઠ સ્વીકારે છે. પુરુષોત્તમજી શ્લોક ૩ માંના "પ્રવૃત્યર્થમ" ને બદલે "પ્રસિદ્ધ્યર્થમ્" અને શ્લોક ૫ માંના "કામત:" ને બદલે "ફાલત:" એવો પાઠ કહે છે. આ બધા વાંચવા પરત્વેના પાઠભેદ મહત્ત્વના નથી, કારણ કે તેનાથી સંબંધિત શ્લોકોના અર્થમાં કોઇ ફેરફાર થતો જણાતો નથી.

૧૨. નિરોધ લક્ષણ ગ્રંથ પર ટીકા

નિરોધલક્ષણ ગ્રંથ એ ષોડશ ગ્રંથો પૈકીનો એક ગ્રંથ છે અને તે ૧૫ મા ક્રમાંકે આવે છે. તેમાં ૨૦ શ્લોક છે. તેમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય નિરોધ એટલે કે જીવે પોતાના મનને ભગવાનમાં દઢતાપૂર્વક કેવી રીતે સ્થાપિત કરવું એ કહયું છે.

આ ગ્રંથ પર છ ટીકા ઉપલબ્ધ છે.[૨૦૨] તે કાકા ગોપેશજી, વલ્લભજી, હરિરાયજી, શ્રીગોકુલનાથજી, પુરુષોત્તમજી દ્વારા લિખિત છે. ગોપેશજીની ટીકા સંક્ષિપ્ત અને સાદી છે અને તેમાં પ્રત્યેક શ્લોકનો ભાવાર્થ કહેવામાં આવ્યો છે. શ્લોક ૮ અને ૧૦ની તેમની લખેલી ટીકા બીજા લેખકો કરતાં વધુ વિસ્તૃત છે અને "રોધ" નો અર્થ તે "ફલનિવૃત્તિ" અને "નિરોધ" નો અર્થ તેઓ "ભગવત્ પરતા"[૨૦૩] એવો કરે છે. વલ્લભજી લિખિત ટીકામાં કશું નોંધનીય નથી, સિવાય કે તે આરંભમાં નિરોધના સ્વરુપલક્ષણનું નિરૂપણ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં થયું છે અને "કામલક્ષણ" નું નિરૂપણ નિરોધલક્ષણ ગ્રંથમાં થયું છે.[૨૦૪] શ્રીહરિરાયજીની ટીકા સૌથી લાંબી છે અને મારા માનવા મુજબ તે સૌથી ઉત્તમ છે. તે ઉપનિષદો, શ્રીમદ્ ભાગવત અને શ્રીવિઠ્ઠલનાથજીના ગ્રંથોમાંથી વિસ્તૃત પ્રમાણમાં અવતરણો ટાંકે છે અને "નિરોધ" શું છે અને તેનું ફલ શું આવે છે તેની ચર્ચા કરે છે. પુરુષોત્તમજી પ્રારંભમાં નિરોધલક્ષણ ગ્રંથનો સંન્યાસ-નિર્ણય ગ્રંથ, ભકિતવર્ધિની ગ્રંથ અને સેવાફલ ગ્રંથ સાથેના તાર્કિક સંબધને દર્શાવે છે. તેમની ટીકા આ રીતે ચારે ગ્રંથોને સમજવામાં અત્યંત સહાયકર્તા છે. પુરુષોત્તમજીના મતે, પ્રથમ ત્રણ શ્લોકો નિરોધના ત્રણ પ્રકારના અધિકારી એટલે કે, હીન, મધ્યમ અને ઉત્તમના આધારે ત્રણ પ્રકાર છે એવું દર્શાવે છે. શ્લોક-૯માંના "સચ્ચિદાનંદતા"નો અર્થ "અક્ષરબ્રહ્મતા" તેઓ કરે છે જે યોગ્ય જણાતું નથી.[૨૦૫] વ્રજરાયજીની ટીકા આ ગ્રંથને સાદી ભાષામાં સમજાવે છે. કેટલાક સ્થળે તેઓ કેટલાક શબ્દોનું સુંદર અર્થઘટન કરે છે, જેમ કે "ગોકુલ" શબ્દ જે શ્લોક ૧ માં આવે છે તેનો તેમણે "ઇન્દ્રિયકુલ" અર્થ પણ કર્યો છે.[૨૦૬]

શ્રીગોકુલનાથજી લિખિત નિરોધલક્ષણ ગ્રંથ પરની ટીકા ટીકાઓમાંની એક સારી ટીકા છે. પ્રથમ શ્લોકની ટીકામાં આપશ્રી કહે છે કે, યશોદા, નંદ અને ગોપીઓને થયેલો વિરહ અનુભવવો આપણા સામર્થ્યથી પર છે તેથી

સંદર્ભ નોંધ : ૨૦૧ જુઓ - પૃ. -૨૧૭ - એજન

સંદર્ભ નોંધ : ૨૦૨ આ ટીકા-ગ્રંથનું છ ટીકા સહિત સવશ્રી એમ.ટી. તેલીવાળા અને ડી.વી. સાંકળિયાએ સંપાદન કર્યું છે અને વિ.સં. ૧૯૭૩માં છપાવી છે. તેમાં પ્રસ્તાવનામાં સંપાદકો કહે છે કે, તેઓ અન્ય મંદિરોમાં સંગ્રહ કરેલી હસ્તપ્રતોમાં આ ગ્રંથની વધુ કોઇ ટીકાઓ અદષ્ટદશામાં રહેલી છે કે કેમ તે વિશે કંઇ ચોકકસ કહી શકાય નહીં.

સંદર્ભ નોંધ: ૨૦૩ જુઓ - પૃ. ૪ - એજન.

સંદર્ભ નોંધ: ૨૦૪ જુઓ - પૃ.૮ - એજન.

સંદર્ભ નોંધ: ૨૦૫ જુઓ - પૃ.૪૭ - એજન.

સંદર્ભ નોંધ: ૨૦૬ જુઓ- પૃ.૫૨- એજન.

તેને પામવાની સંભવિતતાનો ઉલ્લેખ માત્ર કર્યો છે અને શ્રીમદ્ વલ્લભાચાર્યે તે માટે પ્રાર્થના કરી નથી.[૨૦૭] આપશ્રી ત્યારબાદ કહે છે કે, આવા વિરહને અનુભવ કરવામાં ઉત્કટ આનંદ રહેલો છે. શ્લોક ૪ને સમજાવતા, આપશ્રી કહે છે કે, તેમાં આવતા "મહત્" શબ્દનો અર્થ માત્ર સ્વામીઓ [૨૦૮] એવો થાય છે જે શ્રીવિઠ્ઠલનાથજીનાં વિધાન એટલે કે "અસ્મિનમાર્ગે સ્વામિન્ય એવ ગુરવઃ"[૨૦૯] તે પ્રમાણેનું જણાય છે, પરંતુ તેથી તેનો અર્થ અત્યંત મર્યાદિત બને છે અને ૮૪ અને ૨૫૨ વાર્તાઓમાંના શ્રીમદ્ વલ્લભ અને શ્રીવિઠ્ઠલનાથજીના ભકત-શિષ્યોને તથા અન્ય ઉચ્ચ આધ્યાત્મિકતા-પ્રાપ્ત ભકતોને તેમાંથી બાકાત કરે છે.

ત્યારબાદ ટીકાકાર, જ્ઞાનમાર્ગના નિરોધ અને ભકિતમાર્ગનો નિરોધ કે જેમાં વિરહનો સંતાપ સર્વોચ્ચ સ્થાને બિરાજે છે તેમની વચ્ચે રહેલા તફાવત - ભેદને દર્શાવે છે.[૨૧૦] આપશ્રી શ્લોક ૧૦ (અથવા અન્યોના કહેવા મુજબ શ્લોક ૯)માં આવતા "સચ્ચિદાનંદતા" એ શબ્દનો અર્થ બ્રહ્મભાવસંપતિઃ એવો અને "ભાગવદ્ધર્મપરતા" એવો પણ કરે છે. જે શબ્દની વ્યુત્પત્તિ અનુસારનો છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય ઉકત ગ્રંથના ૧૬મા શ્લોકમાં કહે છે કે, ભકતે દ્વેષ અને લોભથી મુકત રહેવું જોઇએ અને શ્રીગોકુલનાથજી ભારપૂર્વક સાચું જ કહે છે કે, આ અવગુણોયુકત હોય એવો મનુષ્ય કદાપિ ભકિતમાર્ગના હાર્દને પામી શકે નહિ,[૨૧૧] જે માનસશાસ્ત્રીની દૃષ્ટિએ સાચું છે. પુરુષોત્તમજી શ્લોક ૧૭ અને ૧૮ વિશે અન્ય સાધનો (સાધનાન્તર) ને દર્શાવનારાં કહે છે, જયારે શ્રીગોકુલનાથજી તો અગાઉના શ્લોકોના અનુસંધાને તેમની વિશદ સમજ આપે છે.

શ્રીગોકુલનાથજીની ટીકામાં પ્રત્યેક શ્લોકની પ્રાવેશિક પંકિત-(ઉત્થાનિકા) ઓ ખરેખર અત્યંત સુંદર હોય છે અને તે એક શ્લોક અને બધા શ્લોકના વચ્ચે રહેલા સાતત્યને દર્શાવે છે.

શ્રીગોકુલનાથજી દ્વારા શ્લોકોનો જે અનુક્રમ દર્શાવ્યો છે તેનો અન્ય ટીકાકારો સ્વીકાર કરતા નથી. શ્રીગોકુલનાથજી અને પુરુષોત્તમજીની ટીકામાં શ્લોક ૯ અને ૧૦ અન્યોન્ય બદલાઇ ગયેલા છે. વલ્લભજી તો વળી શ્લોકોનો બીજો જ અનુક્રમ દર્શાવે છે. આ હકીકત પરત્વે પુરુષોત્તમજી પોતાની ટીકાના અંતભાગે નિર્દેશ કરે છે. આવુ બને તે વિચિત્ર લાગે છે. આવું કેમ બન્યું તે આજે પણ સમજાય એવું નથી. બીજી એક નોંધનીય બાબત આ ગ્રંથના સંબંધમાં એ છે કે, જુદા જુદા ટીકાકારો કેટલાક શ્લોકોના વિવિધ પ્રકારે પાઠને સ્વીકારે છે - કરે છે. શ્લોક ૧૦માં આવતા "સ્વતઃ" ને શ્રીગોકુલનાથજી "તતઃ" તરીકે અને શ્લોક ૯ માં આવતા "તે" ને બદલે "તમ્" વાંચે છે. શ્લોક ૧૨(ડ) (જેને પુરુષોત્તમજી તથા વલ્લભજી અનુક્રમે "શ્લોક ૧૪ અથવા ૧૬ કહે છે) એ નોંધનીય વસ્તુ જણાય છે. શ્રીગોકુલનાથજી તેનો પાઠ "ભૂમ્નિ દ્વાદશ યોજયેત્" એવો લે છે જયારે અન્ય ટીકાકારો તેનો "ભૂમ્ન ઇશસ્ય યોજયેત્" એવો પાઠ વાંચે છે. આ ઘણું જ વિચિત્ર લાગે છે. છ ટીકાકારો પૈકી શ્રીગોકુલનાથજી ક્રમાનુસાર

સંદર્ભ નોંધઃ ૨૦૭ સરખાવો - "એતદ્દુઃખસ્ય બ્રહ્માનંદસ્યાપિ તુચ્છકર્તૃત્વાત્ સવોત્કૃષ્ટત્વે નાતિદુર્લભાધિકારજ્ઞાપનાય સંભાવનૈવોકતા, નતુ પ્રાર્થનં ।" - એજન-પૃ.૩૦

સંદર્ભ નોંધઃ ૨૦૮ સરખાવો - "તેન મહચ્છશબ્દેન સ્વામિન્ય એવોકતા ઇત્યવગમ્યતે ।" - એજન - પૃ. ૩૩

સંદર્ભ નોંધઃ ૨૦૯ એજન - પૃ. ૨.

સંદર્ભ નોંધઃ ૨૧૦ "યત્રાત્માસુખાપેક્ષયા તદ્દુઃખસ્યાપિ સર્વોત્કૃષ્ટત્વમ્ ।" - એજન - પૃ.૩૪

સંદર્ભ નોંધઃ ૨૧૧ સરખાવો - "ભગવદીયેષુ માત્સર્પેણ સૌહાર્દાભાવે ગુણવર્ણનમસકય લોભ તૂ સ્વાર્થાધમેવેતિ કૃતસ્તતદાવેશઃ ।" - એજન - પૃ. ૩૮

પ્રથમ આવે છે અને છતાં કોઇ પણ ટીકાકાર શ્રીગોકુલનાથજીની ટીકાને વાંચ્યા બાબતનો ઉલ્લેખ કરતો નથી. શ્રીગોકુલનાથજી "દ્વાદશ" નો અર્થ એકાદશ ઇન્દ્રિયો સાથેની વ્યકિત સ્વયં તથા "ભૂમ્નિ" નો "ભૂમિ" એવો અર્થ કરે છે જે ઉચિત જણાતું નથી. "ભૂમ્નિ" ના બદલે અન્ય કોઇ શબ્દ - પાઠને આપશ્રીએ વાંચ્યો હતો કે કેમ ? તે પ્રશ્ન ચર્ચાસ્પદ બની રહે છે.[૨૧૨]

સર્વોત્તમસ્તોત્ર પરની બડી ટીકામાં પણ શ્રીગોકુલનાથજી "નિરોધલક્ષણગ્રંથ" ના પ્રથમ ત્રણ શ્લોકની સમજ આપે છે, પરંતુ અહીં જે આપશ્રી કહે છે અને "નિરોધલક્ષણ ગ્રંથ" પરની ટીકામાં જે કહે છે તેમની વચ્ચે ખાસ કોઇ તફાવત જણાતો નથી.[૨૧૩]

૧૩. મધુરાષ્ટક પર ટીકા

મધુરાષ્ટક એ ભગવાન કૃષ્ણની નાની એવી સ્તુતિ છે. તે કદમાં નાની છે અને તેમાં શ્લોકની સંખ્યા માત્ર ૮ ની છે અને તેના રચયિતા શ્રીમદ્ વલ્લભાચાર્ય છે. તેમાં કૃષ્ણ કે જે સમગ્ર મનોહારિતા અને મધુરતાના અધિપતિ છે, તેમનાં સ્વરૂપનું અને તેમની સાથે સંબંધ ધરાવતી સર્વ વસ્તુની મનોહારિતા અને મધુરતાનું નિરૂપણ થયું છે.

આ રચના[૨૧૪] પર સંસ્કૃત ભાષામાં ૬ ટીકાઓ અને એક ટીકા વ્રજભાષામાં લખાયેલી છે. તેના લેખક છે વિઠ્ઠલનાથજી, ઘનશ્યામજી, બાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી, રઘુનાથજી અને હરિરાયજી. વ્રજભાષામાં લખાયેલી ટીકા વિઠ્ઠલનાથજી કૃત છે અને તે સંસ્કૃતની ટીકાના ભાષાંતરરૂપે નથી.

આ ટીકાઓ પૈકી પુરુષોત્તમજી કૃત ટીકા સંક્ષિપ્ત અને તમામ શ્લોકોની સ્પષ્ટ સમજ આપે છે. તેની એક ખાસ બાબત નોંધપાત્ર છે. શ્લોકોના અંતે ભાગે આવતો શબ્દ જે વારંવાર સ્તુતિગાનમા આવે છે તેનો બીજો જુદો પાઠ એટલે કે મધુરાધિપતઃ એવો દર્શાવે છે - કરે છે. અને અન્ય કોઇ ટીકાકારે એવો ભિન્ન પાઠ કર્યો નથી, કે તેવા હોવાની નોંધ કરી નથી. ઘનશ્યામજી લિખિત ટીકા એ શ્રીવિઠ્ઠલનાથજી કૃત ટીકાની ઉપ-ટીકા છે. તે સંપૂર્ણ છે પણ તેમાં કંઇ નોંધનીય નથી. હરિરાયજીએ ૧૦ શ્લોકમાં જ "તાપત્રય" લખ્યું છે અને કહયું છે કે, આ સ્તુતિ-ગાનમાં બે વસ્તુનું નિરૂપણ થયું છે : ધર્મ અને તેનું સ્વરૂપ તથા ભકતો દ્વારા શ્રીહરિના રસાત્મક સ્વરૂપનું અન્યોન્યને કહેવાનું વર્ણન.

શ્રીવિઠ્ઠલનાથજી કૃત ટીકા એક સુંદર રચના છે. તે કહે છે કે, ભગવાન કૃષ્ણ સંબંધિત પ્રત્યેક વસ્તુ અને નિકુંજમાં તેમની કરેલી લીલાઓ ચિત્તાકર્ષક છે. આ ટીકા ગદ્યની "ગૌડી" શૈલીનો એક સુંદર નમૂનો છે.

બાલકૃષ્ણજી લિખિત ટીકા પણ સારી છે. તેમાં લાંબા-લાંબા સમાસ પ્રયોજાયેલા છે, પણ છતાં ભાષાશૈલી સરળ અને પ્રવાહી છે. તેઓ સમજાવે છે કે, "અધર" એટલે કે "નીચલા હોઠ"નું સર્વપ્રથમ વર્ણન સ્તુતિમાં શા માટે કરવામાં આવ્યું છે. તો તેઓશ્રી કહે છે કે તે ભગવાનના ચિત્તાકર્ષક સ્વરૂપને દર્શાવે છે અને શ્રીમદ્ ભાગવતમાંના ફલ-પ્રકરણમાં નિરૂપિત પ્રસંગોને સમર્થનમાં ટાંકે છે. સ્તુતિ-ગાનના પ્રથમ ચાર શ્લોકોમાં કૃષ્ણની બાળલીલાનું વર્ણન થયું છે એવું અર્થઘટન તેઓ કરે છે.

સંદર્ભ નોંધઃ ૨૧૨ સરખાવો - "સર્વવસ્તુનિ પ્રકારણા - દેકાદશેન્દ્રિયાણિ સંપૂર્ણસ્વરૂપં ચ, તાનિ પ્રત્યેકસમુદાયાભ્યાં તતન્મનોરથાત્મકભાવનાયા ભૂમિઃ સમસ્તસ્વેન્દ્રિયવિષયાધિષ્ઠાનાનિ કૃત્વા લવકિયાન્યાત્મસહિતાનિ દ્વાદશ તત્ર યોજયેત્ ।" - એજન-પૃ. ૩૬

સંદર્ભ નોંધઃ ૨૧૩ જુઓ - પોરબંદર હસ્તપ્રત - પૃ. ૧૬૪-૧૬૫.

સંદર્ભ નોંધઃ ૨૧૪ આ રચનાનું - ગ્રંથનું સંપાદન શ્રી એમ. ટી. તેલીવાળા દ્વારા કરેલું છે અને મુંબઇની પુષ્ટિમાર્ગીય યુવા પરિષદ દ્વારા તેનું પ્રકાશન થયું છે.

શ્રીગોકુલનાથજી કૃત ટીકા[૨૧૫] સૌથી લાંબી અને સૌથી શ્રેષ્ઠ છે. શ્રીમદ્ વલ્લભચરણારવિંદને નમસ્કાર કર્યા પછી શ્રીગોકુલનાથજી ટીકામાં લખે છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્યથી ભગવાનનો વિરહ સહન થયો નહિ અને તેથી ભગવાનની સ્તુતિનું ગાન કરી તેઓ પોતાનો કાળ વીતાવતા હતા. અહીં એક શંકા ઉપસ્થિત થાય કે, આ વિધાનને અંતઃકરણ પ્રબોધ ગ્રંથના વિષય-વસ્તુ સાથે કઇ રીતે સુસંગત કરી શકાય ? પરંતુ તે બે વચ્ચેની સુસંગતતા સ્થાપવામાં કોઇ મુશ્કેલી જણાતી નથી.

શ્રીગોકુલનાથજીની આ ટીકામાં શ્રીમદ્ વલ્લભાચાર્યને ઉદ્દેશી કરાયેલા નમસ્કારવાચક ૯ શ્લોકો છે જે અત્યંત લંબાણપૂર્વકના છે અને તેમાં એક પછી બીજા આવતા પ્રત્યેક શ્લોકની જે ટીકા લખી છે તે બધાની પૂર્વે બે શ્લોકો લખેલા આવે છે. આ ટીકા સ્તોત્રમાંના પ્રત્યેક શબ્દનાં વિવિધ અર્થઘટનો કરે છે જે કેટલીકવાર તો પ્રત્યેક શબ્દના ત્રણ તો કેટલીકવાર ચારથી પાંચ એવી સંખ્યામાં હોય છે. આ ટીકા સાચું જ કહે છે કે, પ્રત્યેક શ્લોકમાં ધર્મની મધુરતાનું પ્રથમ નિરૂપણ થયું છે અને તે પછી ધર્મીની મધુરતા-સુંદરતાનું નિરૂપણ થયું છે.[૨૧૬]

ભગવાનના શ્રી અંગના વિવિધ અવયવોની મધુરતા અને ભગવાન સાથે સંબંધ ધરાવતી સર્વ વસ્તુઓની મધુરતાને દર્શાવવા, ટીકાકાર શ્રીગોકુલનાથજીએ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં નિરૂપિત શ્રીકૃષ્ણના જીવનના લીલા પ્રસંગોને ટીકામાં સાદ્યંત વર્ણવ્યા છે. વળી તે ટીકામાં સર્વોત્તમસ્તોત્ર અને કવિ જયદેવના ગીત-ગોવિંદનો ઉલ્લેખ થયો જોવા મળે છે.[૨૧૭] આથી એમ અવશ્ય કહી શકાય કે, શ્રીગોકુલનાથજી લિખિત ટીકા, સ્વયં સ્તોત્ર જેવી જ મધુર છે. ટીકાની લેખન-શૈલી રોચક અને શબ્દોની પસંદગી યથાર્થ છે અને તેનું વાંચન અત્યંત આલ્હાદક છે. આ ટીકાનો લેખક પરમ ભક્ત છે અને શ્રીમદ્ ભાગવતનો પરમ અભ્યાસી છે એવું આ ટીકા સિદ્ધ કરે છે.

વ્રજભાષામાં લખાયેલી ટીકા જે શ્રીવિઠ્ઠલનાથજી લિખિત કહેવાય છે તેમાં ઘણે સ્થળે ક્ષતિઓ જોવા મળે છે. બીજી ટીકાઓની જેમ આમાં પણ ભગવાન સંબંધિત બધી જ વસ્તુઓ મધુર છે એવું પ્રમાણિત કરવા બાલકૃષ્ણની કરેલી વિવિધ મનોહર લીલાઓનું નિરૂપણ કરાયું છે. આ ટીકાની એક વિચિત્ર વસ્તુની નોંધ લેવી આવશ્યક બને છે તે છે શ્લોકોના પાઠના વાંચનમાં જુદાજુદા પાઠભેદો જોવા મળે છે, તે એની ખાસ નોંધપાત્રતા છે આ ટીકામાં ૫માં શ્લોકમાં "કરણં, શમિતં" અને "તરણં" નો અનુક્રમે "કર્ણ", "સમિતં" અને "તરુણં" એવો પાઠભેદ થયો જણાય છે તથા શ્લોક ૭ માંના "શિષ્ટં" શબ્દનો "સૃષ્ટં અને શ્લોક ૮ માંના "ગાવઃ" શબ્દનો પાઠભેદ "ગાન" થયો જોવા મળે છે તથા તે બધા શબ્દોના અર્થ પણ તે મુજબ કહેવામાં આવે છે. વળી, શ્લોક ૨માંના શબ્દ "વલિતં" શબ્દનો અર્થ પુષ્ટિમાર્ગીય રીતિ પ્રમાણે ભકતોનો સ્વીકાર અને શ્લોક ૮માંના શબ્દ "દલિતં" શબ્દનો અર્થ "દ્વિદલાત્મક સ્વરૂપ" એવો અર્થ આ ટીકા કરે છે. આ અર્થો દૂરના અને તાણીખેંચીને કર્યા જણાય છે.

સંદર્ભ નોંધઃ ૨૧૫ સંપાદકશ્રી તેલીવાળા કુહે છે કે, આ ટીકા-ગ્રંથ હરિરાયજીની લખેલી છે એમ કેટલાક કહે છે, પરંતુ તેમના માનવા મુજબ તે શ્રીગોકુલનાથજી લિખિત છે. તેની ભાષા અને અર્થઘટન કરવાની રીત શ્રીગોકુલનાથજીના જેવી જ છે (જુઓ. પૃ.૬૭ - એજન) સંપાદકશ્રીની આ દલીલમાં ભારોભાર વજન રહેલું છે, પરંતુ આ અંગેનું અન્ય કોઇ વિશ્વસનીય પ્રમાણે ઉપલબ્ધ થતું નથી.

સંદર્ભ નોંધઃ ૨૧૬ સરખાવો - "એવં ધર્મવિશિષ્ટ માધુર્યં નિરૂપ્ય ધર્મિવિશિષ્ટ માધુર્યં નિરૂપયન્તિ् । યત્ર ધર્માણાં માધુર્યમીદૃગ્ ભાવપૂર્વકં નિરૂપિતં, તત્ર ધર્મિમાધુર્યં કિં વાચ્યમિતિ કમુતિકન્યાયઃ પ્રદર્શિતં ઇત્યર્થઃ।. . . . ." - એજન - પૃ. ૪૮

સંદર્ભ નોંધઃ ૨૧૭ જુઓ - પૃ. ૩૪ અને ૪૫ - એજન.

મેં કાંકરોલી મધ્યેના વિદ્યાવિભાગમાં[૨૧૮] વ્રજભાષામાં થયેલી એક વધુ ટીકા જોઇ છે. શ્લોક ૨માંના "વચન મધુરં" એ શબ્દો સુધીની એ ટીકા લખેલી જોવા મળે છે અને તે ખરેખર ઘણી જ સુંદર છે. તે શ્રીગોકુલનાથજી લિખિત હોવાનું કહેવાય છે. શ્રીગોકુલનાથજીની લિખિત સંસ્કૃત ભાષાની ટીકા સાથે તુલના કરતાં, તે બન્ને એકબીજાથી જુદી જુદી છે એવું લાગે છે. સંભવ છે કે શ્રીગોકુલનાથજીએ મધુરાષ્ટક પર બે ટીકા લખી હોય - એક સંસ્કૃત ભાષામાં અને બીજી વ્રજભાષામાં. પરંતુ, આ અંગે વધુ કોઇ પ્રમાણ ઉપલબ્ધ થતું નથી.

૧૪. ગાયત્રી - ભાષ્ય પર એક પુસ્તિકા[૨૧૯]

ગાયત્રી તરીકે પ્રસિદ્ધ એવા વૈદિક મંત્ર (ઋગ્વેદ-૩-૬૨-૧૦) પર એક નાનકડી એવી સરલાર્થ સમજાવતી પુસ્તિકા શ્રીમદ્ વલ્લભાચાર્યે લખી છે એવું કહેવાય છે. આ નાનકડી સરલાર્થ પુસ્તિકા, સંપ્રદાયમાં ગાયત્રી ભાષ્યના નામે જાણીતી છે : તેને જો કે શ્રીગોકુલનાથજી પુસ્તિકાના અંત ભાગે વિવૃતિ કહે છે.[૨૨૦]

હિંદુ શાસ્ત્રો દ્વિજોએ ગાયત્રી - મંત્રનો નિત્ય જપ કરવો તેને તેમનું કર્તવ્ય-કર્મ કહે છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય, વિઠ્ઠલનાથજી અને ગોકુલનાથજી વગેરેએ આથી તેના પર લખ્યું છે અને શુદ્ધાદ્વૈત મતાનુસાર ગાયત્રી મંત્રના અર્થઘટનો કહયાં છે. પુરુષોત્તમજીએ વિઠ્ઠલનાથજીની કરેલી વ્યાખ્યા પર ઉપ-ટીકા લખી છે. મથુરેશ ઇંદ્રેશજી અને ગોવર્ધન ભટ્ટે પણ ગાયત્રી પર ટીકા લખી છે.

ગાયત્રી-ભાષ્યના કર્તાપણાની બાબતમાં અભિપ્રાય-ભેદ હોવાનું જણાય છે. શ્રી એલ. પી. પરીખ કહે છે કે, "ગાયત્રીભાષ્ય શ્રીમદ્ વલ્લભાચાર્યના નામનું ભાષ્ય છે, પરંતુ તે શ્રીમદ્ ગોકુલનાથજીનું બનાવેલું ગણાય છે."[૨૨૧]

શ્રી સી. એચ. શાસ્ત્રીએ પણ ગાયત્રી[૨૨૨]-ભાષ્યના કર્તાપણાના પ્રશ્નની ચર્ચા કરી છે. તેમની દલીલો નીચે દર્શાવી છે :-

(૧) પ્રથમ પરિચ્છેદનો[૨૨૩] પ્રારંભ "નનુ" શબ્દથી અને તેનો અંત "ઇતિભાવ" એવા શબ્દોથી થાય છે. તે અણુભાષ્યના સૂત્ર ૩-૩-૩૭માં શબ્દશઃ જોવા મળે છે. હવે, અણુભાષ્યનો આ ભાગ શ્રીવિઠ્ઠલનાથજી

સંદર્ભ નોંધ: ૨૧૮ જુઓ-સંસ્કૃત હસ્તપ્રત ક્રમાંક : ૮૫/૧ તે ટીકાની કેટલીક પંકિત અત્રે ટાંકી છે :- "અબ યા ગ્રંથ મે શ્રી ઠાકુરજી કે સર્વ અંગ રસાત્મક હે તાકો ભાવસહિત વર્ણન કરત હૈ. . . જો યા ગ્રંથમેં રસાત્મક ભાવકો વર્ણન કરનો હૈ જા મેં અત્યંત અગાધ રસ હૈ સો શ્રીનાથજી કો સ્વરૂપ શ્રુતિ કો અગમ્ય હૈ કાહે તેં શ્રુતિ ભાટ આદિ બંદીજન હૈ શ્રી ઠાકુરજી કો બાહેર કો માહાત્મ્ય દેખતે હૈં સો વર્ણન કરત હૈં . . . . ।" હસ્તપ્રત - પૃ. ૨૮

સંદર્ભ નોંધ: ૨૧૯ પુરુષોત્તમજી વગેરે લિખિત ટીકા સહિત શ્રીવિઠ્ઠલનાથજીની લખેલી ટીકાનું પણ પ્રો. એમ. જી. શાસ્ત્રી દ્વારા સંપાદન થયું હતું અને વિ.સં. ૧૯૭૪માં પ્રકાશિત ત્રીજી આવૃત્તિ મેં વાંચી છે, એવું મારું કહેવું છે

સંદર્ભ નોંધ: ૨૨૦ સરખાવો-"ઇતિ શ્રીમદાચાર્યચરણકૃત ગાયત્રી વિવૃત્યપરિ સ્વતંત્રલેખસ્તદાત્મજાત્મજાનામિતિ દિક્ ।" - એજન - પૃ. ૬

સંદર્ભ નોંધ: ૨૨૧ એલ.પી. પારેખ લિખિત "વલ્લભાચાર્યજી" પૃ.૩૮૮ પોતાનાં આ વિધાન વિશે લેખકે બીજું વિશેષ કંઇ લખ્યું નથી.

સંદર્ભ નોંધ: ૨૨૨ જુઓ - શ્રી સી. એચ. શાસ્ત્રીનો પ્રશ્ન - "નવી વિચારણા - ગાયત્રી ભાષ્યના કર્તા કોણ ?" - ગોકુલેશવાક્સુધા ગ્રંથ ભાગ -૫ પૃ.૫, ૬, ૪,

સંદર્ભ નોંધ: ૨૨૩ (પ્રો. એમ.જી. શાસ્ત્રી સંપાદિત) "ગાયત્રી-ભાષ્ય" - પૃ. ૪ અને ૫.

લિખિત છે. આથી એવું તો ન કહી શકાય કે, શ્રીમદ્ વલ્લભાચાર્યે, અણુભાષ્યના વિઠ્ઠલનાથજી ઉકત ભાગને પોતાના લેખમાં ટાંકયો છે. ખરેખર તો શ્રીગોકુલનાથજીએ પોતાના પિતાના ઉકત ભાગને પોતે લખેલા લેખમાં ટાંકયો હશે - ટાંકયો છે એવું કહેવું સર્વથા ઉચિત જણાય છે.

(૨) શ્રીગોકુલનાથજી લિખિત પુસ્તિકામાં આખેઆખા પરિચ્છેદો ગાયત્રી ભાષ્યમાંથી શબ્દશઃ ઉતારેલા જણાય છે. શ્રીગોકુલનાથજી પોતાનાં લખાણને ટીકા કહેતા નથી પરંતુ “સ્વતંત્ર લેખ” હોવાનું કહે છે. આથી એ સંભવિત છે કે, શ્રીગોકુલનાથજીએ પ્રથમ “ગીતા-ભાષ્ય” લખ્યું હોય અને પછી તેમાં સુધારા-વધારા કરીને તેને “લેખનું સ્વરૂપ” આપ્યું હોય.

(૩) ન તો શ્રીવિઠ્ઠલનાથજી કે ન તો પુરુષોત્તમજી શ્રીમદ્ વલ્લભાચાર્ય લિખિત “ગાયત્રી-ભાષ્ય” નો ઉલ્લેખ કરે છે.

(૪) “દશમસ્કંધવિવૃતૌ પ્રપંચિતમસ્માભિ:”[૨૨૪] એ શબ્દો દ્વારા કહેવાનું એ છે કે, ભાગવતના દશમ સ્કંધની ટીકામાં ગાયત્રી-ભાષ્યના લેખકે એવું દર્શાવ્યું છે કે, શુદ્ધ અદ્વૈતનું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય. હવે, આનો કોઇ ઉલ્લેખ ભાગવતના દશમ સ્કંધ પર લખાયેલી સુબોધિનીજીમાં જોવા મળતો નથી. આથી ગાયત્રી-ભાષ્ય એ શ્રીમદ્ વલ્લભાચાર્ય લિખિત છે એમ કહી શકાય નહીં.

(૫) “સ્પષ્ટો નેતિ”[૨૨૫] એવા શબ્દો વાંચવા મળે છે તે “સ્પષ્ટ ઇતિ” હોવા જોઇએ, કારણ કે “પ્રણવ ઇત્યાદિ” શબ્દોને વિઠ્ઠલનાથજીએ “ગાયત્રીકારિકા”માં સ્પષ્ટ સમજાવ્યા છે અને “ગાયત્રી-ભાષ્ય” ના લેખકે તે સમજાવ્યા નથી. “સ્પષ્ટોનેતિ” એ શબ્દોને સાચા તરીકે વાંચીએ ગણીએ તો “ગાયત્રી-ભાષ્ય” ના લેખકે તે સમજાવ્યા હોત. તેણે તેમ કર્યું નથી અને તેથી શ્રીગોકુલનાથજીએ જ ગાયત્રી-ભાષ્ય લખ્યું છે એમ સર્વથા સાચું કહી શકાય.

ઉપર દર્શાવેલા કારણો પૈકી કારણ ૩ સિવાય બીજા બધાં, ઉપર દર્શાવેલ વિધાનનુ એક અવાજે સમર્થન કરતાં જણાય છે. આ દલીલો-કારણો જોતાં કહી શકાય કે, ગાયત્રી-ભાષ્ય એ સરલાર્થ સમજાવતી પુસ્તિકા છે જયારે “લેખ” તેમાં વધારારૂપ અને સંવર્ધિત કરનારું સંસ્કરણ છે. શ્રીગોકુલનાથજી લિખિત એક સંક્ષિપ્ત ટીકા સર્વોત્તમ સ્તોત્ર પર છે અને વળી તેના પર આપશ્રીએ બડી ટીકા પણ લખી છે. જેમાં અહીં અને તહીં કેટલાક શબ્દોમા ફેરફાર કર્યા છે તે સિવાય સંક્ષિપ્ત ટીકાના જ શબ્દો શબ્દશઃ લખેલા જોવા મળે છે. ઠીક એવું જ “ગાયત્રી-ભાષ્ય” અને લેખના કિસ્સામાં બન્યું છે અને શ્રીગોકુલનાથજી આખે આખું ગાયત્રી-ભાષ્ય આપશ્રી લિખિત “લેખ” માં ઉતારેલ છે. બીજું “ગાયત્રી-ભાષ્ય” માં પ્રયોજેલ[૨૨૬] સુપ્રસિદ્ધ શબ્દો “રાસલીલૈકતાત્પર્ય” ને સર્વોત્તમસ્તોત્રમાં પણ આપણે જોઇએ છીએ તે શું શ્રીવિઠ્ઠલનાથજીએ “ગાયત્રી-ભાષ્ય” માંથી આ શબ્દો લઇ ટાંકયા છે કે પછી “ગાયત્રી-ભાષ્ય” માં જોવા મળતા આ શબ્દો સર્વોત્તમસ્તોત્રમાંથી શબ્દશઃ ઉતારેલા છે ? એવો પ્રશ્ન થાય છે. ઉપરોકત બધી દલીલોને જોતાં એમ લાગે છે કે, “ગાયત્રી-ભાષ્ય” એ શ્રીમદ્ વલ્લભાચાર્ય લિખિત નથી, પરંતુ શ્રીગોકુલનાથજી “ગાયત્રી-ભાષ્ય” અને “લેખ” બન્નેના લેખક છે એ સંભવિત છે.

જો “ગાયત્રી-ભાષ્ય” ના લેખક તરીકે શ્રીગોકુલનાથજી છે એ સ્વીકારીએ, તો પછી “દશમ-સ્કંધ-વિવૃતિ” ના લેખક પણ આપશ્રી છે એ સ્વીકારવુ ઘટે, પરતુ આવી કોઇ કૃતિ આજે આપણને હાથવગી થતી નથી.

સંદર્ભ નોંધઃ ૨૨૪ એજન - પૃ. ૫.

સંદર્ભ નોંધઃ ૨૨૫ સરખાવો - “યદ્યપિ પ્રણવો, વ્યાહૃતયશ્ચ તથા ભવન્તિ તથાપિ તેષામર્થઃ સ્પષ્ટો નેતિ ગાયત્ર્યર્થો નિરુપ્યતે”
- એજન - પૃ. ૧

સંદર્ભ નોંધઃ ૨૨૬ એજન - પૃ. ૩

પરંતુ આ બાબતમાં બીજી એક સંભાવના છે "નનુ. . . . .ઈતિ ભાવઃ" એ વાકયવાળો પરિચ્છેદ "ગાયત્રી-ભાષ્ય" નો મૂલતઃ ભાગ ન પણ હોય. તે શ્રીગોકુલનાથજીના "લેખ" માંથી લઈને ઉમેરવામાં આવ્યો હોય જે કાર્ય કોઈ લહિયાએ કર્યું હોય. આ પરિચ્છેદ કાઢી નાંખીએ - રદ કરીએ અને વંચાણમાં લઈએ નહિ તો પણ "ગાયત્રી-ભાષ્ય" ના લેખન પરત્વે કોઈ ભંગાણ પડતું જણાતું નથી. અથવા તો એવી પણ દલીલ થઈ શકે કે, વિઠ્ઠલનાથજીએ આ પરિચ્છેદ ગાયત્રી ભાષ્યમાંથી અણુભાષ્યમાં લીધો હોય. ત્યારે વળી, લેખના સમાપનમાં અંતે લખાયેલ પંકિતમાં શ્રીમદ્ વલ્લભાચાર્યનો તેના લેખક તરીકે ઉલ્લેખ કરે છે. તેનું શું ? આનો ઉત્તર એવો હોઈ શકે કે, શ્રીગોકુલનાથજી સામાન્યતયા નિજનું સંબોધન "તદામજાત્મજાનામ્" તરીકે કરતા નથી. તે ત્યારપછીનો ઉમેરો થયો હોવો જોઈએ.

આથી "નનુ. . . . .ઈતિ ભાવઃ ।" વાકયવાળા પરિચ્છેદને જો ગોકુલેશ વાક્સુધાના પ્રમાણિત અંશ-ભાગ તરીકે લઈએ તો ગોકુલેશ વાક્સુધા શ્રીમદ્ વલ્લભાચાર્યની લખેલી છે એમ કહી શકીએ નહીં. જો ઉકત પરિચ્છેદ - ફકરો ગોકુલેશ વાક્સુધાનો ભાગ નથી, તો આપણે તેને શ્રીમદ્ વલ્લભાચાર્ય લિખિત છે એમ કહી શકીએ.

શ્રીગોકુલનાથજી ગાયત્રીનો અર્થ શુદ્ધાદ્વૈત મતાનુસાર કરે છે. "તત્" નો અર્થ શ્રીકૃષ્ણ એટલે કે સર્વોચ્ચ સત્ય એવો કરે છે, "સવિતૃ" શ્રીકૃષ્ણનું સર્જનહાર તરીકે નિરૂપણ કરે છે : શબ્દ "વરેણ્ય" નો "પરસ્પર સ્વીકાર કરવો" ભકત બનવું અને "ભર્ગઃ" એટલે કૃષ્ણના "ભજનીય ગુણો" એવો અર્થ કરે છે અને કહે છે કે, ભૌતિક અસ્તિત્વનું ઉન્મૂલન કરવું, જે કૃષ્ણના "પ્રમેયબલ" દ્વારાજ "સંસારનિવૃત્તિ" સિદ્ધ થાય છે. પુષ્ટિમાર્ગ પૂર્ણ પ્રેમ અને સમર્પણભાવનો માર્ગ છે અને તેથી "ધીમહિ" શબ્દ "પ્રીતિં કુર્મ :" નો અર્થ વ્યકત કરે છે. "પ્રચોદયાત્" શબ્દનો પ્રયોગ "આપણને શાશ્વત રાસલીલા પ્રત્યે દોરી લઈ જવા" માટે થયો છે. આખા ગાયત્રી-મંત્રનો આ પ્રમાણે અર્થ "સ્વામિનીજી" એવો થાય છે.[૨૨૭]

આથી આ પુસ્તિકાના મુખ્ય મુદ્દા નીચે દર્શાવ્યા અનુસારના છે :-

(૧) કૃષ્ણ અને રાધા (સ્વામિનીજી) ના "રસાત્મક સ્વરૂપને - આનંદમય સ્વરૂપને સર્વોત્તમ સ્તોત્રની બડી ટીકામાં જે રીતે કહયો છે તેવા જ અર્થમાં નિરૂપે છે." -

(૨) ભકિત-માર્ગીને પ્રમાણનાં સાધનથી પર - ઉપરનો છે. એવો કહે છે.[૨૨૮]

(૩) "વરેણ્યં" શબ્દનો અર્થ કરતી વખતે શ્રીગોકુલનાથજી અષ્ટાક્ષર મંત્રમાં "કૃષ્ણ" શબ્દની સાથે "શ્રી" શા માટે પ્રયોજાયેલો છે તેની ચર્ચા કરે છે. અષ્ટાક્ષર મંત્રમાં કૃષ્ણ સચ્ચિદાનંદરૂપ છે અને ગાયત્રી-મંત્રમાં તેઓ સદાનંદરૂપ છે. આ બે પૈકી પહેલા મંત્રમાં, જ્ઞાન અને કર્મ ઉભયનો સમાવેશ નિહિત છે.

(૪) "સવિતૃ" શબ્દના વિવરણમાં અવિકૃત-પરિણામવાદ એટલે કે પ્રાકટયના સિદ્ધાંત પરત્વેનો ભારપૂર્વક નિર્દેશ થયો છે અને ગાયત્રી એટલે કે સ્વામિનીજી વિશાળ સર્જનના કર્તા છે.

(૫) કહે છે કે, ગાયત્રી બીજ છે, વેદ એ વૃક્ષ છે અને ભાગવત રસાત્મક ફલ છે. અત્રે એમ પણ કહયું છે કે, ભકિત-માર્ગ અનુસાર મોક્ષનો કોઈ જ અર્થ નથી અને રસની સાથેની તુલનામાં તેનું અસ્તિત્વ નહિવત્ છે.[૨૨૯]

શ્રીગોકુલનાથજીના મતાનુસાર શ્રીમદ્ ભાગવતના મુખ્ય વિષય-વસ્તુનું ફલ-પ્રકરણ (દશમસ્કંધના અધ્યાય ૨૬ થી ૩૨ અથવા દશમસ્કંધના અધ્યાય ૨૯ થી ૩૫) માં નિરૂપણ થયું છે. જેવી રીતે બીજમાંથી વૃક્ષ પેદા થાય છે તેવી જ રીતે અહીં ગાયત્રીરૂપી બીજમાંથી વૃક્ષરૂપે વેદ થયા છે એટલે તો ગાયત્રીને વેદમાતા કહી

સંદર્ભ નોંધઃ ૨૨૭ સરખાવો - "ગાયત્રીશબ્દવાકયત્વેન. . . . . ભગવત્ આત્મન ઉત્તરાર્થભાગોત્તરદલાખ્યા શ્રી સ્વામિન્યેયોચ્યતે ।" વળી "પ્રાકટયદશાયામપિ ગાયત્રીરૂપેણ શ્રીમદ્વૃષભાનુજૈવ વિજ્ઞેયા ।" - એજન- પૃ.૧

સંદર્ભ નોંધઃ ૨૨૮ સરખાવો - "પ્રમાણાતિરિકતે ભકિતમાર્ગે. ...." - એજન- પૃ.૧

સંદર્ભ નોંધઃ ૨૨૯ સરખાવો - "રસમાલયં આઙ્ ઈષાદર્થઃ લયો મોક્ષઃ યદ્રસાગ્રે મોક્ષોઽપિ ઈષદસિતુચ્છ ઇત્યર્થઃ । " - એજન-પૃ.૩

છે. ત્યાર બાદ કહે છે કે, વેદરૂપ વૃક્ષ એ કૃષ્ણ શૃંગારકલ્પવૃક્ષ છે અને તે વૃક્ષનો પ્રાદુર્ભાવ સ્વામિનીજીના નિગૂઢ ભાવમાંથી થયો છે. અંતે, આ સર્વનું એકત્વ છે એમ કહે છે.[૨૩૦]

(૬) "મહાવાક્ય તત્ત્વમસિ" નું અર્થઘટન "તસ્ય ત્વમસિ" એવું થાય છે અને "તત્ત્વમસિ" નું એકત્વ એવું થાય છે અને તેથી "કૃષ્ણ તવાસ્મિ" એવું સિદ્ધ થાય છે. તેમાં પ્રથમ છે તેને વિપ્રયોગાત્મક કહયું છે અને બીજાને સંયોગરસાત્મક કહયું છે.[૨૩૧]

આ પુસ્તિકામાં શ્રીગોકુલનાથજી[૨૩૨] સ્વતંત્ર, સર્વોત્તમવિવૃતિ અને ભાવનામંજુષાનો ઉલ્લેખ કરે છે. તે કૃતિઓ પૈકી પ્રથમનો ધન્યાસ્તુ મૂઢમતયો. . . . .(ભાગવત-દશમસ્કંધ-૧૮-૧૧) નો અથવા સર્વોત્તમસ્તોત્રની બડી ટીકાનો અને બીજાનો ઉલ્લેખ શ્રીગોકુલનાથજી સર્વોત્તમસ્તોત્ર પરની સંક્ષિપ્ત ટીકાનો ઉલ્લેખ આપની આ પુસ્તિકામાં કરતા હોય તેમ જણાય છે. "ભાવનામંજુષા" નામની કોઇ જ કૃતિ આજે પ્રાપ્ત થતી નથી. અલબત, સર્વોત્તમસ્તોત્રની આપની લખેલી બડી ટીકામાં આપશ્રી "ભાવમંજુષા" શબ્દનો વિનિયોગ કેટલાક સ્થળે કરે છે અને એ સંભવિત છે કે, "ભાવમંજુષા કે ભાવનામંજુષા" નો બડી ટીકામાં આપશ્રીએ આલંકારિક ભાષામાં વિનિયોગ કર્યો હોય. પરંતુ કોઇ પ્રમાણભૂત સાધન કે પુરાવાની અનુપરિસ્થિતિમાં, આ એક મહત્ત્વનો પ્રશ્ન બની રહે છે.[૨૩૩]

આ પુસ્તિકામાં લેખકે ગાયત્રી-મંત્રને મૌલિક અને બિન-પરંપરાગત અર્થ કર્યો છે. શ્રીગોકુલનાથજી દ્વારા કરાયેલો ગાયત્રી-મંત્રનો ઉકત અર્થ અનધિકૃત અને મંત્રનો અનુરૂપ અર્થ કરતો નથી એમ કહીને તેનો કાંઇ વાંધો ઉઠાવી શકે તેમ લાગે છે, કારણ કે "તત્" શબ્દનો અર્થ તેમાં "કાલત્રયાવાધિતં. . . . વેદાતીતમક્ષરાતીતં સર્વજ્ઞાતલીલં સત્યમિતિ નિરવધ્યાનંદઘનતરં પરં શ્રેષ્ઠં પુરુષોત્તમરૂપં વિરહાગ્નેઃ નિલશિખિનઃ એવ સ્વપ્રસવજ્ઞાપક. . . . . વગેરે" અને ગાયત્રીને સ્વામિની "સ્વરૂપ" લેખેનું નિરૂપણ કરે છે. તેવી જ રીતે, એવી દલીલ પણ થઇ શકે કે, ગાયત્રીનો શ્લોક ઋગ્વેદસંહિતાનો છે અને તેને "વેદમાતા" કેવી રીતે ગણી શકાય ? આ બધી દલીલોમાં તથ્ય હોવાનું જણાય છે. એમ માનવું પડે.

પરંતુ આપણે એ યાદ રાખવું જોઇએ કે, શ્રીગોકુલનાથજી આ પુસ્તિકામાં એ સાંપ્રદાયિક અર્થઘટન એટલે કે શુદ્ધાદ્વૈત સંપ્રદાયના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને તેનું નિરૂપણ કરી રહયા છે. આ અર્થઘટન દિવ્ય લીલાજગત કે ગોલોકમાં ભગવાન શ્રીકૃષ્ણ નિજ સ્વામિની રાધા સંગે સર્વ આવશ્યક ઉપકરણો સહિત નિરંતર રમણ કરે છે અને શુદ્ધાદ્વૈત સંપ્રદાયના સિદ્ધાંત અનુસાર ભકતનું જે અંતિમ લક્ષ્ય છે તે માન્યતાનો સ્વીકાર કરે છે.

આ પુસ્તિકાની લેખન શૈલી પ્રૌઢ છે અને સમજવી મુશ્કેલ જણાય છે. વાકયની રચના વિગતપ્રચુર અને તેમાં આવતા સમાસો લાંબાલચક છે અને કેટલાક સ્થળે અવ્યવસ્થિત જણાય છે. સર્વોત્તમ સ્તોત્રની બડી ટીકામાં અને "અસ્મત્ કુલમ્" ના શ્લોકો પરની પુસ્તિકામાં પણ આપણને આપશ્રીની આવી જ શૈલી જોવા મળે છે. . . . . શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાનના ઉત્કટ અભ્યાસી આ ટીકાકાર છે તેની આપણને પ્રતીતિ થાય છે.

સંદર્ભ નોંધઃ ૨૩૦ સરખાવો -"અત એવં પ્રાકટયદશાયામપિ ગાયત્રીરૂપેણ શ્રીમદ્વૃષભાનુજૈવ વિજ્ઞેયા, તત્પ્રસવનિગૂઢભાવરૂપેણ કૃષ્ણશૃંગારકલ્પદ્રુમઃ ફલબીજયોરભેદદર્શનાત્ ફલબીજં બીજે ફલં દેયોઃ ફલબીજતારતમ્યેન દ્વૈતવિશિષ્ટમદ્વૈતં....।" -એજન-પૃ.૫

સંદર્ભ નોંધઃ ૨૩૧ જુઓ - એજન - પૃ. ૫

સંદર્ભ નોંધઃ ૨૩૨ સરખાવો - "મયા સ્વતંત્રે હરિણીનાં શુદ્ધજ્ઞાનક્રિયાપ્રાચુર્યપ્રસ્તાવે સર્વોત્તમસ્થાપિ વિવૃતો પ્રપંચિતમસ્તિ ।" . . . - એજન - પૃ. ૨ વળી સરખાવો ઇત્યત્ર મહાવાકયાર્થરહસ્યં મયા ભાવનામંજુષાયામુદ્ઘાટિસં વિજ્ઞેયં-એજન પૃ-૫

સંદર્ભ નોંધઃ ૨૩૩ જુઓ - પ્રકરણ ૩ અને ૩ (અ)

(૪) બે મંત્રો અને અન્ય પુસ્તિકાઓ પર ટીકા

૧. અષ્ટાક્ષર-મંત્ર પર ટીકા

અષ્ટાક્ષર મંત્ર એટલે કે આઠ અક્ષરોનો મંત્ર - (શ્રીકૃષ્ણઃ શરણં મમ) વૈષ્ણવોમાં અત્યંત જાણીતો મંત્ર છે. પરંપરા અનુસાર આ મંત્રનું ભકતો દ્વારા અત્યંત શાંતિપૂર્વક સતત ઉચ્ચારણ કરવાનું હોય છે અને સાથે સાથે ૧૦૮ તુલસીની માળાના મણકાને પોતાના હાથની આંગળીને છેડે રાખી ફેરવવાની હોય છે. વિઠ્ઠલનાથજી અને શ્રીગોકુલનાથજીએ આ મંત્ર પર ટીકા લખી છે.

મેં ગોકુલનાથજીની અષ્ટાક્ષર મંત્ર પર લખેલી ટીકાની હસ્તપ્રત વાંચી છે. [૨૩૪] ટીકાનો આરંભ ભગવાન કૃષ્ણ, શ્રીમદ્ વલ્લભાચાર્ય અને વિઠ્ઠલનાથજીને નમસ્કાર કરીને કરવામાં આવ્યો છે. તેના અંત ભાગે આ પ્રમાણે વાંચવા મળે છે.

"... અન્ય શાસ્ત્રેષુ કૃષ્ણશબ્દ વર્તતેય પરંતુ ય ઉકતં તાતચરણેઃ તદૈવ શ્રીકૃષ્ણ રાધાકૃષ્ણે ચરણારવિંદે શરણં ભવ ॥" ઈતિ શ્રીગોકુલનાથકૃતા અષ્ટાક્ષરવિવૃતિ ।॥ ૧ ॥ [૨૩૫]

આ હસ્તપ્રત એક ભરૂચી વૈષ્ણવના સંગ્રહમાંની છે અને શ્રીગોકુલનાથજીની અન્ય ટીકાઓના સામાન્ય હાર્દને તે અનુસરતી છે એટલે આ ટીકાને શ્રીગોકુલનાથજીની કૃતિ તરીકે સ્વીકારવામાં કોઇ વાંધો જણાતો નથી.

આ કૃતિ લગભગ ત્રણેક પાના જેટલી લાંબી છે અને કેટલાક સ્થળે સમજવી મુશ્કેલ લાગે છે. દા.ત. "શ્રીકૃષ્ણ શરણે સદૈવ એત મષ્ટાક્ષરે ભવતિ" અને "આવણસ્યૈએશ્વર જ્ઞાયતે યથા શકિતત્વં ઉચ્યતે" એવાં વાકયો સમજવાં મુશ્કેલ જણાય છે.

આ ટીકા પ્રારંભમાં તત્ત્વજ્ઞાનની વિવિધ પદ્ધતિઓ પર ટીકા કરે છે અને પછી શ્રીમદ્ વલ્લભાચાર્યના પ્રાદુર્ભાવના અને બ્રહ્મસંબંધના રહસ્યને સમજાવે છે. મુખ્ય નોંધપાત્ર મુદ્દો આ છે : ગદ્યમંત્ર કૃષ્ણના "વિરહાત્મક" સ્વરૂપનું નિરૂપણ કરે છે જયારે અષ્ટાક્ષર મંત્ર કૃષ્ણના "રસાત્મક" સ્વરૂપનુ નિરૂપણ કરે છે. અષ્ટાક્ષર મંત્રમાં પ્રયોજાયેલો "શ્રી" શબ્દ આનો નિર્દેશ કરે છે.

બીજી એક નાની પુસ્તિકા શ્રીગોકુલનાથજીની લખેલી કહેવાય છે. તેનું શીર્ષક છે : "જપપ્રકાર અથવા મહાવાકયશરણમંત્ર વ્યાખ્યાનં।" આ ટીકા-પુસ્તિકાની હસ્તપ્રતો [૨૩૬] કાંકરોલી, નાથદ્વારા અને કામવનમાં ઉપલબ્ધ છે. આ પુસ્તિકા સાદી અને સરલ છે પણ કેટલાક સ્થળે અશુદ્ધિ જણાય છે. તેમાં બે મંત્રો એટલે પંચાક્ષર-મંત્ર (કૃષ્ણ તવાસ્મિ) અને અષ્ટાક્ષર મંત્ર એટલે આઠ અક્ષરોવાળો મંત્ર (શ્રીકૃષ્ણઃ શરણં મમ) કેવી રીતે ઉચ્ચારવો- તેનો જપ કરવો તે દર્શાવેલ છે. તે પુસ્તિકા કહે છે કે પ્રથમ મંત્રનું ફલ "સર્વાત્મભાવ" ની પ્રાપ્તિ કરાવે છે જયારે બીજા મંત્રનાં બે ફળો છેઃ પ્રભુની પ્રસન્નતા અને ભકતને સર્વોચ્ચ ફળનું દાન કરવું અને બીજું ફળ છે આસુરી પ્રકૃતિનો વિનાશ

સંદર્ભ નોંધઃ ૨૩૪ જિલ્લો ખેડા, ગુજરાત મધ્યેના કપડવંજના પારીનાથજી માધવજીના હસ્તપ્રતોના સંગ્રહમાં આ હસ્તપ્રત ઉપલબ્ધ છે.

સંદર્ભ નોંધઃ ૨૩૫ આ હસ્તપ્રત અત્યંત ભૂલો ભરેલી છે.

સંદર્ભ નોંધઃ ૨૩૬ કાંકરોલી મધ્યેના વિદ્યાવિભાગમાં એક હસ્તપ્રત છે (સંસ્કૃત વિભાગ ક્રમાંક ૫૪/૯૩) તેમાં ઉપર "શ્રીગોકુલનાથજી કૃત" એવો શબ્દો લખેલા જોવા મળે છે. ૯ ૧/૨"x ૫" ના કદના એવાં તેનાં ચાર પૃષ્ઠ છે. કામવન મધ્યેના દેવકીનંદન પુસ્તકાલય અને નાથદ્વારાના પુસ્તકાલયની યાદીઓમાં "મહાવાકયમ્ શરણમંત્ર વ્યાખ્યા" નામની એક કૃતિનો ઉલ્લેખ થયો છે અને તે શ્રીગોકુલનાથજી લિખિત હોવાનું દર્શાવેલ છે મને તે હસ્તપ્રતો જોવા ઉપલબ્ધ થઇ નહોતી પરંતુ તે કાંકરોલીની હસ્તપ્રત જેવી જ હોવા સંભવ છે. ત્યાં વ્રજભાષામાં લખાયેલી એક કૃતિ છે. (કાંકરોલી હસ્તપ્રત ક્રમાંક ૯૦ / ૨ પૃ. ૧૬૮) જે ચર્ચા હેઠળની કૃતિના સારાંશરૂપે છે અને તેનું નામ છે "જપપ્રકાર"

કરવો. પ્રથમ મંત્ર ભગવાનની પ્રતિમા-વિગ્રહ સમક્ષ ભકતે બેસીને ભણવો અને નિજ-મંદિરની બહાર હોય ત્યારે પરોક્ષમાં ભણવો જોઇએ-ઉચ્ચારવો જપ કરવો પડે. આ પુસ્તિકા કહે છે કે, ભકતે આ મંત્રોના જપ કરતી વખતે ભગવાન કૃષ્ણની સર્વ લીલાઓનું વિનમ્રભાવે સ્મરણ કરવું અને વિરહાનુભવ કરવો ઘટે.

આ બન્ને ટીકા-પુસ્તિકામાં નવું કંઇ જ કહેવાયું નથી અને કદાચિત્ તેથી જ લોકોમાં તેની વ્યાપક જાણકારી નથી.

૨. ગદ્યમંત્ર પર ટીકા

પુષ્ટિમાર્ગમાં પ્રવેશાર્થે આપવામાં આવતા દીક્ષાના બે મંત્રો છે એક અષ્ટાક્ષર મંત્ર છે જેને "નામમંત્ર" કે "શરણમંત્ર" કહે છે અને બીજો મંત્ર છે "ગદ્યમંત્ર" જેને "નિવેદનમંત્ર", સમર્પણ મંત્ર કે "બ્રહ્મસંબંધ" મંત્ર પણ કહે છે. પહેલો મંત્ર છે તે ભકતને નવધા ભકિત કરવાને યોગ્ય બનાવે છે, જયારે બીજો મંત્ર તેને ભગવત્ સેવા કરવાને યોગ્ય બનાવે છે.

કહેવાય છે કે, એક વખત દૈવીજીવો ક્ષુદ્ર ભૌતિક જીવનને પોતાના મૌલિક સ્વરૂપનું વિસ્મરણ કરીને ભોગવવામાં રત થઇ ગયા હતા, તે જોઇને તેમનો ઉદ્ધાર કેવી રીતે કરવો તે અંગે ઊંડી ચિંતામાં નિમગ્ન શ્રીમદ્ વલ્લભાચાર્ય થઇ ગયા હતા. તે દિવસ હતો શ્રાવણ સુદ ૧૧નો અને સમય હતો મધ્યરાત્રિનો. તે વખતે ભગવાન ગોવર્ધનનાથજી શ્રીમદ્ વલ્લભાચાર્ય સમક્ષ સ્વયં પ્રગટ થયા અને આપશ્રીને ગદ્યમંત્ર આપ્યો તથા આજ્ઞા કરી કે, શ્રીમદ્ વલ્લભાચાર્યે જીવોને શરણમાર્ગની મંત્રદીક્ષા આપવી. ભગવાને આજ્ઞા કરી કે, આવી દીક્ષા જીવોને ભગવાનનું મિલન પ્રાપ્ત કરાવશે અને ભગવાનની સેવા કરવાને - પૂજા કરવાને યોગ્ય બનાવશે. આ પ્રસંગની નોંધ શ્રીમદ્ વલ્લભાચાર્ય દ્વારા લિખિત સિદ્ધાંત - રહસ્ય ગ્રંથમાં જોવા મળે છે. વળી ભગવાને એવી પણ આજ્ઞા કરી કે, શ્રીમદ્ વલ્લભે આ અંગે કોઇ ચિંતા કરવી નહિ અને મંત્ર આપી જીવોને સ્વયંને ભગવાનને શરણે સમર્પિત થઇ જવા ઉપદેશ આપવો. આથી શ્રીમદ્ વલ્લભાચાર્યના મુખેથી સહસા ઉચ્ચારણ દ્વારા આ મંત્ર પ્રગટ થયો.

આ મંત્ર ગુપ્ત પ્રકારનો છે અને જાહેરમાં તે ઉચ્ચારવામાં આવતો નથી અને વળી સ્નાનાદિ કર્યા વિના તથા અપરસ-અસ્પર્શાવસ્થા સિવાય પણ ઉચ્ચારવામાં આવતો નથી. આ મંત્રનો સારાંશ એ છે કે, હે ભગવાન કૃષ્ણ, હું જીવ આપનાથી હજારો વર્ષથી વિખૂટો પડી ગયો છું અને હું આપનાથી કયારે વિખૂટો પડી ગયો છું તેનું હવે તો મને સ્મરણ પણ રહયું નથી. આથી, હવે હું આપને સર્વવસ્તુ જેને મારી ગણું છું તેની સાથે મારી જાતને સંપૂર્ણ સમર્પિત કરું છું અને આપનો શરણાગત થાઉં છું. હું આપનો દાસ છું. આમ આ રીતે આ મંત્ર એટલે સંપૂર્ણ સમર્પણભાવ અને ભગવાનની ઈચ્છાને સંપૂર્ણપણે આધીન પોતાની જાતને કરવી. આ મંત્ર આ રીતે[૨૩૭]

સંદર્ભ નોંધ: ૨૩૭ પોંડિચેરીના અરવિંદ આશ્રમમાં શ્રીમાતાજી દ્વારા ગાન કરાતી રાધાજીની સ્તુતિનું હાર્દ પણ તેના જેવું જ છે, એમ જોવા મળે છે. શ્રી અરવિંદ ઘોષનો ઉપદેશ વિઠ્ઠલનાથજીના ઉપદેશને મળતો આવે છે. મેં કેટલાક લોકોને તેને નવીન-વૈષ્ણવમત કહેતાં સાંભળ્યાં છે. રાધાજીની સ્તુતિની કેટલીક પંકિત આ પ્રમાણે છે :-

"હે મા ! હું તને પ્રથમ દૃષ્ટિએ ભગવાન - મુજ જીવનના દાતા એવા ભગવાન તરીકે જાણતો હતો અને મારી સ્તુતિનો સ્વીકાર કરવા વિનંતી કરતો. મારા વિચારો, મારી સર્વે લાગણી તારી દીધેલ છે અને મારા હૃદયના સર્વ ભાવો એ તારા જ દીધેલા છે - તેમાં એક પણ બાકાત નથી અને સંપૂર્ણતયા તારું જ દાન છે. તું ઇચ્છીશ એવો જ હું થઇશ. તું મને જીવન કે મૃત્યુ, સુખ કે દુઃખ જે કંઇ માટે પસંદ કરીશ અને આપીશ - જે સર્વ કંઇ આપીશ તે સર્વને હું આવકારીશ. તારી આપેલી દિવ્ય ભેટને હું મારું પરમ સૌભાગ્ય સદાસર્વદા ગણીશ."

પુષ્ટિમાર્ગના રહસ્યને - હાર્દને દર્શાવે છે. મેં ગદ્યમંત્ર પરની પાંચ ટીકા જોઇ છે. તેમાંની ચાર[૨૩૮] શ્રીગોકુલનાથજી, વ્રજાભરણજી, હરિરાયજી અને ગિરિધરજી કૃત છે અને એક[૨૩૯] એવી છે જેના લેખકનું નામ સ્પષ્ટપણે દર્શાવતી નથી, તે ટીકાના અંતમાં એક નોંધ છે તે કહે છે કે, તેના લેખક ક્યાં તો શ્રીગોકુલનાથજી કે વલ્લભજી લેખવાળાં કે પછી કોઇ લક્ષ્મણ ભટ્ટ હોઇ શકે. ઉપરોકત પાંચ ટીકા પૈકી શ્રીગોકુલનાથજી સિવાયની ટીકાઓ એકદમ ટૂંકી છે અને ખાસ કોઇ મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરતી નથી.

શ્રીગોકુલનાથજીની ટીકા ગોકુલેશ વાક્સુધામાં છપાયેલી જોવા મળે છે. વ્રજાભરણજી કહે છે કે, ભગવાન કૃષ્ણ "યુગલસ્વરૂપ" છે અને તેથી આ બે મંત્રો છે, તેમાંનો પ્રથમ મંત્ર સર્વ વૈષ્ણવો માટે છે, જયારે બીજો મંત્ર શ્રીવિઠ્ઠલનાથજીના અંતરંગ અને પ્રિય એવા શિષ્યોને-ભકતોને માટે છે. તેઓ શ્રીમદ્ ભાગવત અને સુબોધિનીજીમાંથી મંત્રો લઇ તેના શબ્દો ટાંકીને મંત્રને સમજાવે છે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીને નમસ્કાર કરી બન્ને મંત્રોનો અત્યંત ધીમેથી ઉચ્ચારણ કરવું આવશ્યક છે અને ત્યારબાદ તે મંત્ર શીખવાડનાર ગુરુ તે મંત્ર વિધિવત્ શિષ્યને - ભકતને આપે છે. ગિરિધરજી કંઇ વિશેષ કહેતા નથી, પરંતુ નોંધે છે કે, મંત્રમાં શ્રીગોકુલનાથજીએ "શ્રીગોપીજનવલ્લભાય" એવા શબ્દો ઉમેર્યા છે અને પછી મંત્રનો ઉદ્દેશ દર્શાવે છે.

પુરુષોત્તમજીએ ગદ્યમંત્ર પર ટીકા લખી નથી, પરંતુ તેમણે સિદ્ધાંત-રહસ્ય પરની ટીકામાં, ગદ્યમંત્ર દ્વારા થતું સમર્પણ શ્રીમદ્ ભાગવતમાં કહેલા સમર્પણથી કેવી રીતે જુદું પડે છે તેની ચર્ચા કરી છે. પુરુષો અને સ્ત્રીઓ બન્નેએ શા માટે સમર્પિત થવું જોઇએ તે અને "દારા" શબ્દનો અર્થ પણ સમજાવ્યો છે.

શ્રીગોકુલનાથજીની ટીકા ગદ્યમંત્ર પરની જે છે તે અત્યંત લાંબી અને સૌથી પહેલાં લખાયેલી ઉપલબ્ધ છે અને તે મંત્રનો સાચો અર્થ કહે છે. આપશ્રીએ સ્પષ્ટતાપૂર્વક વિધાન કરતાં કહયું છે કે, આ મંત્ર ભગવાન દ્વારા ઉપદેશ કરાયેલો છે.[૨૪૦] મંત્રના પ્રત્યેક શબ્દનો અર્થ અને તેની યોગ્યતાને આપશ્રીએ સમજાવી છે. આપશ્રી કહે છે કે, ગદ્યમંત્રમાં "સંવત્સર" શબ્દને બદલે "પરિવત્સર" શા માટે પ્રયોજવામાં આવ્યો છે. આપશ્રી પ્રથમ દૃષ્ટિએ એમ પણ પ્રશ્ન ઉઠાવે છે કે શું મંત્રમાં પ્રયોજાયેલ શબ્દ "તાપકલેશ" એ શું સાંસારિક બાબતોને દર્શાવે છે ? અને આપશ્રી તેનો ઉત્તર આપતાં તુરંત સ્પષ્ટતા કરે છે કે, એ સાચું નથી, પરંતુ "તાપકલેશ" શબ્દ જે મંત્રમાં પ્રયોજાયેલો છે તે સર્વથા ભગવાનથી થયેલા વિરહને દર્શાવે છે. આવા વિરહનો અનુભવ ભગવાન દ્વારા સ્વીકાર પામેલા ભકતોને જ થાય છે. ટીકાકાર કહે છે કે, "દેહે. . . . . તદ્ધમાંશ્ચ" અને "દારાગાર. . . . મરાણિ" એવા મંત્રના શબ્દો "અહંતા" અને "મમતા" ની ભાવયુકત સર્વ ચીજ-વસ્તુનો નિર્દેશ કરે છે અને તે સર્વ ભગવાનને સર્વથા સમર્પણ કરવી એવો

સંદર્ભ નોંધઃ ૨૩૮ નડિયાદના શ્રી પી. ટી. કવિની હસ્તપ્રતમાંથી મેં વાંચી હતી જેનું સ્વરૂપ નોંધ પોથીનું (૧) ગોકુલનાથજીની ટીકા- ૫૬ પાનાં (૨) વલ્લભની ટીકા -૧૦ પાના) (૩) હરિરાયજીની ટીકા -૧૦ પાના (૪) વ્રજાભરણજીની ટીકા -૧૦ પાના અને (૫) ગિરિધરજીની ટીકા-૧૬ પાનાની છે.
આ ટીકા એક પ્રકાશિત પુસ્તકમાંથી ઉતારેલી છે, જે આજે ઉપલબ્ધ નથી.
શ્રીગોકુલનાથજીની ટીકા ગોકુલેશ વાક્સુધામાં ઉપલબ્ધ છે.

સંદર્ભ નોંધઃ ૨૩૯ સરખાવો- "ભાવિતં શ્રી વલ્લભેન ઈતિ શ્રી વલ્લભાયિનદેવનાધેય કૃતિમતા નિવેદિતં ગદ્યાર્થનિરૂપણં। એજન -પૃ.૧૦ વળી સરખાવો- "અસ્ય ન વિવરણસ્ય પ્રાચીનપ્રતાનુસારેણ પ્રણેતાર શ્રીગોકુલનાથા વા શ્રીવલ્લભાલેતકૃતો નવપુસ્તકાનુસારેણ સેવાફલરિત્યા અસ્ય કર્તા લક્ષ્મણભટ્ટો વા તન્નિશ્ચેતું નૈવ શકનુમઃ।" એજન - પૃ-૧૧

સંદર્ભ નોંધઃ ૨૪૦ સરખાવો- "તત્કથમિતિ પ્રકારજિજ્ઞાસાયાં ભગવદુપદિષ્ટ શ્રીમદાચાર્યસમર્પણગદ્યાર્થો વિચાર્યતે।"
-ગોકુલેશ વાક્સુધા-પૃ.૧૦૩

નિર્દેશ કરે છે. આપશ્રી "અપરં" શબ્દનો ખાસ મૌલિક અર્થ એવો કરે છે કે તેને 'પરલોક'ને દર્શાવે છે એમ સમજવું જો જીવ પુણ્ય કરે, તો તેને પરલોક કે અન્યલોકમાં જવું પડે અને તેથી ભગવાનની નિશ્રા-પ્રાપ્તિ થવામાં વિલંબ થાય છે.

આથી બધા ગુણો પણ ભગવાનને સમર્પિત કરવાં જોઈએ. ગદ્યમંત્રમાં અહમ્ શબ્દ બે વખત પ્રયોજાયેલો છે અને શ્રીગોકુલનાથજી સાચે જ કહે છે કે,પ્રથમ 'અહમ્' શબ્દનો અર્થ "હું એટલે કે હું-પદપૂર્ણ અને બીજીવાર પ્રયોજાયેલ 'અહમ્' નો અર્થ "હું -પદથી સંપૂર્ણ રહિત" થાય એમ સમજવું કારણ કે જીવાત્મા પોતાનું સર્વકાંઈ ભગવાનને સમર્પિત કરે છે અને પછી કહે છે "દાસોઽહં કૃષ્ણ તવાસ્મિ"

શ્રીગોકુલનાથજીએ અન્ય જ્ઞાનના માર્ગો અને પુષ્ટિમાર્ગ વચ્ચેના તાત્ત્વિક-ભેદને દર્શાવ્યો છે.[૨૪૧] પ્રથમ કહેલા માર્ગો મનોનિગ્રહ અને ઈન્દ્રિયોના નિગ્રહ વગેરે સાધનો કરવા કહે છે જ્યારે બીજો કહેલો માર્ગ એટલે કે પુષ્ટિમાર્ગ સમર્પણ ભાવ પર આધારિત છે, જેમાં ભગવાનની સેવા પ્રેમપૂર્વક કરવી એવું કહ્યું છે અને જે જીવાત્માને પંચપર્વા અવિદ્યામાંથી મુક્તિ પ્રદાન કરે છે. આપશ્રી કહે છે કે સમર્પણ થવું એ ગાયત્રી-મંત્રના વિધિ જેવો જ ધાર્મિક સંસ્કારના સિંચન કરવાનો વિધિ છે. તેમાં ઉત્થાનની નિસરણીનાં સોપાન આ પ્રકારોનાં છેઃ-

સમર્પણ- સેવાધિકાર-પ્રેમ આસક્તિ
વ્યસન-અભ્યાસનિવૃતિ-ફલ [૨૪૨]

આ ટીકામાં, આપશ્રીએ ભક્તિવર્ધિની ગ્રંથના શ્લોકમાં આવતા બીજભાવ શબ્દની ચર્ચા કરી છે અને ભક્તિવર્ધિની ગ્રંથ, સંન્યાસ-નિર્ણય ગ્રંથ અને તત્ત્વદીપનિર્ણયમાં જે કહેવાયું છે તેમની વચ્ચેની સંગતિ દર્શાવી છે. તેમાં આપશ્રીએ સ્પષ્ટપણે કહ્યું છે કે, ભગવાનની સેવા -પૂજા કરવા માટે વર્ણાશ્રમનો ત્યાગ કરવાની કોઈજ આવશ્યકતા નથી.[૨૪૩]

એક મહત્ત્વનો નોંધવા જેવો મુદ્દો એ છે કે, શ્રીગોકુલનાથજીએ ગદ્યમંત્રની ટીકા લખતી વખતે મૂળ ગદ્યમંત્રમાં જે નહોતો એવો એક શબ્દનો "શ્રી ગોપીજનવલ્લભાય"નો પાછળથી ઉમેરો કર્યો છે. 'છ ગૃહો'[૨૪૪] ના ભક્તો ગદ્યમંત્રનો પાઠ કરતી વખતે આ શબ્દ બોલતા નથી જ્યારે "ચતુર્થ ગૃહ" ના ભક્તો મંત્રનો પાઠ કરતી વખતે આ શબ્દનો તેમાં સમાવેશ કરે છે. શ્રીગોકુલનાથજી આ શબ્દને એટલે કે "શ્રીગોપીજનવલ્લભાય"નો ઉચ્ચાર મંત્રનો જ એક ભાગ કહે છે અને "કૃષ્ણાય" શબ્દના વિશેષણરૂપે વિનિયોગ થયો છે જે અર્થને વધારે સ્પષ્ટ કરે છે.

શ્રીગોકુલનાથજીના મતાનુસાર 'ગોપીજનવલ્લભાય' એ શબ્દનો થયેલો વિનિયોગ શ્રીકૃષ્ણના પ્રેમભાવ એટલે કે "શૃંગારરસરૂપત્વં" ને દર્શાવવા માટે છે અને "શ્રી" શબ્દ ગોપીઓને દશાવવા માટે થયો છે અને તે વધુમાં એવું સૂચન કરવા માટે છે કે ભગવાન પ્રેમના પરમદેવ છે-સ્વામી છે અને તેમને શરણાગત સંપૂર્ણતયા થઈએ તો ભગવાન સાથે જીવનું મિલન સર્વથા થાય છે અને બીજાં કોઈ સાધન કરવાની આવશ્યકતા રહેતી

સંદર્ભ નોંધઃ૨૪૧ જુઓ-ગોકુલેશ વાક્સુધા-પૃ.૧૦૬ અને ૧૦૭

સંદર્ભ નોંધઃ૨૪૨ સરખાવો -પુષ્ટિમાર્ગે સ્વસર્વસ્વ નિવેદનપૂર્વકં સેવાપ્રવૃત્તો તત્રૈવ દેહાદિ વિનિયોગે પ્રેમોત્પત્યાતદ્વિષયકા ધ્યાસનિવૃત્તિસ્તતો બિગાઢભાવેન દેહાવસાને સાક્ષાદ્ભજનાનંદાનુભવઃ । -ગોકુલેશવાક્સુધા-પૃ-૧૦૭

સંદર્ભ નોંધઃ૨૪૩ સરખાવો "વર્ણાશ્રમધર્મત્યાગો ભગવત્સેવોપયોગિનાં સ્વસ્ય ગૃહાદીનાં વ દોષાભાવાયાં" ગોકુલેશવાક્સુધા- પૃ.૧૧૦

સંદર્ભ નોંધઃ ૨૪૪ શ્રીવિઠ્ઠલનાથજીને સાત લાલજી હતા તેમાં શ્રીગોકુલનાથજી ચતુર્થ લાલજી હતા. શ્રીવિઠ્ઠલનાથજી લીલામાં પધાર્યા પછી સાતેય લાલજી જુદા પડ્યા અને તેમણે પોતપોતાની અલગ ગાદી- પીઠ સ્થાપી શ્રીગોકુલનાથજીના ભક્તોને 'ચતુર્થ ગૃહ'ના કહેવામાં આવે છે અને બીજાના ભક્તોને "છ ગૃહ" ના કહેવામાં આવે છે.

નથી.[૨૪૫] આથી કદાચ એવી શંકા ઉત્પન્ન થાય કે, તો પછી શ્રીગોકુલનાથજીએ પવિત્ર ગદ્યમંત્રમાં આ શબ્દનો ઉમેરો શા માટે કર્યો?

આના બચાવરૂપે એવું કહીશકાય કે, આપશ્રીએ "કૃષ્ણ" શબ્દને વધુ સ્પષ્ટ કરવાના આશયથી આમ કર્યું હોય અને વળી મંત્રમાં આવતો "કૃષ્ણ" એ "ગોપીજનવલ્લભ" એટલે કે ગોપીઓનોજ સ્વામી છે. અને નહિ કે શ્રીમદ્ વલ્લભાચાર્યનો અને/ અથવા તેમના વંશજોનો.[૨૪૬] પરંતુ એ હકીકત છે કે, મંત્રમાંનો ઉક્ત શબ્દ એ મંત્રનો ભાગ નથી એવું કોઈ સ્થળે આપશ્રીએ વિધાન કર્યું નથી. આ ગદ્યમંત્રની બાબતમાં આમ કેમ કર્યું તે મુદ્દો આથી એટલે કે વધુ કોઈ જાણકારીના અભાવે અસ્પષ્ટતાને કારણે અનિર્ણીત રહે છે. શું શ્રીગોકુલનાથજીએ ગદ્યમંત્રને કોઈ અન્ય સ્વરૂપ આપ્યું હતું?[૨૪૭]

ગદ્યમંત્ર પર લખાયેલી એક નાનકડી અન્ય ટીકા છે જે શ્રીગોકુલનાથજી લિખિત હોવાનું કહેવાય છે.[૨૪૮] તેમાં પ્રથમ સંક્ષિપ્તમાં બ્રહ્મ શું છે-કેવો છે એ વિશે ચર્ચા થયેલી છે અને ગદ્યમંત્ર કઈરીતે અસ્તિત્વમાં આવ્યો તે દર્શાવ્યું છે. ત્યાર બાદ, મંત્રનો અર્થ કહી તે સમજાવ્યો છે. આ ટીકામાં કંઈ નોંધનીય જણાતું નથી.

મંત્રની બાબતમાં એક અન્ય મુદ્દો નોંધનીય છે. એમ.ટી.તેલીવાળા પોતાનો અભિપ્રાય આપતાં કહે છે કે, મૂળમંત્ર "કૃષ્ણતવાસ્મિ" એટલો જ હતો અને તે પૂર્વેના શબ્દો આખા મંત્રના શ્રીવિઠ્ઠલનાથજી દ્વારા ઉમેરાયેલા હતા.[૨૪૯] પરંતુ આ અભિપ્રાયના સમર્થનમાં કોઈ પ્રમાણ ટાંકવામાં આવેલું નથી. ન તો શ્રીગોકુલનાથજીએ કે અન્ય કોઈ ટીકાકાર આ બાબતમાં કંઈ કહે છે.

સંદર્ભ નોંધઃ ૨૪૫ **સરખાવો**- "તેન પૂર્ણશૃંગારસાત્મકે કૃતેનાત્મ નિવેદનેનૈવ સંયોગરસ્યાપિ પ્રાપ્તિર્ભવતિ ન તદર્થ સાધાનાન્તરાપેક્ષેતભાવઃ। ગોકુલેશ વાક્સુધા -પૃ-૧૦૪

સંદર્ભ નોંધઃ ૨૪૬ ધી એનસાઈકલોપીડિઆ ઑફ રીલીજીઅન્સ અને અથિકલે અવળી રજૂઆત કરતાં લખેલું છે - "પ્રથમ જે સમર્પણ કરાય છે તે ગુરુને કરાય છે જેના દ્વારા તે કૃષ્ણને અને એ ગુરુ કૃષ્ણનો પ્રગટ અવતાર મનાય છે- વોલ્યુમ-૧૨-પૃ.૫૮૧-૮૫૨

સંદર્ભ નોંધઃ ૨૪૭ હું કેટલાક ભરૂચી વૈષ્ણવોને રૂબરૂમાં જઈ મળ્યો હતો અને મેં તેમને પ્રશ્ન કર્યો હતો કે, શું મંત્રમાં એ શબ્દ ઉમેર્યો હતો?

મને ઉક્ત પ્રશ્નના ઉત્તરમાં જાણવા મળ્યું હતુ કે શ્રીગોકુલનાથજીનો સ્વહસ્તાક્ષરવાળો મંત્ર વલ્લભઘાટ ગોકુલ અને ભરુચ મધ્યે સંગ્રહાયેલો છે અને બે બન્ને સ્થળોના સંગ્રહ પૈકી એકમાં પણ ઉક્ત શબ્દ, મંત્રમાં ઉમેરાયેલો નથી. શ્રીગોકુલનાથજીના સ્વહસ્તાક્ષરોમાં લખાયેલો મંત્ર જોવાની કોઈ તક મને મળી નહોતી અને તેથી આ બાબતની ખરાઈ વિશે હું કોઈ અભિપ્રાય આપી શકું તેમ નથી.

સંદર્ભ નોંધઃ ૨૪૮ મે કપડવંજ (જિલ્લો ખેડા) મધ્યે "સમર્પણ વિવૃતિ"ની ટીકાની હસ્તપ્રત વાંચી હતી. મેં આ અંગે પારિનાથજી માધવજીના સંગ્રહ (ભાગ-૧૦) માં હસ્તપ્રત જોઈ હતી. આ હસ્તપ્રત ભૂલભરેલી છે. ટીકાના અંતે નીચેની પંક્તિ લખી છે. "તત્રૈવ સર્વાલીલાનંદરૂપા અદ્વિતીયા તત્ર મદીયગમન ભવેતિ પ્રાર્થના કૃષ્ણ તવાસ્મિ। ઈતિ દીનતાપુર્વકં મમ કુત્રાપિ દષ્ટિચાંચલ્યં ન વર્તતે સર્વ સમર્પિતં ઈદાનિ કૃપા વિધેયા મમોપરિ કૃષ્ણ ફલાત્મકે ભગવતીતિ સમર્પણવિધિઃ ઈતિ શ્રીગોકુલનાથ કૃતા સમર્પણ વિવૃતિઃ સમાપ્તા।

સંદર્ભ નોંધઃ ૨૪૯ **સરખાવો** -"વૈષ્ણવોને આપવામાં આવતી મંત્ર દિક્ષા અત્યંત સાદી અને સરલ છે જે શ્રીમદ્ વલ્લભાચાર્ય સુબોધિનીજીમાં ક્યાંક લખી છે.-હે કૃષ્ણ ! હું તારો છું-કૃષ્ણ તવાસ્મિ. ભગવાને સ્વયં શ્રીમદ્ વલ્લભાચાર્યને આપેલી આ મંત્રદીક્ષા સામાન્ય પ્રકારની જણાય છે. પરંતુ સંપ્રદાયના વ્યાવહારિક હેતુસર અમને એમ લાગે છે કે, આ મંત્રની દીક્ષાને ગંભીર પ્રતિજ્ઞા-સંકલ્પનું સ્વરૂપ આપવાની આવશ્યકતા જણાતાં શ્રીવિઠ્ઠલેશ્વરે ગદ્યમંત્રમાં (સહસ્ર...તવાસ્મિ) સેવા શબ્દો તેને સમજાવવા સરલતા ખાતર ઉમેરી મંત્રની ભાષામાં સુધારો કર્યો હોય એ શક્ય છે. શ્રી કે.એમ.ઝવેરીકૃત શાહીફરમાનો -શ્રીવિઠ્ઠલેશ્વર અને વિદ્વન્મંડન પૃ-૧૩ શ્રી તેલીવાળા કૃત વિઠ્ઠલનાથનું જીવન ચરિત્ર

૩. શ્રીમદ્ ભાગવત અને સુબોધિનીજીના કેટલાક શ્લોકો પર લખાયેલી સ્વતંત્રપુસ્તિકાઓ

શ્રીગોકુલનાથજીએ શ્રીમદ્ ભાગવતના કેટલાક શ્લોકો અને સુબોધિનીજીના કેટલાક શ્લોકો પર સ્વતંત્ર લેખો લખ્યાનું કહેવાય છે. હરિરાયજીએ આપશ્રીની લખેલી "અર્થતત્ત્વ વિવૃતિ" નો ઉલ્લેખ કર્યો[૨૫૦] છે. અને "સુબોધિની પ્રશ્નટીકા" પણ આપશ્રીની લખેલી હોવાનું કહે છે. પરંતુ આ લેખો આજે ઉપલબ્ધ થતા નથી. કદાચ, આવાં નામવાળાં શીર્ષકો, આપની કોઈ લેખ-પુસ્તિકાઓના હશે નહિ, પરંતુ શ્રીમદ્ ભાગવત અને સુબોધિની પરના કેટલાક લેખોનો ઉલ્લેખ અહીં-તહીં આપશ્રીનાં વચનામૃતોમાં થયેલો જોવા મળે છે અને સર્વોત્તમસ્તોત્ર પરની બડી ટીકામાં પણ તેમનો ઉલ્લેખ જોવા મળે છે.[૨૫૧] આથી આ બાબતની પરિસ્થિતિમાં હાલ આપણી પાસે એવું કોઈ પ્રમાણ નથી કે, શ્રીગોકુલનાથજીએ શ્રીમદ્ ભાગવત અને સુબોધિનીજી પર ચોક્કસ કેટલા સ્વતંત્ર લેખો લખ્યા હતા તે વિશે આપણે કંઈ કહી શકીએ.

શ્રીગોકુલનાથજી સ્વયં ગાયત્રી ભાષ્યમાં[૨૫૨] આપશ્રીના લખેલ સ્વતંત્ર લેખો પૈકી એકનો ઉલ્લેખ કરે છે આ સ્વતંત્ર લેખ શ્રી ગોકુલનાથજીની વિચારધારાને અને આપશ્રીની સમજાવવાની રીતને સમજવામાં અત્યતં સહાય કરે છે. સંભવતઃ (ભાગવત-સ્કંધ-૧૦-૧૮-૧૧) નો શ્લોક "ધન્યાસ્તુ મૂઢમતયઃ ...."પરનો એ લેખ છે.[૨૫૩]

આપશ્રી કહે છે કે, પુષ્ટિમાર્ગમાં મર્યાદામાર્ગના નિયમોનું અનુપાલન કરવાનું થતું નથી. આમ કરવાથી કોઈ દોષ થતો નથી. બલકે તે તો પુષ્ટિમાર્ગની શોભારૂપ શણગાર છે.[૨૫૪] મર્યાદામાર્ગ પ્રમાણે પશુ અને પંખીઓને ભાવનાવિહીન, બુદ્ધિહીન ગણવામાં આવે છે. પરંતુ પુષ્ટિમાર્ગમાં તો તેમને સર્વથા એવાં ગણવામાં આવતાં નથી.[૨૫૫] વળી, આપશ્રી સુપેરે સમજાવે છે કે, કૃષ્ણની ભક્તિ પુષ્ટિમાર્ગીય ભક્ત કેવી પૂર્ણ પ્રેમથી સેવા પૂજા કરે છે અને મર્યાદામાર્ગીયની પૂજા-રીતિથી કેવી રીતે તે શ્રેષ્ઠ છે?

કલ્યાણ ભટ્ટ કહે છે કે, "મણિધરઃ કવચિદાગણયન્" એ ભાગવતના દશમ સ્કંધના ૩૨મા અધ્યાયના શ્લોક ૧૯૫૨ શ્રીગોકુલનાથજી એ સ્વતંત્ર લેખ[૨૫૬] લખ્યો હતો, પરંતુ આજે એ લેખ અપ્રાપ્ય છે.[૨૫૭] વળી એવું પણ કહેવાય છે કે, શ્રીગોકુલનાથજીએ "ક્રિયા સર્વાપિ સર્વત્ર .... સ્ફૂટમ્।" એ સુપ્રસિદ્ધ શ્લોક પર લેખ લખ્યો હતો.[૨૫૮] આ લેખને શ્રીવિઠ્ઠલનાથજી કૃત ટિપ્પણીના[૨૫૯] એક ભાગ રૂપે છાપેલો જોવા મળે છે

સંદર્ભ નોંધઃ ૨૫૦ જુઓ -કરણ-૩- પાદટીપ ક્રમાંક ૪૫

સંદર્ભ નોંધઃ ૨૫૧ જુઓ- પોરબંદરની બડી ટીકાની હસ્તપ્રત પૃ-૧૫૨ જેમાં તાસામાવિરભૂચ્છૌરિઃ સ્મયમાનમુખામ્બુજઃ(ભાગવત સ્કંધ -૧૦-૨૯-૨)ની સમજુતિ

સંદર્ભ નોંધઃ ૨૫૨ જુઓ પ્રકરણ -૨ પાદટીપ ક્રમાંક -૧૦

સંદર્ભ નોંધઃ ૨૫૩ કાંકરોલીના વિદ્યાવિભાગની હસ્તપ્રતોની યાદીમાં શ્રીગોકુલનાથજીએ લખેલા કેટલાક લેખોનો ઉલ્લેખ છે. મને તે પૈકી એક લેખ જ જોવા મળ્યો હતો-જુઓ પરિશિષ્ટ-૧૦

સંદર્ભ નોંધઃ ૨૫૪ સરખાવો- "મર્યાદામાર્ગીયાંગાભાવોત્ર ભૂષણં ન તૂ દૂષણં...." "કાંકરોલીની હસ્તપ્રત-ક્રમાંક ૩૫/૨૧ પૃ.૨

સંદર્ભ નોંધઃ ૨૫૫ **સરખાવો-** "મર્યાદામાર્ગે.... મૂઢમતયઃ પુષ્ટિમાર્ગેઅમૂઢમતયઃ। અન્યથા અપિશબ્દવૈયથર્યાપત્તિઃ। એજન પૃ.૩"

સંદર્ભનોંધઃ ૨૫૬: -જુઓ-કલ્લોલ-૧૨-તરંગ-૯ શ્લોક ૧૯,૨૦

સંદર્ભ-નોંધઃ ૨૫૭ કાંકરોલીમાં એક હસ્તપ્રત છે જે પ્રશ્ન હેઠળના શ્લોક પરનો લેખ છે અને શ્રીગોકુલનાથજી લિખિત કહેવાય છે. પરંતુ મને તે મળ્યો ન હોતો.

સંદર્ભ નોંધઃ ૨૫૮ ભાગવતના દશમ સ્કંધના ૨૪મા અધ્યાય પર શ્રીવિઠ્ઠલનાથજી લિખિત સુબોધિનીજી અંતભાગ ૪ કારિકા છે.

સંદર્ભ નોંધઃ ૨૫૯ આનું સંપાદન સર્વશ્રી એમ.ટી.તેલીવાળા અને ડી.વી. સાંકળિયાએ ૧૯૭૭માં કર્યું છે.

અને શ્રી પુરુષોત્તમજીના વિધાનને આધારે[૨૬૦] તેને શ્રીગોકુલનાથજી લિખિત ગણવામાં આવે છે. આ વિધાનને ગોપાલદાસનું[૨૬૧] પણ સમર્થન પ્રાપ્ત થયું છે. આ લેખમાં શ્રીગોકુલનાથજી અત્યંત સ્પષ્ટપણે કહે છે કે ગોપીઓ સાથેની ભગવાને કરેલી રમણ-લીલામાં દેખાવમાં ભૌતિક આનંદમાં થતી ક્રિયાઓ જેવી જ ભાસતી હતી, છતાં તેમાં ભૌતિક કામભાવનાનો સર્વથા અભાવ હતો, કારણ કે ભગવાનને ભૌતિક કામભાવના હતી જ નહીં.[૨૬૨]

કહેવાય છે કે શ્રીવિઠ્ઠલનાથજીકૃત ટિપ્પણીમાં શ્રીગોકુલનાથજી દ્વારા કેટલોક ઉમેરો કરવામાં આવ્યો હતો પણ આવા ઉમેરા કરેલા ભાગોને ટિપ્પણીમાંથી અલગ તારવીને કાઢી શકીએ એવાં કોઈ પ્રમાણો આપણને મળતાં નથી.[૨૬૩]

— — — — — — — — x — — — — — x — — — — — — x — — — — — —

ઉપર્યુક્ત અભ્યાસ શ્રીગોકુલનાથજીના ઉપલબ્ધ ગ્રંથ -રચનાઓનો સંક્ષિપ્તમાં છે. બધીજ ગ્રંથ-રચનામાં આપશ્રીની કથન અને લેખન - શૈલી એક જ પ્રકારની જોવા મળતી નથી. કેટલાંક સ્થળોએ, આપશ્રીની કથન શૈલી પ્રવાહી હોય છે અને લેખન-શૈલી સાદી અને સરલ જણાય છે, પરંતુ ઘણી બધી જગ્યાએ., આપશ્રી ભાષ્યની વિશદ શૈલીને અનુસરે છે, લાંબાલચક સમાસોનો ઉપયોગ કરે છે અને આપશ્રીની ટીકાને સમજવી મુશ્કેલ બની જાય છે.

શુદ્ધાદ્વૈત સંપ્રદાયના મૂળ તત્ત્વોનું તલસ્પર્શી વિવેચન આપશ્રી આપની ટીકામાં કરે છે. કેટલાંક સ્થળોએ આપશ્રી તલસ્પર્શી વિવેચન આપની ટીકામાં કરે છે તો વળી, કેટલાંક સ્થળોએ આપશ્રી વ્યુત્પત્તિશાસ્ત્રનો આધાર લઈને સમજૂતી આપે છે અને પોતાના મતનું સમર્થન કરે છે. આપશ્રીની ટીકામાં આપશ્રી જેમને ગુરુ માને છે એવા શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીના ગ્રંથોનું સુપેરે સમજાવે છે અને તેમના સાચા લક્ષ્યાર્થનું નિરૂપણ કરે છે.

પ્રમાણોનાં સાધનોની બાબતમાં શ્રીગોકુલનાથજી શ્રીમદ્ વલ્લભાચાર્યને અને ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, ગીતા અને ભાગવત એમ ચારને અધિકૃત ગણે છે. આપશ્રી વૈદિક અધિકૃત ગ્રંથોની ઉપેક્ષા કરતા નથી, પરંતુ ગીતા અને ભાગવત[૨૬૪] કે જેને વેદનું ફળ ગણવામાં આવે છે. તેમાંથી લઈને પ્રમાણો આપશ્રી ટાંકે છે.

સર્વોત્તમસ્તોત્ર પરથી બડી ટીકા અને ગદ્યમંત્ર પરની ટીકા, ગાયત્રી ભાષ્ય, 'અસ્મત્ કુલમ્' અને 'ગુપ્તરસ' એ સર્વને શુદ્ધદ્વૈત સાહિત્યમાં આપનું વિદ્વત્તાપૂર્ણ પ્રદાન કહી શકાય.

સંદર્ભ નોંધઃ ૨૬૦ સરખાવો - "અત્ર કારિકાવ્યાખ્યાનં ટિપ્પણી પુસ્તકેષુ દશ્યતે તત્ પાળ્ડુલિખને નાસ્તીતિ શ્રીગોકુલનાથાનાં તત્ પ્રતિભાતિ, લેખરીત્થાપિ તર્થતિ ચે શ્રીપુરષોત્તમા : । એજન પૃ-૧૦૯ પાદટીપ વળી, જુઓ-સંપાદકશ્રી લિખિત પ્રસ્તાવના પૃ-૩"

સંદર્ભ નોંધઃ ૨૬૧ સરખાવો- "દસમતણે અધ્યાય છબ્બીસ જયાહાં સમાપ્તે
શ્રી આચાર્યજીને કારકિયાત્યાંહાં "॥૧૪૪॥
પાંચ કારિકા છે. તે મધ્યે પહેલી જેહ
ક્રિયા સર્વપિસેવાત્ર છે હે તે હૈ ॥૪૫॥
....એક કારિકા તણું અ લસીન અલોક ॥૧૪૭॥
રસિક સ્વારૂપે રસાવેશ થઈન લખ્યું નિજદાસનિ
રક્ષાહિતે પ્રગટ....ભાખ્યું ॥ ૧૪૮॥ ગોપાલદાસઃ તૃતીય તરંગ મંગલ-૧૨"

સંદર્ભ નોંધઃ ૨૬૨: સરખાવો "યદિ ભક્તાનાં લૌકિક કામ સ્યાતહર્યલોકિકેન ભગવત્કામેન પૂર્ણો ન સ્યાત્, તયોઃ પરસ્પરમૈક જાતિયત્વાભાવાત્ । ટિપ્પણી -પૃ-૧૦૯"

સંદર્ભ નોંધ -૨૬૩: કહેવાયછે. શ્રીગોકુલનાથજીએ (સુબોધિનીજી દસમસ્કંધ -અધ્યાય -૩૬- શ્લોક ૩૨ની 'પંક્તિ" "બહિર્મુખાઃ હિ ધર્મશાસ્ત્રાજ્ઞાઃ" પર લેખ લખ્યો છે તેમાં આપશ્રીએ કહ્યું છે કે દેહધર્મ કરતાં આત્મધર્મ વધારે મહત્ત્વનો છે. કમનસીબે, મને આ લેખ જોવા મળ્યો નથી.

સંદર્ભ નોંધ - ૨૬૪: સરખાવો - નિગમતરોર્ગલિતં ફલં ......ભાગવત સ્કંધ -૧-૧-૩

પ્રકરણ - ૩ (બ)

વાર્તા-સાહિત્ય

(૧) વાર્તા-સાહિત્ય :

વ્રજભાષામાં લખાયેલી કૃતિઓ જે વાર્તાઓના નામે જાણીતી છે, તે બહુધા શ્રીગોકુલનાથજીની લખેલી છે એવું કહેવાય છે. શીર્ષક હેઠળ, સામાન્ય રીતે, નીચે દર્શાવેલી કૃતિઓનો સમાવેશ થાય છે :-

(૧) ૮૪ વૈષ્ણવોની વાર્તા
(૨) ૨૫૨ વૈષ્ણવોની વાર્તા
(૩) ભાવસિંધુ
(૪) નિજ - વાર્તા
(૫) ઘરુ - વાર્તા
(૬) બેઠક ચરિત્ર
(૭) શ્રીમહાપ્રભુજી કી પ્રાકટ્ય વાર્તા
(૮) શ્રીનાથજી કી (અથવા શ્રી ગોવર્ધનનાથજીકી) પ્રાકટ્ય વાર્તા
(૯) શ્રીગોસ્વામીજી કી પ્રાકટ્ય કી વાર્તા (અથવા નિજવાર્તા)
(૧૦) શ્રીગોપીજી કી નિજ-વાર્તા
(૧૧) વન-વાર્તા

આ તમામ કૃતિઓ વ્રજભાષામાં લખાયેલી છે.

(૨) ૮૪ વૈષ્ણવ અને ૨૫૨ વૈષ્ણવની વાર્તાઓ અને તેના લેખકો

આ કૃતિઓ પૈકી પ્રથમ બે અત્યંત મહત્ત્વની છે અને પુષ્ટિમાર્ગના ઇતિહાસમાં મહત્ત્વનો ભાગ તેમણે ભજવ્યો છે અને તે આજેપણ ભજવી રહી છે શ્રીમદ્ વલ્લભાચાર્યના અને શ્રીવિઠ્ઠલનાથજીનાં અનુક્રમે ૮૪ અને ૨૫૨ વૈષ્ણવ-ભકતોના જીવન પ્રસંગોનું નિરૂપણ કરતી વાર્તાઓના સંગ્રહો તે છે. આ બધી વાર્તાઓમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીના પોતે પ્રસંગોના કથન દ્વારા પોતે તેમના ભકતો-શિષ્યો કઇ રીતે અને કયારે બન્યા અંને પોતે ભગવાનની સેવા કેવી રીતે કરતા અને તેમને તેમના જીવન-કાળ દરમ્યિાન કેવા કેવા ગૂઢ ભગવદાનુભવ અને આધ્યાત્મિક અનુભવ થયા તે કહે છે.

આ કૃતિઓના લેખક વિશે હિંદી-સાહિત્યમાં વિવાદ સર્જાયો છે. આચાર્ય ચંદ્રબલી પાંડે, ડૉ. ધીરેન્દ્ર વર્મા, આચાર્ય રામચંદ્ર શુકલ, ડૉ. નાતાપ્રસાદ ગુપ્તા અને અન્ય વિવેચકોએ વાર્તાઓના લેખકો વિશે પોતાની શંકા વ્યકત કરી છે અને કહયું છે કે, શ્રીગોકુલનાથજી આના રચયિતા હોઇ શકે નહીં. આ બધા વિવેચકોએ "રચિયતા" "કથક" અને "લેખક" શબ્દોને વધતા-ઓછા અંશે સમજવામાં ભૂલ કરી છે. આ આખા પ્રશ્નની હરિન્દ્રનાથ ટંડને તેમના લખેલા મહાનિબંધમાં સંપૂર્ણતયા છણાવટ કરી છે. ઉકત મહાનિબંધનું નામ છે "વાર્તા-સાહિત્યનું[1] વિસ્તૃત અધ્યયન" અને તેમણે તેમાં એ સિદ્ધ કર્યું છે કે, આ વાર્તાઓના મૂળ લેખક - રચયિતા શ્રીગોકુલનાથજી જ છે. તેઓ લખે છે :

"સંક્ષેપ મેં ચૌરાસિ, નિજ-વાર્તા, ઘરુ-વાર્તા કે રચયિતા શ્રીગોકુલનાથજી હૈ તથા દો સો બાવન કિ વાર્તા કે ભી મૂલ રચયિતા વહી હૈ । કેવલ પૂરક હરિરાયજી હૈ । જિન્હોને સ્વતંત્રરૂપ સે ઇન વાર્તાઓ કા ભાવનાત્મક

સંદર્ભ નોંધ: ૧ જુઓ પૃ. ૨૦૮ - ૨૩૦

સંસ્કરણ પ્રસ્તુત કિયા હૈ।”[૨]

કેટલાક મહત્ત્વના મુદ્દાઓની અલબત્ત અહીં નોંધ કરીએ:-

શ્રીગોકુલનાથજી સમર્થ પિતાના સમર્થ પુત્ર હતા. વિઠ્ઠલનાથજી નિત્યલીલામાં પધાર્યા તે પછી, ઘણા વૈષ્ણવો શ્રીગોકુલનાથજીની આસપાસ માર્ગદર્શન માટે વીંટળાઇ રહયા. હંમેશા તે બધા આપશ્રી પાસેથી ધાર્મિક ઉપદેશ લેવા સાંજે અને રાતના સમયે આવતા અને આપશ્રીએ પુષ્ટિમાર્ગના હાર્દને સમજાવવા તથા શ્રીમદ્ વલ્લભાચાર્ય અને વિઠ્ઠલનાથજીના અને તેમના ભકતોના જીવન-પ્રસંગો વિશે કહેવા વિનંતિ કરતા. આથી આવા પ્રસંગો વખતે, શ્રીગોકુલનાથજી વૈષ્ણવો વિશે વાર્તાઓ અને શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજી જીવન-પ્રસંગો વિશે કહેતા અને પુષ્ટિમાર્ગીય જીવન-પદ્ધતિ વિશે તેમને ઉપદેશ આપતા આ બધા ઉપદેશોને પદ્ધતિસર સંગ્રહિત કરી તેને વાર્તાઓ અને વચનામૃતો ઇત્યાદિ નામો આપવામાં આવ્યાં હતાં.

આ સંપ્રદાયમાં એક ઉકિત એવી છે કે, એક શિષ્ય આ વાર્તાઓ સાંભળીને ઘરે ગયા પછી તેની નોંધ કરતો-લખી લેતો હતો. એક વખત, શ્રીગોકુલનાથજીએ કોઇ એક વૈષ્ણવનો જીવન-પ્રસંગ બીજીવાર કહેતાં તે શિષ્યે વિનંતી કરતાં કહયું કે, આપશ્રીએ વાર્તા આ અગાઉ કહેલી જ છે. આથી ત્યારે શ્રીગોકુલનાથજીએ તેને પ્રશ્ન કર્યો કે તને આ વાત યાદ કઇ રીતે આવી ? ત્યારે તે શિષ્યે કહયું કે, ઘરે ગયા બાદ આપશ્રીની કહેલી વાર્તા તે લખી લેતો અને અવાર-નવાર તે વાંચતો હતો. શ્રીગોકુલનાથજીને ભગવદીયોના આવા ગૂઢ અનુભવોની વાર્તાનું આ પ્રકારે લેખન કરવામાં આવે તે ગમ્યું નહીં. કારણકે આવી લખેલી વાર્તાઓ અનધિકારી અને અશ્રદ્ધાવાન લોકોના હાથમાં કોઇક દિવસે સંભવ છે કે જાય! કહેવાય છે કે, તે દિવસથી આપશ્રીએ વૈષ્ણવોની વાર્તા કહેવાનું બંધ કર્યું હતું.

આ વાતમાં સત્ય જે કંઇ હોય તે, પરંતુ એક વાત ચોકકસ થાય છે કે, આ વાર્તાઓના મૂળ રચયિતા શ્રીગોકુલનાથજી છે અને આપશ્રીને તેનું લેખન થાય તે ગમ્યું નહોતું. આપશ્રીની ઇચ્છા એવી હતી કે, તે લેખિત સ્વરૂપે અનધિકારી હાથોની પહોંચથી બહાર રહે અને તેમની આ ઇચ્છાનું સમર્થન કરતું વિધાન પણ કાંકરોલી મધ્યેની એક હસ્તપ્રત જે વિક્રમ સંવત ૧૭૪૬ની જોવા મળે છે. તેમાં પ્રાપ્ત થાય છે, જેમાંથી એવું પણ જાણવા મળે છે કે, શ્રીગોકુલનાથજી ઉજજૈનના કૃષ્ણ ભટ્ટ દ્વારા મોકલાયેલી એક પોથી નિજની પાસે તાળા-કૂંચીમાં સુરક્ષિતપણે સાચવીને રાખતા હતા અને જયારે તેની નકલ પૂરી લખવામાં આવી ત્યારે આપશ્રીએ તેને ભગવદ્-ઇચ્છા માની-ગણી હતી.[૩] આપશ્રી આ વાર્તાઓ માત્ર અંતરંગ સેવકોને જ કહેતા હતા. પરંતુ ઉપર જણાવ્યા મુજબ કોઇકે તે લખી લીધી હશે. બીજી એક હસ્તપ્રત (ક્રમાંક : હિંદી ૯૮/૨) (વિ.સં. ૧૭૪૬) - કાંકરોલીના વિદ્યા વિભાગમાં છે અને તેમાં ૮૪ વાર્તાઓ, નિજ-વાર્તા, ઘરુ વાર્તા અને વળી ૨૫૨ વાર્તાઓમાંથી લીધેલી ચાર શાખાઓની વાર્તા જોવા મળે છે.[૪] આથી એવું સિદ્ધ થાય છે કે, શ્રીગોકુલનાથજીના જીવન-કાળ દરમ્યિાન ૮૪ વાર્તાઓનું વ્યવસ્થિતકરણ થયું હતું અને વૈષ્ણવો તેનું પૂજયભાવ તથા શ્રદ્ધાપૂર્વક પઠન-વાંચન કરતા હતા. ૨૫૨ વાર્તાની સૌ પ્રથમની હસ્તપ્રતની ઉપલબ્ધ આવૃત્તિ વિક્રમ સંવત ૧૮૦૪ ની સાલની[૫] છે, પણ આ વાર્તાઓમાં વર્ણવેલા પ્રસંગો[૬] વિક્રમ સંવત ૧૭૯૬ અને ૧૭૪૬ની હસ્તપ્રતોમાં જોવા મળે છે અને ચાર શાખાઓની વાર્તાઓ જેમાં છે તે કાંકરોલીની

સંદર્ભ નોંધ - ૨ : હરિહરનાથ ટંડન - વાર્તા સાહિત્ય પૃ. ૧૩૩

સંદર્ભ નોંધ - ૩ : સરખાવો - “ગોપ્યવસ્તુ પ્રગટ લઇ ભગવદિચ્છા માની” - એચ ટંડન - વાર્તા સાહિત્ય પૃ. ૧૩૭.

સંદર્ભ નોંધ - ૪ : એજન-પૃ. ૧૩૯ વળી જુઓ કાંકરોલીની હસ્તપ્રત ક્રમાંક : ૯૨/૧ (હિંદી) વિક્રમ સંવત ૧૮૪૧ની જેમાં માત્ર ૧૩૧ વાર્તાઓ શ્રીમદ્ વલ્લભ અને વિઠ્ઠલના શિષ્યોની આપી છે.

સંદર્ભ નોંધ - ૫ : જુઓ - ૨૫૨ - વૈષ્ણવનકિ વાર્તા (સંપાદક : ડી. પરીખ) ભાગ-૩, વિશ્લેષાત્મક અધ્યયન - પૃ. ૯.

સંદર્ભ નોંધ - ૬ : સરખાવો - એચ. ટંડન કૃત વાર્તા-સાહિત્ય - પૃ.૧૩૫ વળી જુઓ - કાંકરોલીની હસ્તપ્રત ૯૨/૧ (હિંદી)-વર્ષ ૧૮૪૧ની જેમાં શ્રીમદ્ વલ્લભ-વિઠ્ઠલના શિષ્યોની ૧૩૧ વાર્તાઓ છે.

હસ્તપ્રત વિ.સં. ૧૬૯૭ની[૭] છે. ૨૫૨ વાર્તાઓના કેટલાક પ્રસંગો શ્રીગોકુલનાથજીના વચનામૃતોમાં જોવા મળે છે. કદાચિત્, ૨૫૨ વાર્તા જે હાલમાં ઉપલબ્ધ છે તેનું લેખન હરિરાયજી (વિ.સં. ૧૬૪૭-૧૭૭૨) દ્વારા થયું છે, કારણ કે તેમણે ૨૫૨ વાર્તાઓ તેમજ ૮૪ વાર્તાઓ પર એક ટિપ્પણી લખી છે, જેનું નામ છે ભાવ-પ્રકાશ.

વાર્તા સાહિત્યના લેખક - રચયિતા બાબતમાં આપણને બીજાં પ્રમાણો પણ જોવાં મળે છે.

(૧) શ્રીગોકુલનાથજીએ સંસ્કૃત ભાષામાં ૮૪ વૈષ્ણવોની યાદી જે શ્રીગોકુલનાથજી કૃત નામાવલીને નામે જાણીતી છે,તે લખેલી છે.

(૨) વિક્રમ સંવત્ ૧૭૨૯ ની રચના સાલ દર્શાવતું "સંપ્રદાય-કલ્પદ્રુમ"માં ઉલ્લેખ કરાયેલ શ્રીગોકુલનાથજીની કૃતિઓમાં "વલ્લભ વિઠ્ઠલ વાર્તા" નામની કૃતિનો[૮] ઉલ્લેખ થયો છે જેમાં શ્રીમદ્‌વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીના ભકતોની વાર્તાઓ આપેલી છે.

(૩) વલ્લભાષ્ટક પરની ટીકામાં અને સર્વોત્તમસ્તોત્રમાં શ્રીગોકુલનાથજીએ કૃષ્ણદાસ અને પદ્મનાભદાસના જીવન-પ્રસંગોને અનુક્રમે કહયા છે.[૮અ]

(૪) રસખાને ૮૪ વૈષ્ણવોના નામની યાદી વ્રજભાષામાં લખેલી છે અને તે પોતે શ્રીવિઠ્ઠલનાથજીનો શિષ્ય હતો તે વાત સુપ્રસિદ્ધ છે અને તેને પુષ્ટિમાર્ગીય મંત્રદીક્ષા વિક્રમ સંવત ૧૬૩૦ ની આસપાસમાં આપવામાં આવી હતી.

(૫) વિષ્ણુદાસ છીપા - (આશરે ૧૫૭૦-૧૬૮૦ વિ.સં.) એ "ચૌરાસિ વૈષ્ણવ કે ચોસરા" લખી છે જેમાં તે કહે છે કે "ચૌરાસિ મહાભાગ નિજજન કે વિમલ ગુન ગાઇએ"

(૬) નાભદાસ લિખિત ભકતમાલામાં ૮૪ અને ૨૫૨ વૈષ્ણવો પૈકીના જાણીતા ૩૪ વૈષ્ણવોનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. ભકતમાલાની રચના સાલ આશરે ૧૬૪૦-૮૦ વિક્રમ સંવત છે.

(૭) દેવકીનંદનજી જેમનો જન્મ વિ.સં. ૧૬૩૪ માં થયો હતો તેઓ તેમની "પ્રભુ-ચરિત-ચિંતામણિ" નામક કૃતિમાં કહે છે કે, શ્રીગોકુલનાથજી શ્રીમદ્ વલ્લભાચાર્ય[૯] અને શ્રીવિઠ્ઠલનાથજીના જીવન-પ્રસંગો કહેતા હતા. તેમની આ કૃતિની રચના સાલ આશરે વિ.સં. ૧૬૬૦ છે.

(૮) સુપ્રસિદ્ધ કવિ અને "અષ્ટસખા" પૈકીના એક પદ્મનાભદાસે લખેલું એક પદ છે (જેનો આરંભ "પ્રાત: સમે ઊઠી કરીયે શ્રી લક્ષ્મણસુત ગાન" એ પંકિતથી થાય છે) તેમાં તેઓ કહે છે કે, "શ્રીગોકુલનાથ પ્રકટ કિયો માર્ગ બખાન" પદ્મનાભનું અવસાન વિક્રમ સંવત ૧૬૪૦ કે ૧૬૪૧ થયું હતું. આથી એવું ફલિત થાય છે કે, વિ.સં. ૧૬૪૧ સુધીમાં તો શ્રીગોકુલનાથજી તેમનાં વચનામૃતો અને વાર્તાઓ દ્વારા પુષ્ટિમાર્ગના પરમ પથદર્શક તરીકે વૈષ્ણવોમાં સુપ્રસિદ્ધ થઈ ચુકયા હતા.

(૯) યદુનાથ કૃત "વલ્લભ-દિગ્વિજય" નામની રચના જે વિ.સં. ૧૬૫૮માં લખાઇ હોવાનુ કહેવાય છે તેમાં વર્ણવેલા કેટલાક પ્રસંગો આપણને "વાર્તાઓ"માં જોવા મળે છે.[૧૦]

સંદર્ભ નોંધ-૭ : એજન - પૃ. ૧૩૯

સંદર્ભ નોંધ-૮ : સરખાવો - "વલ્લભ વિઠ્ઠલ વારતા પ્રકટ કોન નૃપમાન"-સંપ્રદાયકલ્પદ્રુમ પૃ.૧૪૦-૪૨.

સંદર્ભ નોંધ-૮(અ) : જુઓ - વલ્લભાષ્ટકના શ્લોક ક્રમાંક ૮ પરની ટીકા અને સર્વોત્તસ્તોત્રના શ્લોક ૨૩ પરની ટીકા (ગોકુલેશ વાક્સુધા - પૃ. ૧૦૦ અને ૫૭ અનુક્રમે)

સંદર્ભ નોંધ-૯ : સરખાવો - "તદપિ ભગવત્સેવાપરૈઃ શ્રીગોકુલનાથૈઃ શયનભરેગસેવોત્તરલબ્ધ ગાધાવસરૈઃ સુબોધિન્યાદિના શ્રી ભગવત્કથાકથનાન્યરં શ્રીમદાચાર્યતદાત્મજચરિતકથા નિત્યનિયમેન પરિગૃહિતા વકતું । - પ્રભુચરિત ચિંતામણિઃ ।- શ્રી એચ. ટંડનના વાર્તા-સાહિત્યમાંથી પૃ. ૫૨ ઉપરથી ટાંકેલ

સંદર્ભ નોંધ-૧૦ : સરખાવો - વળી શ્લોક સાથે - "ચતુરસીતિસ્તદ્‌ભકતા આહુર્યાસ્તુ તત્કથા : ।" - વલ્લભ - દિગ્વિજય । - શ્રી એચ. ટંડન દ્વારા તેમની વાર્તા-સાહિત્ય - પૃ. ૧૨૦ પરથી ટાંકેલ.

(૧૦)પ્રાચીન-વાર્તા-રહસ્ય કહે છે કે, આ વાર્તાઓ વિ.સં. ૧૬૪૨ પછી અને વિ.સં. ૧૬૪૫ પૂર્વે રચાયેલી છે, કારણ કે તે નોંધે છે - "કહાનબાઇની વાર્તામાં શ્રીગોકુલનાથજી યજ્ઞ કરવા માટે શ્રીગિરિધરજી કને સંપત્તિ માગે છે- તે બતાવે છે કે તેઓ જુદા થયા[૧૧] પહેલાં વાર્તાઓ રચાઇ હશે." શ્રીગોકુલનાથજી અને તેમના સૌથી મોટાભાઇ ગિરિધરજી વિ.સં. ૧૬૪૫ માં જુદા થયા હતા.[૧૨]

(૧૧)ગોપાલદાસ લિખિત "પ્રાકટ્ય સિદ્ધાંત" (મંગલ ત્રીજા અને ચોથામાં) વિઠ્ઠલનાથજીના શિષ્યોના નામની એવી જ યાદી આપી છે. તેની રચના સાલ આશરે ૧૭૦૦ વિક્રમ સંવત છે.

આ કેટલીક હકીકતો એવી છે જે શ્રીગોકુલનાથજી જ આ વાર્તાઓના રચયિતા છે એવું સર્વથા પ્રમાણિત કરે છે. આ બધી વાર્તાઓના અંતભાગે "ગોકુલનાથજી કહતેં હૈ" વગેરે જેવા શબ્દો જે લખેલા જોવા મળે છે તે તેના લહિયાઓના ઉમેરેલા શબ્દો છે. ગોસ્વામી મહારાજો તે કાળે પોતાની પાસે લહિયાઓ રાખતા અને પોતાના ગ્રંથો-લેખો ઘણું ખરું પોતે બોલતા અને તે લહિયાઓ પાસે લખાવતા, અને તેથી તેમના સ્વહસ્તાક્ષરોમાં લખેલા ગ્રંથો અને તેમાંય તે વાર્તાઓ જે લખવામાં આવતી જ નહિ, પણ કહેવામાં આવતી-તેની બાબતમાં તો એ રચનાઓ ગોસ્વામી મહારાજોના હસ્તાક્ષરમાં લખેલી મળવાની આપણે જરાપણ આશા રાખી શકીએ નહિ એ સ્વીકારવું રહયું. આમ છતાં એક વાત ચોકકસ છે કે, ૮૪ વાર્તાઓ જે અર્વાચીન રૂપમાં અને ક્રમમાં જોવા મળે છે તે શ્રીગોકુલનાથજીના જીવન-કાળ દરમ્યાનની જ છે, કારણ કે "૮૪ વૈષ્ણવો"નો ઉલ્લેખ ઘણા બધા લેખકો દ્વારા કરાયો છે અને કાંકરોલીની વિક્રમ સંવત ૧૬૯૭ની એક હસ્તપ્રતમાં પણ તેનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. આપણે આવી જ ખાતરીપૂર્વક ૨૫૨ વાર્તાઓના કિસ્સામાં કહી શકીએ તેમ નથી, કારણ કે ન તો તે અંગેનું કોઇ પ્રમાણિત વિધાન જોવા મળે છે કે ન તો વિક્રમ સંવત ૧૬૯૭ની હસ્તપ્રત તે પૂર્વે લખાયેલી ઉપલબ્ધ છે. ૨૫૨ વાર્તા તેના આજના સ્વરૂપમાં જોવા મળે છે તે શ્રીગોકુલનાથજી નિત્યલીલામાં પધાર્યા ત્યારબાદ લખાયેલી હોય તે શકય લાગે છે, જો કે તેમાંની સર્વ કે પછી કેટલીક વાર્તાઓ આપશ્રીએ સ્વમુખે જીવન-કાળ દરમ્યાન કહી હોય એ પણ શકય છે.

આ વાર્તા-સાહિત્યની બાબતમાં આવો એક પ્રશ્ન સાહજિક થાય કે, શ્રીગોકુલનાથજીને આ બધા વિવિધ અને પ્રકારે કરીને સાવ ભિન્ન જણાતા પ્રસંગોની જાણકારી કેવી રીતે હતી ? આ પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે આપી શકાય. શ્રીગોકુલનાથજી નિજ પિતાના સતત સાન્નિધ્યમાં અને પિતા તથા પિતામહના ભકતોના સતત સંપર્કમાં રહયા હતા.[૧૩] શ્રીમદ્ વલ્લભ વિઠ્ઠલના સમયમાં પણ ઘણા વૈષ્ણવોની વાર્તાઓ પુષ્ટિમાર્ગમાં પ્રચલિત હતી. ગંગાધર ભટ્ટ કૃત વિક્રમ સંવત ૧૬૧૦માં લખાયેલ "સંપ્રદાય પ્રદીપ" માં એવા કેટલાક પ્રસંગો છે જે આપણને ૮૪ વાર્તાઓમાં જોવા મળે છે. શ્રીગોકુલનાથજીને આ સહાયકર્તા બની હોય. આથી આપશ્રીએ નિજ પિતાશ્રી પાસેથી અને તેમના ભકતો પાસેથી આ વાર્તા-પ્રસંગો જાણ્યા હશે એ સર્વથા શકય છે. વળી આપશ્રીની જ્ઞાન-પ્રતિભા અનન્ય અને અગાધ એવી હતી અને તેમની તેને આત્મસાત્ કરવાની શક્તિ પણ અગાધ અને ઉત્કટ હતી. આપશ્રીમાં શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોને ઉદાહરણો, દંતકથાઓ અને વાર્તાઓ દ્વારા શિષ્યોને શીખવવાની અદ્ભુત કલા અને નિરૂપણ શકિત હતી. આ હકીકતનું "વચનામૃત-સાહિત્ય" સાદ્યંત પ્રમાણ છે. આથી, શ્રીગોકુલનાથજી માટે આ વાર્તાઓની સામગ્રી વિવિધ સ્રોતોમાંથી મેળવવાનું અને વાર્તાઓને સુવ્યવસ્થિત કરવાનું અશકય નહોતું.

સંદર્ભ નોંધ - ૧૧ : સરખાવો - ભાગ -૧ પ્રસ્તાવના પૃ. ૭.

સંદર્ભ નોંધ - ૧૨ : જુઓ - કલ્લોલ ૩ - તરંગ - ૬૧

સંદર્ભ નોંધ - ૧૩ : સરખાવો - ૨૫૨ વાર્તાઓ-ભાગ-૨ પૃ. ૩૧૨ (સંપાદક : ડી. પરીખ) (નં.-૧૪૭) : "શ્રીગુસાંઇજી શ્રી મુખ તે કહે - ઐસે શ્રીગુસાંઇજી શ્રી મુખ તે આજ્ઞા દીની ।" આવાં વિધાનોથી એક હકીકત પુરવાર થાય છે કે, ૨૫૨ વાર્તાઓ પૈકીની કેટલીક વાર્તાના પ્રસંગો શ્રીગોકુલનાથજીના જીવનકાળ દરમ્યાન બન્યા હશે અને કેટલાક આપશ્રીએ પિતાશ્રી પાસેથી સાંભળ્યા હશે.

એક બીજો પ્રશ્ન પણ ઉઠાવી શકાય. શું શ્રીમદ્ વલ્લભાચાર્યના ૮૪ વૈષ્ણવ-ભકતો અને વિઠ્ઠલનાથજીના ૨૫૨ વૈષ્ણવ - ભકતો જ હતા ? વાસ્તવમાં આ ખરું નથી. ૮૪ વાર્તાઓમાં વૈષ્ણવોની સંખ્યા ૯૨ ની છે, પરંતુ તે ઘટાડીને ૮૪ ની કરવામાં આવેલી છે અને તેમ કરવામાં એક જ પરિવારના કેટલાક ભકતો એક સમૂહ લેખે ગણવામાં આવ્યા છે. ઉદાહરણ લેખે, તુલસામની વાર્તા (ક્રમાંક ૪)નો પદ્મનાભદાસમાં સમાવેશ કરાયો છે. તેવી જ રીતે, વાર્તા ક્રમાંક ૪૪ અને ૭૫ બે વ્યકિતઓને લગતી છે. પરંતુ તેને એક જ વૈષ્ણવ લેખેની ગણવામાં આવી છે. શ્રીગોકુલનાથજીની વૈષ્ણવ નામાવલીમાં પણ ૮૪ વૈષ્ણવોની સંખ્યા કરતાં વધારે દર્શાવવામાં આવી છે. જો આપણે તેમની દરેકની ગણના અલગપણે કરીએ તો તે મુજબ શ્રીમદ્ વલ્લભચાર્યના[14] ભકતોની સંખ્યા ઘણી વધારે થાય એવું પણ તેમાં કહેવામાં આવ્યું છે. તદુપરાંત, સૂરદાસની વાર્તામાં પણ એવું નિરૂપણ થયું છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્યે સૂરદાસના સર્વ શિષ્યોને પણ પુષ્ટિમાર્ગની દીક્ષા આપી શરણે લીધા હતા.[15] ૨૫૨ વાર્તાઓનો કિસ્સો પણ તેવો જ છે. આથી આ વાર્તામાંની વૈષ્ણવોની સંખ્યા જે દર્શાવાઈ છે તે મારા માનવા મુજબ તો, પુષ્ટિમાર્ગમાં એક યા બીજી રીતે જે વૈષ્ણવો જાણીતા બન્યા હતા અથવા તો જે વૈષ્ણવોને કંઈક અલૌકિક ભગવદાનુભવ થયો હતો તેમને જ, આ વાર્તાઓના વિષય લેખે સ્થાન આપવામાં આવ્યું છે.

વળી કોઈ એવો પણ પ્રશ્ન કરી શકે કે, શા માટે સંખ્યા ૮૪ અને ૨૫૨ ની કરવામાં આવી છે ? આ બાબતમાં હકીકત કંઈક એવી છે કે, સંખ્યા ૫, ૧૧, ૧૮ અને ૧૦૮ વગેરેની જેમ ૮૪ ની સંખ્યામાં પણ કંઈક રહસ્ય રહેલું છે. આ સંખ્યા જીવને મોક્ષ પામતા પહેલાં ૮૪ લાખ યોનિમાં જન્મ લઈને તેમાંથી પસાર થવું પડે છે તેનો એ નિર્દેશ કરે છે. શ્રીહરિરાયજીએ આ વાર્તાઓ અંગે "ભાવ-પ્રકાશ" નામનો ગ્રંથ લખ્યો છે જે "ત્રણ જન્મોની કથા-વાર્તાઓ" એ નામે લોકોમાં જાણીતી છે. ભાવ-પ્રકાશના આરંભમાં ૮૪ વાર્તાઓ વિશે તેઓ કહે છે :-

"ચૌરાસિ વૈષ્ણવન કો કારણ યહ હૈ, જો દૈવે જીવ ચોરાસિ લક્ષ યોનિ મેં પર હૈ, તિનમેં તે નિકાલિ વેકે અર્થ ચૌરાસિ વૈષ્ણવ કિયે । સો જીવ ચૌરાસિ પ્રકાર કે હૈ । ...... એક એક લક્ષયોનિ મેં તે એક એક વૈષ્ણવ નિર્ગુણ વગેરે કો ઉદ્ધાર ઈન વૈષ્ણવન દ્વારા કિયે ।

ઓર આચાર્યજી કે અંગ દ્વાદશ હૈ, સો સ્વરૂપાત્મક હૈ। એક એક અંગ મેં સાત સાત ધર્મ હૈ । ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય યે છહ ધર્મ, એક ધર્મી સાતમો । યહ પ્રકાર બારહ સતે ચૌરાસિ વૈષ્ણવ શ્રીઆચાર્યજી કે અંગરૂપ અલૌકિક સર્વ સામર્થ્ય રૂપ હૈ ।"[16]

શ્રીમદ્ વલ્લભાચાર્યના ૮૪ વૈષ્ણવ નિર્ગુણ છે જયારે વિઠ્ઠલનાથજીના ૨૫૨ વૈષ્ણવોમાં ૮૪ સાત્ત્વિક, ૮૪ રાજસિક અને ૮૪ તામસિક છે.[17]

ઉપરોકત અર્થઘટનો પછીથી થયાં લાગે છે. શ્રીગોકુલનાથજી આવાં અર્થઘટનો થાય એવું ઈચ્છતા હતા કે કેમ એ કહેવું મુશ્કેલ છે. આવાં બધાં અર્થઘટનો, આચાર્યોની તથા તેમના ભકતોની મહાનતાની વાંચકના મન પર છાપ પાડવા અને શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીના શિષ્યોની સાદી વાતોમાંથી એક પરંપરા પદ્ધતિનું નિર્માણ કરવા માટે થયાં છે.

ભકતો સાથે ભગવાનને વાતો કરતા અને રમત રમતા એવું જયાં વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રસંગોની બાબતમાં કોઈને તે બધું ઉપજાવી કાઢેલ અને બનાવટી છે એવું કહેવું સર્વથા ગમે. આ બધા આધ્યાત્મિક અનુભવો

સંદર્ભ નોંધ - ૧૪ : સરખાવો - "શ્રીમદાચાર્યભકતાનાં નામાનિ બહવસ્તથા - શ્રીગોકુલનાથજી કૃત નામાવલી શ્લોક-૧૭"

સંદર્ભ નોંધ -૧૫ : જુઓ-ચૌરાસિ વૈષ્ણવન કિ વાર્તા (સંપાદક-ડી.પરીખ (વિ.સં.-૨૦૧૦)-પૃ.૭૪૨

સંદર્ભ નોંધ -૧૬ : એજન - પૃ. ૧ અને ૨.

સંદર્ભ નોંધ - ૧૭ : જુઓ - ૨૫૨ વૈષ્ણવન કિ વાર્તા - (સંપાદક -ડી. પરીખ) ભાગ-૧ - પૃ. ૧.

છે અને તેથી સામાન્ય મનુષ્યની બુદ્ધિથી પર એટલે કે મર્યાદા બહારના છે. રહસ્યવાદ એ ધર્મનો જ અભિન્ન અંશ-ભાગરૂપ છે અને તેને ધર્મથી ભિન્ન કરી શકાય નહીં.[૧૮] એક ફ્રેંચ લેખકે એક વખત કહ્યું હતું કે, જે લોકો ઇશ્વરમાં માને છે તેમના માટે તેના કોઇ પ્રમાણની આવશ્યકતા રહેતી નથી અને જે લોકો ઇશ્વરમાં માનતા નથી તેમના માટે કોઇ પ્રમાણનો કોઇ જ અર્થ હોતો નથી. આવું સાહિત્ય, બધા જ ધર્મોમાં વત્તા - ઓછે અંશે હોય છે અને તે ઘણું ખરું અનુભવોના આધારે રચાયેલું હોય છે. જાતક - કથાઓ આનું એક ઉદાહરણ છે.

શ્રી હરિનાથ ટંડન "વાર્તા-સાહિત્ય" પરના સંશોધનાત્મક મહાનિબંધમાં કહે છે કે -

"ઇન (વાર્તાઓ) કે આદિ લેખક ઉજજૈન કે કૃષ્ણ ભટ્ટ હૈં, જીન કી પોથી કે આધાર પર હી ઇનકા વિસ્તાર હુઆ હૈ ।[૧૯] તેઓ એમ પણ કહે છે કે યહાં યહ નિર્વિવાદ રૂપ સે નિશ્ચય હો જાતા હૈ કિ ગદ્યવાર્તા કે સર્વ પ્રથમ લેખક શ્રીગોકુલનાથજી નહીં હૈં વરણ શ્રીકૃષ્ણ ભટ્ટજી હી હૈં, ઔર હિંદીગદ્ય કે આદિ લેખક યહ કૃષ્ણ ભટ્ટજી હી હૈં, શ્રીગોકુલનાથજી નહીં। ઇનકિ લિખિ પોથી સે પ્રભાવિત હોકર શ્રીગોકુલનાથજીને વાર્તા કે બૃહત્ સંસ્કરણ કી જો યોજના કી ઓર ઇનકે મહત્ત્વ કો બઢાયા વ માન્યતા દી ઇસસે યે હી ઉનકે આદિ લેખક માને ગએ હૈં ઔર શ્રીકૃષ્ણભટ્ટ કા નામ ઉસી પ્રકાર વિસ્મૃત હો ગયા હૈ જિસ પ્રકાર સુન્દર ભવન નિર્માણ કરનેવાલે કે સ્થાન પર ઉસકા સારા શ્રેય ઉસકા નિર્માણ કરાનેવાલે કો મિલ જાતા હૈ ।[૨૦]

આ નિર્ણય કાંકરોલીની હસ્તપ્રત (કાંકરોલી વિદ્યા વિભાગ : હિંદી હસ્તપ્રત ક્રમાંક : ૧૦૧/૧) ના નીચે દર્શાવેલા ફકરાના આધારે છે :-

"એક સમે ગોવર્ધનદાસ પરમભાગવત ઉત્તમ સોં ઉજજૈન મેં કૃષ્ણ ભટ્ટ કે ઘર આએ સો કૃષ્ણ ભટ્ટને આગો ભલો કીનો । ભોજન કીયો। ભોજન કરિકે બૈઠે તબ ભટ્ટજીને કહયો કુછ સુનાવો । રાત્રિ દિવસ વૈષ્ણવન કી વાર્તા કરેં સો કરતે કરતે તીન દિવસ તીન રાત્રિ બીતિત હો ગઇ । ચૌથી દિવસ દેહ કી સુધિ ભઇ તબ ભટ્ટાણીને ઉનકો સ્નાન કરવાયો મહાપ્રસાદ લીવાયો સો આજ્ઞા માંગી કે અપને દેશ કો ચલે। તબ કૃષ્ણ ભટ્ટને એ બાતેં લિખી સો દિન પ્રતિ ઈનકો પાઠ કરે। ઔર કોઉ ભગવદીય વૈષ્ણવ જાયે તાસોં કહે। યોં કરતે ભટ્ટ જુ કો સરીર થકયો । તબ ગોવિંદ ભટ્ટ બેટા સોં કહયો। બાબા યે પોથી અરુ જો ઘરકી સોંજ સબ શ્રીગોકુલ પઠઇયો। તદઉપરાંત ગોવિંદ ભટ્ટ શ્રીગોકુલનાથજી કે સેવક તો તબ શ્રીગોકુલ આએ તબ કૃષ્ણ ભટ્ટને શ્રીગોકુલનાથજી દિખાએ। જબ શ્રી ગુસાંઇજી પ્રસન્ન ભયે । ભટને શ્રીજી કે મનકી વૃત્ત જાંનિ। સો પ્રથમ નાઉં નિવેદન શ્રીવલ્લભને દિયો । શ્રીગુસાંઇજી કો આતે જાન્યો। સો ગોવિંદ ભટ્ટને બોહોત ભેટ પઠઇ । ભાંતિ ભાંતિ કે મનોરથ કિયે । સો એસે કરતે બોહોત વર્ષ બીતે। તબ નેત્રબલ ઘટયો। તબ વિચાર કિયો પોથિ શ્રીગુસાંઇજીને ભાગવત શ્રી સુબોધિની ટીકા ટિપણી સબ પોથી અરૂ ભેટ વૈષ્ણવ જબ ચલે તબ ઉનકી સૌંપી । કહી શ્રીવલ્લભ કે આગેધરિઓ અરૂ કહી બાપ કી વસ્તુબેટા પાવે। યે વૈષ્ણવ

સંદર્ભ નોંધ - ૧૮: વાંચો - "રહસ્યવાદ એ સત્ય અને મૂળ તત્ત્વને જાણવાનો - પામવાનો એક માર્ગ છે. જીવન અને આત્માની ખોજમાંથી રહસ્યવાદ ઉદ્‌ભવે છે..... તે જીવનનાં સત્ય અને અનુભવને પામવાનો માર્ગ છે." મહેન્દ્રનાથ સરકારની "ગીતામાંનો રહસ્યવાદ" એ કૃતિમાંથી - પ્રસ્તાવના પૃ. પાંચ - છ.
વળી વાંચો - "રહસ્યવાદ એ એવા પ્રકારનો ભગવદ્ ધર્મ છે જે તેના પ્રત્યેનો સાક્ષાત્ જાગરૂકતા પર ભાર મૂકે છે અને ભગવદાનુભૂતિની ઉપર પણ પ્રત્યક્ષ અને અંતરંગતા ભાર મૂકે છે. આ રીતે, તે પરમ ઉત્કટ અને જીવંત એવું ધર્મનું સ્વરૂપ છે.-" સ્ટડીઝ ઇન - મીસ્ટીકલ રીલીજીઅન - ઇન્ટ્રોડકક્ષન - પૃ. ૧૫ ઉકત પુસ્તકની પ્રસ્તાવના પૃ. ૬ માંથી ટાંકેલ

સંદર્ભ નોંધ - ૧૯ : સમાપના - ક્રમાંક ૧૮ પૃ. ૬૩૮

સંદર્ભ નોંધ - ૨૦ : એજન પૃ. ૩૫૩ અને ૨૩૦ પણ

ચલે સોં શ્રી ગોકુલ આયે । શ્રીગોકુલનાથજી કે આગે રખી ભેટ ઔર પોથી । જબ મહાપ્રભુને વાંચ્યો તબ હુદો ભરી આયો । અરૂ કહી યહ નિવેદન ગીતની કહી । તબ પોથી શ્રીહસ્તસોં ખોલી તબ બીચ છોટી ચોપરી નીકસી। તબ વાંચી ।। વાંચિકે આંલિ સોં લગાઇ । અરૂ હૃદય ભરી આયો । સો નિતગ્રંથ પાઠ કરતે તા પાછે ઓર કો પાઠ કરતે । એક વાર્તા અરૂ હોઈ બાંચિ કે પેટી મેં ધરી કે તારી મારી કે ભોજન કો પધારે । યોં કરતે બહુત વરસ બીતે તબ નેત્ર કો પ્રકાર ભયો । તબ શ્રી રાયજુ સોં કહી કો પોથી પેટી મેં હૈ સો[૨૧] લાઓ । તબ શ્રી રાયજુને પેટી ખોલ કર પોથી શ્રી હસ્ત મેં દાનો સો લીની । લેકરી નેત્ર સોં લગાઇ ફેરી રાયજુ કો દોનો રાયજુ ને પેટીમેં ધરી । સો નિત્ય યોં કરે સો એક દિવસ રાયજુ ને દેખી તબ નોકી લાગો । તબ ઇનકે પ્રિય શ્રી ગોપાલજી હુતે । સો બાત શ્રી રાયજુને કહી હમારે વૈષ્ણવન કી બાત હૈ । તબ શ્રીગોપાલજીને કહી કે દેખિયે । તબ ઇનન કહી, વહી દેખી ન જાએ । અન્નાજી બહુત જતન કરી રાખત હૈ । તારે મેં હૈ । ઔર મોં પાસ માંગત હૈ । તબ આન કે દેત હૈં । ફિર કે કહત હૈ ધરી તબ કહું । હાં જો જબ ભોજન કું પાઉં ધરત હૈ । તબ ફિર શ્રી ગોપાલજી ને કહી, તુમ એક કામ કરો । જબ ઉનકો દેત હો તબ તુમ કો યે ફિર દેત હૈં તબ ઇતની કરો આરે મેં ધરી કે પેટી મે તારો દીનો । અરૂ વે પૂછે તારો દિયો તબ કહિયો દિયો । તબ કહી જયો ભલો ફિર જબ દુસરો દીન શ્રીગોકુલનાથજીને માંગી તબ રાયજીને આયો દીની । તબ શ્રીજીને નેત્રસોં લગાય કે ફિર દોની । તબ રાયજીને આરે મેં ધરી પાછે ભોજન કો પધારે । શ્રીજુ તો ભોજન કરકે પૌઢે ।પાછે શ્રી રાયજુ તો ગોપાલજી કે ઘર પધારે । તબ પોથી ગોપાલજી કો દીની । તબ પોથી બાંચ બાંચ કર ગદ્ગદ્ કંઠ ભયે । પાછે નારાયણદાસ લેખક કો બુલાયો તબ પોથી લિખાઇ સો ઉન દો યે પ્રતિ કીનિ । એક ઉનકો દીની દુસરી લેખક કે પાસ રહી । સો ગોપાલજી રાયજીને જાની નાહીં । સૌ સનેહિન કે આગે કહે । સો વાકે એક ઔર સનેહિ રહે સો બાને આનેકે કહી તબ ઉનકો યહ લીખાયે દેહુ । તબ આય કે કહી તબ ઉન લીલા દીની । એસે પ્રતિ પાંચ સાત ભઇ । તબ ઇક પ્રતિ ધનજીભાઇ ચોપરા કે તિનિ દીસી । તબ શ્રીજી કે આગે બાત કહી । શ્રીજી ચોંકે ખોજ કિયો પરકા પૂછે । પાછે જાની જો રાયજુ કે કામ હૈ તબ કહયો ગોપ્ય વસ્તુ પ્રગટ ભઇ ભગવદિચ્છા માની । વાર્તા ૨૬[૨૨]

આ હસ્તપ્રત વિક્રમ સંવત ૧૭૪૬ની છે અને તેના અંતભાગે એવું લખેલું છે કે, ગોવિંદદાસ બ્રાહ્મણની હસ્તપ્રતમાંથી આની નકલ કરવામાં આવી છે.[૨૩] આ હસ્તપ્રતમાં કેટલાંક વાકયો વર્તમાનકાળમાં લખેલાં જોવા મળે છે, ઉદાહરણ લેખે - "સો શ્રી રઘુનાથજી કે સેવ્ય અબ હૈ ।" અને "શ્રીગોકુલનાથજી માથે સેવા બિરાજત હૈં ।"[૨૪] આના પરથી એવું ફલિત થાય છે કે, મૂળ હસ્તપ્રત શ્રીગોકુલનાથજીના જીવન-કાળ દરમિયાન લખાયેલી હતી.

નાની પુસ્તિકા કે જે શ્રીગોકુલનાથજીને મન અત્યંત મૂલ્યવાન હતી અને ભકિતભાવપૂર્વક જે દરરોજ વંચાતી અને તાળા -કુંચીમાં જેને રાખવામાં આવતી હતી પાછળથી તેમની જાણ બહાર તેની નકલ થઇ હતી.

શ્રીહરિહરનાથ ટંડન અને શ્રી દ્વારકાદાસ પરીખ[૨૫] માને છે કે, શ્રીગોકુલનાથજીએ ૮૪ અને ૨૫૨ વાર્તાઓ કૃષ્ણ ભટ્ટ કે જેમણે આ વાર્તા પૈકીની કેટલીકના સર્વ પ્રથમ લેખક છે તેમની પોથીના આધારે સંકલિત કરીને લખી અને પોતે તે વાર્તાઓ ભકતોને કહી હતી.

સંદર્ભ નોંધ-૨૧: આ શબ્દ "વિકાર" હોવો જોઇએ.
સંદર્ભ નોંધ-૨૨ : શ્રી એચ. ટંડન - "વાર્તા સાહિત્ય" - પૃ. ૧૩૬-૩૭ (કાંકરોલીની હસ્તપ્રત હિંદી - ૧૦૧ પૃ. ૬૫-૬૬)
સંદર્ભ નોંધ-૨૩ : સરખાવો - "વિક્રમ સંવત ૧૭૪૬ વર્ષ મીતિ સાંવણ શુદી-૭ સુકરે પોથી લીખી છે । પ્રતિ ગોવિંદદાસ બ્રાહ્મણનિ પોથી લખ્યું છે" - હસ્તપ્રત - પૃ. ૬૮
સંદર્ભ નોંધ-૨૪ : એજન - પૃ. ૧૫ અને ૨૭
સંદર્ભ નોંધ-૨૫ : સરખાવો - ૨૫૨ વૈષ્ણવન કિ વાર્તા ભાગ-૩ વિશ્લેષણાત્મક અધ્યયન-પૃ. ૫.

હું તો એવું માનું છું કે, હસ્તપ્રતના ઉપરોકત ફકરાને આધારે આવું અંતિમ તારણ કાઢી શકાય નહીં. તેનાં કારણો નીચે દર્શાવ્યા મુજબ છે :-

આ કારણો નીચે મુજબનાં છે :-

(૧) હસ્તપ્રતમાં શ્રીગોવિંદદાસની પોથીની તારીખ લખેલી જોવા મળતી નથી. જે વિક્રમ સંવત ૧૭૪૬ સાલ છે તે તો નકલ કર્યાની સાંલ દર્શાવે છે વળી નેત્રકો પ્રકાર (વિકાર ?) લખ્યું છે તેથી એવું લાગે છે કે, શ્રીગોકુલનાથજીના જીવન-કાળના અંતિમ વર્ષોમાં આ લખાઇ હશે.

(૨) ઉકત વાર્તા આપણને કૃષ્ણભટ્ટના અવસાનનું વર્ષ-તારીખ દર્શાવતી નથી અને ન તો એ દર્શાવે છે કે તેમની પોથી શ્રીગોકુલનાથજીને કયારે મોકલાઇ હતી. અલબત, "બહુત વરસ બીતે તબ નેત્રકો પ્રકાર (વિકાર ?) ભયો " એ શબ્દો જે વાંચવા મળે છે તે એવું દર્શાવે છે કે, ઉકત પોથી શ્રીગોકુલનાથજી જયારે આપશ્રી વયમાં એટલા વૃદ્ધ થયા ન હોતા ત્યારે આપશ્રીની પાસે પહોંચી હતી. શ્રી ટંડન કહે છે કે, પોથી શ્રીગોકુલનાથજી પાસે વિક્રમ સંવત ૧૬૫૮ પૂર્વે પહોંચી હતી, કારણ કે તે સમય દરમિયાન ૮૪ અને ૨૫૨ વાર્તાઓનું સ્વરૂપ ઘડતર થઇ ગયું હતું.[૨૬] પૃ. ૬૩૮ પર જે પછીથી કહેવામાં આવ્યું છે. તેનાથી તે વિધાન વિરોધી જણાય છે.

(૩) ગોવર્ધનદાસ કયારે ઉજજૈન ગયા હતા અને કૃષ્ણભટ્ટને વૈષ્ણવોની વાત કરી હતી જે ઉકત નાની પુસ્તિકાની વિષય-વસ્તુ બની હતી-તે ગોવર્ધનદાસ ઉજજૈન ગયા તેની જાણકારી પ્રાપ્ત નથી.

(૪) ગોવર્ધનદાસે આ વાર્તા-પ્રસંગો કયારે જાણ્યા હતા તે સમયની પણ જાણકારી પ્રાપ્ત નથી. એ વાત શકય છે કે, ગોવર્ધનદાસે તે વાર્તા-પ્રસંગોની જાણકારી કોઇ સર્વસામાન્ય સ્રોત દ્વારા મેળવી હોય, જેમ કે શ્રીવિઠ્ઠલનાથજી પાસેથી કે તેમના શિષ્યો પાસેથી કે પછી પુષ્ટિમાર્ગીયોમાં પ્રચલિત સામગ્રી દ્વારા આ વાર્તા-પ્રસંગોની જાણકારી પ્રાપ્ત કરી હોય.

(૫) કૃષ્ણ ભટ્ટની પોથી ઉપલબ્ધ થતી નથી, અન્યથા આ બાબતની તુલના કરી શકાઇ હોત.

(૬) હસ્તપ્રતનું લખાણ એવું સૂચવે છે કે, શ્રીગોકુલનાથજીને આ પોથીમાંની વાતોને ગુપ્ત રાખવી હતી. આથી એવું તો કેમ કહી શકાય કે, કૃષ્ણ ભટ્ટની પોથીના આધારે આપશ્રી તે વાર્તાઓ કહેતા કે પોથીમાં કહેલા વાર્તા-પ્રસંગોનું વિગતવાર નિરૂપણ કરતા હતા ?

આથી આપણે એવું નિશ્ચિત તારણ કાઢી શકીએ કે, વૈષ્ણવોના જીવનના વાર્તા-પ્રસંગો કેટલાક કૃષ્ણ ભટ્ટે લખ્યા હતા, પરંતુ તે તેમણે કયા વર્ષમાં લખ્યા હતા તેની આપણને જાણકારી નથી અને તેથી આપણે નિશ્ચિતપણે કહી શકીએ નહિ કે, કૃષ્ણ ભટ્ટ જ તેના સર્વ પ્રથમ લેખક હતા.

બીજુ, કૃષ્ણ ભટ્ટની ઉકત પોથીમાં કદાચિત તેમાં કહયા ભાવાત્મક સ્વરૂપની હોય એ શકય છે, કારણ કે તે અંગેના ફકરાને જોતાં એમ લાગે છે કે, ત્રણ દિવસ સુધી પોતે કયાં છે તેનું દેહભાન રહયું નહોતું.

આથી એ શકય છે કે, શ્રીગોકુલનાથજીના શ્રીહસ્તમાં આ પોથી તેમના જીવન-કાળના શરૂઆતના વર્ષોમાં જો આવી હોય, તો આપશ્રીએ તેમાંથી માત્ર કેટલાંક સૂચનો લીધાં હોય, પરંતુ એમ કહેવું કે, તે નાની પોથીના વિષય-વસ્તુને લઇને આપશ્રીને વિસ્તૃત વાર્તાઓ કહી હતી તેવો નિર્ણય કરવો સર્વથા ઉચિત કહેવાય નહીં.

આથી કોઇ પણ વિરુદ્ધ પ્રમાણની અનુપસ્થિતિમાં આપણે માનવું રહયું કે, શ્રીગોકુલનાથજી જ આ વાર્તાઓના રચયિતા અને કથક એટલે કે કહેનારા છે. અલબત્ત, એટલું તો સ્વીકારવું જોઇએ કે, આપશ્રીએ સ્વયં નિજ કલમ વડે તે લખી નથી. આપશ્રી તો વાર્તાના પ્રસંગોના કહેનાર હતા અને તે વાર્તા-પ્રસંગોના સ્રોતરૂપે કેટલાક વૈષ્ણવો, નિજના પિતાશ્રી હોઇ શકે કે પછી ભગવદીયો દ્વારા એક સ્થળેથી અન્ય સ્થળે લઇ જવામાં આવેલી વાર્તાની સામગ્રી હોઇ શકે એ સંભવિત છે.

સંદર્ભ નોંધ-૨૬ : "ઇન વાર્તાઓકા આધાર શ્રીગોકુલનાથજી કે વચનામૃત સે અતિરિકત ઔર કુછ નહીં હો સકતા હૈ । " - વાર્તા સાહિત્ય - પૃ. ૧૩૮

૩. ભાવ-સિંધુ[૨૭]

આ ગ્રંથમાં શ્રીમદ્ વલ્લભાચાર્યના શિષ્યો, જેવા કે દામોદરદાસ, કૃષ્ણદાસ મેઘન, કૃષ્ણદેવ રાજા અને અન્યોના જીવનમાં બનેલા પ્રસંગોનો સંગ્રહ કરાયો છે. આ ગ્રંથનો હેતુ તેના નામ-નિર્દેશથી જાણી શકાય તેવો છે અને તેમાં તેને અનરૂપ પ્રસંગોનું નિરૂપણ તેમાં થયું છે. દા.ત. :-

"ઓર એક સમય શ્રીગુસાંઇજિને આજ્ઞા કરી જો શ્રી મહાપ્રભુજિ કો સ્વરૂપ કહા કરી જાની હો । તબ દામોદરદાસને આજ્ઞા કરી । જો જગદીશ તો શ્રી ઠાકુરજિ સો અધિક કરો જાને હૈ । તાકો યહ ભાવ ॥ "જો ઉભય સુંદરરૂપ આપ કૃપા કે નિધિ અદેયદાનદક્ષશ્ચ મહોદારચરિત્રવાન્ સો સા સમય એસો ભાવ અધિક દિખાયો । જો કલિમલ દુષ્ટ જીવ અપરાધિ સાધન રહિત સો તા કો મહાન ફલ દિયો ॥ જો યોગ્યતા અયોગ્યતા કુછ વિચારી નાહી ॥ એસે કલિકાલ કે અતુલ પ્રભાવ કરી પૂર્ણ પુરુષોત્તમ ફલરૂપ આપને ભવન કો ભાગય સિદ્ધ કિયો ॥"[૨૮]

આ પ્રસંગો શ્રીગોકુલનાથજી દ્વારા વૈષ્ણવોને કહેવાયા હતા અને તેઓએ તે લખી લીધા હોય તેમ લાગે છે. દામોદરદાસના પ્રસંગ ૬ ની શરૂઆત આ પ્રમાણે થાય છે.

"ઓર એક સમય શ્રીગોકુલનાથજી કયા કહેત હતે ॥ તા સમય ભગવતિ સબ બૈઠે હતે ॥ તા સમય આપ દામોદરદાસજિ કો પ્રસંગ આજ્ઞા કરી વે લગે તાં હાં કાહૂને એસી કહી જો આજ કયા રહી ॥ સૌ તબ આપને શ્રીમુખ સે આજ્ઞા કરી તો આજ કથા નહીં ॥ આજ કથા કો ફલ કહતે હૈ ॥"[૨૯]

આનો અર્થ એ થાય કે, ૮૪ અને ૨૫૨ વાર્તાના કહેનારની જેમ જ ભાવસિંધુની કથા કહેનારા શ્રીગોકુલનાથજી છે.

આ કૃતિ-ગ્રંથમાંના ઘણા ખરા વાર્તા-પ્રસંગો ૮૪ વૈષ્ણવોની વાર્તામાં જોવા મળે છે અને કેટલાક વળી નિજવાર્તામાં જોવા મળે છે. પરંતુ કેટલાક પ્રસંગો એવા છે જે કયાંય લખેલા જોવા મળતા નથી અને તેથી આ ગ્રંથ મૂલ્યવાન બને છે. દાખલા તરીકે, રાજા કૃષ્ણદેવની વાર્તાનો કેટલોક ભાગ સર્વથા આ અહીં જ જોવા મળે છે. તેવી જ રીતે નારાયણદાસ બ્રહ્મચારીની વાર્તા ભાવ-સિંધુમાં વિગતવાર આપવામાં આવેલી છે. વળી સંતદાસ ગોપદાની વાર્તામાં ભાવ-સિંધુ એવો પ્રસંગ કહે છે (એટલે કે, ચાચાજી આવ્યા નહિ તે કારણે તેમણે આખો દિવસ ભોજન કર્યું નહોતું) તે વિશે કહયું છે. આ પ્રસંગ ૮૪ વાર્તામાં જોવા મળતો નથી.

આ હકીકતો દર્શાવે છે કે, આ ગ્રંથ એ બીજું કંઇ જ નથી પણ કેટલીક વાર્તા - પ્રસંગોના સંગ્રહરૂપ છે અને તેમાં અહીં કે તહીં થોડા સુધારા-વધારા કર્યા છે અને કેટલાક પ્રસંગોના કિસ્સામાં ભાવાર્થ - તાત્પર્યાર્થ કહયા છે. આ ગ્રંથની રચના - સંગ્રહ શ્રીગોકુલનાથજીના જીવન-કાળ દરમિયાન થયો હોય એ સંભવિત છે.

(૪) નિજ-વાર્તા અને ઘરુ વાર્તા[૩૦]

આ બે વાર્તા-પ્રસંગોના સંગ્રહોમાં શ્રીમદ્ વલ્લભાચાર્યના જીવન-પ્રસંગો આપેલા છે. આ બે તથા મહાપ્રભુજી કી પ્રાકટ્ય વાર્તા, શ્રીમદ્ વલ્લભાચાર્યના જીવનની આધ્યાત્મિક બાજુનું નિરૂપણ કરે છે. નિજ-વાર્તા ઘણું ખરું શ્રીમદ્ વલ્લભાચાર્ય અને આપશ્રીના શિષ્યોના મિલન-પ્રસંગોનું અને આપશ્રીની દિવ્યતાનું નિરૂપણ કરે છે. ઘરુ વાર્તા

સંદર્ભ નોંધ -૨૭ : આનું પ્રકાશન શ્રી લલ્લુભાઇ સી. દેસાઇ દ્વારા વિ.સં. ૧૯૭૮ માં કરાયું છે જેમાં તેમણે કહયું છે આ પ્રકાશન એક ભાગ માત્ર છે અને તેમને તેનો બાકી રહેતો ભાગ જોવા મળ્યો નથી.

સંદર્ભ નોંધ -૨૮ : એજન - પૃ. ૧૧ અને ૧૨

સંદર્ભ નોંધ -૨૯ : એજન - પૃ. ૧૯ - ૨૦ આ કૃતિના પૃ. ૧૭૪, ૨૪૨ અને ૨૬૦ પર પણ શ્રીગોકુલનાથજીનો ઉલ્લેખ જોવા મળે છે.

સંદર્ભ નોંધ - ૩૦ : આ વાર્તાઓનું પ્રકાશન શ્રી લલ્લુભાઇ સી. દેસાઇ દ્વારા અમદાવાદ મધ્યે વિક્રમ સંવત ૧૯૭૯માં થયું હતું. મથુરામાંથી પણ તેમનું પ્રકાશન થયું છે. ઘરુ-વાર્તાના કેટલાક ભાગો "વલ્લભીય-સુધા" માં ગ્રંથ ભાગ છઠ્ઠા અને સાતમામાં પણ પ્રકાશિત થયેલા છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યના ગૃહસ્થ-જીવનના કેટલાક પ્રસંગોને લગતી છે. પરંતુ આ પ્રસંગોના નિરૂપણો પરત્વે ચોકકસાઇ કે સ્પષ્ટતા વર્તાતી નથી. કેટલાક પ્રસંગો કે જેનું નિરૂપણ નિજ-વાર્તામાં થયેલું છે તે ઘરુ-વાર્તામાં પણ મળી આવે છે. અમદાવાદના પ્રકાશનમાં ૫૧ વાર્તાઓ નિજ-વાર્તાની અને ૧૨ વાર્તા-પ્રસંગો ઘરુ-વાર્તાના આપવામાં આવ્યા છે. ઘરુ વાર્તાની કેટલીક હસ્તપ્રતોમાં આપણે નિજ-વાર્તાના પ્રસંગો અને કેટલાકમાં તેથી ઊલટી રીતે પ્રસંગો લખેલા જોવા મળે છે. દાખલા તરીકે, નિજ-વાર્તાના અમદાવાદના પ્રકાશનમાં ૪૭ અને ૪૪ અને બે પ્રસંગો છે તેને નડિયાદના પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયમાંની ઘરુ-વાર્તાની હસ્તપ્રતમાં[૩૧] ત્રીજા અને ચોથા પ્રસંગ તરીકે આપવામાં આવ્યા છે. મેં શ્રી કે. કા. શાસ્ત્રી પાસેની નિજ-વાર્તાની એક હસ્તપ્રત જોઇ છે. તેમાં પ્રસંગોની સંખ્યા ૨૪ ની જ છે જયારે કેટલીકમાં એક કરતાં વધારે પ્રસંગોનું વર્ણન કરે છે.[૩૨]

વળી, આ વાર્તાઓ સદંતર નવી અને ૮૪ વાર્તાઓથી સર્વથા ભિન્ન નથી જણાતી. મોટાભાગની વાર્તા ૮૪ વાર્તાઓમાં છે - દાખલા તરીકે, તુલસામની વાર્તા નિજ-વાર્તામાં તેમજ ભાવ-સિંધુમાં પણ જોવા મળે છે, તફાવત થોડો જે કંઇ છે તે ભાષાનો છે. તેવી જ રીતે, વાસુદેવ છકડાની વાર્તાનો, ૮૪ વાર્તામાં ક્રમાંક ૩૮ તેમજ ઘરુ-વાર્તામાં (અમદાવાદ પ્રકાશનમાં) ક્રમાંક ૩ જોવા મળે છે. કેટલાંક સ્થળોએ, નિજ-વાર્તા ૮૪ વાર્તાના પ્રસંગોનું વધારે વિગતવાર નિરૂપણ કરે છે. દાખલા તરીકે નિજ-વાર્તા ક્રમાંક ૩ આપણને દામોદરદાસને શ્રીમદ્ વલ્લભાચાર્યનું દર્શન-મિલન કેવી રીતે થયું અને તે આપશ્રીના શિષ્ય કેવી રીતે બન્યા તે વિશે કહે છે.

ઘરુ-વાર્તામાં કહયા મુજબ વાર્તાના કહેનાર શ્રીગોકુલનાથજી છે, કારણ કે તેની શરૂઆત "જબ શ્રી ગોકુલનાથજી આજ્ઞા કરત ભયે ।" એ શબ્દોથી થાય છે અને નિજ-વાર્તામાં કહયું છે. "શ્રી ગોકુલનાથજિ આપ ભગવદીયન સેં ઇતની કથા કહી વિરામ કરત ભયે ।"[૩૩] "તહાં પૂર્ણમલ્લ ક્ષત્રી ખબર દેવે ગયે । સો એક અચ્યુતદાસ માણીકપુર રહેતે તિનકી વાર્તા મેં લિખ્યો હૈ ।" - એવા શબ્દો છે તે[૩૪] દર્શાવે છે કે, આ સંગ્રહ પાછળના સમયમાં લખાયો છે પરંતુ આ કાર્ય કોણે અને કયારે કર્યું તે મૂળ મુદ્દો બની રહે છે. નિજ-વાર્તા ક્રમાંક ૪૦ કહે છે કે, "યા પ્રકાર શ્રી ગોસ્વામી શ્રીગોકુલનાથજીને અપને સેવકન સોં શ્રી આચાર્ય મહાપ્રભુજિ કી પરિક્રમા કે ચરિત્ર સૂનાય કે જો યા પ્રસંગ કે ચરિત્ર જો મૈંને કહે સો પ્રથમ કે ૩૯ પ્રસંગમેં કોં કહૂ કહૂંકો ભાગ કહવે કો રહયો હતો સો તુમકું સુનાયો ।"[૩૫] આનો અર્થ એ થાય કે શ્રીગોકુલનાથજીએ અગાઉ જે કંઇ કહયું હતું તેનું આ પુનરોચ્ચારણ હતું. બીજું નિજ-વાર્તા ક્રમાંક ૪ કહે છે કે "ઓર હુવા સભાને નાનક પંથી, દાદૂ પંથી, નિરંજની, કબીર પંથી વગૈરે સવન કો નિરુત્તર કિયે ।"[૩૬] અને નિજ-વાર્તા ક્રમાંક ૧૬[૩૭] કહે છે કે "પાછે ઔરંગજેબ બાદશાહ કે સમય ફિર આપ શ્રીરણછોડજી વાપ્રાચીન મંદિર મેં સેં ઉઠકે સંખોદ્ધાર તીર્થ મે પધારે સો અધ્યાપિ તહાં વિરાજિત હૈ ।" તેવી જ રીતે, નિજ-વાર્તા ૨૧ અંત ભાગે[૩૮] કહે છે કે, "તાકો વિસ્તારપૂર્વક વર્ણન શ્રીનાથજિ કે પ્રાકટય કે ગ્રંથ મેં હૈ ।"

સંદર્ભ નોંધ - ૩૧ : વ્રજભાષા વિભાગ ક્રમાંક ૧૩૧ જુઓ તેમાં સાલ વિક્રમ સંવત ૧૯૧૮ લખી છે.

સંદર્ભ નોંધ - ૩૨ : કાંકરોલી (હિંદી વિભાગ - ક્રમાંક ૯૬/૩/૧)ની એક હસ્તપ્રતમાં ૧૮ પ્રસંગો આપેલા છે. તેની સાલ વિક્રમ સંવત ૧૮૫૧ ની છે.

સંદર્ભ નોંધ - ૩૩ : સરખાવો - નિજ-વાર્તા (એલ.સી.દેસાઇ પ્રકાશિત) પૃ. ૭૯

સંદર્ભ નોંધ - ૩૪ : સરખાવો - ઘરુ-વાર્તા (એલ.સી.દેસાઇ પ્રકાશિત) - પૃ. ૧૨૬

સંદર્ભ નોંધ - ૩૫ : એજન - પૃ. ૮૬

સંદર્ભ નોંધ - ૩૬ : એજન - પૃ. ૧૧

સંદર્ભ નોંધ - ૩૭ : એજન - પૃ. ૪૧

સંદર્ભ નોંધ - ૩૮ : એજન - પૃ. ૪૯

વળી નિજ-વાર્તા ક્રમાંક ૪૦ માં કલ્યાણ ભટ્ટના કલ્લોલ નામના ગ્રંથનો ઉલ્લેખ છે જે ૧૮ મી સદી વિક્રમ સંવત ૧૭૧૦-૧૫ ની સાલમાં આશરે) લખાયેલો છે એવું કહેવાય છે. આ એવું દર્શાવે છે કે, વાર્તાઓના ઉપર દર્શાવેલા અંશ ભાગો પાછળના સમયમાં લખાઇ કાં તો વધારાના ઉમેરાયા હોય કે પછી નિજ-વાર્તા હાલના સ્વરૂપમાં ઔરંગઝેબના રાજયકાળમાં (ઇસ્વીસન ૧૬૫૮- ૧૭૦૭ માં એટલે કે વિક્રમ સંવત ૧૭૧૪ -૧૭૬૩માં) અને શ્રીનાથજી કી પ્રાકટય વાર્તા પછી લખાઇ હોય એમ લાગે છે.

(૫) બેઠક ચરિત્ર [૩૯-અ]

સંપ્રદાયમાં, પરંપરાગત રીતે કહેવાય છે કે, શ્રીમદ્દ વલ્લભાચાર્યની ૮૪ બેઠકો - પવિત્ર ગાદી કે સ્થળ છે, વિઠ્ઠલનાથજીની ૨૬ બેઠકો, ગિરિધરજીની ૪ બેઠકો ૧૩ શ્રીગોકુલનાથજીની અને ૭ હરિરાયજી બેઠકો છે. બેઠક - ચરિત્ર વિવિધ સ્થળે આવેલી બેઠકો વિશેના નોંધપાત્ર પ્રસંગોનું નિરૂપણ કરે છે.[૩૯-બ] પરંપરાગત રીતે કહેવાય છે કે, આ બેઠક ચરિત્રના લેખક શ્રીગોકુલનાથજી છે, પરંતુ તે કથનને માનવાને અન્ય કોઇ પ્રમાણ ઉપલબ્ધ નથી. ૮૪ અને ૨૮ બેઠક - ચરિત્રોને અંતે એવી નોંધ થઇ જોવા મળે છે કે, "ઇતિશ્રીગોકુલનાથજી કૃત શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજી કી ચૌરાસી બેઠકન કે ચરિત્ર સંપૂર્ણ ઇતિ શ્રીગોકુલનાથજીકૃત શ્રીગુસાંઇજી કી ૨૫ બેઠકન કે ચરિત્ર સંપૂર્ણ'' પરંતુ શ્રીગિરિધરજી, શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીની બેઠક-ચારિત્રોને અંત ભાગે આવાં કોઇ વિધાનો થયેલાં જોવા મળતાં નથી. એ શકય છે કે, શ્રીગોકુલનાથજીએ વૈષ્ણવોને શ્રીમદ્દ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીના બેઠકના પ્રસંગો કહયા હોય અને પછીથી કેટલાક વૈષ્ણવોએ આ વાર્તા-પ્રસંગોને આધારે તથા ૮૪ અને ૨૫૨ વાર્તાઓના આધારે તેને પદ્ધતિસરનું સ્વરૂપ આપ્યું હોય અને ત્યાર પછી પણ કેટલાક વૈષ્ણવોએ ગિરિધરજી, શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીની બેઠકોને લગતું નિરૂપણ કરી તે ભાગોનું તેમાં[૩૯-ક] ઉમેરણ કર્યું હોય. આ તારણ નીચે દર્શાવેલ હકીકતોને આધારે કાઢેલું છે. ગવ્હરવન બેઠકનો બનેલો પ્રસંગ નિજ-વાર્તા ક્રમાંક ૧૬ (અમદાવાદ પ્રકાશન)માં આપણને શબ્દશઃ જોવા મળે છે. તેવી જ રીતે, અયોધ્યા બેઠકનો પ્રસંગ, નિજ-વાર્તા ૪૭ માં અને બદરીનારાયણનો પ્રસંગ ૮૪ વાર્તાઓમાંની કૃષ્ણદાસ મેઘનની વાર્તામાં જોવા મળે છે વગેરે વગેરે - બેઠક - ચરિત્રનો સંગ્રહ પછીના સમયમાં થયો છે એ નિશ્ચિત છે, પરંતુ એ કહેવું મુશ્કેલ છે કે તે સંગ્રહની રચના ચોક્કસ કયા કાળે કરવામાં આવી હતી.[૪૦]

બેઠક-ચરિત્રમાં અતિશયોકિતભર્યાં અને ન માની શકાય એવા પ્રસંગોનું ભારે વર્ણન થયું છે અને શ્રીમદ્દ શ્રીવલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીનું ભગવાનના સાક્ષાત્ અવતાર હોવાનું નિરૂપણ થયું છે. અહીં નદીઓને દેવીરૂપ કહી છે અને શ્રીમદ્દ ભાગવતનું શ્રવણ કરવા તે બધી આવી છે એવું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે, જો

સંદર્ભ નોંધ-૩૯(અ): નિજ-વાર્તા અને ઘરુ વાર્તા સાથે વિક્રમ સંવત ૧૯૭૯ માં શ્રી એલ.સી.દેસાઇએ આનું પ્રકાશન કર્યું છે.

સંદર્ભ નોંધ-૩૯ (બ): સરખાવો - "અનેક ચરિત્ર ક્રિયે વામે મુખ્ય હૈ સોઇ લિખે હૈ" - દરેક બેઠક-ચરિત્રના અંત ભાગે સામાન્ય રીતે આવું લખાણ જોવા મળે છે.

સંદર્ભ નોંધ-૩૯ (ક): કાંકરોલીના વિદ્યા વિભાગના હિંદી વિભાગના ક્રમાંક ૯૧/૧૧/ ૫ માંની એક હસ્તપ્રતમાં લખ્યું છે કે, શ્રીહરિરાયજીની બેઠકોના લેખક શ્રીગોકુલનાથજી છે, પરંતુ આ ખોટું છે કારણ કે શ્રીહરિરાયજી શ્રીગોકુલનાથજી પછી થઇ ગયા છે.

સંદર્ભ નોંધ - ૪૦ : કાંકરોલીના ક્રમાંક : ૯૧/૧૧ અને ૯૫/૪ માં બેઠકજીના ચરિત્રના લેખક તરીકે શ્રીગોકુલનાથજીના નામનો ઉલ્લેખ કરે છે.

કે, ત્યારે એવું નિરૂપણ થવું એ લેશમાત્ર પૌરાણિક પ્રથાથી વિરુદ્ધ પ્રકારનું કહેવાય નહીં. વળી એવું પણ કથન છે કે, દરેક તીર્થમાં જયાં જયાં શ્રીમદ્ વલ્લભાચાર્યે ભાગવત - કથા કરી ત્યાં ત્યાં તે તે તીર્થના અધિષ્ઠાતા દેવ કે અધિષ્ઠાત્રી દેવી કથાનું શ્રવણ કરવા સ્વયં પધાર્યાં હતાં. કહે છે કે ૮૪ બેઠકોમાંની પ્રત્યેક બેઠકમાં શ્રીમદ્ ભાગવતની કથાનું સાત દિવસ પારાયણ - પઠન કરવામાં આવ્યું હતું.

બેઠક-ચરિત્રમાં ઐતિહાસિક દષ્ટિનો અભાવ વર્તાય છે, શ્રીમદ્ વલ્લભાચાર્ય કે શ્રીવિઠ્ઠલનાથજી ચોકકસ સ્થળની યાત્રા કયારે કરી હતી તેની કોઇ ચોકકસ તારીખ - તિથિ તેણે દર્શાવી નથી અને ન તો કોઇ ઘટનાનો અનુક્રમ દર્શાવતી વ્યવસ્થા-પદ્ધતિનું અનુસરણ કર્યું છે. શ્રીમદ્ વલ્લભાચાર્યે ભારતની ત્રણવાર યાત્રા કરી હતી અને તેમણે પ્રથમ યાત્રામાં ચોકકસ પ્રદેશમાં આવેલાં કેટલાંક સ્થળોની યાત્રા કરી હતી અને બીજાં સ્થળોની યાત્રા બીજીવારની અને ત્રીજી વારની યાત્રામાં યાત્રા કરી હતી બેઠક ચરિત્રમાં આ ઘટનાનો ઉલ્લેખ સુદ્ધાં થયો જોવા મળતો નથી.

આ બેઠક-ચરિત્રમાં એક વિરોધાભાસ પણ જોવા મળે છે. ૩૮ મી બેઠકના વર્ણનમાં દક્ષિણ ભારતમાં બાલાજી ખાતે એક બેઠક છે. તેના વિશે એવું કહયું છે કે શ્રીમદ્ વલ્લભાચાર્યે પિતાશ્રી સાથે ત્યાં પધાર્યાં હતા. હવે નિજ-વાર્તા ક્રમાંક ૧ માં કહયું છે કે, આપશ્રીના પિતાશ્રીનું અવસાન વિક્રમ સંવત ૧૫૪૬માં થયું હતું અને ભારત યાત્રા તો શ્રીમદ્ વલ્લભાચાર્યે ત્યારબાદ એટલે કે તે ઘટના પછી આરંભ કરી હતી. આ વિરોધાભાસ ત્યારે જ નિવારી શકાય કે જો બાલાજીની યાત્રા લક્ષ્મણ ભટ્ટજીના અવસાન પૂર્વે કરી હતી એવું આપણે માની લઇએ અને શ્રીમદ્ વલ્લભાચાર્યજીની કરેલી ત્રણવારની ભારત યાત્રામાં તેનો સર્વથા સમાવેશ થયો નહોતો.

બેઠક-ચરિત્રનો ઉદ્દેશ, આમ જોઇએ, તો શ્રીમદ્ ભાગવતના મહત્ત્વને અને પઠનને વધારવાનો છે, તીર્થોની મહત્તા દર્શાવવાનો અને શ્રીમદ્ વલ્લભાચાર્યની દિવ્યતાને વૈષ્ણવોના ચિત્તમાં ચરિતાર્થ કરવાનો છે.

આ ત્રણ ગ્રંથ-રચનાઓ એટલે કે નિજ-વાર્તા, ઘરુ-વાર્તા અને બેઠક-ચરિત્રની બાબતમાં પ્રાચીન વાર્તા-સાહિત્યમાં[૪૧] છપાયેલા લેખમાં આ પ્રમાણે કહયું છે :-

"શ્રીગોકુલનાથજીએ વાર્તાઓની ત્રણે ભાષાના ત્રણ ઐતિહાસિક ગ્રંથો કરેલા છે અને તે નિજ-વાર્તા, ઘરુ-વાર્તા અને બેઠક-ચરિત્ર એ નામથી પ્રસિદ્ધ છે જેમાં ત્રણે ગ્રંથ વાર્તાનાં ટીકારૂપ છે। પાદ - ટીપ તેમનું આ રીતે વર્ગીકરણ કરે છે.

નિજ-વાર્તા ....ઈતિહાસરૂપ
ઘરુ-વાર્તા..........રહસ્ય ભાષા
બેઠક-ચરિત્ર.........(વિશેષતઃ) પરમતરૂપ

ઉકત વિધાન અને વર્ગીકરણ ઉચિત જણાતાં નથી, કારણ કે એક ગ્રંથમાં સમાવિષ્ટ થયેલું સાહિત્ય અન્યથી સર્વથા ભિન્ન નથી.

(૬) શ્રીનાથજી કિ પ્રાકટય - વાર્તા

આ ગ્રંથ-રચનામાં શ્રીગોવર્ધનનાથજીની મૂર્તિના (સ્વરૂપના) પ્રાકટયનો ઈતિહાસ કહયો છે અને મેવાડ પ્રતિ કરેલ પ્રસ્થાનનું નિરૂપણ થયેલું છે. શ્રીગોકુલનાથજીએ કહેલી વિવિધ વાર્તાઓ અને વચનામૃતોમાંથી એકત્ર કરેલું શ્રીનાથજીના પ્રાકટય વિશેનું સાહિત્ય સંગ્રહિત આમાં કરવામાં આવ્યું છે. મેં આ ગ્રંથની એક લિથોપ્રીન્ટ નકલ, જે શ્યામ -કાશી -પ્રેસ મથુરાએ તૈયાર કરી પ્રકાશિત કરેલી તેને નડિયાદના પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના વ્રજભાષા વિભાગના ક્રમાંક ૫૭ તરીકે જોઇ છે જેમાં લખ્યું છે કે -

---

સંદર્ભ નોંધ - ૪૧ : ભાગ-૧, પૃ. ૭ (કાંકરોલી વિદ્યા વિભાગ દ્વારા પ્રકાશિત)

"સો શ્રીગોકુલનાથજી કો વચનામૃત કે સમૂહ મેં ઉદ્ધાર કરિ કે ત્યારે લિખતે હૈ ।"[૪૨-અ]

આ ગ્રંથ પછીથી લખાયેલો છે એ વાત નિ:શંક છે, કારણ કે તેમાં શ્રીનાથજીનું મેવાડ પ્રતિ પ્રસ્થાન એટલે હાલનું નાથદ્વારા સ્થળ છે અને આ ઘટના શ્રીગોકુલનાથજી નિત્યલીલામાં પધાર્યા પછીની બનેલી છે.

વળી, આ વાર્તામાં કેટલીક ઐતિહાસિક વ્યકિતઓનો ઉલ્લેખ થયો છે, જેમ કે રૂપમંજરી અને નંદદાસ, મીરાં અને અજબકુંવરી મેવાડની, મેવાડના રાજવીઓ અને કિશનગઢના રાજવીઓ, પરંતુ આ બધાનો ઉલ્લેખ કાલક્રમાનુસાર થયો નથી. શ્રીનાથજીના વિગ્રહસ્વરૂપને ગિરિરાજથી વિક્રમ સંવત ૧૭૨૬ના આશ્વિન માસના શુકલ પક્ષની પૂર્ણિમાના દિવસે પધરાવી લઇ જવામાં આવ્યું હતું અને તેની પુનઃ પ્રતિષ્ઠા મેવાડમાં નાથદ્વારામાં વિક્રમ સંવત ૧૮૨૮ના ફાલ્ગુન માસમાં કૃષ્ણ પક્ષની સાતમે કરવામાં આવી હતી. આ લાંબી યાત્રા કે જેમાં કંઇક ચમત્કારિક અને રહસ્યમય ઘટનાઓ બનેલ હતી, તેનું વિગતવાર નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૭) શ્રીમહાપ્રભુજી કી પ્રાકટય વાર્તા, ઇત્યાદિ [૪૨-બ]

આ વાર્તામાં શ્રીહરિરાયજી કૃત ભાવપ્રકાશ સહિતના ૧૮ પ્રસંગો લખેલા છે. શ્રીમદ્ વલ્લભાચાર્યના પ્રાકટય અને પ્રાકટયનો અલૌકિક હેતુ અને આપશ્રીના જીવનના કેટલાક પ્રસંગોનું તેમાં નિરૂપણ કરવામાં આવ્યું છે જેમાંના ઘણા ખરા પ્રસંગો[૪૨-ક] ૮૪ વાર્તામાં, નિજ-વાર્તામાં અને ઘરુ-વાર્તામાં જોવા મળે છે.

કાંકરોલીમાં કેટલીક હસ્તપ્રતો છે જેમાં શ્રીગુસાંઇજીકિ અને ગોપીનાથજી કિ નિજ-વાર્તાઓ છે. હસ્તપ્રત ક્રમાંક : ૧૦૦/૧/૧ માં શ્રીવિઠ્ઠલનાથજીની નિજ-વાર્તા છે. તેમાં કુંભનદાસજીની ગરીબાઇનો ઉલ્લેખ થયો છે. તે વખતે, શ્રીવિઠ્ઠલનાથજી દ્વારકા પધાર્યા હતા અને આપશ્રીએ કુંભનદાસને આપની ગુજરાતની યાત્રામાં જોડાવા નિમંત્રણ આપ્યું હતું. ત્યારબાદ, કૃષ્ણદાસની વાર્તા તેમાં આપી છે.

સંદર્ભ નોંધ-૪૨(અ): જુઓ આપની હસ્તપ્રત તારીખ-તિથિ વિનાની (ગુજરાતી હિંદી વિભાગ ક્રમાંક : ૮૦૦) જે અમદાવાદના અમદાવાદની ગુજરાત વિદ્યાસભા પાસે છે અને જેના પર કોઇ તારીખ લખેલી જણાતી નથી : તેનાં સમાપન વાકયો જુઓ : - "ઇતિ શ્રીગોકુલનાથજી કે વચનામૃત મેં સે શ્રીનાથજી કો પ્રાગટ તથા મૂલચરિત્ર સંપૂર્ણ ॥ -

વળી જુઓ - "સાંપ્રદાયિક ઇતિહાસ વેણુનાદ ગ્રંથ ૧-૭૮ પૃ. ૧૯૧ સં. ૧૪૯૬માં શ્રાવણ વદ ૩ને દિવસે શ્રી ગોવર્ધન પર્વતમાંથી શ્રીનાથજી પ્રગટ થયા અને ગાંઢ્યોલી ગામના મંગોલગોરાને આજ્ઞા કરી કે હું અહિંયાં છું . સં. ૧૫૫૯ ના શ્રાવણ સુદ ૩ને દિવસે શ્રીઆચાર્યજીને સેવક પૂર્ણમલ્લ ક્ષત્રિયે નિજમંદિર બનાવ્યું . . . . . . સં. ૧૬૩૦ માં શ્રીગુસાંઇજીને શય્યા મંદિર અને મણિકોઠા બંધાવ્યા આમ શ્રીગોકુલનાથીજીએ શ્રીમુખથી આજ્ઞા કરે છે.

સંદર્ભ નોંધ - ૪૨(બ) : આ પ્રાકટય વાર્તાનું પ્રકાશન કાંકરોલીના વિદ્યા વિભાગે કર્યું છે.

સંદર્ભ નોંધ-૪૨ (ક): જુઓ - હરિહરનાથ ટંડન કૃત વાર્તા-સાહિત્ય - પૃ.૩૫૬-૫૭, અને વળી કાંકરોલીની તારીખ વિનાની હસ્તપ્રત (હિંદી વિભાગ- ક્રમાંક : ૧૦૦/૩ કદ ૧૨$\frac{૧}{૨}$" X ૭$\frac{૧}{૨}$") જેમાં ૧૬ પ્રસંગો કહયા છે અને બીજી હસ્તપ્રત (હિંદી વિભાગ ક્રમાંક : ૯૬/૩/૧) છે જેમાં ૧૮ પ્રસંગો કહયા છે. વળી બીજી એક હસ્તપ્રત (હિંદી વિભાગ ક્રમાંક : ૧૩૭/૬/કદ)૭"X૭" કાંકરોલીમાં છે અને તેનું શીર્ષક છે "આચાર્યજી મહાપ્રભજીકી જન્મ પ્રસંગકી વાર્તા" પરંતુ ઉપરોકત બે હસ્તપ્રતોથી તદ્દન ભિન્ન પ્રકારની છે અને તેમાં (પૃ.૩૭-૧૭૭) શ્રીવિઠ્ઠલનાથજી અને દામોદરદાસ વચ્ચેના સંવાદો તથા કૃષ્ણની ૧૨ કુંજોમાંની લીલાનું વર્ણન આપેલું છે.

કાંકરોલીમાં બીજી એક હસ્તપ્રત ક્રમાંક : ૧૦૧/૨ હિંદીમાં છે. તે વિક્રમ સંવત ૧૮૬૨ ની છે અને તે દ્વારકાના વલ્લભદાસની છે, તેમાં શ્રીગુસાંઇજીની નિજ-વાર્તાના ૧૪ પ્રસંગો (પૃ. ૪૩૨ - ૪૩૭) આપેલા છે અને શ્રીગોપીનાથજીની નિજ-વાર્તાના ૮ પ્રસંગો (પૃ. ૪૪૭-૪૭૨) કહયા છે. પ્રથમ વાર્તા ઉપરોક્ત એટલે કે હસ્તપ્રત ક્રમાંક ૧૦૧/ ૧/૧ માં આપેલી વાર્તાથી તદ્દન ભિન્ન છે. તે વિઠ્ઠલનાથજીના કેટલાક જીવન-પ્રસંગો તથા ભારતમાં આપશ્રીએ કરેલી કેટલાંક સ્થળોની યાત્રાનું વર્ણન કરે છે. આ નિજ-વાર્તાનો હેતુ વિઠ્ઠલનાથજીની દિવ્યતા વાંચકના ચિત્તમાં પ્રસ્થાપિત કરવાનો છે. ગોપીનાથજીની નિજ-વાર્તામાં આપશ્રીનાં વચનામૃતો કહેલાં છે.

પહેલો પ્રસંગ આપશ્રીએ ગાયના વાછરડાને કેવી રીતે સજીવન કર્યો હતો તેને લગતો છે. ત્રીજો પ્રસંગ કલ્યાણ ભટ્ટ દ્વારા શ્રીમહાપ્રભુજી (એટલે કે શ્રીગોકુલનાથજી)ને પૂછવામાં આવેલા પ્રશ્નને લગતો છે. આથી પ્રશ્ન એવો ઉપસ્થિત થાય છે કે, શું ગોપીનાથજી બધાં જ વચનામૃતોના લેખક છે ?

આ ગ્રંથ-રચનાઓનાં નામો આપેલાં નથી, પણ આ નિજ-વાર્તાઓ કેટલીક ૨૫૨ વાર્તાઓ પછી આપવામાં આવેલી છે અને તેથી સાધારણ રીતે શ્રીગોકુલનાથજીને જ આ વાર્તાઓના લેખક કહેવામાં આવે છે.

અત્રે નોંધવું ઘટે કે , વલ્લભીય-સુધા (ગ્રંથભાગ -૬ (૨)-પૃ.૧૭) માં શ્રીગોકુલનાથજીની વાર્તાઓની યાદી આપવામાં આવી છે જેમાં પ્રાકટય વાર્તા શ્રીનાથજીની અને શ્રીમહાપ્રભુજીની શ્રીગોકુલનાથજીની વાર્તાઓનો યાદીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ વાર્તાઓ શ્રીહરિરાયજીની કૃતિ હોવાનું મનાય છે.

(૮) વન-યાત્રા [૪૩]

એક નાનકડી ગ્રંથ-રચના નામે ''વન-યાત્રા'' શ્રીગોકુલનાથજીએ લિખિત હોવાનું કહેવાય છે. આ રચનાનો આરંભ નીચે દર્શાવ્યા મુજબનો છે :

''વન-યાત્રા પરિક્રમા વ્રજ-ચૌરાસિ કોસકિ - પ્રથમ શ્રી ગુસાંઇજીએ કરી સો શ્રીગોકુલનાથજી અપને સેવકન સે કહતે હૈ । સો સંવદ ૧૬૦૦ ભાદ્રપદ વદી ૧૨ કો સેન આરતી કરિકો પાછે શ્રીગુસાંઇજિ મથુરા પધારે વ્રજ કી પરિક્રમા કરવે કો. . . . .''

વાર્તાઓના કિસ્સાની જેમ, આ વનયાત્રાની રચના પણ શ્રીગોકુલનાથજીની કલમથી વાસ્તવમાં થઇ ન પણ હોય, પરંતુ આ પ્રસંગનું આપશ્રીએ પોતાના અનુયાયીઓ સમક્ષ બ્યાન કર્યું હશે અને તેમાંથી કોઇ કે તેને લખી લીધું હશે તથા શ્રીગોકુલનાથજીની ગ્રંથ-રચના કહી તે લોકોમાં પ્રચલિત કર્યું હશે. વળી ત્યાર પછી પણ તેમાં ઉમેરણો થયાં હોય તેમ પણ જોવા મળે છે, દાખલા તરીકે શ્રીગોકુલનાથજીની બેઠકો અને શ્રીહરિરાયજીની બેઠકોનો ઉલ્લેખ તેમાં થયેલો જોવા મળે છે.

આ ગ્રંથ-રચના આમ તો શ્રીવિઠ્ઠલનાથજીએ વ્રજ-પ્રદેશની કરેલી યાત્રાનું નિરૂપણ કરે છે તેના અંત ભાગે,

---

સંદર્ભ નોંધ - ૪૩ : વલ્લભીય સુધા (ગ્રંથભાગ - ૪ ક્રમાંક ૩ અને ૪) માં ''વ્રજયાત્રા'' એવા શીર્ષક હેઠળ પ્રકાશિત થયું છે. મેં આની એક પ્રાચીન હસ્તપ્રત જે મને નડિયાદના શ્રી કાલિદાસ વી. શાહે આપી હતી . તે જોઇ હતી અને તેના માટે હું તેમનો આભારી છું. તે હસ્તપ્રતનું કદ ૫'' x ૬ ૧/૨'' નું હતું અને તેમાં ૧૧૨ પાનાં હતાં તેનું પ્રકાશન લિથો-પ્રિન્ટમાં ગુજરાતી ભાષામાં મથુરા ખાતેના મથુરાના શ્રી રામનારાયણ દ્વારા કરવામાં આવેલું. તેમાં રાસનાં અનેક ચિત્રો-ફોટા, તીર્થો અને મંદિરોના છે. આ લિથો-પ્રિન્ટ કઇ હસ્તપ્રતને આધારે થયેલ તે હસ્તપ્રત વિશે પ્રકાશકે કંઇ જ કહયું નથી. બીજી એક વન-યાત્રાની લિથો-પ્રિન્ટ મથુરાના શ્યામ-કાશી પ્રેસે પ્રકાશિત કરી છે અને તેનું શ્રીગોવર્ધનનાથજી કિ પ્રાકટય વાર્તા એવું તેનું શીર્ષક છે. બધી જ હસ્તપ્રતો ગ્રંથ રચનાને શ્રીગોકુલનાથજીની કહે છે.

કુંડોની, વનોની, ઉપવનોની અને શ્રીમદ્ વલ્લભ-વિઠ્ઠલની "વ્રજ-પ્રદેશમાં આવેલી બેઠકોની યાદી આ ગ્રંથ-રચનામાં આપવામાં આવી છે. યાત્રાની સાલ અહીં નોધ્યા મુજબ વિક્રમ સંવત ૧૬૦૦ની છે. શ્રીગોકુલનાથજીનો જન્મ વિક્રમ સંવત ૧૬૦૮ છે તેથી વૈષ્ણવોમાં સારું એવું સન્માનીય સ્થાન પ્રાપ્ત કરવા માટે આપનું વય પર્યાપ્ત થતાં આપશ્રીએ આ યાત્રા-પ્રસંગો તેમને કહયા હોય એ સંભવિત છે. શ્રીવિઠ્ઠલનાથજીએ આવી યાત્રા એકથી વધુ વાર કરી હતી. બીજી યાત્રાઓની સાલ વિ.સં. ૧૬૨૪, ૧૬૨૮ અને ૧૬૩૪ હતી. આ બધામાં શ્રીવિઠ્ઠલનાથજીની વિ.સં. ૧૬૦૦ વન-યાત્રા સર્વપ્રથમ હતી અને તેનું વર્ણન આપશ્રી પિતાશ્રી કે પિતાશ્રીના મુખેથી સાંભળ્યું હશે અને ત્યારપછીની યાત્રાઓમાં સ્વયં આપશ્રીએ પણ ભાગ લીધો હોય અને તેના અનુભવના આધારે યાત્રાઓનું વર્ણન કર્યું હોય એ સર્વથા સંભવિત છે.

આજે પણ પ્રત્યેક વર્ષાઋતુમાં ભાદરવા અને આસો માસમાં વ્રજ-યાત્રા ચોરાસી કોસની કોઇ ગોસ્વામી મહારાજની નિશ્રામાં વૈષ્ણવો દ્વારા અગાઉ વન-યાત્રામાં નિહિત થયેલી પદ્ધતિને ઘણું ખરું અનુસરીને કરવામાં આવે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યે વ્રજની યાત્રા ત્રણ વખત કરી હતી અને કૃષ્ણ ભગવાને જે સ્થળોએ લીલા કરેલી એ સ્થળોની ધાર્મિક મહત્તા લોકોને દર્શાવી હતી. ત્યાર પછી વિઠ્ઠલનાથજીએ આજે આપણે વન-યાત્રાની નિશ્ચિત પદ્ધતિ જોઇએ છીએ તેની સંકલના કરી છે. અલબત્ત, આપણે એ નોંધવું ઘટે કે, આજે વ્રજ-યાત્રા ચાલીસ દિવસ ચાલે છે જયારે વિઠ્ઠલનાથજીના સમયમાં તે માત્ર ૨૦ દિવસમાં પૂર્ણ કરવામાં આવતી હતી. આજની આપણી વ્રજ-યાત્રાના સમયગાળા કરતાં વિઠ્ઠલનાથજીના સમયમાં તેની અવધિ ટૂંકી હતી. મોગલ બાદશાહ ઔરંગજેબના રાજયકાળમાં ધાર્મિક વિધિઓના મોટા પાયે સમારંભો ઉજવણી માટે કરી શકાતા નહોતા અને આથી તેના રાજયકાળ દરમિયાન વ્રજ-યાત્રાઓ બંધ થઇ જવા પામી હતી. મથુરાના શ્રીપુરુષોત્તમજીએ જ (૧૮૦૫ વિ.સં.) માં વ્રજ-યાત્રા પુનઃ શરૂ કરી હતી અને આ વ્રજ-યાત્રાનો સમયાવિધિ ૫૦ દિવસો જેટલો થતો હતો. ત્યાર પછીના સમયમાં શ્રીગોપાલલાલજી દ્વારા આ સમયાવધિ લગભગ ૪૦ દિવસોનો કરી નાંખવામાં આવ્યો હતો.[૪૪]

આ ગ્રંથ-રચનામાં યમુનાજીના પગથિયાવાળા ઘાટ અને મથુરાના તથા વ્રજનાં અન્ય તીર્થોનો ઉલ્લેખ છે અને વિવિધ કુંડો (પગથિયાવાળા કૂવા) અને વનો (વ્રજ-પ્રદેશના પવિત્ર વન-સ્થળો) દાખલા તરીકે મધુવન, તાલવન ઇત્યાદિ જયાં શ્રીકૃષ્ણ રમતો રમતા અને રાક્ષસોને મારતા અને ગોપ બાળકો સાથે તથા તેમની પ્રિય રાધા સાથે વિવિધ રમતો અને લીલાઓ કરતા તે બધાંનું વર્ણન તેમાં આવે છે. આ ગ્રંથ રચનામાં શ્રીમદ્ વલ્લભ-વિઠ્ઠલની બેઠકોનું અને ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોને થયેલા અલૌકિક ભગવદનુભવોનાં અન્ય સ્થળોની મહત્તાને સમજાવે છે.

આ ગ્રંથ રચનાનો ખ્યાલ નીચે આપેલા ફકરામાં આપે છે.

"આગે મોહન કુંડ હૈ તહાં શ્રી ઠાકૂરજિ કી છબિ દેખી કૈં વ્રજભકતન મોહિત ભયે હૈં દેહ દશા રહી નહીં વ્યાકુલ ભયે પાછેં શ્રી ઠાકુરજીને વેણુનાદ કિયો હૈ તબ સબન કો સુધીભઈ હૈ તા દિન તે વ્રજભકતનને શ્રીઠાકુરજી કો મોહન નામ ધરયો હૈ તહાં રાસ કિયે હૈ"....[૪૫].

"યહ કોટવન કી લીલા હૈ તાકે આગે ક્ષીરસાગર શેષશાઇ હૈ તહાં વ્રજભકતનને શ્રી ઠાકૂરજી સોં કહ્યો જો ક્ષીરસાગર મેં લક્ષ્મીનારાયણ કૌન પ્રકાર વિલાસ કરત હૈ તો હમ કો દિખાદો તબ શ્રી બલદેવજિ તો શેષરૂપ ભયે તિન કી લિખ્યા ઉપર આપ ચતુર્ભુજ સ્વરૂપ ધરિ કેં શંખ ચક્ર ગદા પદ્મ લેકે પોઢે, નાભી કમલ મેં તે બ્રહ્મા સહિત દિખાયે તબ દેવતા સબ આનંદ સહિત સ્તુતિ કરત લગે ફૂલન કી વર્ષા કરી હૈ...."[૪૬]

મૈં જો ડુબત હોં તાકી કોઇ ચિંતા નહી, પરંતુ બાલકકી કોઇ રક્ષા કરો. તબ શ્રી ઠાકુરજી કે ચરણ પરસિકે શ્રીયમુનાજીને માર્ગ દિયો તાતેં કોયલા ગામ ભયો તાકે પાસ વલ્લભ ઘાટ હૈ તહાં શ્રીગોકુલનાથજી નિત્ય સંધ્યાવંદન કરતે તાકે પાસ ગાંધીપુરા ગાંવ હૈ....કન્યા કૂં મથુરા લે ગયે હૈ.....[૪૭]

સંદર્ભ નોંધ - ૪૪ : જુઓ વલ્લભીય સુધા - ગ્રંથ ભાગ-૭ ક્રમાંક : ૩-૪ પૃ. ૧-૨.

સંદર્ભ નોંધ - ૪૫ : ૪૩ મી સંદર્ભનોંધમાં દર્શાવેલી ગ્રંથરચનાની પાદટીપ-૪૩ - પૃ. ૪૨-૪૩ - જુઓ.

સંદર્ભ નોંધ - ૪૬ : એજન - પૃ. ૯૦-૯૨

સંદર્ભ નોંધ - ૪૭ : એજન - પૃ. ૧૦૩



ફોટોઃ આર.એચ.ગાંધી

પ્રત્યેક વર્ષે વ્રજયાત્રા અથવા વ્રજ ૮૪ કોશ યાત્રા- પરિક્રમાનો પ્રારંભ મથુરાથી ભાદરવા મહિનામાં સુદ ૧૨ કે ૧૩ ના દિને થાય છે જે એક પવિત્ર સ્થળથી બીજાં સ્થળે જાય છે અને તેની સમાપ્તિ ૪૦ કે ૪૨ દિવસે મથુરામાં થાય છે ઉપરોક્ત ફોટો વ્રજયાત્રાને લગતો છે અને ગોકુલમાં વિ.સં. ૨૦૧૭ (તા. ૩૧-૧૦-૬૧)ના આસો વદ આઠમના પડાવ કરેલ તેનો છે.

આ ગ્રંથ રચનાનું તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કોઇ જ મહત્ત્વ નથી. આ રચના જે લોકોને આવી યાત્રાઓમાં ઊંડો વિશ્વાસ હોય તેને માટે ઉપયોગી છે અને તે દૃષ્ટિએ તેનું કંઇક ધાર્મિક એવું મહત્ત્વ છે. તેનું કેટલુંક ઐતિહાસિક મહત્વ પણ છે. કહેવાય છે કે, વ્રજયાત્રાને સૌ પ્રથમ શરૂઆત માધ્વાચાર્યના અનુયાયી શ્રીલ નારાયણ ભટ્ટ ગોસ્વામી દ્વારા કરવામાં આવી હતી જેઓ વિ.સં. ૧૬૦૨ માં વ્રજમાં આવ્યા હતા અને વિક્રમ સંવત ૧૬૦૯માં વ્રજ ભકિત-વિલાસ લખ્યું હતું. શ્રીલ નારાયણ ભટ્ટ વ્રજયાત્રાના આરંભકર્તા હોવા બાબતનો તેમનો દાવો આ વન-યાત્રા ગ્રંથ-રચનાને નકારે છે, કારણ કે વિઠ્ઠલનાથજીએ વિક્રમ સંવત ૧૬૦૦ ની સાલમાં વ્રજયાત્રા કરી હતી. વળી એમ પણ આ ગ્રંથ કહે છે કે, શ્રીમદ્ વલ્લભે વ્રજનાં પવિત્ર સ્થળોની પરિક્રમા કરનારા સર્વમા પ્રથમ હતા અને આપશ્રીએ તે સંવત ૧૫૪૯ માં અને ત્યારબાદ વિ.સં. ૧૫૫૫ માં વ્રજયાત્રા કરી હતી જે ટૂંકા સમયાવધિની એટલે કે લગભગ સાતેક દિવસની હતી.[૪૮]

(૯) વાર્તા-સાહિત્યનું મૂલ્યાંકન

૮૪ વાર્તાઓ અને ૨૫૨ વાર્તાઓનો વિષય શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીના શિષ્યો-ભકતોના જીવનમાં બનેલા પ્રસંગોને લગતો છે. જયારે નિજ-વાર્તા ઇત્યાદિનો વિષય શ્રીમદ્ વલ્લભચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીના જીવનમાં બનેલા પ્રસંગોનું નિરૂપણ કરે છે. તે વાર્તાઓ તેમના જીવનના બધા જ પ્રસંગો કહેતી નથી, પરંતુ વૈષ્ણવોની પુષ્ટિમાર્ગની પ્રવેશ દીક્ષાના પ્રસંગો અને તેમને થયેલા અલૌકિક ભગવદનુભવોને લગતા પ્રસંગોનું કથન કરે છે.

ઉપર કહી ગયા મુજબ શ્રીહરિરાયજીએ ભાવ-પ્રકાશ નામક ટિપ્પણી લખેલી છે જેમાં ૮૪ અને ૨૫૨ વાર્તાઓના ઉમરેલા પ્રસંગો જોવા મળે છે અને ટિપ્પણીના શીર્ષકમાં સૂચવ્યા અનુસાર આ સર્વ વાર્તાઓ પાછળ રહેલા સાચા ભાવ - હાર્દને તે દર્શાવે છે. આપશ્રીએ પ્રત્યેક વૈષ્ણવ-ભકતનું મૌલિક સ્વરૂપ - સ્થાન જે ભગવાન કૃષ્ણની નિકુંજમાં હતું તેનું નિરૂપણ કર્યું છે. સામાન્ય માણસને તો આ બધું અર્થ-હીન અને બનાવટી પ્રકારનું લાગે એવું છે, પરંતુ પુષ્ટિમાર્ગીયને માટે તો એ બધુ સર્વથા વાસ્તવિક સત્ય જ છે. ભાવ-પ્રકાશ એ "ત્રણ અશ્રનીવાર્તા" એ નામે લોકોમાં જાણીતી છે, કારણ કે તે જીવના મૂળ સ્વરૂપને ત્યાર પછી જગતમાં તેના થયેલા ભૌતિક જન્મને અને બ્રહ્મસંબંધ લીધા પછી થતા તેના નવા જન્મનું નિરૂપણ કરે છે.

આ વાર્તાઓ અતિશય લોકપ્રિય બની હતી અને શ્રી નાથ ભટ્ટે (આશરે વિક્રમ સંવત ૧૭૨૪) તેમનો સંસ્કૃત ભાષામાં અનુવાદ કર્યો હતો તે કાર્યને કરવામાં પોતે ગૌરવ-ધન્ય થયાનો ભાવ અનુભવ્યો હતો. તે અનુવાદ સંસ્કૃત વાર્તા મણિમાલા નામે જાણીતી છે અને તેમાં ૩૭૦૭ શ્લોકો લખેલા છે. આની હસ્તપ્રત કાંકરોલીના વિદ્યા વિભાગમાં સુરક્ષિત રાખવામાં આવી છે તે જ સંસ્થાએ પ્રકાશિત કરેલ "પ્રાચીન વાર્તા રહસ્ય" નામક ગ્રંથમાં, તેનો થોડો ભાગ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

વિવિધ દૃષ્ટિએ જોતાં, વાર્તા-સાહિત્ય અત્યંત મહત્ત્વ આત્મનિનું છે. તેનું જો કે ઐતિહાસિક દૃષ્ટિએ[૪૯] કોઇ

સંદર્ભ નોંધ - ૪૮ : સરખાવો - શ્રી દ્વારકાદાસ પરીખ દ્વારા પ્રકાશિત વલ્લભીય સુધાના ગ્રંથ ભાગ-૪-૧ પૃ. ૧૭ પર છપાયેલો લેખ

સંદર્ભ નોંધ - ૪૯ : (૨૫૨ વાર્તા પૈકી) વાર્તા ક્રમાંક : ૯૬ - કપડવંજના બેંડા લખે છે કે, શ્રીગોકુલનાથજી કપડવંજ પધાર્યા હતા. ત્યારે બેંડાએ આપશ્રીને પોતાના પુત્ર તથા પત્નીને "નામ-નિવેદન" મંત્ર આપવા વિનંતી કરી હતી. શ્રીગોકુલનાથજીએ તેની વિનંતીને ગ્રાહ્ય રાખી હતી અને તે બન્નેને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ-દીક્ષા આપી હતી. ત્યારબાદ બેડા ગોકુલ ગયા હતા અને ત્યાં શ્રીવિઠ્ઠલનાથજીને મળવા ગયા હતા. આ ઐતિહાસિક દૃષ્ટિએ અસત્ય છે, કારણ કે શ્રીગોકુલનાથજી વિ.સં. ૧૬૪૬-૪૭ માં ગુજરાતમાં પધાર્યા હતા અને શ્રીવિઠ્ઠલનાથજી વિ.સં. ૧૬૪૨માં નિત્યલીલામાં પધારી ગયા હતા. નિજ-વાર્તા કેટલીક તારીખો જણાવે છે, પરંતુ તેમની ખરાઇ સદા શકના દાયરાથી બહાર હોતી નથી. દાખલા તરીકે કહેવાય છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્યના પિતાશ્રી વિ.સં. ૧૫૪૬ (નિજ-વાર્તા-૧) સ્વર્ગવાસી થયા હતા અને શ્રીમદ્ વલ્લભાચાર્ય ભારત યાત્રાનો પ્રારંભ વિક્રમ સંવત ૧૫૪૮ માં કર્યો હતો. ભાવ-સિંધુમાં એવો ઉલ્લેખ છે કે શ્રીમદ્ વલ્લભાચાર્ય અને અકબર સમકાલિન હતા જે ઐતિહાસિક હકીકતોથી વિપરીત હોવાનું જણાય છે.

જ મૂલ્ય નથી જણાતું, કારણ કે તેનો હેતુ જ ઐતિહાસિક હકીકતો દર્શાવવાનો હતો નહિ, છતાં તેમાંથી આપણને કેટલુંક ઐતિહાસિક સાહિત્ય પ્રાપ્ત થાય છે અને તે પણ હિંદી-સાહિત્ય અને પુષ્ટિમાર્ગને લગતું. તે આપણને શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીના જીવન-ચરિત્ર માટેનું અને મહાન કવિઓ જેવા કે સૂરદાસ, પદ્મનાભદાસ, નંદદાસ અને અન્યોના જીવન-ચરિત્ર વિશેનું સાહિત્ય પૂરું પાડે છે, એટલું જ નહિ પણ તેમની રચનાઓ પર પ્રકાશ પાડે છે. વળી, વાર્તા-સાહિત્ય કંઇ કેટલાય નાના કવિઓનો ઉલ્લેખ કરે છે જેનો અન્ય કોઇ સ્થળે ઉલ્લેખ થયો જોવા મળતો નથી, પરંતુ હિંદી ભાષાના ભકિત-સર્જનમાં તેમણે મૂલ્યવાન પ્રદાન કરેલું જોવા મળે છે. જુદા જુદા ભકત-કવિના લખેલાં સંખ્યાબંધ પદો જે અન્યત્ર ઉપલબ્ધ નથી તેમનો પણ સમાવેશ વાર્તા-સાહિત્યમાં થયેલો જોવા મળે છે.[૫૦] શ્રીગોકુલનાથજી રચિત આ વાર્તા-સાહિત્યને અવગણવાનું, કોઇ પણ સાહિત્યના ઇતિહાસકારને માટે સર્વથા શકય નથી.

તે આપણને ટોડરમલ, બિરબલ, અકબર, તાજબીબી[૫૧] અને પુરીના ભોજદેવ[૫૨] અને બીજાઓ વિશે કેટલીક જાણકારી આપે છે. નિજ-વાર્તા[૫૩] આપણને નીચે દર્શાવી જાણકારી આપે છે :-

(૧) કેશવ ભટ્ટ કાશ્મીરી નિમ્બાર્કના મતના અનુયાયી હતા અને તેમણે ક્રમ-દીપિકા તથા અન્ય કૃતિઓ લખી હતી.

(૨) મધુસૂદન સરસ્વતીએ પોતાની ગ્રંથ-રચના "ભકિત-રહસ્ય" નામની હતી તે શ્રીમદ્ વલ્લભાચાર્યને બતાવી હતી (ક્રમાંક ૨૯, પૃ. ૬૪) અને તે શ્રીવિઠ્ઠલનાથજીના શિક્ષક હતા. (ક્રમાંક ૩૬, પૃ. ૮૫).

(૩) કાશી ખાતે, દિનકર ભટ્ટ, લક્ષ્મણ ભટ્ટ, નિત્યાનંદ, ચંદ્રશેખર નીલકંઠ, ઉપેન્દ્ર શર્મા, પ્રકાશાનંદ સરસ્વતી શ્રીવિઠ્ઠલનાથજી સાથે ચર્ચા કરવા આવ્યા હતા (ક્રમાંક ૩૬, પૃ. ૭૫).

(૪) શ્રીવિઠ્ઠલનાથજીએ ગીતા પર ભાષ્ય લખ્યું નહોતું, કારણ કે આપશ્રીના મતે તે સરલ હતી અને કૃષ્ણ ભગવાનને કુલ ૫૭૪ સર્વ ઉપદેશાત્મક શ્લોકોને સ્વયં પ્રમાણરૂપ ગણવાપાત્ર છે એવું માનતા હતા.

(૫) ઘરુ-વાર્તા ક્રમાંક -૧૦ આપણને કહે છે કે શ્રીમદ્ વલ્લભાચાર્યે શા માટે સંન્યાસ ગ્રહણ કર્યો અને આપશ્રી વિક્રમ સંવત ૧૫૮૭ના આષાઢી તૃતીયાને દિને નિજના પુત્રો તથા શિષ્યોને શિક્ષા-શ્લોકોનો ઉપદેશ કર્યા પછી સ્વયં નિત્યલીલામાં પધાર્યા હતા તે હકીકત જણાવે છે (પૃ. ૧૨૧-૧૨૩)

(૬) શ્રીમદ્ વલ્લભાચાર્યે પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીની આજ્ઞાને કારણે લગ્ન કર્યું હતું. (નિજ-વાર્તા ૨૮ અને બેઠક-ચરિત્ર ક્રમાંક ૩૫).

પરંતુ આ વાર્તા-સાહિત્યમાં કેટલાક પ્રસંગોનાં કથનમાં અત્યોકિત અને વિરોધાભાસ જણાય છે એ વસ્તુ યાદ રાખવી ઘટે. દાખલા તરીકે બેઠક-ચરિત્ર ક્રમાંક ૩૩ માં કહયું છે કે, માધવાનંદ અને મુકુંદદાસ અનુક્રમે કાશી અને પુષ્કરથી ચંપારણ્ય ૬ દિવસમાં આવ્યા હતા અને ક્રમાંક ૬૦ માં કહયું છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્યના શિષ્યો પર વર્ષા થઇ ન હોતી. કેટલાક સ્થળે કથનમાં વિરોધાભાસ પણ જણાય છે. દાખલા તરીકે, નિજ-વાર્તા ક્રમાંક ૧૧ માં કહયું છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્યે કૃષ્ણદેવ રાજાએ ભેટ તરીકે આપેલ સુવર્ણ - મુદ્રામાંથી માત્ર સાત સુવર્ણ મુદ્રા ગ્રહણ કરી

સંદર્ભ નોંધ - ૫૦ : વાર્તા ક્રમાંક ૨૩૩ કહે છે કે, કૃષ્ણદાસ જાડાએ ઇન્દ્રકોપ, રાસ-પંચાધ્યાયી પદો અને રુકિમણી-મંગલ લખ્યાં હતાં તેવી જ રીતે અન્ય શિષ્યો જેવા કે કટારિયા (૨૩૫), રાધોદાસ (૨૩૪), યાદવેદ્ર (૨૪૦), સગુણદાસ (૨૪૨), વૃંદાવન (૨૪૦), બ્રહ્મદાસ (૨૩૬), પૃથ્વીસિંહ (૨૫૨), તુલસીદાસ (૨૩૯), ચતુરબિહારી (૨૪૮), રામરાયહિત ભગવાન (૨૫૨) અને બીજાઓ જે ભાગ્યે જ જાણીતા છે, તે બધાએ ઘણાં બધાં પદો લખ્યાં છે એવું કહયું છે.

સંદર્ભ નોંધ - ૫૧ : સરખાવો - "ભાવ-સિંધુ (સંપાદક : લલ્લુભાઇ સી. દેસાઇ) પૃ. ૨૮૯ અને ૨૫૨ વાર્તાઓ પણ.

સંદર્ભ નોંધ - ૫૨ : નિજ-વાર્તા ક્રમાંક ૧૬ (સંપાદક-લલ્લુભાઇ સી. દેસાઇ)

સંદર્ભ નોંધ - ૫૩ : લલ્લુભાઇ સી. દેસાઇ સંપાદિત

હતી અને તેમાંથી આપશ્રીએ ભગવાન શ્રીનાથજી માટે ઝાંઝર બનાવડાવ્યાં હતાં, અને નિજ-વાર્તા ક્રમાંક ૨૮ માં કહયું છે કે તે સુવર્ણની સાત મુદ્રાઓનો વિનિયોગ પંઢરપુરના[૫૪] વિઠ્ઠલનાથજીના ઝાંઝર બનાવવામાં કરાયો હતો.

વાર્તા-સાહિત્ય આપણને સામાજિક, રાજકીય અને ભૌગોલિક પરિસ્થિતિ દર્શાવતી ઘણી બધી ઘટનાની તવારીખો દે છે[૫૫] તે આપણને પૂજા-વિધિ અને ધાર્મિક પારિભાષિક શબ્દો (દા.ત. :- બીડાં, બંટા, અનસખડી, જૂઠન, બુહારી) જેનો ઉપયોગ પુષ્ટિમાર્ગીય મંદિરોમાં થાય છે, તેની જાણકારી આપે છે. વળી તે આપણને તત્કાલિન પહેરવેશ અને કાપડ, વાસણો, રાજકીય પક્ષો-વર્ગો સ્થાપત્ય, શિલ્પ અને તેના નકશા, વેપાર-વાણિજ્ય[૫૬] અને નાણાકીય ચલણો, વાહન-વ્યવહારનાં સાધનો (જેવા કે, ઘોડા, રથો, હાથી, બળદ-ગાડાં, પાલખી, નાવ વગેરે) અમુક પ્રદેશના સ્થાનિક પશુ-પંખી અને વનસ્પતિઓ, આનંદ-પ્રમોદનાં સાધનો જેવાં કે સંગીત, નૃત્ય, જાદુકળા અને કથા-શ્રવણને લગતી જાણીકારી આપે છે. ટૂંકમાં તે વખતે દેશમાં ભરપૂર સુખ-શાંતિનો કાળ પ્રવર્તતો હતો. જીવન-નિભાવનુ ખર્ચનુ ધોરણ અત્યંત નીચું હતુ. આપણને આ વાતની પ્રતીતિ સંતદાસની વાર્તા (જે ભાવ-સિંધુ અને ૮૪ વાર્તાઓમાં છે અને વળી વાર્તા ક્રમાંક ૬૭ અને ૨૫૨ વાર્તાઓમાં છે) તેના દ્વારા એવું જાણવા મળે છે કે, સંતદાસ માત્ર ૧.૫ પાઇમાં દૈનિક ખર્ચમાં પોતાનું જીવન ગુજારતો હતો.[૫૭અ] કાપડની સરસ ગુણવત્તા બાબતમાં કહે છે કે, નારાયણદાસ[૫૭બ] શ્રીવિઠ્ઠલનાથજીને ભેટ ધરતો કે નજરે જોવું નજરે દુષ્કર હતું અને તે ધોલાઇ પછી તુરંત સૂકાઇ જાય તેવું આછું-પાતળું હતું.

ભારતના વિવિધ સ્થળોએ આવેલાં પુષ્ટિમાર્ગીય મંદિરો-હવેલીઓમાં વિવિધ પ્રકારના શ્રીવિગ્રહ-પ્રતિમાઓની સેવા-પૂજા કરવામાં આવે છે. આ વાર્તાઓમાંથી આપણને ખાસ કરીને નિધિ-સ્વરૂપોના[૫૭ક] સેવા-પૂજાના ઈતિહાસ જાણવા મળે છે.

આ વાર્તા-સાહિત્યમાં કેટલાક ચમત્કારો વિશે પણ જાણવા મળે છે. દાખલા તરીકે, ૨૫૨ વાર્તામાંની વાર્તા ક્રમાંક ૧૦૩ માં કહયું છે કે, ધડથી માથું કાપી નાંખેલું, તેને મહાપ્રસાદ લેવડાવતાં તે ફરીને ધડ સાથે જોડાઇ ગયું હતું, વાર્તા ક્રમાંક ૧૦૬ માં કહયું છે કે, એક વ્રજવાસી સૂરત થી ગોપાલપુર પરત બે દિવસમાં આવ્યો હતો. હું તો એમ માનું છું કે, આવા બધા પ્રસંગોની કથા-વાર્તા વાંચનારના મનમાં ભકિત, પ્રસાદ, વિશ્વાસનાં મહત્ત્વનો ભાવ ઠસાવવા માટે જ રચવામાં આવી હોય છે. તેમને તેમના શબ્દાર્થમાં સાચી કદાપિ માની લેવી જોઇએ નહીં.

વાર્તા-સાહિત્ય અર્વાચીન વ્રજભાષાના ઉત્તમ ગદ્યનો નમૂનો પૂરો પાડે છે. પુષ્ટિમાર્ગના ગોસ્વામીઓએ વ્રજભાષાના ગદ્ય અને પદ્યના વિકાસમાં અનેરો ફાળો આપ્યો છે અને તેના સાધનરૂપ બનીને રહયા છે એ હકીકતને કોઇપણ નકારી શકે તેમ નથી. વાર્તામાંની ભાષાએ, શ્રીગોકુલનાથજીએ જે વચનો કહયાં તેનું શબ્દશઃ લખાયેલું સ્વરૂપ છે.

વાર્તા-સાહિત્યની જુદી જુદી આવૃત્તિમાં જોડણી પરત્વેની ભિન્નતા અને વિરામચિહ્નોના યોગ્ય ઉપયોગનો અભાવ જોવા મળે છે તે આવૃત્તિ લખનાર તૈયાર કરનાર જે લહિયાઓ તે કાળે આવતા તે જુદા જુદા પ્રદેશમાંથી

સંદર્ભ નોંધ - ૫૪ : સરખાવો - નિજ-વાર્તા પૃ. ૨૭ અને ૬૧

સંદર્ભ નોંધ - ૫૫ : વિગતો માટે જુઓ એચ. ટંડનનું વાર્તા-સાહિત્ય - પૃ. ૪૮૮ - ૫૩૪ અને ૨૫૨ વાર્તાઓ ભાગ-૩ (સંપાદક દ્વારકાદાસ પરીખ)

સંદર્ભ નોંધ - ૫૬ : સરખાવો - વાર્તા ક્રમાંક ૨૪માં માન-ચિત્રનો ઉલ્લેખ - પુરનમલ ક્ષત્રિય, પૃ. ૨૭૬ (સંપાદક : ડી. પરીખ)

સંદર્ભ નોંધ ૫૭(અ):સરખાવો - વિન્સેન્ટ સ્મિથની "અકબર ધ ગ્રેટ મુગલ" (૧૯૧૯ ઈસ્વીસનની આવૃત્તિ) પૃ. ૩૯૧ જેમાં લખ્યું છે કે, ૧૯૪-૨૫ રતલ ઘઉ એક રૂપિયામાં મળતા હતા.

સંદર્ભ નોંધ ૫૭(બ):સરખાવો - ૨૫૨ વાર્તામાંની વાર્તા ક્રમાંક : ૫

સંદર્ભ નોંધ ૫૭(ક): જુઓ - ૨૫૨ વાર્તાઓ ભાગ-૩ (સંપાદક ડી. પરીખ)

આવતા અને ભાષા શુદ્ધિને જાળવવામાં લેવી જોઈતી કાળજી રાખનારા એવા ચૂસ્ત આગ્રહી નહોતા એ બાબતને આભારી છે. આ લહિયાઓ વસ્તુ અને તેના ભાવાર્થની ભાષા કરતાં વધુ કાળજી રાખતા-લેતા. વાર્તાઓની નકલો કરવામાં પણ આ લહિયાઓ કાળજી રાખતા નહોતા. આથી કહયો, કહયૌ અને કહી, કે અને કેં, બેઠે અને બૈઠે, હુતો અને હતો, કર કે અને કરિકે, પહુંચિ અને પહોંચી અને પોહોંચિ, દિવાયો અને દિવાયોં, ફુરી અને સ્ફુરિ, સમે અને સમય, કહત અને કહેત, દેખિયત અને દેખત વગેરે જેવા આખરે શબ્દરૂપો જોવાને પામીએ છીએ. બીજી એક નોંધવા જેવી પણ વાત છે. તે કાળ ભાષા-વિકાસનો કાળ હતો અને તેથી એ તદ્દન સહજ વાત હતી કે, એક જ શબ્દના વિવિધ સ્વરૂપો અને જોડણી થતી જોવા મળતી હતી. આ બધું હોવા છતાં, તે વખતની ભાષામાં તેનું સૌંદર્ય અને સાદગી બન્ને વિપુલ પ્રમાણમાં હતાં. વાકયો ટૂંકા અને શબ્દો સાદા વપરાતા હતા. આથી કહેવાનો ભાવાર્થ શ્રવણ કરનારને તુરત સમજાઈ જતો. આ અંગે નીચે દર્શાવેલી પંકિતઓ, આ વાર્તાઓની ભાષાને માટે યોગ્ય અંજલિ સમાન હોય તેમ લાગે છે:

"જો ઈન પુસ્તકો કી ભાષા બહુત વ્યવસ્થિત હૈ । યદ્યપિ ઈસમેં લંબે ઔર જટિલવાકય ગઠન કા પ્રયત્ન નહીં હૈ, તથા ઉનસે પ્રતિપાદક વિષય કા અચ્છા સ્પષ્ટીકરણ હુઆ હૈ । છોટે છોટે વાકયોં સે ચરિત-માયકો નાનકો કા ચરિત્ર એસી સ્પષ્ટતા સે ચિત્રિત હુઆ હૈ માનો નિપુણ કલાકારને બલ્કિ તૂલિકા બહુત મામૂલ રંગો કે સહારે ચિત્રોં કો સજીવ બના દિયા હો ।"[૫૮]

"ઈનકે ગદ્ય મેં વ્યકિતત્વકો છાપ હૈ, તથા સજીવતા, સ્વાભાવિકતા આડંબર શૂન્યતા ઔર માધુર્ય આદિ ગુણ હૈ ।"[૫૮અ]

આ બધું ગૌણ મહત્ત્વનું છે. આ વાર્તાઓનો મુખ્ય હેતુ ધાર્મિક છે. શ્રીગોકુલનાથજી એ હકીકત સારી રીતે જાણતા હતા કે, શાસ્ત્રોપદેશ જનસમુદાયને અપીલ કરતો નથી, કારણ કે જનસમુદાય ભણેલો હોતો નથી અને તત્ત્વજ્ઞાન અને ધાર્મિક સિદ્ધાંતોની સૂક્ષ્મતાને સમજવા પૂરતી બુદ્ધિ ધરાવતો હોતો નથી એટલે શાસ્ત્રોપ્રદેશ જનસમુદાયને જચતો નથી. - અપીલ કરતો નથી. વળી, સંસ્કૃત ભાષાનું જ્ઞાન થોડા પંડિતજનો પૂરતું મર્યાદિત હતું. આથી શ્રીગોકુલનાથજીએ જ્ઞાનોપ્રદેશ કરવામાં લોકોને પ્રિય પ્રાદેશિક ભાષા એટલે કે વ્રજભાષાનો ઉપયોગ કરવાનું યોગ્ય માન્યું હતું. આપશ્રીએ પોતાના પૂર્વજોના અને મહાન વૈષ્ણવોના જીવન-પ્રસંગો જે તેમના જીવનમાં બન્યા હતા તે કહેવાનું શરૂ કર્યું, જેથી કરી તે શ્રવણકર્તાઓ પુષ્ટિમાર્ગના સિધ્ધોંતોને સારી રીતે સમજી શકવાને સમર્થ બને. દાખલા તરીકે, અનન્યાશ્રય (એટલે કે એકમાત્ર ભગવાન કૃષ્ણનો જ આશ્રય રાખવો) એ પુષ્ટિમાર્ગના મૂળભૂત સિદ્ધાંતોમાંનો એક મુખ્ય સિધ્ધાંત છે.

આ સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં આપશ્રીએ એક બ્રાહ્મણીની વાર્તા કહી હતી. તેમાં એક અધિકારીએ બ્રાહ્મણીને મદદ કરતાં તે એમ કહેવા લાગી કે, મને અધિકારીએ મુસીબતમાંથી બચાવી લીધી અને તેના આવા કથનથી ભગવાન તેના પર અપ્રસન્ન થયા હતા.[૫૯] આમ, તે કહેલો પ્રસંગ "અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।"[૬૦] એ શ્લોક કરતાં જનસાધારણને વધારે સહજતાપૂર્વક સમજાય અને તેથી તે વધારે અપીલ કરે - જચે. વૈષ્ણવોએ પુષ્ટિમાર્ગના એ સિદ્ધાંતો, જેવા કે ભગવાનના સુખનો - આનંદનો સદૈવ વિચાર કરવો અને આપણા સુખ માટે કરીને તેમને વિનંતી પ્રાર્થના કરી કષ્ટ ન થાય તે જોવું; ભગવાનને અસમર્પિત કરેલું હોય તેવું કંઈ ખાવું નહિ અને ભગવદીયોને ભગવાન તુલ્ય ગણી તદ્નુસાર તેમની સાથે વર્તવું વગેરે બાબતો પ્રત્યે સદા જાગરૂકતા-ધ્યાન રાખીને તે સિદ્ધાંતોનું

સંદર્ભ નોંધ ૫૮: હઝારીપ્રસાદ દ્વિવેદી - હિંદી સાહિત્યમાં હરિહરનાથ ટંડનના વાર્તા સાહિત્ય પૃ. ૨૩૦નો સંદર્ભ ટાંકેલ છે.
સંદર્ભ નોંધ ૫૮(અ): ગણેશ વિહારી મિશ્રા ઈત્યાદિ મિશ્રા-બંધુ-વિનોદ-પૃ. ૨૪૯
સંદર્ભ નોંધ ૫૯ : સરખાવો - "તબ વા બાઈને વા સાકતસોં કહયો જો પુતા ! તૈં મોં કોં જીવાઈ । .... તબ વા કે ઘર તેં શ્રી ઠાકુરજી શ્રીગુસાંઈજી કે ઘર પધારે - ૨૫૨ વાર્તામાં વાર્તા ૩૮ - પૃ. ૩૧૮ (સંપાદક : ડી. પરીખ)
સંદર્ભ નોંધ - ૬૦ : જુઓ વિવેકધૈર્યાશ્રય - શ્લોક -૧૫.

પાલન કરવું. આ સિદ્ધાંતોનો બોધ આપતા અનેક પ્રસંગો આ વાર્તાઓમાં જોવા મળે છે[૬૧] કોઇ પણ ધર્મમાં અને સમાજમાં પરંપરા મહત્ત્વનું યોગદાન કરે છે-મહત્ત્વનો ભાગ ભજવે છે અને શ્રીગોકુલનાથજી રચિત આ વાર્તાઓમાં પુષ્ટિમાર્ગની કેટલીક પરંપરા અને આચાર-વિચારના પાલનાર્થની નીતિ-રીતિ પ્રસ્થાપિત કરવામાં આવી છે. ટૂંકમાં, વાર્તા - સાહિત્ય પુષ્ટિમાર્ગીયો માટેની આચાર-સંહિતા છે અને માર્ગના સિદ્ધાંતોને ઉદાહરણ - સહ સરલ અને સાદી ભાષામાં સમજાવે છે.

આ વાર્તાઓ ઉપદેશ છે કે, સેવાનું ખરું હાર્દ શુદ્ધ સ્નેહભાવમાં રહેલું છે. તેઓ આપણને શીખવે છે કે, ભગવાનની સેવા કેવી રીતે કરવી અને વૈષ્ણવ ભકતે રોજ-બરોજના જગત સાથેના વ્યવહારો કરવા તેણે પોતાની જાતને કેવી રીતે સજજ કરવી. આ માટે આ રીતે અગ્રતાક્રમ નકકી કરવો : સેવા, વૈદિક ક્રિયા અને ત્યારબાદ ભૌતિક જગતનાં કર્તવ્ય કર્મો. વૈષ્ણવો સાથે સત્સંગ કરવા સદૈવ તત્પરતા રાખવી અને તેમની પાસેથી કૃષ્ણ-લીલાનાં રહસ્યોને સમજવાં-પામવાં[૬૨]. આથી, વાર્તાઓનું વાંચન કરવાથી આધ્યાત્મિક ભાવના દઢીભૂત થાય, ધાર્મિક આચાર-વિચાર[૬૩] બળવત્તર બને અને ભગવાન માટેનો પ્રેમ ઉત્કટ અને નિષ્કામ બને છે.

આ સાહિત્યમાં પુષ્ટિમાર્ગની એટલે કે સેવામાર્ગ અને તેના સાચા મર્મની વ્યવહારુતા સુપેરે પ્રદર્શિત થાય છે. પુષ્ટિમાર્ગ અનુસાર અંતિમ લક્ષ્ય કે મોક્ષ એટલે કૃષ્ણ લીલાનાં દર્શન કરવાં - પામવાં અને તેમાં જાતે ભાગીદાર બનવું એ છે અને આ વસ્તુનું આ સાહિત્યમાં ઘણા બધાં સ્થળોમાં - કિસ્સામાં પ્રતિપાદન થયેલું જોવા મળે છે[૬૪]

ભારતમાં ગુરુનું મૂલ્ય શિષ્યોને મન ભગવાન કરતાં પણ ઉચ્ચ હોય છે[૬૫] વાર્તા - સાહિત્ય શ્રીમદ્ વલ્લભાચાર્ય અને આચાર્યશ્રીના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીની ગુરુ[૬૬] તરીકેની મહત્તા અને મહાનતાને દર્શાવે છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની પરા પ્રકૃતિ અને પરા-માનવીય ચારિત્ર તથા પરાશકિત અને દિવ્યતાનું તેમજ ઉભયની શિષ્યો માટેની ભકત-વત્સલતાનું સુરેખ નિરૂપણ આ સાહિત્યમાં થયેલું જોવા મળે છે. આના પરિણામે ભકત શિષ્યોના હૃદયમાં શ્રીમદ્ વલ્લભ-વિઠ્ઠલની સાદ્યંત સાચી ભકિત અને ઉભય પ્રતિની અનન્ય સન્માનની ભાવનાનો ઉદય કરવામાં તે સાધન બની રહે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યની દિવ્યતા અને ઉદ્ધારક શકિતની વિશેષ કરીને નિજ-વાર્તા[૬૭] તથા બેઠક ચરિત્રમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. અહીં એ ખાસ નોંધવું પડે કે ગુરુ-માહાત્મ્યનું વધુ

સંદર્ભ નોંધ - ૬૧ : જુઓ : ઉદાહરણાર્થે વાઘજી રાજપુતની વાર્તા - ભાવ-સિંધુ (સંપાદક : લલ્લુભાઇ દેસાઇ) પૃ. ૨૧૭ વળી જુઓ - ૮૪ વાર્તાઓ (સંપાદક ડી. પરીખ) પૃ. ૫ ભાવ-પ્રકાશ :- "આજ કથા કો ફલ કહત હૈ । વૈષ્ણવન કી વાર્તા મેં સગરો ફલ જાનિયો । વૈષ્ણવ ઉપરાંત ઔર કુછ પદારથ નહી હૈ ।"

સંદર્ભ નોંધ - ૬૨ : સરખાવો - "યે ઠાકુર તો તબ હી જ્ઞાને જાય જબ ભગવત ભકત કો સંગ કરે । સેવા કે પ્રકાર એતન્માર્ગીય વૈષ્ણવ જાનત હૈં। તિનકો મિલિ ભાવ પુછિ કે સેવા કરની । તબ ભગવદ્ભાવ ઉત્પન્ન હોઇ । શ્રીઠાકુરજી કી લીલા કી સબ ભેદ જાને ।" - ૮૪ વાર્તાઓ (સંપાદક - ડી. પરીખ, વિ.સં. ૨૦૧૦) પૃ. ૩૯

સંદર્ભ નોંધ - ૬૩ : સરખાવો - "શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં ।"

સંદર્ભ નોંધ - ૬૪ : જુઓ - બેઠક-ચરિત્ર ક્રમાંક : ૩૩ અને ૬૦ (સંપાદક : લલ્લુભાઇ સી. દેસાઇ).

સંદર્ભ નોંધ - ૬૫ : સરખાવો - "ગુરુ - ગોવિંદ ઠાડે રહે, કિન કો લાગું પાય । બલિહારી ગુરુ આપ કી જિન ગોવિંદ દિનો બતાય" - કબીર. વળી, વાંચો - "હમ તો આપ કે હાથ બિકાને હૈં। હમ કોં તો શ્રી રણછોડજી આપ બતાએ હો। તબ હમ શ્રી રણછોડજી કો જાને હૈ । - નાગજી ભટ્ટે શ્રી વિઠ્ઠલનાથજીને વિનંતિ કરતાં કહે છે : વાર્તા-૨૫૨ (સંપાદિત : ડી. પરીખ) ગ્રંથ ભાગ-૧-પૃ. ૧૮-૧૯

સંદર્ભ નોંધ - ૬૬ : સરખાવો - નિજ-વાર્તા પ્રસંગ -૧૧ સંપાદિત - લલ્લુભાઇ દેસાઇ

સંદર્ભ નોંધ - ૬૭ : સરખાવો - નિજ-વાર્તા ક્રમાંક : ૪૭ - પૃ. ૯૯ - જેમાં હનુમાનજી કહે છે કે રામનું સ્વરૂપ શ્રીમદ્ વલ્લભાચાર્ય ધારણ કરી શકે છે, પણ રામ શ્રીમદ્ વલ્લભનું રૂપ ધારણ ગ્રહણ કરી શકે નહીં.

પરંતુ કેટલાક સ્થળે થયેલું સ્તુતિ-ગાન સંપ્રદાયની અવનતિ થવામાં કારણભૂત બની ગયું છે, કારણ કે લોકો ગોસ્વામીઓને પરમ દૈવત ધરાવતા માનવા લાગ્યા હતા. અલબત્ત, શ્રીગોકુલનાથજીએ "અસ્મત્કુલં નિષ્કલંક" તથા "સ્વવંશે સ્થાપિતાશેષમાહાત્મ્યઃ ।"[૬૮] એવી ટીકા લખીને આની સામે ચેતવણી આપતો ઘંટ વગાડયો - બજાવ્યો છે.

પુષ્ટિમાર્ગ અનુગ્રહ એટલે કે ભગવત્ કૃપાના (જે કઠોપનિષદમાં ઉપદેશેલો)[૬૯] સિદ્ધાંત પર આધારિત સંપ્રદાય છે અને સાધનામાર્ગને તેનાથી ગૌણ સ્થાને ગણે છે. શાસ્ત્રો જ્ઞાનનું હોવું એ ભગવત્ સાક્ષાત્કાર પામવા માટે સર્વથા આવશ્યક નથી. ભગવાન એવા તો કૃપાળુ છે કે, જે જીવોને તેમનામાં જે કંઇ ગુણ કે અવગુણ હોય તેને ધ્યાને લીધા વિના પોતાના માની શરણે લે છે, તેમની સમક્ષ સામે ચાલીને સ્વયં પ્રકટ થઇ દર્શન આપે છે. આને ભગવાનનું પ્રમેય -બલ કહે છે અને આ વાર્તાઓમાં તેનું સુપેરે ઉદાહરણો દ્વારા પ્રતિપાદન થયું છે.

આ વાર્તાઓના કેટલાક મહત્ત્વના ઉપદેશો નીચે દર્શાવ્યા મુજબના છે :-

વાર્તા કોના વિશે	વાર્તાનો ક્રમાંક	તેમાંથી ફલિત થતો ઉપદેશ
(૧) ગજજન ધાવનની	૮૪ વાર્તામાં ૧૩	"વ્યસન" અવસ્થા એ શ્રેષ્ઠ છે.
(૨) માધવભટ્ટ કાશ્મીરી	૮૪ વાર્તામાં ૨૭	માહાત્મ્યની ગોપનીયતા સર્વથા સુરક્ષિત રાખવી અને બધા પ્રત્યે દયા દાખવવી.
(૩) અમ્મા ક્ષત્રાણિ	૮૪ વાર્તામાં ૧૨	વૈષ્ણવોએ હતાશાભાવ રાખવો નહિ અને સર્વ દુઃખોને ભગવાનની લીલારૂપ માનવાં
(૪) દામોદરદાસ	૮૪ વાર્તામાં ૩ (વળી, ૨૫૨ વાર્તામાં વાર્તા ક્રમાંક : ૫૯, ૨૦૫, અને ૨૩૧)	સેવા કરવામાં શરમ અનુભવવી નહિ અને અન્યાશ્રયને સર્વથા ટાળવો.
(૫) કૃષ્ણદાસ મેઘન	૮૪ વાર્તામાં ૨	ગુરુ જ સૌથી મહાન છે અને અનન્યાશ્રયનો ભાવ સર્વદા જીવંત રાખવો.
(૬) ગોવિંદદાસ ભટ્ટ	૮૪ વાર્તામાં ૧૧	સેવા કરવામાં અભિમાન કરવું નહિ. વિનમ્રતા જાળવવી.
(૭) રાજો ક્ષત્રાણી અને રૂપા પરી	૮૪ વાર્તામાં ૫, ૨૫૨ વાર્તામાં ૧૧૬	ભગવાનને સમર્પણ કરવાની વસ્તુનો અન્ય કોઇ ઉપયોગ કરવો નહિં.
(૮) સિંહનદમાં રહેતી ક્ષત્રાણીની વાર્તા	૮૪ વાર્તામાં ૬૦	સેવા કરવા માટે ઉછીના પૈસા લેવા નહીં.
(૯) ગોપાલદાસ	૮૪ વાર્તામાં ૬/૨	કીર્તનનું મહત્ત્વ દર્શાવ્યું છે.
(૧૦) તુલસાં અને પતિ-પત્ની	૮૪ વાર્તામાં ૪/૧ ૨૫૨ વાર્તામાં ૧૪૩	મહાપ્રસાદનું મહત્ત્વ દર્શાવ્યું છે.
(૧૧) ચંદાબાઇ	ભાવ-સિંધુ પૃ. ૨૩૧	ભગવાનની પ્રતિમાને-મૂર્તિને સાક્ષાત્ ભગવાન તરીકે જોવા વિશે.
(૧૨) વાઘાજી	ભાવ-સિંધુ પૃ. ૨૧૭	ભગવાનના સુખનો જ સૌ પ્રથમ વિચાર કરવો અને સાચા ભકત અને ભગવદીયને કોઇ નિયમો વિનિયમોનો બાધ નહીં.
(૧૩) ઘરુ-વાર્તા	ક્રમાંક ૪ (પૃ.૧૧૩) ૨૫૨ વાર્તામાં ૧૪૯	બધાં જ દુઃખોને ધીરજપૂર્વક સહન કરવાં

---

[૬૮] સંદર્ભ નોંધ - ૬૮ : જુઓ - પ્રકરણ ૩ (અ) (૩) - "અસ્મતકુલં"ના શ્લોક ૮ અને સર્વોત્તમસ્તોત્રની ટીકા.

[૬૯] સંદર્ભ નોંધ - ૬૯ : "યમેવૈષ વૃણુતે તેન સ લભ્યઃ ।" કઠોપનિષદ - ૧-૨-૨૩.

(૧૪)	એક વ્રજવાસી	૨૫૨ વાર્તામાં ૬૩ અને ૧૫૪	વૈષ્ણવનો પહેરવેશ અને તેનું મહત્ત્વ તથા શ્રીવિઠ્ઠલનાથજીની મહાનતાનું નિરૂપણ કરે છે.
(૧૫)	એક ગરીબ બ્રાહ્મણ	૨૫૨ વાર્તામાં ૧૬૧	ગિરિરાજની મહત્તાનું નિરૂપણ કરે છે.
(૧૬)	પુરુષોત્તમ	૨૫૨ વાર્તામાં ૪૯	પુષ્ટિમાર્ગ અને મર્યાદામાર્ગ વચ્ચેના ભેદનું નિરૂપણ કરે છે.
(૧૭)	રાજા આશકરણ અને બ્રહ્મદાસ	૨૫૨ વાર્તામાં ૧૨૩ અને ૨૩૬	માનસી ભકિતનાં ઉદાહરણો કહયાં છે.

આ ઉપરાંત, વિવિધ વાર્તાઓમાં ધર્મના સર્વ સામાન્ય સિદ્ધાંતો અને નીતિ ધર્મના સિદ્ધાંતો, જેવા કે સત્ય, લોભ-ત્યાગ, સંતોષ, પરોપરકાર, અહિંસા, મહેમાનગતિ, શ્રદ્ધા, આત્મ-સંયમ, સર્વ જીવો પ્રત્યે દયાભાવ દાખવવો તથા પુષ્ટિમાર્ગનાં વિલક્ષણ તત્ત્વો, જેવાં કે સમર્પણભાવ, સેવાની રીતિ-પ્રકાર, શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજી વગેરેના સાચાં સ્વરૂપો પર વિવિધ વાર્તાઓમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે.

પુષ્ટિમાર્ગની સખત ટીકા કરતા આરોપો કરવામાં આવે છે કે, તે નિષ્ક્રિયતાને વધારે છે, તે અનૈતિક છે અને તેનો મુખ્ય હેતુ ભૌતિક ભોગ-વિલાસને માણવાનો છે; પરંતુ આવી ટીકા સર્વથા અયોગ્ય છે. તે સાદાઇ અને વૈરાગ્ય પર ભાર મૂકે જ છે. આવી ટીકાઓનો ઉત્તર આપતા અનેક દાખલા આ વાર્તાઓમાં જોવા મળે છે. ઘણી બધી વાર્તાઓ બતાવે છે કે, રોજ-બરોજના જીવનમાં નૈતિક વર્તાવ કેમ કરવો અને તેના પર ભાર પણ મૂકે છે. સંતદાસની વાર્તા[૭૦] બતાવે છે કે, તે કેવું સાદું જીવન જીવતા હતા અને ધન એકઠું કરવાની પ્રવૃત્તિથી દૂર રહયા હતા. કૃષ્ણદાસ[૭૧] (પતિ-પત્ની) ની વાર્તાને વ્યભિચાર કે વૈવાહિક જીવન પ્રત્યે વિશ્વાસનો અભાવ કે પછી અસામાજિક જાતીય સંબંધોના ઉદાહરણ તરીકે જોવાની નથી. તેનો ઉદ્દેશ તો છે એક વૈષ્ણવના આતિથ્યધર્મની ભાવનાની મહત્તાને દર્શાવવાનો. અહીં વાર્તામાં જે વાસ્તવિક ઘટના કહી છે તેને નહિ, પરંતુ વાર્તા પાછળના હેતુને લક્ષ્યમાં લેવાનો છે. અન્યથા, વિશ્વામિત્રની કથા આપણને ભારે અનૈતિકતાનો ઉપદેશ કરે છે એવો અર્થ કરીએ - સમજીએ પણ આપણે તે દૃષ્ટિથી તે વાર્તાને જોવા - સમજવાની નથી. દાખલા તરીકે એક વખત એક ચાંડાલના હાથમાંથી કૂતરાનું માંસ ખેંચી - પડાવી લીધું હતું, એથી એવું ફલિત થતું નથી કે આવા માંસનો આહાર કરવો તેનો નૈતિક અને ધાર્મિક રીતે બાધક નથી અને સ્વીકાર્ય છે. આ તો એ વસ્તુ બતાવે છે કે, ભૂખના દુઃખથી પીડાતો મનુષ્ય ગમે તેવો મહાન ભલે કેમ ન હોય તો પણ તે પરિસ્થિતિમાં કેવી રીતે વર્તે તેનું સાદ્યંત ઉદાહરણ છે (“બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપમ્ ।”). આમ આ દૃષ્ટિથી આ વાર્તાઓના મર્મને સમજવો જોઇએ. આ વાર્તા-સાહિત્ય બતાવે છે કે, શ્રીમદ્ વલ્લભ અને વિઠ્ઠલે સર્વ લોકોને તેમની ન્યાત - જાતને જોયા વિના, પુષ્ટિમાર્ગમાં દીક્ષિત કર્યાં હતાં[૭૨] અને તેમને ભકિતનો માર્ગ દાખવ્યો હતો. મોગલ રાજયના આરંભકાળમાં જે ભયંકર હતાશા પ્રવર્તતી હતી અને જયારે જીવનની સમગ્ર વ્યવસ્થા છિન્નભિન્ન થઇ ગઇ હતી અને લોકો અનિશ્ચિતતાના કપરા કાળમાં સર્વવ્યાપી હતાશા અને નિરાશાનો ભોગ બન્યાં હતાં ત્યારે તે કરાલ કાળમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીએ લોકોને જીવનનો હેતુ કહયો હતો અને ખાસ કરીને જયારે દેશ અને કાળ દૂષિત થયા હોય ત્યારે શાસ્ત્રીય વિધિ અને વૈભવી યજ્ઞ-કર્મો નિરૂપયોગી બની ગયા હોય છે ત્યારે સાચી ભકિતથી જ, ભગવાન[૭૩] પ્રસન્ન થાય છે એવો ઉપદેશ કર્યો હતો. નીચા

સંદર્ભ નોંધ - ૭૦ : સરખાવો - (સંપાદન - લલ્લુભાઇ દેસાઇ) ભાવ-સિંધુ - પૃ. ૧૬૩

સંદર્ભ નોંધ - ૭૧ : ૮૪ વાર્તાઓમાં ક્રમાંક ૭૫ ની વાર્તા (સંપાદન - ડી. પરીખ)

સંદર્ભ નોંધ - ૭૨ : સરખાવો - (સંપાદક : ડી. પરીખ) ૨૫૨ વાર્તાઓમાંની વાર્તા ક્રમાંક : ૧૨૪, ૧૩૬ અને ૧૬૭ તેમાં અનુક્રમે મોચી, માછીમાર અને ઝાડુવાળાના ઉલ્લેખો થયેલ જોવા મળે છે.

સંદર્ભ નોંધ - ૭૩ : સરખાવો - શ્રીમદ્ વલ્લભાચાર્ય કૃત કૃષ્ણાશ્રય ગ્રંથ

વર્ણના કુંભાર અને ઝાડુવાળા તથા મુસલમાનો સુદ્ધાંને પુષ્ટિમાર્ગમાં શરણે લીધા હતા.[૭૪] ઉપરોકત વિધાનનું સર્વથા પ્રતિપાદન કરતું એવું પ્રમાણ આ વાર્તા - સાહિત્ય છે. શ્રીગોકુલનાથજીએ વાર્તાઓનો આ રીતે સંગ્રહ કર્યો નહોત અને તે વાર્તારૂપે વૈષ્ણવ-ભકતોને કહી નહોત, તો આ અમૂલ્ય ખજાનો કદાચિત્ કાળની ગર્તામાં કયાંય ખોવાઇ ગયો હોત અને તે પછીની પેઢીમાં થયેલાં લોકોને એક વૈષ્ણવનું આદર્શ જીવન કેવું હોઇ શકે તેના ઉદાહરણના અભાવમાં કશું જ જ્ઞાન ઉપલબ્ધ થયું નહોત. શ્રીગોકુલનાથજીએ આથી પુષ્ટિમાર્ગની અમૂલ્ય સેવા આ પ્રકારે કરી છે એમ કહેવું યથાર્થ છે.

કાળક્રમે આ વાર્તાઓ એવી તો લોકપ્રિય થઇ કે શ્રીમદ્ વલ્લભ-વિઠ્ઠલના રચેલા અન્ય મહત્ત્વના ગ્રંથોનાં સ્થાનને તેમણે લઇ લીધું હતું. આજે આ વાર્તાઓ સુબોધિનીજી, નિબંધ અને ષોડશ ગ્રંથો કરતાં વિશેષ વંચાય છે. આ માટે કેટલાક અંશે એમ કહી શકાય કે, આ વાર્તાઓ લોકભાષામાં લખાયેલી છે એ હકીકત કારણરૂપ છે. અલબત્ત, શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની ગ્રંથ-રચનાઓની વૈષ્ણવો દ્વારા ઉપેક્ષા કરાય છે એવું કરુણ અવલોકન સર્વથા કરવું પડે છે.

(૧૦) બીજી કેટલીક ગ્રંથ-રચનાના ઉલ્લેખો - સંદર્ભ હવે ઉપલબ્ધ નથી.

શ્રીગોકુલનાથજી દ્વારા આ પ્રકારની બીજી કેટલીક ગ્રંથ-રચનાઓ થયા હોવાની સંભાવના છે એમ લાગે છે. વલ્લભીય-સુધા[૭૫]ની એક આવૃત્તિમાં એવી નોંધ છે કે "દ્વારકાધીશની પ્રાકટય વાર્તા"[૭૬], વિક્રમ સંવત ૧૮૭૮ની એક હસ્તપ્રત સૌરાષ્ટ્રના અમરેલીમાં ઉપલબ્ધ હોવાને લગતી છે. ઉકત હસ્તપ્રત શ્રીગોકુલનાથજીએ કહેલી અને તેના શ્રોતા હરિરાયજી હોવાનું કહેવાય છે આ હસ્તપ્રતનું શીર્ષક જોતાં જણાય છે કે, તેમાં શ્રીદ્વારાકાધીશના સ્વરૂપનું (મૂર્તિનું) પ્રાકટય કેવી રીતે થયું હતું તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અલબત્ત, મને આ હસ્તપ્રત જોવા મળી નથી.

તે જ સામાયિકના અંકમાં "ભગવદીયન કો પૂર્વજન્મ" નામક એક કૃતિનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. તેની કેટલીક પંકિતઓ આપણને તેના વિશે ખ્યાલ આપશે :-

"અબ ભગવદીયન કો પૂર્વજન્મ લિખ્યતે । શ્રીગોકુલનાથજિ શૃંગાર સમે (કે) જન્મગ્રંથ મેં લિખ્યો સો ભાષા મેં કહ્યો હૈ । કૃષ્ણદાસ મેઘન સો અર્જુન સખા કો અવતાર । .... દામોદરદાસ સંભલવાલે તિનકે માથે શ્રીદ્વારકાનાથજી બિરાજતે હૈ સો રાજા અંબરીષ કો અવતાર ।"

સમાપન પંકિત આમ વાંચવા મળે છે :

"ઇતિ શ્રીનાથજી કે પ્રાકટય કી તથા અષ્ટપદી તથા શ્રીપુરુષોત્તમ સહસ્રનામ તથા ગ્રંથ સતાઇસ તથા ભગવદીન કો પૂર્વજન્મ તથા વક્ત સંપૂર્ણ સંવત ૧૮૭૧ મિતિ આશ્વન દૂસરો કૃષ્ણ શુભં ભવતુ ।"

આનો અર્થ એ થાય કે ઉકત હસ્તપ્રતના ૧૪૪ ના પાનામાં કે જેનો અંકમાં ઉલ્લેખ છે તે મુજબ અન્ય કૃતિઓમાં "ભગવદીન કો પૂર્વજન્મ" નામક એક કૃતિનો પણ સમાવેશ થયેલો છે.

વળી એમ પણ કહેવાય છે કે, ઉકત કૃતિનો વ્રજભાષામાં થયેલો અનુવાદ, શ્રીગોકુલનાથજીની એક કૃતિ નામે "શૃંગાર કે સમે કે જન્મગ્રંથ" માં થયેલો છે.

અન્ય કોઇ સ્થળે આનો ઉલ્લેખ કયાંય જોવા મળતો નથી એટલે તેના વિશે બીજું કંઇ કહેવું શકય નથી. એક વાત ચોકકસ છે કે મૂળ કૃતિ સંસ્કૃત ભાષામાં લખાયેલી અને ઉકત કૃતિની નકલ ઉપલબ્ધ વ્રજભાષામાં થયેલો

સંદર્ભ નોંધ - ૭૪: સરખાવો - "સ્રીશૂદાધુદ્ધતિક્ષમ:" સર્વોત્તમસ્તોત્ર શ્લોક - ૯.

સંદર્ભ નોંધ - ૭૫ : જુઓ - વલ્લભીય સુધા - ગ્રંથભાગ - ૬-૩-પૃ. ૨૩ ડી. પરીખ દ્વારા સંપાદિત.

સંદર્ભ નોંધ - ૭૬ : આવા જ નામવાળી એક બીજી ગ્રંથ-રચના કાંકરોલીના વિદ્યા વિભાગ દ્વારા પ્રકાશિત થયેલી છે. તેના લેખક શ્રી વ્રજભૂષણજી (જન્મ : ૧૭૬૫ વિ.સં.) હોવાનું કહયું છે. તે ગ્રંથ-રચનાનો વિષય છે - શ્રીદ્વારકાધીશજીની પ્રતિમાનો ઇતિહાસ.

અનુવાદ છે. આપણે જાણીએ છીએ કે, શ્રીહરિરાયજીએ ૨૫૨ વાર્તા અને ૮૪ વાર્તાઓ પર "ભાવ-પ્રકાશ" નામક કૃતિ લખી છે અને તેમાં તેમણે વૈષ્ણવોની નિકુંજનાં મૂળ સ્વરૂપનો ઉલ્લેખ કર્યો છે. શું આપણે તેના પરથી એવું તારણ કાઢી શકીએ કે, શ્રીગોકુલનાથજીની આવી ગ્રંથ-રચનાઓમાંથી પ્રેરણા લઈ લખ્યું હશે ? અલબત્ત, આ કૃતિ અને "ભાવપ્રકાશ" માં ઉલ્લેખેલા "પૂર્વ-જન્મો કે સ્વરૂપા" પરત્વે ભિન્નતા વર્તાય છે એ હકીકત નોંધનીય જણાય છે.

(૧૧) વલ્લભ - કલ્પદ્રુમ

ગુજરાતી ભાષામાં લખાયેલ એક ગ્રંથ-રચના "શ્રીવલ્લભ-કલ્પદ્રુમ"[૭૭] નામક મારી નજરે પડી છે. ઉક્ત રચના પંડિત ગોપીનાથજીના પુત્ર પંડિત સરયૂદાસજી દ્વારા સંસ્કૃતમાં કરાયેલી તેનો અનુવાદ છે. અનુવાદ - કર્તાએ તે રચના ૨૦મી સદી (લગભગ ૧૯૨૦ વિક્રમ સંવત) ની હોવાનું ગ્રંથારંભમાં લખ્યું છે જયારે શ્રી કે. કા. શાસ્ત્રીએ તે ૧૭મી સદીની રચના હોવાનું પ્રસ્તાવનામાં લખ્યું છે, પરંતુ તે ૧૮મી સદીથી ૧૮મી સદીની પૂર્વેની લખેલી જણાતી નથી, કારણ કે તેમાં શ્રીહરિરાયજી (૧૬૪૭-૧૭૭૨ વિ.સં.)નો નામોલ્લેખ થયેલો જોવા મળે છે.

આ રચનાની શૈલી પૌરાણિક છે. શિવપુરાણ કે વિષ્ણુપુરાણની શૈલીનું અનુસરણ કરીને આ "વલ્લભ-પુરાણ" નામ કૃતિની રચના થઇ હશે એવું કહેવું ઉચિત જણાય છે. આ રચના શ્રીગોકુલનાથજી અને વૈષ્ણવો વચ્ચે થયેલા સંવાદના રૂપમાં લખાયેલી છે. તેનો વિષય છે "શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના વંશજો" ના જીવન અને કાર્યો. આ રચનાના વિષયનો ખ્યાલ નીચે લખેલી પંકિતઓ[૭૮] આપે છે :-

"એક દિવસે સેવાકાર્યમાંથી પરવારી વિશ્રાન્તિના સમયમાં કૃપાનિધાન શ્રીમદ્ વિઠ્ઠલનાથજીના સર્વ વ્યવહાર કાર્યભારને વહન કરનારા તેમના સુખસૌભાગ્યને ભોગવનાર શ્રીગોકુલેશ પ્રભુ પોતાના વિશ્રાન્તિસ્થાનમાં બિરાજતા હતા. . . તે સમયે ગોવર્ધનધરણ જેમને ઘણા વહાલા છે એવા તે ભગવદીયો શ્રીગોકુલેશ પ્રભુને પૂછવા લાગ્યા" - ૩-૪

વૈષ્ણવો બોલ્યા, "હે સર્વજ્ઞ, હે કૃપાનાથ, નિજ ભકિતમાર્ગ પ્રવર્તાવનાર હે ગોકુલેશ । પૂર્ણ પુરુષોત્તમ વ મિદાચાર્યવર્ય શ્રીવલ્લભાધીશ ચરણોનું પ્રાકટય કયારે થયું ? . . . . . . ભગવદીયોનાં ચરિત્રોનું પણ વર્ણન કરો" - ૫-૧૦

લગભગ ૭૫૦ પાનાની આ આખી કૃતિ-રચનાની આ પ્રકારની શૈલીમાં લખાયેલી છે. આની સામગ્રી વાર્તા-સાહિત્યમાંથી લેવામાં આવી છે. આ રચના શ્રીગોકુલનાથજીની મહત્તા વધારવાના આશયથી એવી રીતે કરવામાં આવી જણાય છે કે, તેમને આ પૌરાણિક શૈલીમાં "વ્યાસના આસને" ઉચ્ચ સ્થાને બેસાડે છે.

(૧૨) એક અપ્રકાશિત-કૃતિ : શ્રીવિઠ્ઠલનાથજી અને દામોદરદાસ વચ્ચેનો સંવાદ

કાંકરોલીમાં (હિંદી વિભાગમાં ક્રમાંક : ૯૨/૪/૧ - પૃ. ૧૧-૭૧) એક હસ્તપ્રત છે, જેનું શીર્ષક છે - "શ્રીગુસાંઇજી ઔર દામોદરદાસજી કો સંવાદ"[૭૯] તેની સમાપન પંકિત આ પ્રમાણે વાંચવા મળે છે : "તાતે તુમને

સંદર્ભ નોંધ - ૭૭ : આ ગ્રંથ-રચનાનું પ્રકાશન શુદ્ધદ્વૈત સંસદ દ્વારા ઇસવીસન ૧૯૫૦માં કરવામાં આવ્યું છે અને અહીં એવો ઉલ્લેખ જોવા મળે છે કે, શ્રીગોકુલનાથજીની ગ્રંથ - રચના - કૃતિઓને આધારે આનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

સંદર્ભ નોંધ - ૭૮ : એજન - પૃ. ૧૫-૧૬

સંદર્ભ નોંધ - ૭૯ : વળી એક બીજી હસ્તપ્રત કાંકરોલીમાં (હિંદીમાં ક્રમાંક ૧૩૭/૬ અને ૯૬/૪) જોવા મળે છે જેનું શીર્ષક છે - "આચાર્યજી મહાપ્રભુજી કી જન્મપ્રસંગ કી વાર્તા" પરંતુ તેમાં ૮૪ વાર્તાઓના કેટલાક પ્રસંગો અને શ્રીવિઠ્ઠલનાથજી અને દામોદરદાસ વચ્ચેના સંવાદ આપવામાં આવ્યા છે. અલબત્ત, લેખકનું નામ દર્શાવવામાં આવ્યું નથી. કૃતિની સમાપન પંકિત આ પ્રમાણેની વાંચવા મળે છે - "ઇતિ શ્રીગુસાંઇજી કો ઓર દામોદરદાસ હરસાનિ કો સંવાદ સંપૂર્ણ ।" મારી જાણકારી મુજબ આ કૃતિ પ્રકાશિત થયેલી નથી.

પૂછો સો પ્રકાર કહે ॥ સો ઈતિ શ્રીમહાપ્રભુજી કી પ્રાકટય લીલા । શ્રીગુસાંઈજી અરુ દામોદરદાસ કો સંવાદ સંપૂર્ણ ॥"

આ હસ્તપ્રતમાં લક્ષ્મણ ભટ્ટ વિશેની જાણકારી પ્રાપ્ત થાય છે અને શ્રીમદ્ વલ્લભાચાર્યના જન્મનો સાચો હેતુ તેમાં કહયો છે. તેમાં ભગવાનની પરમ પ્રીતિપાત્ર સખી દ્વારા ઈન્દ્રને આપવામાં આવેલા શ્રાપની કથા આપી છે. તેમાં આપણને દામોદરદાસના સ્વરૂપની જાણકારી પ્રાપ્ત થાય છે.

પ્રારંભમાં તેમાં કહયું છે -

"સો જિતનિ બાત દામોદરદાસજીને કહી સો શ્રીગુસાંઈજીને સંસ્કૃત મેં કરી એક ગ્રંથ કીનો હે સો: શ્રીગોકુલનાથજી કે પાસ હતો, તાકો વિસ્તાર યા ગ્રંથ વિશેષ હૈ ।" આ વિધાન શ્રીવિઠ્ઠલનાથજી કૃત સંસ્કૃત રચના વિશે આપણને જાણકારી આપે છે. આથી એક પ્રશ્ન એવો ઉપસ્થિત થાય છે કે પ્રશ્ન હેઠળની કહેવાતી ગ્રંથ-રચના ઉકત મૂળ ગ્રંથનો વિસ્તાર અને તે પણ શ્રીગોકુલનાથજીએ કરેલો છે કે કેમ ?

પ્રકરણ - ૩ (ક)

ભાવના - સાહિત્ય

(૧) ભાવના સાહિત્ય શું છે ?[૧]

શ્રીગોકુલનાથજીએ પુષ્ટિમાર્ગના ધાર્મિક સિદ્ધાંતો કરતાં વધુ તેની વ્યાવહારિક બાજુનો ઉપદેશ કર્યો હતો. ધર્મનું આચરણ કરવાની પદ્ધતિમાં કેટલાંક કર્મ- ક્રિયાઓ ભકતે કરવી પડે છે. ધાર્મિક સેવા કરવામાં એ ક્રિયાઓ તો કરવી પડે છે, પણ તે ઉપરાંત કેટલીક એવી વસ્તુઓ કરવી પડે કે જેનો ખાસ ગૂઢાર્થ હોય છે. આથી જો ધાર્મિક વિધિ-વિધાનની ક્રિયાઓ યોગ્ય રીતે ન કરાય અને જો તેના ખાસ ગૂઢાર્થ કે ભાવાર્થ સમજાય નહિ, તો આવી ક્રિયાઓ અર્થહીન બની જાય છે એટલું જ નહિ પણ ભારરૂપ બની રહે છે[૨] આથી શ્રીગોકુલનાથજી, ભગવાનની સેવાની પ્રત્યેક ક્રિયાના ગૂઢાર્થ એટલે કે ભાવનાને રહસ્યને સદૈવ સમજાવતા અને ભગવાનની સેવામાં વપરાતી વિવિધ સામગ્રી-વસ્તુઓના ઉપયોગ કે તેની પાછળની રહેલ ભાવનાને સમજાવતા હતા. આવી ગૂઢ ભાવનાઓના સંકલિત કરેલા અને નિરૂપણ કરતા સંગ્રહો ભાવના-સાહિત્યના નામે જાણીતાં છે. આવી ભાવનાનાં રહસ્યોને સમજાવનાર આપશ્રી સર્વ પ્રથમ હતા, જો કે ત્યાર પછી થયેલા ગોસ્વામીઓ, જેવા કે હરિરાયજી, દ્વારકેશજી વગેરેએ પણ આવી ભાવના વિશે લખ્યું છે. નીચે જણાવેલી ભાવનાઓ શ્રીગોકુલનાથજી લિખિત કહેવાય છે :-

(૧) રહસ્ય ભાવના
(૨) ભાવ-ભાવના
(૩) સેવા ભાવના
(૪) લીલા ભાવના
(૫) સ્વરૂપ ભાવના
(૬) ઉત્સવ ભાવના
(૭) ષડ્ઋતુ ભાવના કે ખટ્-ઋતુ-વાર્તા
(૮) ગ્રહણ ભાવના
(૯) સ્વામિનીજી કે ચરણ-ચિહ્ન કી ભાવના
(૧૦) શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઇજી કે સ્વરૂપ કો વિચાર

(૨) રહસ્ય ભાવના, ઉત્સવ-ભાવના ઈત્યાદિ

રહસ્ય-ભાવના, ભગવત્સેવા અને તેની કેટલીક ક્રિયાના રહસ્યને અને ભગવત્ સેવા કરતી વખતે કરવામાં આવતી વિધિ અને વસ્તુના મહત્ત્વનું નિરૂપણ કરે છે. દાખલા તરીકે - “નિજ-મંદિર કી ભાવના, ઘંટાનાદ કી ભાવના, શંખનાદ કી ભાવના, શય્યા કે તકિયા આદિ કી ભાવના, ઝારી કો ભાવ, મંગલા આરતી કી ભાવના, શૃંગાર કી ભાવના, તિલક કી ભાવના, કુંડળ કી ભાવના, સરેરા કો ભાવ, ખીલૌના કો ભાવ, ગેંદ કી ભાવના, દર્પણ કી ભાવના, શતરંજ કી ભાવના, વૈષ્ણવનકો પ્રસાદ ખીલાયવે કી ભાવના વગેરે વગેરે . . . ”

આપશ્રીએ વૈષ્ણવોએ સેવા-સ્મરણ વગેરે વહેલી સવાર-પરોઢથી જ કરવું એને કર્તવ્ય-કર્મ કહયું છે અને વળી ભગવત્ સેવા-પૂજા કરતી વખતે તેમણે પવિત્રતા અને શુદ્ધતા જાળવવી અને નિજ-મંદિરમાં (ભગવાનના) પ્રવેશ કરતાં પહેલાં પણ કેવી પવિત્રતા જાળવવી જોઇએ તેનું નિરૂપણ કર્યું છે.

સંદર્ભ નોંધ - ૧ : ભાવના - સાહિત્ય એક રીતે જોઈએ તો વચનામૃત સાહિત્યના જ એક ભાગરૂપ છે, પરંતુ તેનો વિષય અલગ પ્રકારનો હોઈ, તેનો વિચાર અલગ પ્રકરણ લખી કરવામાં આવ્યો છે.

સંદર્ભ નોંધ - ૨ : સરખાવો-“સ્થાણુરથં ભારહાર: કિલાભૂત્, અથિત્ય વેદં ન વિજાનતિ યોઙર્થમ્ । ” યાસ્ક દ્વારા કહેવું. નિરુકતના પ્રકરણ-૧-૧૮ - પૃ. ૧૮ (આનંદાશ્રમની આવૃત્તિ)માંથી ટાંકેલ છે.

આ વિષય અંગે નીચે દર્શાવેલા ફકરાઓ વાંચતાં ખ્યાલ આવશે :-

(૪) "મંદિર કે કિંવાર કી ભાવના - મંદિર કે દો કિંવાર શ્રીસ્વામિનીજી કે દો નેત્રન કે પલક હૈં । શ્રીસ્વામિનીજી પલકેં ખોલે હૈં તબ શ્રી ઠાકુરજી કી ઝાંકિ હોય હે ।"

(૫) "નિજ-મંદિર કી ભાવના - મંદિર અક્ષર બ્રહ્મ હે । માહાત્મ્ય મેં બાલલીલા મેં શ્રીનંદાલય, રહસ્ય નિકુંજ ભાવના મેં શ્રી સ્વામિનીજી કો નિકુંજ હે, વૃંદાવન મેં તહાં શ્રીઠાકુરજી યુગલ સ્વરૂપ સહિત પોઢેં હૈં । અથવા શ્રીઆચાર્યજી ઔર સબ ભકતન કે હૃદય હૈં તહાં શ્રીપ્રભુજી (નમામિ હૃદયેડ શેષે યા પ્રકાર) હોય કે સદા વિરાજમાન હૈં, અનેક સ્વામિની સહિત યહ ભાવ વિચારનો ।"[૩]

(૧૫) ટેરા કી ભાવના :-

"ટેરા હે સો માયારૂપ હે । એક અવિદ્યારૂપ એક વિદ્યારૂપ માયા ધર્મ મેં મન લગાવે નહિ દે । દૂસરી વિદ્યારૂપ ભગવત્સેવા સ્વરૂપ હે । સામગ્રી ધરતે સમય જો ટેરા કરત હૈં સો વિદ્યારૂપ માયા હૈં । સામગ્રી સ્વરૂપાત્મક હૈં । ઔર વા કો ભોગ ભગવાન કરત હૈં । ભોગ એકાન્ત બિના હોય નહીં, તાતેં ટેરા આવત હૈં । સો માયારૂપી ટેરા તેં ભકત જનન કો મનોરથ સિદ્ધ હોય હે ।

વાત્સલ્ય ભાવ તેં ટેરા કરિવે તેં કોઇ કી દૃષ્ટિ લગે નહીં । કુમારિકા કે ભાવ મેં શ્રીસ્વામિનીજી પધારે હૈ ઉનકે સાથ શ્રીઠાકુરજી કો બાલભાવ તેં શ્રીયશોદાજી બૈઠારી કે મંગલ ભોગ ધરે હૈં વા સમય રહસ્ય લીલા કોં ગુપ્ત રખવે કે લિયે માયારૂપ ટેરા આવે હૈ । યા ભાવના તેં મંગલ ભોગ ધરનોં ।[૪]

—x—x—x—

(૧૬) આરતિ કી ભાવના :-

"સો સબ વ્રજભકતન કો હૃદય કે તાપ કો ન્યોછાવર કરત હૈં । ફિર દર્પણ દેતેં હૈં । સો શ્રીસ્વામિનીજી અપને હૃદયરૂપ દર્પણ મેં શ્રીઠાકુરજી કોં લેકૈ નિકુંજ મેં પધારે હૈ । અથવા નિકુંજ કી સૂચના કરે હૈં ।"[૫]

વલ્લભીય-સુધા (ગ્રંથભાગ-૧૧ - ક્રમાંક -૧-૨) માં જેનો સમાવેશ થયો છે તેના કરતાં વિવિધ પ્રકાશનો અને રહસ્યભાવનાની હસ્તપ્રતોમાં સંખ્યાની દૃષ્ટિએ વધુ સંખ્યામાં રહસ્ય-ભાવનાના વિષયોનું નિરૂપણ થયું જોવા મળે છે. શ્રીકાલુરામ દ્વારા પ્રકાશિત પુસ્તિકામાં, વલ્લભીય-સુધામાં રહસ્ય ભાવનાના જેટલા વિષયો છે. તેમાં નીચે

સંદર્ભ નોંધ - ૩ : સરખાવો - વલ્લભીય - સુધા-ગ્રંથ ભાગ - ૧૧ - ક્રમાંક ૧-૨ પૃ. ૪.
રહસ્ય-ભાવના, વલ્લભીય-સુધાની ઉપરોકત એક- આવૃત્તિમાં પ્રકાશિત થયેલી છે. મેં શ્રી કાલુરામ મુખિયાજી અને જામખંભાળિયાના શ્રી એચ. એચ. ઠકકર દ્વારા વિ.સં. ૧૯૮૩ માં પ્રકાશિત "રહસ્ય-ભાવના" ની એક બીજી આવૃત્તિ પણ જોઇ છે. આ બન્ને આવૃત્તિનો વિષય એક જ છે પણ ભાષામાં અહીં-તહીં થોડો ફેરફાર જોવા મળે છે. કેટલાંક સ્થળોમાં પહેલા લેખકે વધુ વિગતો આપી છે. તો વળી બીજાએ બીજી કેટલાક જગાએ વધુ વિગત આપી છે. દાખલા તરીકે, ઘંટનાદ કી ભાવનાના કિસ્સામાં બીજા લેખકે "તમચૈર પ્રસંગ" વધુ વિગતે આપ્યો છે. વળી મેં મોડાસાના શ્રીકાંસિયાપ્રભુ પુસ્તકાલયમાં એક હસ્તલિખિત નોંધવહી જોઇ છે જેના પર તા. ૧૩-૩-૧૯૪૭ છે તેમાં, સેવાવિધિ અને રહસ્યભાવના આપેલી છે ઉપરોકત કરતાં પણ આ હસ્તપ્રતમાં રહસ્યભાવનામાં વધુ પ્રસંગો-વિગતો છે. દા.ત. ચરણ ચિહ્ન કી ભાવના જપ કરિવેકી ભાવના કોગરીયાજ ઈત્યાદિ મને લાગે છે કે, આના લહિયાએ જુદા જુદા ગ્રંથોમાંથી ઘણા બધા વિષય-મુદ્દા એકઠા કર્યા છે.

સંદર્ભ નોંધ - ૪ : વલ્લભીય - સુધા - ગ્રંથભાગ ૧૧ - ૧-૨- પૃ. ૬-૭

સંદર્ભ નોંધ - ૫ : એજન - પૃ. ૨૪

દર્શાવેલ વિષયો વધારામાં આપેલા જોવા મળે છે અને તે પણ વિગતવાર :-

શયન કી ભાવના
નિકુંજ કો ભાવ
ગિરિરાજ કે આઠ દ્વાર-તિન કો ભાવ
શ્રુતિરૂપા કુમારિકા કો ભાવ
અગ્નિ કુમારિકાન કો ભાવ

અને આ બધાના અંત ભાગે, નીચે લખેલી પંકિતઓ આપણને જોવા મળે છે.

"ઇતિ શ્રીમદ્ આચાર્યવર્ય શ્રીવલ્લભકુલકમલોમ્દવ શ્રીમદ્ ગોસ્વામિ શ્રીગોકુલનાથજી મહારાજ કૃત નિત્ય સેવા શૃંગાર કી ભાવના સંપૂર્ણમ્ । શુભમ્ ।"[૬]

ઉપરોકત સમાપન પંકિતઓ પછી નીચેના વિષય-વસ્તુનું નિરૂપણ કરવામાં આવ્યું છે

આભરણ કો ભાવ
પંજરી કો ભાવ
ષડઋતુ કો ભાવ[૭]

મોડાસાની હસ્તલિખિત નોંધવહી રહસ્યભાવના વિશેના નીચે દર્શાવેલ મુદ્દાઓનું નિરૂપણ કરે છે.

(૧) શ્રીસ્વામિનીજી કે ચરણ ચિહ્ન કો ભાવના
(૨) જપ કરવે કી ભાવના
(૩) શ્રીગિરિરાજ કો ભાવ
(૪) શ્રીગુરૂપદેશકી ભાવના
(૫) આભરણ કો ભાવ
(૬) ગ્રહણ કો ભાવ
(૭) નિત્ય કી ભાવના

આ વલ્લભીય સુધા (ગ્રંથભાગ-૧૧- ક્રમાંક ૧-૨) માં પ્રકાશિત છે.

(૮) શ્રુતિ કુમારિનકે સાધન કરી સિદ્ધિભઈ સો વાર્તા

સમાપનની અંતભાગની લખેલી પંકિત આ પ્રમાણે છે :-

"ઇતિ શ્રીગોકુલનાથજીકૃત નિત્ય સેવા શૃંગાર કી ભાવના સંપૂર્ણ । અને ત્યારબાદ નીચેના વિષયો આપેલા છે :-

(૧) દુતિયાપાટ કી ભાવના
"ઇતિ શ્રીહરિનાથજી કૃત દુતિયાપાર તથા ફૂલમંડલી કો ભાવ સંપૂર્ણ"
(૨) નયે સંવત્સર કો ભાવ
(૩) ચૈત્ર સુ. ૯ રામનવમી કો ભાવ
(૪) મકરસક્રાંતિ કો ભાવ
(૫) શ્રી આચાર્યજી કે ઉત્સવ કો ભાવ

સંદર્ભ નોંધ - ૬ : શ્રીરહસ્યભાવના (સંપાદક : કાલુરામ) પૃ. ૧૨૧.

સંદર્ભ નોંધ - ૭ : એજન -પૃ. ૧૨૧-૧૨૬. શ્રીદ્વારકાદાસ પરીખ દ્વારા સંપાદિત એક પ્રકાશન છે. જેનું શીર્ષક છે ખટ્-ઋતુ-દર્શન-તેના આરંભમાં, આ રચનાનું શીર્ષક આ પ્રમાણે છે. "શ્રીગોકુલનાથજી વિરચિત ખટ્ ઋતુન કિર્તન કી વાર્તા (અષ્ટછાપ કે કવિ ચતુર્ભુજદાસ કથિત) . . . . તેમાં સ્વામિનિજી અને અન્ય સખાઓના સંગાથમાં કૃષ્ણ-લીલાની વિવિધ વસ્તુઓ કે જેનો વિનિયોગ વિવિધ ઋતુમાં કરાય છે તેનું નિરૂપણ છે. પ્રશ્ન છે કે આ રચનાનો ખરો લેખક કોણ ? સંપાદકે તેની ચર્ચા કરી નથી. શું તેના ખરા લેખક શ્રીગોકુલનાથજી છે કે ચતુર્ભુજદાસ છે ?

આ હસ્તપ્રત અપૂર્ણ છે. કયા સ્રોતમાંથી વિષય વસ્તુ લીધેલ છે તે દર્શાવેલ નથી. આ કૃતિ પણ કાલુરામ મુખિયાજી દ્વારા પ્રકાશિત જેવી જ છે, અને વલ્લભીય સુધા (ગ્રંથભાગ-૧૧-૧ અને ૨)માં પ્રકાશિત રહસ્ય-ભાવના કરતાં વધારે વિગતો આપે છે.

આ હસ્તપ્રતમાં વિવિધ ઉત્સવોમાં સેવા કેવી રીતે કરવી તે પણ દર્શાવ્યું છે, દા.ત.:- નૃસિંહ ચતુર્દશી, ગંગાદશમી, સ્નાનયાત્રા વગેરે. આ ઉત્સવ પ્રસંગે ભગવાન માટે કેવી ભોગ સામગ્રી બનાવવી અને વસ્ત્રો ધરાવવાં તથા કયાં કયાં કીર્તનો કરવાં-ગાવાં આવશ્યક છે તે કહયું છે. હું માનું છું કે, રહસ્ય-ભાવના શ્રીગોકુલનાથજીની રચના હોવાનું કહે છે, પરંતુ એક સ્થળે એવું કહયું છે કે "ઇતિ શ્રીહરિરાયજી કૃત સ્નાનાયાત્રા કો ભાવ સંપૂર્ણ" આથી એમ લાગે છે કે, ઉત્સવ ભાવનાની આ કૃતિનો કેટલોક ભાગ શ્રીહરિરાયજી દ્વારા લિખિત કે સુધારેલ છે.

બાલાસિનોરના શ્રી ઓ.સી. મોદી પાસેની એક હસ્તપ્રત[૮] મેં જોઇ છે જેનો આરંભ નીચે દર્શાવ્યા પ્રમાણે થાય છે:- "શ્રીકૃષ્ણાય નમઃ ।। શ્રીગોપીજનવલ્લભાય નમઃ ।। અથ નિત્યકૃત ભાવના શ્રીગોકુલનાથજી કૃત તાકે ઉપર ભાષામેં શ્રીહરિરાયજી કિયે હૈ સો લિખ્યતે ।। ભકતમનોરથ પૂરકાય નમઃ। અબ વૈષ્ણવ કોં પ્રાતઃ કાલ હોત હી ભગવત્સેવા કો ચિંતન કરનો ।। ઔર રાત્રિકો વિયોગ વિચારનો ।। ઔર દર્શન કી આશ રખનો ।। પાછે પ્રાતસમય ઉઠત હી અપુને કંઠકી માલા કો દર્શન કરનો । તાકો ભાવ કહત હૈં । જો માલા હૈં । સો તો ભગવદીય હૈં ।। તા તેં માલા કે દર્શન તેં ભગવદ્દર્શન હોય । ઔર ભગવદ્ભાવકી ઉત્પત્તિ હોય । તા પાછેં શ્રીઆચાર્યજી મહાપ્રભુન કો સ્મરણ કરનો ।"

નીચે દર્શાવેલી વિગતો અને ભગવત્ સેવામાં કરવાની આવશ્યક એવી વિવિધ વિધિઓ (દાખલા તરીકે, ભગવાનને જગાડવા અને અષ્ટપ્રહરનાં ભગવાનનાં દર્શનો વગેરે) નું નિરૂપણ કરવામાં આવ્યું છે અને આ કૃતિ-રચનાનાં ૫૮ પાનાં છે. તેના અંત ભાગે સમાપનમાં પંક્તિ લખેલી જોવા મળે છે જે આ પ્રમાણે છે: "ઇતિ શ્રીનિત્યસેવા વિધિ શ્રીહરિરાયજી કૃત સમાપ્તમ્ ।।"

ઉપરોકત પંકિત દર્શાવે છે કે, બાલાસિનોરની હસ્તપ્રતમાં જે સાહિત્ય છે તે કાલુરામ દ્વારા પ્રકાશિત "રહસ્યભાવના" ને જ વત્તા-ઓછા અંશે મળતી આવે છે, પરંતુ તેથી જે પ્રશ્ન-શંકા ઉત્પન્ન થાય છે તે આના અધિકૃત લેખક વિશેની બીજી બધી જ હસ્તપ્રતો અને પ્રકાશનો કહે છે કે, નિત્યકૃત ભાવના કે રહસ્ય-ભાવનાના કર્તા શ્રીગોકુલનાથજી છે. આ શંકા ઉત્પન્ન કરનાર શબ્દો છે: "તાકે ઉપર ભાષા મેં શ્રીહરિરાયજી કિયે હૈં ।"

શું આનો અર્થ એવો થાય કે, શ્રીગોકુલનાથજીએ સંસ્કૃત ભાષામાં લખ્યું હતું અને શ્રીહરિરાયજીએ તેનો અનુવાદ વ્રજભાષામાં કર્યો હતો ? શ્રીગોકુલનાથજી તો સામાન્ય રીતે લોકભાષામાં જ ઉપદેશ કરતા હતા. આથી મેં એવું તારણ કાઢયું છે કે, શ્રીહરિરાયજીએ શ્રીગોકુલનાથજીના ઉપદેશ કર્યા હતા તેમાં ઉમેરણો કર્યાં હશે, અથવા તો શ્રીગોકુલનાથજીના કહેલા વિષયો કે મુદ્દાઓમાં તેમણે સુધારા-વધારા કર્યા હશે.

બાલાસિનોરની હસ્તપ્રતમાં પૃ. ૫૮ થી ૧૬૨ વાળી બીજી એક રચના પણ જોવા મળે છે. તેનો આરંભ નીચે મુજબ થાય છે :-

"અથ ઉત્સવન કે ભાવ ભાવના લિખ્યતે । શ્રીગોપીજનવલ્લભાય નમઃ । શ્રીકૃષ્ણાય નમઃ। ભાદ્રપદ વદ ૭ કોં પાગ પિછોરા કસૂમલ ધરીયે । યાતેં જો અનુરાગ સૂચક હૈ । જન્મ કે પેહલેં હી । તથા સપ્તમી કો શૃંગાર અષ્ટમી કે મંગલા તાંઇ રહેં ।...... રાજભોગમેં કછુક સામગ્રી વિશેષ કાહે તે । શ્રીયશોદાજી કી કુખ મેં પ્રભુ હૈં ।. . . ."

ત્યારબાદ, વિવિધ ઉત્સવો (જેવા કે, જન્માષ્ટમી, રાધાષ્ટમી, વામન-દ્વાદશી વગેરે) પ્રસંગે સેવા કેમ અને કેવી રીતે કરવી તેની વિગતો આપી છે. તેના અંત ભાગે સમાપન પંકિત આ પ્રકારની વાંચવા મળે છે : "શ્રી ગોકુલનાથજી કૃત ઉત્સવ કી વિધિ સંપૂર્ણમ્ ।।" મારા માનવા મુજબ આ અન્ય કંઇ નથી, પણ "ઉત્સવ-ભાવના" જ છે.

સંદર્ભ નોંધ - ૮ : હસ્તપ્રત લખ્યા તારીખ નથી, પરંતુ એક ૯૯ એવો અક્ષર-શબ્દ લખેલો છે. આથી તે કદાચ બસ્સો વર્ષ જૂની જેવી હોઇ શકે.

મેં અન્ય એક હસ્તપ્રત પણ વાંચી છે.[૯] તેમાં "નિત્ય કી ભાવના" અને "૫૧ ઉત્સવકી ભાવના"ના વિષય વિશે લખાયેલું છે.

ઉકત હસ્તપ્રતનો આરંભ આ રીતે થાય છે : "શ્રી કૃષ્ણાય નમઃ। અથ શ્રીગોકુલનાથજી કૃત રહસ્યભાવના લિખ્યતે ॥ સો પુષ્ટિમાર્ગમેં જિતની ક્રિયા હૈ । સો સબ શ્રીસ્વામિનીજી કે ભાવતે હૈ । તાતે મંગલાચરણ ગાવે । પ્રથમ શ્રી સ્વામિનીજી કે ચરણકમલ કો નમસ્કાર કરત હૈ ।"

આના પછી, "શ્રીસ્વામિનીજી કે ચરણ ચિહ્ન કી ભાવના" આપવામાં આવી છે. આ હસ્તપ્રતનો અંતભાગ આ શબ્દોથી લખાયેલ છે - "ઈતિ શ્રીગોકુલનાથજી કૃત ચરણ ચિહ્ન કી ટીકા સંપૂર્ણ ॥" તેના પછી, અન્ય ભાવનાનો આરંભ આ પ્રકારે થયો છે : "અથ નિત્યક ભાવના કહેત હૈં। વૈષ્ણવ કો પ્રાતઃકાલ હોત હીં ભગવત્સેવા કો ચિંતન કરનો ઈત્યાદિ" - આ હસ્તપ્રત ઘણું ખરું કાલુરામ મુખિયાજીની લખેલી જેવી જ જણાય છે, પરંતુ કેટલાંક સ્થળોએ તેમાં ખાસ ભિન્નતા જોવા મળે છે, દાખલા તરીકે, "પાછે નિવેદનમંત્ર ગુરુદાતા કો સ્મરણ કરી કે શ્રીગુસાંઇજી કો રૂપ હી વિચારનો ॥" છાપેલી આવૃત્તિમાં આપણને આ રીતે તે વાંચવા મળે છે, "પાછે નિવેદન મંત્ર કે દાતા ગુરુ કો સ્મરણ કરી કે નમસ્કાર કરી શ્રીઠાકુરજી કો હી સ્વરૂપ વિચારનો।"

આ રચનાના અંતભાગે આ પંકિતઓ લખેલી છે : "ઈતિ શ્રીગોકુલનાથજી કૃત નિત્યસેવાસિંગારકીભાવના સંપૂર્ણ ।" આમાં "આભરણ કો ભાવ", "પંજીરીકો ભાવ," "ષટ્ઋતુ કો ભાવ" જેવા વિષયોનો સમાવેશ થયેલો જોવા મળતો નથી, જે કાલુરામ મુખિયાજી કૃત રહસ્યભાવનામાં સમાવિષ્ટ થયેલો જોવા મળે છે.[૧૦]

ત્યારબાદ, (પૃ.૪૧) પર એક અન્ય ભાવનાનો આરંભ આ પ્રકારે થયો છેઃ "અથ શ્રીહરિરાયજી કૃત શ્રીગુસાંઇજી કે લાલજી કૃત જન્માષ્ટમી કી ભાવના લિખ્યતે । ભાદ્રપદ વદી-૭ કો પાગ પિછોરા ધરીયે કસૂંભી ધરીયે ।" પૃ. ૭૮ પર આ પ્રમાણે લખ્યું છે. "ઈતિ શ્રીગોકુલનાથજી કૃત શ્રીગુસાંઇજી કે જન્મ ઉત્સવ કી ભાવના સંપૂર્ણમ્ ॥ શ્રીકૃષ્ણાય નમઃ । અથ શ્રીહરિરાયજી કૃત વસંત હોલી કે ભાવના લિખ્યતે।" તેવી જ રીતે તેમાં બીજી ભાવનાઓ અને શ્રીહરિરાયજી કૃત પ્રસંગોની ભાવના જેવી કે ફૂલમંડલી કો ભાવ (પૃ. ૧૩૭), સ્નાનયાત્રાકો ભાવ (પૃ. ૧૫૨) પણ સમાવિષ્ટ થયેલી જોવા મળે છે.

ઉત્સવ-ભાવના કેટલાક પુષ્ટિમાર્ગીય ઉત્સવો પર કેટલીક વસ્તુઓ અવશ્ય કરવી એવું ઠરાવે છેઃ ભગવાનને કેવા વસ્ત્રાલંકારો પહેરાવવા અને કેવો ભોગ-સામગ્રી ધરાવવી તથા જે તે દિવસોએ કયાં કીર્તનો કરવાં - ગાવાં તે તેમાં દર્શાવ્યાં છે આ ભાવનાનો ખ્યાલ નીચે દર્શાવેલ ફકરો વાંચવાથી જણાય છે :-

"શ્રાવણ સુદી ૩ ॥ ચુનરીકો પાગ પિછોડા અભ્યંગ સ્વામિનીજી કે યહાં ઝુલે હૈં । સો તહાં પ્રભુ પધારત હૈં। સો તા દિન શ્રીસ્વામિનીજી દાન પ્રભુનકો કરત હૈં। સો શ્રીગોવર્ધન પર તીજ કો ચોતરા હૈ। સો તહાં ઠાકુરાનિ તીજ માની હૈ। સો સગરી રાત્રિ અનેક પ્રકાર સોં ગોપ્ય હૈં । સબ દિન સબ રિતુ મેં તહાં રમત હૈં । સો તાસોં શ્રીઆચાર્યજી મહાપ્રભુશ્રીજી કો પ્રથમ તહાં કી પધરાય દિયે હૈં । સો મધ્યાન કો સૈયા ભોગ મેં નયી સામગ્રી ધરત હૈં। સો શ્રીસ્વામિનીજી અપનો મનોર્થ કરત હૈ । સો મનોહર કો લાડુ બુંદી સકલ ॥ "[૧૧]

ત્યારબાદ નોંધ લખી છે : "ઈતિ શ્રીગોકુલનાથજી કૃત તથા શ્રીવલ્લભજી કૃત ઉત્સવ ભાવના કી વિધિ સંપૂર્ણમ્ ।અય આભરણ કો ભાવ કહેત હૈં ।"[૧૨]

સંદર્ભ નોંધ - ૯ : આ હસ્તપ્રત શ્રી ચીમનલાલ એમ. વૈદ્યની છે. તેના ૧૮૧ પાના છે અને કદ ૮"X૧૩½" નું છે અને વિ.સં. ૧૯૪૫ માં લખેલી છે.

સંદર્ભ નોંધ - ૧૦ : સરખાવો - હસ્તપ્રત - પૃ. ૪૧

સંદર્ભ નોંધ - ૧૧ : હસ્તપ્રત - પૃ. ૧૬૩

સંદર્ભ નોંધ - ૧૨ : હસ્તપ્રત - પૃ. ૧૬૫

ત્યાર પછી, "જપ કરીવે કી ભાવના" કહે છે કે, જપની માલા કેવી રીતે ફેરવવી અને શા માટે તેમાં ૧૦૮ મણકા હોય છે. અને ત્યારબાદ, "ગોમુખી" (એક પ્રકારની કાપડની બનેલી નાની થેલી જેમાં માલાને રાખવા અને ફેરવવામાં આવે છે) તેનું મહત્ત્વ કહેવામાં આવ્યું છે. આના પછી, આપણને "ગિરિરાજ કી ભાવના, ગુરૂપદેશ કી ભાવના, પંજરી કી ભાવના" વિશે લખેલું જોવા મળે છે અને ત્યારબાદ ભગવાનને ધરવાની જુદી જુદી મીઠાઇ બનાવવાની રીત આપવામાં આવી છે.

સમાપન પંકિત આ પ્રમાણે આપી છે : "ઇતિ શ્રીગોકુલનાથજી કૃત રહસ્ય-ભાવના સંપૂર્ણમ્ । લિખિતમ શ્રીગોકુલમધ્યે અનાજકિ મંડી મેં લિષિયા બ્રાહ્મણ ગોરધન સાહરકો ॥ મિતિ સાવન વદી ૬ । સંવત । ૧૯૪૫ ॥ કૃલિષિ ભાવના ॥ શ્રીકાંકરોલીના વિદ્યા-વિભાગમાં (હિંદી ક્રમાંક : ૮૭/૪/૧)માં એક હસ્તપ્રત છે તેનો આરંભ નીચે મુજબ છે.

"ભાવના વચનામૃત લિખ્યતે । માર્ગશીર્ષ વદી ૧ તે ધનૂર્માસ માનત હૈ સો દંડકારણ્ય કે ભકત નેં કાત્યાયનિ વ્રત કીયો હૈ સો યે મર્યાદા પુષ્ટિ ભકત હૈ તાતે મર્યાદા મેં અંગીકાર કર્યો હૈ ।"

ત્યારબાદ, વિવિધ દિવસોએ ભગવાનને કેવા ભાવપૂર્વક કેવી ભોજન-સામગ્રી ધરવી અને વસ્ત્રાલંકારો પહેરાવવા તથા શ્રીસ્વામિનીજી અને તેમના સખાઓની ભાવનાનું અનુપાલન કરવું તે વિશે ભકતોને આજ્ઞા કરી છે. અંતમાં આ પ્રમાણે કહયું છે :-

"યા દ્રૂતલું સબ ઉત્સવ શ્રીઆચાર્યજી કી કૃપા તેં શ્રીગુસાંઇજી કે બલ શ્રીગોપીનાથજી કી બાંહ ગહેહૈ ઇતનો શ્રીજીનેં કૃપા કરી ઉત્સવ નિર્ણય સંક્ષેપ મેં લિખ્યો હૈ ।"

બીજી એક હસ્તપ્રત (હિંદી વિભાગ ક્રમાંક : ૮૪/૪/૨) કાંકરોલી વિદ્યાવિભાગમાં છે તેનો આરંભ નીચે પ્રમાણે છે :-

"શ્રી કૃષ્ણાય નમઃ ॥ "પ્રથમ વ્રજે શ્રીગોવર્ધનનાથસ્ય પ્રાકટયં શ્રીશ્રુતિરુપા તથૈવ દંડકારણ્ય તથૈવ નંદજી તથૈવ માતૃચરણ પ્રભૃતીનાં ભાવેન તલ્લીખ્યતે । નિત્ય સિદ્ધા લીલાયા યે ભકતાસ્તે . . . . "

આના અંત ભાગે સમાપન પંકિત આ પ્રમાણે છે :-

"પાછે એક મજ્ઞપત્ની હતી સો સબને પહેલે શ્રીજી કો જાય મિલી ॥ ઇતિ શ્રીગોસ્વામિ શ્રીગોકુલનાથજી મુખ તેં ઉત્સવ ભાવના કહી સો ઔર વૈષ્ણવનેં વચનામૃત શિખે તો સંપૂર્ણમસ્તુ ॥ ૧૮૨૮ના વર્ષ ફાલ્ગુન માસે શુકલ પક્ષે તિથિ ત્રયોદશી ભોમવાસરે લિખિતં ઇદં પુસ્તકં ।"

હસ્તપ્રત જણાવે છે કે, વિવિધ ઉત્સવોના પ્રસંગે કેવી કેવી ભાવના રાખવી જોઇએ.

એક બીજી હસ્તપ્રત (હિંદી વિભાગ ક્રમાંક : ૯૨/૧/૩) કાંકરોલીના વિદ્યાવિભાગની છે તે વિ.સં. ૧૮૭૩ની છે અને તેમાં હરિરાયજી કૃત ઉત્સવભાવનાનો[૧૩] ઉલ્લેખ થયેલો જોવા મળે છે. તેવી જ રીતે એક બીજી હસ્તપ્રત (દા.ત. મોડાસાની નોંધપોથીના કદની હસ્તપ્રત જેનો અગાઉ ઉપર ઉલ્લેખ કર્યો છે) તે કેટલાંક સ્થળે શ્રીહરિરાયજી ઉત્સવભાવના કર્તા હોવાનું લખે છે. આથી, ઉત્સવ-ભાવનાની રચના શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીની સંયુકત રચના છે.

આ હસ્તપ્રતો અને રહસ્ય ભાવનાની છપાયેલી આવૃત્તિઓની તુલના કરતાં નીચે મુજબ તારણો કાઢવામાં આવે છે :-

રહસ્ય-ભાવના એ એક સરખી અને નિશ્ચિત પ્રકારની રચના નથી. જુદી જુદી હસ્તપ્રતોમાં વિવિધ વિષયો હોવાનું જણાય છે.

(૨) રહસ્ય-ભાવના એ નિત્ય કૃત્ય ભાવના કે સેવાનિધિ કે નિત્ય સેવા શીંગાર કી ભાવના જેવી જ છે.
(૩) સેવા-ભાવના[૧૪] (જેનો ઉલ્લેખ પ્રકરણમાં પૃ. ૨માં છે) તે રહસ્ય-ભાવના કે નિત્યકૃત્યભાવનાથી ભિન્ન નથી.
(૪) કેટલીક હસ્તપ્રતો જે નિત્યકૃત્યભાવના કે રહસ્ય ભાવનાની છે તેમાં સ્વામિનીજી કે ચરણ ચિહ્ન કી ભાવના

સંદર્ભ નોંધ - ૧૩ : જુઓ - સંદર્ભ નોંધ -૩૯ આ પ્રકરણના અંતભાગની

સંદર્ભ નોંધ - ૧૪ : કપડવંજના શ્રીનરોત્તમ શાસ્ત્રી દ્વારા લિખિત "સેવા-સર્વસ્વ" નામક એક ગુજરાતી રચના છે. તેમાં ચતુર્થ ગૃહના અનુયાયીઓએ - વૈષ્ણવોએ જે સેવા-વિધિ અને ઉત્સવવિધિનું પાલન કરવું તે વિશે લખેલું છે. આ રચના રહસ્યભાવના અને ઉત્સવભાવના આધારિત છે.



अथश्रीगोकुल[illegible]जीकृतरहस्यभावनासें
लिख्यते।।सोपुष्टिमा[illegible]मेंजितनीक्रियाहैं।।सो
सबश्रीस्वामिनीजीकेभावतेहैं।।तातेंमंगलाचरन
गावे।।प्रथमश्रीस्वामिनीजीकेचरनकमलकोन
मस्कारकरतहैं।।तिनकीउपमादेवेकूंमनदसो
दिसादोर्यो।।परंतुकहूंपायोनहीं।।पाछेंश्रीस्वा
मिनीजीकेचरनकमलकोआश्रयमेंकीयोहैं
तबउपमादेवेकूंहृदयमेंस्फुर्तिभई।जैसेश्रीठा
कुरजीकोअधरबिंबआरतहैं।।तातेंश्रीस्वामिनी
जीकेचरनकमलकोनमस्कारकरतहैं।।तिन
मेंअनवटबिछियानूपुरआदिआभूषनहैं।।सो

આ શ્રીગોકુલનાથજી કૃત રહસ્યભાવનાની હસ્તપ્રતની ફોટો કોપી છે જેનો આરંભ સ્વામિનીજીના કમલ ચિહ્નોથી થાય છે. નીચેની ફોટો કોપી શ્રી ગોકુલનાથજી કૃત નિત્યસેવાશૃંગાર ભાવનાની સમાપન પંકિત - અંતમાં આપેલી છે તે છે
(શ્રીચીમનલાલ એમ. વૈદ્યના સૌજન્યથી)



कन्याप्रगटहोऊगी।।सोतबश्रीनंदरायजीकेघरआव
मनोरथपूरनहोयगो।।सोयाप्रकारश्रीरामचंद्रजीकेबच
नसुनिकेंरिषीकेरितचांतपस्याकरनलागे।।सोसारस्व
तकल्पमेंगोउदेसमेंकन्याप्रगटहोतभये।।सोतबप्रभून
केअर्थकात्यायनीदेवीकेमिसश्रीजमुनाजीकोंपूजन
लीयो।।सोप्रभुवाहीलीलाकोस्वरदानदीये।जोहमतुम
कोंरासमेंअंगीकारकरेंगे।।सोयाप्रकारब्रह्मिनकुमारिका
नकोंअंगीकारभयो।।इतिश्रीगोकुलनाथजीकृतनित्यसे
वासिंगारकीभावनासंपूर्ण।।श्रीकृष्णायनमः।।[illegible]

ઉત્સવ ષડ્ઋતુકો - ભાવ ઈત્યાદિનો સમાવેશ થયેલો જોવા મળે છે.

(૫) હાલની ઉપલબ્ધ ઉત્સવભાવના અથવા ઉત્સવવિધિ એ શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી અને શ્રીવલ્લભજીની સંયુકત રચના છે. તેમાં શ્રીવલ્લભજી તે કાકા વલ્લભજી જ છે કે કેમ (જેમનો જન્મ વિ.સં. ૧૭૦૩ માં થયેલ)[૧૫] તેની ચોકસાઈ કરવી મુશ્કેલ છે.

(૩) ભાવ-ભાવના, લીલા-ભાવના અને સ્વરૂપભાવના

"ભાવના" શબ્દ અન્ય ભાવનાઓમાં પણ સર્વ સામાન્યપણે જોવા મળે છે. બાલાસિનોરની હસ્તપ્રતમાં ઉત્સવ ભાવનાની શરૂઆત આ પ્રમાણે થાય છે :-

"અથ ઉત્સવન કી ભાવભાવના લિખ્યતે ।"[૧૬]

શ્રીગોકુલનાથજી કૃત ભાવ-ભાવના એક અલગ રચના જણાતી નથી. કેટલાક "મર્યાદી" વૈષ્ણવો સાથે મેં પરામર્શ કરતાં જાણવા મળ્યું છે કે, ભાવ-ભાવના એ સેવાભાવના કે રહસ્ય-ભાવના જ છે.

મોડાસાના કનૈયાપ્રભુ પુસ્તકાલયમાં એક હસ્તપ્રત છે જેનું ભાવ-ભાવના એવું શીર્ષક છે. તે હસ્તપ્રત વિ.સં. ૧૯૮૪ની છે. તેનો અંતભાગ આ પ્રમાણે છે :

"ઈતિ શ્રી હરિરાયપ્રેરી હૈ બુદ્ધિ કરકે પ્રાદુર્ભવ સમાપ્ત ॥"

આ રચનામાં મધુવનનું વર્ણન આપ્યું છે, શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીનાં સ્વરૂપનાં વર્ણનો આપ્યાં છે અને શ્રીગોકુલનાથજીનું વર્ણન પણ આપ્યું છે તથા તેમના જીવનના કેટલાક પ્રસંગોનો પણ ઉલ્લેખ તેમાં થયો જોવા મળે છે. શ્રીગોકુલનાથજીના જન્મના તેમાં ૩૧ હેતુ[૧૭] દર્શાવ્યા છે. મારા માનવા મુજબ તે રચના કોઇ ભરૂચી વૈષ્ણવની કદાચિત્ લખેલી હોય એવું ઘણું ખરું લાગે છે.

(બ) એક હસ્તપ્રત (હિંદી ક્રમાંક : ૧૦૩/૪/૧૬) કાંકરોલી વિદ્યા-વિભાગમાં છે તેમાં સ્વરૂપ-ભાવના અને લીલા-ભાવના આપેલી છે. લેખકનું નામ અને લખ્યા મિતિ-તારીખ તેમાં જોવા મળતાં નથી. લીલા-ભાવનાની શરૂઆત નીચે દર્શાવ્યા પ્રમાણે છે :-

"અબ લીલા-ભાવના લિખ્યતે । .... લીલા-ભાવના સો તો લીલાસ્થલ જે ભકત તિન કે સ્વરૂપ કી ભાવના તહાં વીમભાગસ્ય શ્રી સ્વામિનીજી આપ વિરાજત હૈ। તિન કો સ્વરૂપ શ્યામ હૈ। શ્લોક શ્યામ હિરણ્ય. .... આદિ ॥" ત્યારબાદ, યમુનાજી, ગિરિરાજજી ગોવર્ધન પર્વત, વ્રજ અને વ્રજભકતો આદિનાં સ્વરૂપોનું વર્ણન છે.

ઉકત હસ્તપ્રતના પૃ. ૧૩૫ મા લખ્યુ છે :-

"ભાવના કે બીચ સમગ્ર ઉત્સવ કો ભાવ લિખ્યો હૈ, પરંતુ યા કો વિચાર તો બહુત હૈ તાહીં તેં ઈહાં લિખ્યો નહીં ઔર જો દેખીવે કો મન હોઈ તો શ્રીદ્વારિકાનાથજી કૃત બડી ભાવના દેખેં ।"

સંદર્ભ નોંધ - ૧૫ : આ પ્રકરણના અંતમાં આપેલી સંદર્ભ નોંધ - ૩૯ પણ જુઓ - વળી જુઓ આ બાબતની ગુજરાત વિદ્યા-સભાની (ગુજરાતી-વિભાગની ક્રમાંક : ૧૦૩૩) હસ્તપ્રતના અંતભાગેની હિંદી પંકિતઓ - "ઈતિ શ્રીગોકુલનાથજી તથા શ્રીવલ્લભજી તથા શ્રીહરિરાયજી કૃત ભાવભાવના નિત્યકૃત કી તથા ચરણ ચિહ્ન કી તથા વર્ષોત્સવ હોરી વસંત તથા ડોલ કી ભાવના તથા અષ્ટસ્વરૂપ કી ભાવના તથા ચરણ કી ભાવભાવના સંપૂર્ણ। સં. ૧૯૭૨ મો. સુ. ૮-"

સંદર્ભ નોંધ - ૧૬ : ઉપરોકત સંદર્ભ નોંધના અનુસંધાને હસ્તપ્રતની સમાપન પંકિતઓ જુઓ :- વળી કાંકરોલીની હસ્તપ્રત (હિંદી- ક્રમાંક : ૧૫૯-૫) પણ જુઓ જેનું શીર્ષક છે ભાવ-ભાવના. શરૂઆતમાં તે હરિરાયજી કૃત છે અને અંતમાં લખ્યું છે કે, તે શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીકૃત છે. તે રહસ્ય ભાવના કે સેવા-ભાવના જેવી જ છે. તેના પ્રારંભમાં લખ્યું છે કે, સેવા કરવી તો સ્વામિનીજીની ભાવનાથી કરવી જોઇએ.

સંદર્ભ નોંધ - ૧૭ : સરખાવો - ઉકત હસ્તપ્રતના પૃ. ૫૪-૫૭ સાથે

આ હસ્તપ્રતના લેખક તથા લખ્યા મિતિ-સાલ લખેલી નથી. બીજી કોઇ હસ્તપ્રત મળી આવેલી નથી અને તેમજ આ રચના[૧૮] અંગે કોઇ વિધાન મળતુ નથી. તેથી તે કોની લખેલી છે તે કહેવુ મુશ્કેલ છે. પરંતુ સાધારણતયા સંપ્રદાયમાં કહેવાય છે કે, ભાવનાઓના લેખક - રચયિતા શ્રીગોકુલનાથજી છે.

લીલા-ભાવના, એનું નામ જોતાં સૂચવે છે, કે તેમાં ભગવલ્લીલાનાં સ્થળો, વસ્તુઓ અને અન્ય સંબંધિતોનું વર્ણન કરવામાં આવ્યું છે.

કાંકરોલીના વિદ્યા-વિભાગ (હિંદી ક્રમાંક ૧૩૭/૬) ની એક હસ્તપ્રત છે જેનું શીર્ષક છે : આચાર્યજી મહાપ્રભુન કી વાર્તા. અન્ય વસ્તુઓ સહિત તેમાં ૧૨ કુંજો વિવિધ પ્રકારની છે તેનું (પુષ્પ, ફલ, રસ, રાસ, ગૌ, દ્વાર, નવ, રાશિ પ્રેમ સિદ્ધ લક્ષ્મી અને તુલસીકુંજ) નું વર્ણન કરેલું છે.

તેમાં લખ્યું છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્યની કૃપા થાય તો કોઇ ભાગ્યશાળીને ભગવલ્લીલાનાં સ્થળનાં દર્શન થાય અને અહીં એવો એક પ્રસંગ કહયો છે કે, જેમાં સ્વામિનીજી સ્વયં શ્રીમદ્ વલ્લભાચાર્યના એક ભકતને કુંજોનાં દર્શન કરાવે છે. આને લીલા-ભાવનાનો ભાગ ચોકકસપણે કહેવાનું મુશ્કેલ છે.

(૩) કાંકરોલીમાં ઘણી બધી હસ્તપ્રતો છે.[૧૯] જેમાં સ્વરૂપભાવના વિશે કહેવામાં આવ્યું છે. સામાન્ય રીતે, સ્વરૂપભાવનાનો સમાવેશ ભાવ-ભાવના કે રહસ્ય ભાવના કે લીલા-ભાવનામાં થતો હોય છે. આ હસ્તપ્રતમાં શ્રીગોકુલનાથજીને તેના રચયિતા કહયા નથી. પુષ્ટિસુધા (ગ્રંથ ભાગ-૫ ક્રમાંક-૫-૮) માં એક સ્વરૂપ-ભાવનાના વિશે લખેલું છે. તેનો રચયિતા કોણ છે તે લખ્યું નથી, પરંતુ એક પાદ-ટીપમાં (પૃ.૧૫) માં "અમે" એવો શબ્દ સ્વયં તે રચનામાં લખેલો છે જેનો અર્થ "શ્રીદ્વારકેશજી ભાવનાકાર" એવો કહેવામાં આવ્યો છે. આથી આ પ્રકાશિત રચનાના રચયિતા સંભવતઃ દ્વારકેશજી છે[૨૦].

કાંકરોલીમાં એક હસ્તપ્રત (હિંદી ક્રમાંકઃ ૮૭/૪/૪) છે જેમાં પાંચ પંકિતમાં શ્રીનાથજીનું વર્ણન આપવામાં આવ્યું છે. તેના રચયિતાનુ નામ લખેલુ નથી. તે રચનાનું મથાળું છે. "અથ શ્રીજી કે સ્વરૂપ કી ભાવના"[૨૧]

અમદાવાદની ગુજરાત વિદ્યા-સભામાં એક હસ્તપ્રત છે[૨૨] જેનું શીર્ષક છે. "શ્રીગોકુલનાથજી તથા શ્રીહરિરાયજી કૃત ભાવ-ભાવના" તેમાં ઘણા બધા વિષયો વિશે લખ્યું છે, પરંતુ તે પૈકી એક છે તે "અષ્ટસ્વરૂપ કી ભાવના લિખ્યતે" છે. પૃ.૨૮ પર આરંભના શબ્દો છે- "અથ અબ સ્વરૂપ કી ભાવના લિખ્યતે" ગોવર્ધનનાથજી એટલે કે શ્રીનાથજી અને શ્રીગોકુલનાથજીની (પ્રતિમા) - શ્રી વિગ્રહના વિશે તે છે અને તે આ પ્રકારનું લખેલું છે.

સંદર્ભ નોંધ - ૧૮ : એક બીજી તેના જેવી જ હસ્તપ્રત (હિંદી ક્રમાંક - ૯૦/૨) લીલા-ભાવનાને લગતી છે, પરંતુ તેના વિશે વધુ માહિતી ઉપલબ્ધ નથી.

સંદર્ભ નોંધ - ૧૯ : હસ્તપ્રતો (હિંદ વિભાગ) ક્રમાંક : ૬/૩/૨, ૧૦૩/૪/૧૬, ૧૦૬/૬/૧, (સંસ્કૃત વિભાગ) ક્રમાંક : ૯૦/૨/૪, ૯૨/૪/૭

સંદર્ભ નોંધ - ૨૦ : કાંકરોલી હસ્તપ્રતો ક્રમાંક : ૯૬/૩/૨ અને ક્રમાંક : ૧૦૩/૪/૬ જોવા મળે છે તે સ્વરૂપ-ભાવના પ્રકાશિત છે તેના જેવી જ છે.

સંદર્ભ નોંધ - ૨૧: સરખાવો "અથ શ્રીજી કે સ્વરૂપ કી ભાવના ॥ શ્રીનાથજી પીઠક સુધાં દક્ષિણ દિશા ગાય ૩ બનિહેં હે । તા મધ્યે એક તો પ્રત્યક્ષ દર્શન દેત હે । તથા રાદોય કે અવંગિ કંદરામધ્યે તથા મુખ પ્રત્યક્ષ દર્શન દેત હે । મુખારવિંદ તીન્યોત કે સન્મુખ હે । તા ઉપર સર્પ બેઠયો હે ઉપર મણિ હે । તા ઉપર મેંઢા હે । તા ઉપર એક ભકત સ્વરૂપ હૈં । શ્રીમસ્તક ઉપર મોર હે । વામ કોને મેં ભકત સ્વરૂપ હોય હૈં . . . . (વગેરે) ઈતિ શ્રીભાવના સંપૂર્ણ ॥ "

સંદર્ભ નોંધ - ૨૨ : જુઓ સંદર્ભ નોંધ ૧૫

"શ્રીસ્વામિનીજી કે મનોર્થકી વામ હસ્ત ઊંચો રાસ કો ભાવ હૈ કાહે તે ગોવર્ધન ઉઠાએ હો તે તૌ હસ્તકી મુઠી બાંધી હોતી । એક ઉગુરિઉ ઊંચિ હોતી ઇહાં તો પાંચો ઉંગરી સબ નિત્ય મેં ઊંચે હસ્ત કદિ ભાવ દીખાવત હૈં તથા ઊંચે હસ્ત કરિ ભકત કોં બુલાએ ભકત કે મન ખેંચી કે અપની દક્ષિણ હસ્ત કી મુઠી મેં કરી લીએ પાછે કહે જો જબ ભકત કહે હમારી મન તુમ્હારે પાસ હૈં સો દેઉ તો જાયં તબ અંગુષ્ઠ દિખાએ ।" (પુ.૨૯)

----------X----------X----------

"અબ શ્રીગોકુલનાથજી કે સ્વરૂપ કો વર્ણન કરત હૈ ॥ શ્રીગોકુલનાથજી કે સ્વરૂપ ગોવર્ધન ઉઠાએ હૈ જબ પ્રભુ પધારે તબ દાસ કો યહ ધર્મ હૈ જો ઉઠી ઠાડો હોઇ સો પ્રભુ કી ઇચ્છા જાની સગરે વ્રજ મેં છત્રકાર હવૈ ગએ તબ શ્રીગોવર્ધન કી ઉપમા બડાઇ દેન અર્થ છત્ર મે દાંડી ચાહિએ સો પ્રથમ વામ હસ્ત ઉઠાય પીછે દક્ષિણ હસ્તકી અંગુરિ પીછે રાષે વામહસ્ત મેં બિના છિદ્રસોં સંઘ હૈ સૌ જલકો આદિદૈવિક હૈ તાતે સગરે જલકોં આકર્ષણ કિયો. . . . . . .(પૃ.૩૧) ।"

આ રીતે, વિવિધ નિધિ સ્વરૂપોનાં વર્ણન અને અર્થ આ રચનામાં કહેવામાં આવ્યા છે.

સ્વરૂપ-ભાવના એ નામ જ સૂચવે છે કે, ભગવાન શ્રીકૃષ્ણના વિવિધ (શ્રીપ્રતિમા) - શ્રીવિગ્રહોના ગૂઢાર્થ - રહસ્યને સમજાવે છે.

(૪) શ્રીસ્વામિનીજી કે ચરણ-ચિહ્ન કી ભાવના

કેટલીક હસ્તપ્રતોમાં આ રચનાનો સમાવેશ રહસ્ય-ભાવનામાં કરેલો જોવા મળે છે[૨૩] વલ્લભીય સુધાના[૨૪] એક અંકમાં પ્રારંભ આ શબ્દોથી કરાયો છે "અથ શ્રીગોકુલનાથજી કૃત ચરણ ચિહ્ન કી ભાવના લિખ્યતે ।"

આરંભમાં એમ કહયું છે કે, શ્રીસ્વામિનીજીનાં ચરણો માટે યોગ્ય ઉપમા શોધવા માટે મન-બુદ્ધિને કામે લગાડી ત્યારે તે કાર્ય કરી શકી નહિ, આમ છતાં જયારે મન-બુદ્ધિએ તેમના ચરણ-કમલમાં આશ્રય લીધો ત્યારે તે મન-બુદ્ધિને તેમનાં ચરણ-કમલોનું વર્ણન કરવાનું પ્રેરણા-સામર્થ્ય પ્રાપ્ત થયું હતું. શ્રીસ્વામિનીજીનાં ચરણ-કમલોની આંગળી દશ છે, જે દર્શાવે છે કે દશધા ભકિત તેમનાં ચરણોમાં નિવાસ કરે છે. આથી, દરેક વૈષ્ણવે ભગવાન કૃષ્ણની અલૌકિક સખી એવી શ્રીસ્વામિનીજીનાં ચરણ-કમલની સદૈવ પૂજા અને સેવા કરવી તથા તેમનો આશ્રય કરીને રહેવું.

ત્યારબાદ કહયું છે કે, શ્રીસ્વામિનીજીનાં ચરણ-કમલમાં ૧૫ પરમ ભાગ્ય દર્શાવતાં (જયોતિષ શાસ્ત્રના) ચિહ્નો અંકિત થયેલાં છે. સાત ચિહ્નો તેમના દક્ષિણ-જમણા ચરણમાં છે : એક છત્ર, એક ધ્વજ, એક કમલ, એક જવનો દાણો, એક અંકુશ અને એક ઊર્ધ્વ રેખા જયારે વામ-ડાબા ચરણમાં આઠ ચિહ્નો છે એક ગદા, એક કમલ, એક રથ, એક બાણ (એટલે શકિત), એક મત્સ્ય, એક યજ્ઞવેદી, એક કુંડળ અને એક પર્વત. ત્યાર પછી આ ચિહ્નો પૈકી પ્રત્યેકનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. દાખલા તરીકે, છત્ર કે છત્રીનું ચિહ્ન છે તે દર્શાવે છે કે, જે કોઇ પૂર્ણ પુરુષોત્તમનો આશ્રય લે છે તેને સર્વોચ્ચ આનંદની પ્રાપ્તિ થાય છે, અને તેથી છત્રનું ચિંતન શ્રદ્ધાપૂર્વક કરવું જોઇએ. ચક્રનું જે ચિહ્ન છે તે પરમાત્મા ભગવાનનું છે અને પરમ શકિત-સામર્થ્યને દર્શાવે છે. આ ચિહ્ન જે ચક્ર છે તે દર્શાવે છે કે, પરમાત્મા ભગવાન પર શ્રીસ્વામિનીજીની સત્તા સંપૂર્ણતયા છે અને જે રીતે રાજા અંબરીષને દુર્વાસાના ક્રોધનો ભોગ બનેલા તેને સુદર્શન ચક્રએ બચાવ્યા હતા, તે જ રીતે ભકતોને તમામ દુઃખોથી ચક્ર બચાવે છે. આથી શ્રીસ્વામિનીજી નિજ-ચરણમાં ચક્રનું ચિહ્ન ધરાવે છે.

શ્રીસ્વામિનીજીનો દક્ષિણ (જમણો) ચરણ પરમ પુષ્ટિનું પ્રતીક છે અને સાત ચિહ્નો છે તે ધર્મના ષડ્ગુણો

સંદર્ભ નોંધ - ૨૩ : આ પ્રકરણના પૃ. ૩૫૯ અને ૩૬૨ જુઓ.

સંદર્ભ નોંધ - ૨૪ : સરખાવો - ગ્રંથભાગ - ૫ -૬ પૃ.૫ આ હસ્તપ્રતનો સ્રોત દર્શાવ્યો નથી. મોડાસાની નોંધપોથી હસ્તલિખિત મેં જોઇ છે અને તેમાં મને આ બન્ને વચ્ચે કોઇ તફાવત જોવા મળ્યો નથી, સિવાય કે કેટલાક શબ્દો અને વાકયોમાં રહેલો તફાવત.

(ઐશ્વર્ય, વીર્ય, યશસ્, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય)નું સૂચન કરે છે. શ્રીસ્વામિનીજીના વામ (ડાબા) ચરણ પર અંકિત આઠ ચિહ્નો છે તે અષ્ટપ્રહર એટલે કે આઠેય સમાની સેવાના સૂચક છે. એક પ્રહરની સેવા કરવી પણ દુષ્કર છે, તો પછી અષ્ટપ્રહરની સેવાની તો શી વાત કરવી ? આથી, આઠ ચિહ્નોનું ધ્યાન ધરવાથી સેવાના સર્વ ફલ પ્રાપ્ત કરવાનું પ્રેરક બળ બની રહે છે. અંતે, સમાપનમાં આ પંકિતઓ લખેલી જોવા - વાંચવા મળે છે.

"યા પ્રકાર દોઉ ચરણ કે ચિહ્ન કો ભાવ સહિત વર્ણન કિયે । દોઉ ચરણ મેં પ્રન્દ્રહ ચિહ્ન હૈ । સગરે મહીને તથા વર્ષ આય ગયે । તાતે જો કોઇ વૈષ્ણવ પ્રન્દ્રહ ચિહ્ન કો ચિંતન કરે તિનકો કબહુ કોઇ કાલમેં રસ કે અનુભવમેં પ્રતિબંધ ન કરેગો । સદા એક રસરૂપ કો અનુભવ હોય ગો । યા પ્રકાર ચિહ્ન કે ભાવ કછુ અપની બુદ્ધિ કે અનુસાર વર્ણન કિયે । ઇતિ શ્રીગોકુલનાથજી કૃત ચરણ ચિહ્ન કી ભાવના ટીકા સહિત સંપૂર્ણમ્ ॥"

અંતિમ શબ્દો "ટીકા સહિત" લખ્યા છે તે એક એવી શંકા ઉત્પન્ન કરે છે કે, શું આ રચના કોઇ મૂળ રચનાના અનુવાદ સાથે ટીકા સ્વરૂપેની છે ? શરૂઆતમાં "ટીકા" તરીકેનો ઉલ્લેખ થયો જોવા મળતો નથી. શકય છે કે, કોઇ સંસ્કૃત રચના હોય અને આ જે રચના છે તે અહીં તહીં થોડા સુધારા-વધારા સાથેનો તેનો અનુવાદ હોય. વળી એવું પણ શકય જણાય છે કે, "ટીકા સહિત" એ શબ્દો કોઇ લહિયા કે વ્યકિતએ ઉમેર્યા હોય અને તેણે અહીં-તહીં તેની સમજણ આપતા ટીકારૂપે અંશો ઉમેર્યા હોય.

આ રચના નંદદાસનું એક પદ[૨૫] એક શ્લોક સુબોધિનીજીમાંથી[૨૬] અને એક પદ[૨૭] શ્રીપરમાનંદદાસજીનું ટાંકે છે. આના પરથી આપણે આ રચનાની રચના મિતિ કે સાલ અંગે ચોકકસ તારણ કાઢી શકીએ તેમ નથી, કારણ કે ટાંકેલા પદોની રચના-મિતિ વગેરે જાણવાં મળતાં નથી.

વળી આ રચનામાં કેટલીક દેવીઓ જેવી કે મધ્યમા, નૌભારી[૨૮] ઇત્યાદિનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે, પરંતુ તે દેવીઓ ભાગ્યેજ જાણીતી છે.

(૫) ગ્રહણ-ભાવના :-

આ રચના, અનુગ્રહમાં[૨૯] છપાયેલી અને તે દોઢેક પાનાના કદમાં લખાયેલી છે. આ રચનાના સંપાદક શ્રીહરિકૃષ્ણ વી. શાસ્ત્રી કહે છે કે, તેની હસ્તપ્રત ૧૮૭૫ની સાલની છે અને અંતભાગમાં લખ્યું છે - "શ્રીગોકુલનાથજી કૃત ગ્રહણ-ભાવના ।" આ રચના ઉત્સવ-વિધિ કે ઉત્સવ-ભાવનાની કેટલીક હસ્તપ્રતોમાં સમાવેશ કરેલી જોવા મળે છે. જયારે ગ્રહણ લાગે ત્યારે ભગવાનને કેવાં વસ્ત્ર અને ભોગ ધરાવવા અને ગ્રહણ લાગ્યું હોય ત્યારે ભગવાંનની સેવા કેવા અને કયા ભાવથી કરવી જોઇએ તેનો પ્રકાર આ રચનામાં કહયો છે.

(૬) શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઇજી કે સ્વરૂપ કો વિચાર

કાંકરોલીના વિદ્યાવિભાગમાં આ રચનાની એક હસ્તપ્રત ઉપલબ્ધ છે.[૩૦] જયાં સુધી હું જાણું છું ત્યાં સુધી તે રચના હજી સુધી અપ્રકાશિત છે. રચનાના અંતભાગે સમાપન પંકિત આ પ્રમાણે છે. "ઇતિ શ્રીઆચાર્યજી કો તથા શ્રીગુસાંઇજી કે સ્વરૂપ કો વિચાર સંપૂર્ણમ્ ॥ શ્રીગોકુલનાથજી કૃત ॥"

સંદર્ભ નોંધ - ૨૫ : "ચાંપત ચરણ મોહનલાલ . . . ." વલ્લભીય-સુધા ગ્રંથભાગ -૫-૬ પૃ. ૮

સંદર્ભ નોંધ - ૨૬ : "નમામિ હૃદયેશેષે . . . . ." એજન - પૃ. ૧૧

સંદર્ભ નોંધ - ૨૭ : "ભજ મન રાધિકા કે ચરણ . . . . . ." એજન - પૃ. ૧૩

સંદર્ભ નોંધ - ૨૮ : એજન - પૃ. ૧૨

સંદર્ભ નોંધ - ૨૯ : જુઓ - ગ્રંથભાગ - ૫-૧૨, પૃ. ૨૬ અને ૫૮

સંદર્ભ નોંધ - ૩૦ : જુઓ - હિંદી વિભાગ - બંધા ક્રમાંક : ૯૯ -પુસ્તકાંક - ૧૭ - બીજી એક હસ્તપ્રત પણ છે (ક્રમાંક ૧૦૪/૭/૧) જેનું શીર્ષક છે "આચાર્યજી કે સ્વરૂપકો નિર્ણય" લેખકનું નામ લખેલું નથી. તે ઉપરોકત હસ્તપ્રતથી જુદી છે.

આ રચના કહે છે કે, સ્વયં ભગવાને નિજ મુખારવિંદાવતારને ભગવાનના માહાત્મ્યને પ્રકટ કરવા અને પુષ્ટિમાર્ગીય ભકતોને-જીવોને ભગવાનના સાચા સ્વરૂપનું દર્શન કરાવવા અને અલૌકિક - લીલાની તેમને અનુભૂતિ કરાવવા આજ્ઞા કરી હતી[૩૧] આ પ્રકારે શ્રીમદ્ વલ્લભચાર્યના પ્રાકટયનો હેતુ દર્શાવવામાં આવ્યો છે. ત્યારબાદ "સૌંદર્યં નિજ હૃદ્ગતં" વાળો શ્લોક આપવામાં આવ્યો છે અને અલૌકિક-લીલા વખતે ભગવાનનો "સ્ત્રી-ભાવ"ની અને શ્રી સ્વામિનીજીનો "પુરુષ-ભાવ" વિયુકત થાય છે અને તે બે ભાવમાંથી શ્રીવલ્લભાચાર્યનું સ્વરૂપ પ્રકટ થાય છે એવી સ્પષ્ટતા - સમજણ આપવામાં આવે છે.

ત્યાર પછી, એક ત્રીજી સ્પષ્ટતા આપવામાં આવી છે. રાસક્રીડા વખતે, કૃષ્ણ અદૃશ્ય થયા અને વ્રજભકતોએ "ભજતોડનુભજત્યેક" વાળો શ્લોક[૩૨] ગાયો હતો. કૃષ્ણે ત્યારે કહયું "ના પારયેડહં. . . વગેરે[૩૩] જેનું કહેવાનું તાત્પર્ય એ છે કે, શ્રીકૃષ્ણસ્વામિનીજીના "દાસત્વ ભાવ" નું ઋણ ફેડવાને અસમર્થ રહયા હતા. આથી ભગવાને શ્રીમદ્ વલ્લભાચાર્ય સ્વરૂપે અવતરીને શ્રીસ્વામિનીજી પ્રત્યેનો નિજનો "દાસત્વ ભાવ" દર્શાવ્યો હતો.

આ રચના ત્યાર પછી શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપ વિશે સ્પષ્ટતા કરી સમજાવે છે. શ્રી સ્વામિનીજીનો "સ્ત્રીભાવ" અને ભગવાનનો "કામ-ભાવ" એ બન્ને એકત્ર થતાં તેમાંથી શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ પણ પ્રકટ થયું હતું એમ કહેવાય છે. આથી શ્રીવિઠ્ઠલનાથજીએ જે કંઇ કાર્યો કર્યો તે સર્વ ભગવાનની લીલા માનવામાં આવે છે. બીજું, શ્રીવિઠ્ઠલનાથજીને ચંદ્રાવલીજીનું સ્વરૂપ[૩૪] કહેવામાં આવે છે. ત્રીજું, વળી તેમને યમુનાજીનું સ્વરૂપ પણ કહેવામાં આવે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યનો "દાસત્વ-ભાવ" શ્રીસ્વામિનીજી પ્રત્યેની પરાકાષ્ઠાએ પહોંચ્યો ન હોતો એટલે તેની સંપૂર્ણ સિદ્ધિ અર્થે ભગવાને શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપે અવતરીને પોતાનું "દાસત્વ" શ્રી સ્વામિન્યાષ્ટક અને સ્વામિનિ સ્તોત્રની રચના કરી તેમાં તેનું નિરૂપણ કર્યું હતું.

શ્રીમદ્ વલ્લભાચાર્યે કહયું છે કે સ્વામિનીજી એ પુષ્ટિમાર્ગના સાચા ગુરુ છે અને પુષ્ટિમાર્ગમાં તો "સ્ત્રી-ભાવ" જ સર્વથી મહત્ત્વનો છે, અને તેથી શ્રીવિઠ્ઠલનાથજી કે જે શ્રીસ્વામિનીજીના "સ્ત્રી-ભાવ" નો સાક્ષાત્ અવતાર છે, તેઓ ગુરુ બન્યા અને નિજ ભકતોને "દાસત્વ" અને "સેવા" નો ઉપદેશ આપશ્રીએ આપ્યો અને ભગવાનની અલૌકિક લીલાના માર્ગે લઇ જનારા પથદર્શક બન્યા. આ વસ્તુ, ગોપાલદાસના વલ્લભાખ્યાનમાંથી આપણે જે જાણીએ - વાંચીએ છીએ તેનાથી ભિન્ન પ્રકારની છે[૩૫]

આ રચનાના અંતભાગે આ શ્લોક આપ્યો છે :

"વ્રજપતિનવ કેલીભાવસર્વસ્વરૂપઃ સુલલિતગતિરાધારાધનાસક્તચિત્તઃ।
તદુભયરસ લીલાનંદ સંદોહપૂર્ણ : સ ભવતુ મમસર્વ વિઠ્ઠલેશઃ સૂબેશઃ ॥"

આ કદમાં નાનકડી એવી રચના એક એવા પ્રયાસરૂપ છે જે શ્રીમદ્ વલ્લભ અને વિઠ્ઠલ કે જે ઉભય પરમાત્મા

સંદર્ભ નોંધ - ૩૧ : સરખાવો - "ભૂતલ વિષે પ્રગટ હોય હમારો અખિલ માહાત્મ્ય અંતરંગ લીલાવાણી દ્વારા પ્રક્ટ કરી પુષ્ટિમાર્ગીય જીવન કો હમારે સાક્ષાત્ સ્વરૂપ કો દાન કરો ॥ - બાલાસિનોરના શ્રી ઓ.સી. મોદી પાસેની હસ્તપ્રતના પૃ. ૨ માંથી નકલ કરેલ.

સંદર્ભ નોંધ - ૩૨ : ભાગવત - દશમસ્કંધ-અધ્યાય ૩૨ નો શ્લોક ૧૬

સંદર્ભ નોંધ - ૩૩ : ભાગવત - દશમસ્કંધ -અધ્યાય ૩૨ નો શ્લોક ૨૨

સંદર્ભ નોંધ - ૩૪ : સરખાવો - "તાતેં શ્રીગુસાંઇજી ચંપાવલી જુકો સ્વરૂપ ધરીકે લીલા-સામગ્રી સિદ્ધ કરિવેકો દાસત્વ કિયો ।" ઓ.સી. મોદીની હસ્તપ્રત પૃ. ૬

સંદર્ભ નોંધ - ૩૫ : સરખાવો - "વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું, કીધી શ્રીવલ્લભજી શું વાત । અપને તો ઇચ્છિા એક છે જે નંદન તમેં તાત ॥" - વલ્લભાખ્યાન - ૨ - ૧૬

ભગવાનનાં સ્વરૂપો છે તેમનું લીલાત્મક અર્થઘટન કરે છે અને તેમના પ્રાકટ્યના હેતુને કહે છે. શૈલી તથા શબ્દસમૂહ દા.ત. શબ્દ "લીલા-મધ્ય-પાતિ" નો જે વિનિયોગ આ રચનામાં થયેલો જોવા મળે છે તે શ્રીગોકુલનાથજીની અન્ય રચનાઓમાં પણ જોવા મળે છે[૩૬].

(૭) ભાવના-સાહિત્યનું મહત્ત્વ.

આ રીતે, સેવા-ભાવ અને દૈનિક ધાર્મિક જીવન રીતિનું વૈષ્ણવે જે પ્રકારે નિત્ય અનુપાલન કરવાનું હોય છે તે ભાવના-સાહિત્યનું વિષય-વસ્તુ છે. ભગવાનની સેવા (પૂજા) કરતી વખતે ભકતે પ્રત્યેક ક્રિયા અને વિધિ કરવાની થાય છે તેના અર્થ અને માહાત્મ્યનું નિરૂપણ આ ભાવનાઓ કરી બતાવે છે. ભકતનાં ચિત્તને તેઓ એવા ભાવથી સજ્જ કરે છે કે, ભગવાનની સેવા (પૂજા)માં ક્રિયા અને વિધિ કરાય તેનાથી વિશેષ તો ભગવાનની સેવામાં ભકતનો પ્રેમ અને સ્નેહયુકત દઢ એવો ભગવદ્ ભાવ હોય તે મહત્ત્વનું છે. રહસ્ય-ભાવના તો ત્યાં સુધી કહે છે કે સેવાના નિયત સમયનું સર્વથા પાલન કરવું જોઇએ અને પછી પોતાના દેહ[૩૭] પર સેવામાં કરવાનાં થતાં તિલક-ચંદન-ચરણામૃતનાં ચિહ્નો જેવાં ચિહ્નો કરવાં જોઇએ અને તેટલા માટે સેવાનો સમય ચૂકવો જોઇએ નહીં. પાનનાં બીડાં કે સોપારી ખાવામાં સેવા કરતી વખતે બાધક ગણ્યાં નથી, કારણ કે તે સેવકના મુખમાંથી આવતી દુર્ગંધને[૩૮] દૂર કરવા માટે હોય છે અને તેનો રસાવાદ માણવા માટે હોય છે. પુષ્ટિમાર્ગમાં પ્રેમ અને સ્નેહભાવને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે અને તેથી ભકતે સેવાકાર્ય કરતી વખતે પોતાના ચિત્તમાં ભગવાનનાં સુખ અને સવલતને સર્વોચ્ચ સ્થાન આપવું તે તેનો ધર્મ બની રહે છે. યંત્રવત્ ક્રિયા અને કાંડોની કોઇ જ કિંમત કે સ્થાન નથી જો તેની પાછળ કોઇ સાચો ભાવ રહયો ન હોય. પુષ્ટિમાર્ગ મુખ્યત્વે ભગવદ્-ભકિત ભાવ પર આધારિત છે અને વિવિધ ક્રિયા અને વસ્તુઓ કે જેનો સેવામાં વિનિયોગ કરાય છે તેની પાછળ કોઇને કોઇ ભાવ રહેલો છે અને એવી એ ભાવાત્મકતાનું જ પ્રાધાન્ય છે. આવા ભાવ આ ભાવનાઓ જ શીખવે છે. પુષ્ટિમાર્ગના વાસ્તવિક મર્મનું જ્ઞાન, આ ભાવનાઓ જ શીખવે છે. ભગવાન બાલકૃષ્ણની સેવા વાત્સલ્યભાવથી અને "પતિવ્રતા" ની ભાવનાથી કેવી રીતે કરવી તેનું તેઓ નિદર્શન કરે છે. આ દષ્ટિબિંદુથી ભાવનાઓ મહત્ત્વની છે. શ્રીમદ્ વલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગના તત્ત્વજ્ઞાન - દર્શનશાસ્ત્રના સિદ્ધાંતોનું નિર્માણ કર્યું, શ્રીવિઠ્ઠલનાથજીએ તેના પર સેવા-માર્ગના હેતુપુર:સરનું ભવન-માળખું નિર્માણ કર્યું અને શ્રીગોકુલનાથજીએ પુષ્ટિમાર્ગમાં વિનિયોગ કરાતી પ્રત્યેક ક્રિયાની વિધિ અને વસ્તુઓનું રૂપકાત્મક અર્થઘટન કર્યું અને પુષ્ટિમાર્ગની સેવા-પૂજાને દઢ ભાવનાત્મકતાના પાયાનું પ્રદાન કર્યું. આપશ્રીએ આમ, એક રીતે જોઇએ તો પુષ્ટિમાર્ગમાં સેવા પૂજાને યંત્રવત્ અને અર્થહીન ક્રિયાકાંડનુ જટિલ જાળું બનતી બચાવી લીધી હતી. આ કારણે જ, અન્ય ઉપાસનામાર્ગથી તે સર્વથા ભિન્ન પ્રકારનો બનીને રહયો છે.

અત્રે એ નોંધવું ઘટે કે, આ ભાવનાસાહિત્ય સમગ્રનું નિર્માણ શ્રીગોકુલનાથજીની જ કલમ દ્વારા થયેલું નથી એ પણ એક હકીકત છે. આપશ્રી ૮૪ અને ૨૫૨ વાર્તાની જેમ આના પણ પ્રવકતા છે અને આપશ્રીનાં વચનો લહિયાઓ અને ભકતોએ લખી લીધાં હશે. મુખ્ય રચયિતા શ્રીગોકુલનાથજી છે અને પછી થયેલા લેખકો - લહિયા અને હરિરાયજી જેવા ગોસ્વામીઓએ તેમના કહેલાં વચનો - ઉપદેશોમાં કંઇક સુધારા-વધારા પછીથી કર્યા પણ હોય એ સર્વથા શકય છે આ રીતે વિવિધ હસ્તપ્રતોમાં વગેરેમાં ભાષાની જે ભિન્નતા વર્તાય છે અને કેટલાંક સ્થળે હરિરાયજી અને વલ્લભજીનો કર્તાઓ તરીકે થયેલા નામોલ્લેખની સ્પષ્ટતા - ખુલાસો કરી શકીએ - સમજી શકીએ.

સંદર્ભ નોંધ - ૩૬: આ રચનાનો સમાવેશ ભાવના-સાહિત્યના આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે, કારણ કે શ્રીમદ્ વલ્લભ-વિઠ્ઠલનાં સ્વરૂપોના ભાવ કે મર્મને એ પ્રકટ કરે છે.

સંદર્ભ નોંધ - ૩૭: સરખાવો - "સેવા કો સમય ભયો હોય તો મુદ્રા પીછે કરની । - વલ્લભીય-સુધા - ગ્રંથભાગ-૧૧ - ૧ - ૨ પૃ. ૩.

સંદર્ભ નોંધ - ૩૮ : "મુખશુદ્ધ્યર્થ બીડી-ખાની મુખ કો બાસ મિટે ।" - એજન - પૃ. ૩

શ્રીગોકુલનાથજીનાં વચનામૃતોમાંથી આ ભાવનાઓ ઘણુંખરું એકઠી કરવામાં આવી છે. કાંકરોલીનો (હિંદી વિભાગ ક્રમાંક ૯/૨/૨) એક હસ્તપ્રતનું શીર્ષક છે "સેવાવિધિ" શ્રીગોકુલનાથજીકે વચનામૃત. તે હસ્તપ્રતમાં આ પ્રકારે એક સ્થળે કહે છે કે, "શ્રીગોકુલનાથજી કે વચન સો જો વૈષ્ણવ કો તો કરનો સો લિખ્યતુ હૈ ચાર ઘરિ રાત્રી રહે તબ ઉઠનો . . . . . ॥ મારા માનવા મુજબ ઘણી બધી હસ્તપ્રતોમાં શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીને નિત્યકૃત ભાવના અને ઉત્સવ-ભાવના અથવા ઉત્સવ-માલિકા[૩૯] માં સુધારા-વધારા તથા અને એકત્રિત કરનારા હતા, એવાં કથનો જોવાં મળે છે.

સંદર્ભ નોંધ - ૩૯ : જુઓ - કાંકરોલી હસ્તપ્રત (હિંદી - ક્રમાંક : ૮/૨/૨) જેમાં ઉત્સવ પ્રકારના લેખક શ્રીગોકુલનાથજીને કહયા છે અને વળી હસ્તપ્રત (હિંદી ક્રમાંક : ૯૨/૧/૩) છે તેમાં શ્રીહરિરાયજીને લેખક કહ્યા છે. વાંચો - "શ્રીહરિરાયજી પુષ્ટિ દઢાવ કીયો હૈ ભાષા મેં તથા ઉત્સવમાલિકા કરો હૈ સો સમુઝ કે કરના . .. " હસ્તપ્રત પૃ. ૧૦૮

પ્રકરણ - ૩ (૬)

વચનામૃતસાહિત્ય

(૧) વચનામૃતસાહિત્ય શું છે ?

વચનામૃત (વાક્) એ શબ્દ પુષ્ટિમાર્ગીય સાહિત્યમાં પ્રચલિત શબ્દ છે તે રૂપક છે આલંકારિક શબ્દ છે જે મધુર અને પ્રેરક છે અને તેને અમૃત સમાન ગણવામાં આવે છે. મહાન ધાર્મિક ઉપદેશકોનાં પ્રવચનો કે વાતોને અમૃત સમાન મધુર ગણવામાં આવે છે, કારણ કે જગતનાં દુ:ખોથી મુકત કરે છે અને આનંદનો અનુભવ કરાવે છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોકુલનાથજી અને અન્ય ગોસ્વામીની ઉપદેશાત્મક વાણીને વચનામૃત કહેવામાં આવે છે. કમનસીબે, શ્રીમદ્ વલ્લભ-વિઠ્ઠલનાં વચનામૃતો ઉપલબ્ધ થતાં નથી. જે થોડાક ગોસ્વામીઓ, જેવા કે કાકા વલ્લભજી, ગિરિધરજી ઇત્યાદિના વચનામૃતો ઉપલબ્ધ છે. સદ્ભાગ્યે, શ્રીગોકુલનાથજીના કેટલાક અનુયાયીઓએ શ્રીગોકુલનાથજીનાં મૌખિક ઉપદેશાત્મક પ્રવચનો લખી લીધાં હતાં અને તેથી આપશ્રીનાં વચનામૃતોનો અણમોલ ખજાનો તેમના પછીની ભાવિ પેઢીઓને વારસામાં પ્રાપ્ત થયો છે.

શ્રીગોકુલનાથજીએ વૈષ્ણવોને વિવિધ વિષયો પર નિત્ય ઉદ્‌બોધન કરવાની એક પ્રથા અપનાવી હતી. આવાં ઉદ્‌બોધનો-વચનો આપશ્રી[૧] સ્નાન કરતી વખતે પણ કરતા-કહેતા અથવા તો નિજ-મંદિરમાં ભગવાનની સેવા કરતાં કરતાં પણ કહેતા. પરંતુ ઘણુંખરું આપશ્રી આવાં ઉપદેશાત્મક વચનો સાંજે ગાદીમાં બેસતા ત્યારે અથવા તો સાયં-ભોજન બાદ કહેતા. જયારે વૈષ્ણવો આપશ્રીની ચારેબાજુ વીંટળાઇને આપશ્રીના મધુર અને હાસ્યસભર વાર્તાલાપને[૨] સાંભળવા આવીને બેસતા. આવા પ્રસંગોએ વૈષ્ણવો (પૂજા) સેવા વિધિને લગતા પોતાના મનમાં ઊઠતા પ્રશ્નો અને ભાગવતમાં વર્ણવેલા પ્રસંગો અને બીજા ગ્રંથો વિષયક પ્રશ્નો શ્રીગોકુલનાથજીને પૂછતા, અને શ્રીગોકુલનાથજી તેમના પૂછેલા પ્રશ્નોના ઉત્તરો આપતા હતા. કેટલીક વખત વૈષ્ણવો તેમના ધર્મની ખાસ વિશિષ્ટતા - લક્ષણો વિશે અને આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના શિષ્યો વિશે વાર્તાલાપ આપવા વિનંતી આપશ્રીને કરતા અને શ્રીગોકુલનાથજી પુષ્ટિમાર્ગના ધાર્મિક સિદ્ધાંતોનો ઉપદેશ શાસ્ત્રોમાંથી ઉદાહરણો ટાંકીને કરતા તેમજ મહાન વૈષ્ણવોના જીવન-પ્રસંગોમાંથી ઉદાહરણો ટાંકીને વચનામૃત કહેતા. આવાં પ્રવચનો અથવા વાર્તાલાપોના પરિણામ સ્વરૂપ વાર્તાઓ અને ભાવનાઓનું નિર્માણ થયું તે સર્વ, વચનામૃત સાહિત્યના સ્વત: ભાગરૂપ બની ગઇ છે, પરંતુ જુદા જુદા વિષયની હોવાથી તેમનું સંકલન જુદા જુદા શીર્ષક હેઠળ થયું છે. વાર્તા કે ભાવના કે અન્ય રચનાઓ હેઠળ જે ધાર્મિક પ્રવચનોનો સમાવેશ થયો નથી તે બધીનો "વાક્" એ શીર્ષક હેઠળ સંગ્રહ કરવામાં આવ્યો છે.

જો શ્રીગોકુલનાથજીના કેટલાક શિષ્યોએ આવી મૌખિક ઉપદેશાત્મક વાતો લખી લીધી ન હોત તો તે સદાને માટે કાળની કરાલ ગર્તામાં લુપ્ત થઇ ગઇ હોત. આજે આપણે આ વાક્‌ને કેટલાક વૈષ્ણવોએ લખી હતી તે શોધવાને સમર્થ નથી. આવી વાક્‌ના ઘણા બધા સંગ્રહોની હસ્તપ્રતો મળે છે પણ તેમાં વૈષ્ણવ લહિયાઓના નામો લખેલાં નથી. આ બાબતમાં થોડીક જાણકારી ગોપાલદાસ દ્વારા પ્રાપ્ત થાય છે. તેમણે લખ્યું છે કે, જમનાદાસ જાનીએ કેટલીક

સંદર્ભ નોંધ - ૧: સરખાવો-"તમાસીનં જલગૃહે દ્વિત્રૈ: પરિવ્રંત જનૈ : ।" -કલ્લોલ-૧૪ - ૧-૨.

સંદર્ભ નોંધ - ૨: સરખાવો - "વચનામૃત-માધુર્ય-તૃપ્ત સેવક સંસ્કૃત : "-વિષ્ણુદાસ કૃત અષ્ટોત્તર - શતનામાનિ (ગોકુલેશ ધોળ-પદ-માધુરી પૃ. ૨૦)

વાક્નો સંગ્રહ કર્યો હતો પણ શ્રીગોકુલનાથજીની વાક્નો એક નાનકડો એવો ભાગ હતો[૩] આ સંગ્રહને શ્રીવરવાકયામૃત-રસ-રત્નકોષ (જેનો હવે પછી ઉલ્લેખ "વરવાકયામૃત" તરીકે કર્યો છે). બીજા પણ કેટલાક સંગ્રહો હતા અને તેની પણ વિવિધ આવૃત્તિઓ છે એમ લાગે છે. આજે કેટલાંક મંદિરોના પુસ્તક ભંડારોમાં શ્રીગોકુલનાથજીની વાક્ની ઘણી બધી હસ્તપ્રતો છે જે કોઇ એક હસ્તપ્રતની નકલરૂપે નથી, પરંતુ વિવિધ સ્થળોએ અને વિવિધ પ્રસંગોએ આપશ્રીના કહેલા વાક્ના સંગ્રહો હોય તેમ લાગે છે.

આવા સંગ્રહો કાંકરોલી, કામવન, નાથદ્વારા, વડોદરા, ડભોઇ, કપડવંજ, મોડાસા, બાલાસિનોર, દેવગઢ બારીઆ, બાધીરપુર વગેરે સ્થળોએ સંગ્રહાયેલા જોવા મળે છે. વાક્ની જૂનામાં જૂની હસ્તપ્રત વિ.સં. ૧૬૯૩ની છે અને તે કાંકરોલીમાં ઉપલબ્ધ છે[૪] આ બધા સંગ્રહોને અર્વાચીન કાળની રચનાઓ, જેવી કે નહેરૂનાં પ્રવચનો, ગાંધીજીનાં પ્રવચનોના સંગ્રહો, એડમન્ડ બર્કનાં અમેરિકન ટેક્ષેસન પરનાં પ્રવચનો વગેરે સાથે સરખાવી શકાય.

(૨) વચનામૃતના પ્રકાશિત અને અપ્રકાશિત સંગ્રહો

વચનામૃતોની સંખ્યા ઘણી મોટી છે. તેની સંખ્યા પંદર હજારથી એક લાખ જેટલી હોવાનુ માનવામાં આવે છે. પરંતુ આજે, તેની વાસ્તવિક સંખ્યા વિશેના સત્યને જાણવુ મુશ્કેલ છે. તે ગમે તેમ હો, પણ આજે આપણને વચનામૃતોની ઘણી બધી હસ્તપ્રતો વિવિધ શીર્ષક હેઠળ[૫] મળી આવે છે. તેમાંની કેટલીક વિવિધ સામાયિકોમાં પ્રકાશિત પણ થઇ છે.[૬] અપ્રકાશિત વચનામૃતોની બાબતમાં એવું કહે છે કે ઘણાં વચનામૃતો સરખાં છે. આમાંનાં કેટલાંક વચનામૃતો પ્રગટ થયેલાં છે. પરંતુ હજારોની સંખ્યામાં તે પ્રકાશિત થવી બાકીમાં છે.

વચનામૃતના છૂટા છવાયા સંગ્રહો ઉપરાંત, કેટલાંક વચનામૃતો છે. જે સંગ્રહિત થયેલાં અથવા ચોક્કસ શીર્ષકો હેઠળ કહેવાયેલાં જોવા મળે છે.

સંદર્ભ નોંધ - ૩: સરખાવો - "પછે પોતાનો આચિતવાણી તત્પર જમનાદાસ, તેડીને આગલકીધો પોતે ભાવ-પ્રકાશ ।-૬૦
પૂછયું શ્રી મુખ વચનામૃત નો સંગ્રહ છે કંઇ તાહરે,
જયાહાંત્યાહાંથી સચે કરો લાયો કારજ છે એક માહરે । - ૬૨
. . .વચનામૃતથી વૈષ્ણવને પૂછયો મધુસંચય કરી લીધો । - ૬૪
. . . એથી જગતહિતાર્થી સંગ્રહ કીધો સાર
તે ઉપર ભગવદિચ્છાએ હવો ગ્રંથ વિસ્તાર । - ૬૬
. . . શ્રીગોકુલેશ લીલાનુ સાગર તેહની કણિકામાત્ર
તે જસ કહેવા ઉદ્યમ કીધો પણ ધરણ શકયા નહીં પાત્ર । - ૬૮
ગોપાલદાસ-પ્રાગટય સિદ્ધાંત-મંગલ-૨ (અનુગ્રહ ગ્રંથભાગ-૨૧-ક્રમાંક : ૩ પૃ. ૫૮

સંદર્ભ નોંધ - ૪: જુઓ - હિંદી વિભાગ - હસ્તપ્રત ક્રમાંક : ૧૪૧/૩

સંદર્ભ નોંધ - ૫: નીચે દર્શાવેલાં વાક્ પ્રકાશનો વિશે જાણકારી પ્રાપ્ત છે :-
(૧) શ્રીગોકુલનાથજીના હાસ્ય-પ્રસંગો ભાગ-૧-૨ (સં.દીનકિંકર) (વિ.સં.૧૯૮૪-૮૬)
(૨) શ્રીગોકુલેશવાક્સુધા-ભા.૧. (સં.ચી.મ.વૈદ્ય, પ્ર.શુદ્ધાદ્વૈત સંસદ ઇસ. ૧૯૫૨.
(૩) ૨૪ - વચનામૃત (પ્રઃ લ.છ. દેસાઇ : ૧૯૭૬ વિ.સં.) વૈષ્ણવ લક્ષણ ગ્રંથ નામક રચના "૨૪-વાક્" જેવી જ છે, એમ લાગે છે.
(૪) "વરવાકયામૃત-રત્નકોષ" નો નાનો એવો ભાગ, અનુગ્રહ સામાયિકના ગ્રંથભાગ-૧૧-ક્રમાંક-૧૨માં છપાયો છે.

સંદર્ભ નોંધ - ૬: અનુગ્રહના સંગ્રહ (ખાસ કરીને ગ્રંથભાગ-૧૧-૧૮-૨૨) અને શુદ્ધાદ્વૈત અને ભકિતમાર્તંડ અને વલ્લભીય-સુધા સંગ્રહ (ગ્રંથ ભાગ- ૧ થી ૫ અને ૮, ૯ અને ૧૦)-જુઓ

આવો એક સંગ્રહ "બત્તીસ લક્ષણ" એવું શીર્ષક[૭] ધરાવતો જોવા મળે છે. આના લેખકનું નામ લખેલું જોવા મળતું નથી, પરંતુ તે શ્રીગોકુલનાથજી (અત્રે જેને મહાપ્રભુજી કહયા છે) અને કલ્યાણ ભટ્ટ વચ્ચેના સંવાદરૂપ છે તે શ્રીગોકુલનાથજી કૃત છે એમ કહેવું જોઇએ. ૨૪ વચનામૃતોની સાથે આ ઘણું સામ્ય ધરાવે છે. શકય છે કે, ૨૪ વચનામૃતો અને આ રચના એક જ પ્રકારનાં ધાર્મિક પ્રવચનોની જુદી જુદી આવૃત્તિ હોય. આ રચનાનું શીર્ષક એવું સૂચવે છે કે, તેમાં એક સાચા વૈષ્ણવનાં લક્ષણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આને પુષ્ટિમાર્ગનું વ્યાવહારિક નીતિશાસ્ત્ર કહી શકાય.

કાંકરોલીમાં બીજી એક હસ્તપ્રત[૮] છે, જેને કોઇ શીર્ષક આપવામાં આવેલું નથી. તે શ્રીજી (એટલે કે ગોકુલનાથજી) અને કલ્યાણ ભટ્ટ વચ્ચેના સંવાદ રૂપમાં છે અને તેથી તેને શ્રીગોકુલનાથજીની રચના કહી શકાય. આ રચનાનો વિષય છે - પુષ્ટિમાર્ગ અને ભકિત માર્ગ. ૧૬ ક્રિયાઓ (વિધિઓ દા.ત. આવાહન આસન, અર્ધ્યે. . . . . . વિસર્જન) જે પુષ્ટિમાર્ગમાં કરવામાં આવે છે તે ભકિતમાર્ગની ક્રિયાઓથી કેવી ભિન્ન પ્રકારની હોય છે તેનું આ રચનામાં નિરૂપણ કરવામાં આવ્યું છે.

કાંકરોલીમાં બીજી એક હસ્તપ્રત[૯] જોવા મળે છે જેનું શીર્ષક છે - "નિત્-વિનોદ-શિક્ષા" આ રચનાના અંતે નારાયણદાસ કારભારીની વાર્તા આપી છે. આ રચના અકબર અને મહાપ્રભુજી (એટલે શ્રીવલ્લભાચાર્ય અથવા શ્રીગોકુલનાથજી હોઇ શકે)ની વચ્ચેના સંવાદ-રૂપમાં છે. પરંતુ આ રચનાની શૈલી શ્રીગોકુલનાથજીનાં વચનામૃત જેવી છે અને તેથી હું એવુ તારણ કાઢું છું કે, આ રચના-સંગ્રહ શ્રીગોકુલનાથજીના વાર્તાલાપનો છે. બીજું, શ્રીમદ્ વલ્લભાચાર્ય અને અકબર સમકાલીન ન હતા, જયારે શ્રીગોકુલનાથજી અને અકબર હતા. તે રચના સંક્ષિપ્ત પ્રશ્નો અને તેના સંક્ષિપ્ત ઉત્તરોના સ્વરૂપની છે. આની સામે એવી પણ દલીલ થઇ શકે કે, શ્રીગોકુલનાથજી અને અકબર વચ્ચે આવો કોઇ વાર્તાલાપ થયો જ નહિ હોય, પરંતુ આ બન્ને મુદ્દાઓને નકારવા માટેનાં કોઇ પ્રમાણો આપણી પાસે નથી. અલબત, આ રચના-સંગ્રહ હાજરજવાબી બુદ્ધિનું એક સુંદર ઉદાહરણ છે[૧૦].

માધવદાસનું રસસિંધુ અને ગોપાલદાસનું તત્ત્વાર્થદોહન તથા શ્રીગોકુલનાથજીના અન્ય અનુયાયીઓની આવી રચનાઓમાં શ્રીગોકુલનાથજીના એવા ઉલ્લેખો થયા જોવા મળે છે જે કહે છે કે, શ્રીગોકુલનાથજીએ આમ કહયું હતું, આ વસ્તુ વિશે કે તે વસ્તુ વિશે આમ સમજણ આપી હતી - સ્પષ્ટતા કહી બતાવી હતી. આવા ઉલ્લેખોનો પણ વચનામૃત સાહિત્યમાં સમાવેશ થઇ શકે. વચનામૃતના સર્વ સંગ્રહોમાં સૌથી મહત્ત્વનો છે વરવાક્યામૃત[૧૧] અને

સંદર્ભ નોંધ - ૭: તેની હસ્તપ્રત (વિ.સં. ૧૮૭૩) કાંકરોલીમાં ઉપલબ્ધ છે-જુઓ - હિંદી વિભાગ ક્રમાંક : ૯૨/૧/૩ - પૃ. ૮૪ થી ૧૦૯ બીજી એક હસ્તપ્રત (ક્રમાંક - ૧૦૬/૫) પણ છે અને તે પણ ઉપરોકત જેવી જ છે.

સંદર્ભ નોંધ - ૮: જુઓ : હિંદી વિભાગ ક્રમાંક : ૧૦૫/૯/૧. આવી જ એક રચના વલ્લભીય-સુધાના ગ્રંથભાગ-૨-૨ માં પ્રકાશિત થયેલી છે.

સંદર્ભ નોંધ - ૯: જુઓ-હિંદી વિભાગ ક્રમાંક:૧૦૮/૧૨ તેની પૃ. સંખ્યા ૧૨ ની અને કદ ૭ ૧/૨" X ૪ ૧/૨" છે.

સંદર્ભ નોંધ - ૧૦: સરખાવો - "પૂછયા યહ કૌન બાત તો બુધ્યકે તાંઇ બઢાવેં । કહયાં સાંચ બોલના । પૂછયા મોત સે બુરા કયા । કહયા દલિદ્ર । - હસ્તપ્રત ક્રમાંક : ૧૦૮/૧૨ આમાંના કેટલાક શબ્દો પૂરા સમજાતા નથી.

સંદર્ભ નોંધ - ૧૧: આની હસ્તપ્રતો કાંકરોલીમાં ઉપલબ્ધ છે- જુઓ -હિંદી વિભાગ ક્રમાંક : ૧૪૨/૮ - (સંપૂર્ણ) અને ૮૬/૪ (અપૂર્ણ) પહેલી હસ્તપ્રતની પૃષ્ઠ સંખ્યા છે ૨૭૨ અને પૃષ્ઠનું કદ છે ૧૧" X૬ ૧/૪"નું અને એક કરતાં વધુ લહિયાની લખેલી છે.

કલ્લોલનો કલ્યાણ ભટ્ટનો ચૌદમો[૧૨] ગ્રંથ જે "શ્રીમુખમદુકિતમુકતામય" ના નામે છે તે છે. "વરવાકયામૃત" માંથી માત્ર થોડાંક વચનામૃતો પ્રકાશિત થયાં છે. તેના ૮૪ થી ૯૦ જેટલા વિભાગો કરાયા છે, જેવા કે "ગુજરાતી બ્રાહ્મણની હાંસી (ક્રમાંક-૧), શ્રીજીની વાત (ક્રમાંક-૧૮), પ્રમેયબલની વાત (ક્રમાંક - ૧૯), સંસ્કૃતના પ્રસંગો (ક્રમાંક : ૪૨), વૈષ્ણવ માહાત્મ્યની વાત (ક્રમાંક-૪૫), આત્મા-પરમાત્માની વાત (ક્રમાંક-૫૮), અન્યાશ્રયબાધકની વાત (ક્રમાંક-૬૦) સાનુભવની વાત (ક્રમાંક-૬૬) ઈત્યાદિ. પ્રત્યેક આવા વિભાગમાં સંખ્યાબંધ પ્રસંગો હોય છે, દાખલા તરીકે, વિભાગ - ૪૨ માં ૩૫ વાતો - પ્રસંગો કહયા છે. આવા પ્રસંગોમાંના કેટલાકનું અન્ય વિભાગોમાં પુનઃ કથન[૧૩] થયેલું જોવા મળે છે. એ શકય છે કે, જુદા જુદા વૈષ્ણવો પાસેથી વચનામૃતો મેળવીને પછી, તેની ક્રમાનુસાર ગોઠવણી કરી હોય. કહેવાય છે કે, આ પ્રશંસનીય કાર્ય કરવાની પ્રેરણા ગોકુલભાઈ દ્વારા થતાં શ્રીગોકુલનાથજીનાં વચનામૃતો સંગ્રહ કરવાનો પ્રયાસ જમનાદાસ જાનીએ પ્રયત્ન કર્યો હતો. વરવાકયામૃત પરની ટીકાઓ કેશવલાલ ભાવનગરીએ લખી હોવાનું કહેવાય છે. આ વર્ગીકૃત સંગ્રહમાંથી વચનામૃત સંગ્રહોની ઘણી બધી હસ્તપ્રતો ઉતારી નકલ કરવામાં આવી છે.

બીજો એક સંગ્રહ મહત્ત્વનો છે, તે છે કલ્લોલનો ૧૪મો ભાગ જેમાં સંસ્કૃત ભાષામાં ૩૦ તરંગો લખેલા જોવા મળે છે. તે ગદ્ય અને પદ્ય બન્નેમાં લખાયેલ છે અને વિષય-વસ્તુઓ છે, જેવી કે લીલા-શ્રવણ (ક્રમાંક -૧) લીલા-પ્રવેશ હેતુ (ક્રમાંક :૨), ભકતલક્ષણ (ક્રમાંક-૩), ઉત્તમ ભકતસ્વભાવ (ક્રમાંક-૪), પુરુષોત્તમ પ્રાપ્તિક્રમ વિશેષ (ક્રમાંક : ૧૫), આલસ્યાદિ દોષ (ક્રમાંક : ૧૮), મુખ્ય સ્વામિનીગુણ (ક્રમાંક : ૨૪), દુષ્ટજીવકૃતાર્થતા (ક્રમાંક : ૨૭) ઈત્યાદિ.



કલ્યાણ ભટ્ટ કૃત કલ્લોલના ૧૪ મા ભાગમાંથી એક પૃષ્ઠની ફોટો કોપી છે.

(ડાહી લક્ષ્મી પુસ્તકાલય, નડિયાદના સૌજન્યથી)

સંદર્ભ નોંધ - ૧૨: આવી હસ્તપ્રત સહેલાઈથી ઉપલબ્ધ થઇ શકે તેવી નથી. એક હસ્તપ્રત શ્રીગોકુલનાથજીનાં મંદિરમાં વડોદરામાં છે અને એક તેનો ભાગ નડિયાદના શ્રીડાહીલક્ષ્મી પુસ્તકાલયમાં છે અને તેનો એક ભાવાનુવાદ પંડિત લોકનાથ કૃત છે તે બાલાસિનોરના ઓ.સી. મોદીના હસ્તપ્રત સંગ્રહમાં છે.

સંદર્ભ નોંધ-૧૩: સરખાવો - દાખલા તરીકે, ૪૨ માં વિભાગમાં ૧૩ અને ૧૪ ક્રમાંક (સંસ્કૃતના પ્રસંગ)ને વિભાગ ૩૫ (સ્નેહ સંબંધની વાત) ના ક્રમાંક ૩૦ ના વાર્તાલાપને જુઓ.

(૩) વચનામૃતોના વિષય-વસ્તુઓ અને પદ્ધતિ :

વચનામૃતોમાં સંગ્રહિત કરેલા વાર્તાલાપો વેરવિખેર સ્થિતિમાં જોવા મળે છે અને જુદા જુદા પ્રસંગોએ કહેલા છે અને તેથી તેમાં કહેલા વિષયો અથવા વિષયની વસ્તુઓ પરત્વે એકત્વ વર્તાતું નથી. શ્રીગોકુલનાથજીએ વિવિધ વિષયો ખાસ કરીને ધર્મને લગતા હતા તેના પર વાર્તાલાપો કર્યા છે. વરવાકયામૃતમાં તેમનું વર્ગીકરણ કરવા પ્રયાસ થયેલો છે. પરંતુ વર્ગીકરણ કરવામાં જેનો આધાર લેવામાં આવ્યો છે તે ઉચિત જણાતા નથી. વચનામૃતની વિષય-વસ્તુની સંખ્યા વિપુલ છે. તેમાં શ્રીગોકુલનાથજીના શ્રીમદ્ ભાગવત, સુબોધિનીજી, કૃષ્ણલીલા, પુષ્ટિમાર્ગીય સેવા(પૂજા) પદ્ધતિ વગેરે[૧૪] ના વિષયો પરના વિચારો વ્યક્ત કરેલા જોવા મળે છે.

વચનામૃતોમાં સમજાવવાની અપનાવવામાં આવેલી પદ્ધતિ સરળ અને મર્મ-સ્પર્શી છે. સામાન્ય રીતે, તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને શીખવવાની પદ્ધતિ નીરસ હોય છે અને તેમાં શીખનાર તથા શ્રવણ કરનારના પક્ષે વિશ્લેષણ કરવાની કુશાગ્રતાની અપેક્ષા રહે છે, જે ઘણાખરામાં હોતી નથી. શ્રીગોકુલનાથજી આ હકીકત જાણતા હતા. આથી એક સાચા ગુરુ તરીકે એ વસ્તુ સારી રીતે જાણતા હતા કે, લોકોને શાસ્ત્રોના નીરસ લાગતા ઉપદેશો સાંભળવા ગમતા નથી. લોકમાનસના પોતે સારા જ્ઞાતા હતા તેથી એ વસ્તુ પણ જાણતા હતા કે, જ્ઞાન પ્રદાન કરવાની પદ્ધતિને અનિવાર્યપણે રસમય બનાવવી જોઇએ. આથી આપશ્રીએ ધર્મના સિદ્ધાંતોનું શ્રવણકર્તાની સમજ શકિતને અનુરૂપ અને તેની ક્ષમતા વધારવામાં સહાયક બની રહે એવી ઉપદેશ - પદ્ધતિ અપનાવી હતી અને તેમાં ઉચિત ઉદાહરણ અને દંતકથાઓનો સારો એવો ઉપયોગ આપશ્રી કરતા અને તેમાં હાસ્યપ્રસંગો પણ કહેતા.[૧૫] આપશ્રી સ્વયં વાર્તા અને દંતકથાઓના ખજાનારૂપ હતા અને ધાર્મિક સિદ્ધાંતોનો જ્ઞાનોપદેશ કરવામાં તે બધાંનો ભરપૂર ઉપયોગ કરતા હતા. શ્રીમદ્ ભાગવત, સુબોધિનીજી અને મહાભારતમાંથી ઉદાહરણો આપતા અને તેના મૌલિક અર્થઘટનો કરીને કહેતા. આનું એક સરસ ઉદાહરણ છે - બે રત્નોની-જે રાજાના દરબારમાં રજૂ કરાયેલાં તેની બોધદાયક વાર્તા છે. આ વાર્તા દ્વારા માણસોની[૧૬] મહાનતા અથવા લઘુતાને આપશ્રીએ સમજાવી છે. તેવી જ રીતે, ભક્તે "પતિવ્રતા" જેવી ભાવના કેળવવી જોઇએ એમ કહેતાં "ગાંધારી"નું[૧૭] ઉદાહરણ ટાંકી સમજણ આપી છે.

વળી તેવી જ રીતે, "સંસાર" વિશેના સાચા સ્વરૂપને રૂપક પ્રયોજીને આપશ્રીએ સમજાવ્યું છે. આપશ્રી કહે છે કે, "સંસાર" એક વૃક્ષ - ઝાડ છે, કુટુંબ - પરિવાર તેની ડાળીઓ છે અને સુખ તથા દુઃખ વગેરે[૧૮] તેનાં ફળો છે. કેટલાક જ્ઞાનનો ઉપદેશ અત્યંત નાનાં વાકયો, જેવાં કે સૂત્રોના રૂપમાં આપશ્રીએ કર્યો છે જે સરળતાપૂર્વક યાદ રહી જાય તેવો છે[૧૯]

સંદર્ભ નોંધ-૧૪: વચનામૃત સાહિત્યનું સંશોધન અને નવેસરથી વર્ગીકૃત કરવું તથા એક સરખી રીતે પુનઃ સંપાદન કરવું, જેમ કે પુષ્ટિમાર્ગીય સેવા (પૂજા)ની ધાર્મિક વિધિઓ, શ્રીમદ્ ભાગવતના અને સુબોધિનીજીના શ્લોકોનું તથા પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું અર્થઘટન એવાં શીર્ષકો હેઠળ એક સમાન ધોરણે થાય તે અત્યંત આવશ્યક છે. વળી એક સાચો વૈષ્ણવ, કૃષ્ણલીલા, સાધક બાધક વિચાર ભગવન્માહાત્મ્ય, મહાપ્રસાદમાહાત્મ્ય ઇત્યાદિ એવાં શીર્ષકો રાખી પુનઃ સંપાદન કરવું જોઇએ.

સંદર્ભ નોંધ - ૧૫ : જુઓ - હાંસિપ્રસંગો વરવાકયામૃતમાંના અને શ્રીગોકુલનાથજીના હાસ્ય પ્રસંગો જેનું સંપાદન શ્રીદીનકિંકર દ્વારા થયેલું છે.

સંદર્ભ નોંધ - ૧૬ : જુઓ - વરવાકયામૃત - અનુગ્રહ ભાગ ૧૧ - ૧૨ પૃ. ૪૭૦

સંદર્ભ નોંધ - ૧૭ : સરખાવો - વરવાકયામૃત - પતિવ્રતાનીવાત પ્રસંગ-૬૧

સંદર્ભ નોંધ - ૧૮ : જુઓ ૨૪ વચનામૃત ક્રમાંક-૧ વળી જુઓ અનુગ્રહ ભાગ-૧૨-૧૨ - પૃ. ૪૮૭ અને વલ્લભીય-સુધા-ભાગ - ૯-૧ પૃ. ૮

સંદર્ભ નોંધ - ૧૯: જુઓ - પરિશિષ્ટ ક્રમાંક - ૯.